જહાંગીર બે. કરાણીવાળી પુસ્તકમાળા.

મનોરંજક વાર્તા સંગ્રહ.

જુદાં જુદાં કસાએલાં અનુભવી લખનારાંથી લખાયલી
૧૭ રસીલી વાર્તાઓનો સંગ્રહ.

મુંબઈ:
દી. લખમીદાસની કું૦ (લેટ કરાણીની કું૦)
"સ્ટેન્ડર્ડ" પ્રીંટીંગ પ્રેસ.
નાં૦ ૧૭ તથા ૧૯, પારસી બજાર, કોટ.

જહાંગીર બે. કરાણીવાળી પુસ્તકમાળા.

મનોરંજક વાર્તા સંગ્રહ.

જુદાં જુદાં કસાએલાં અનુભવી લખનારાંથી લખાયલી
૧૭ રસીલી વાર્તાઓનો સંગ્રહ.

મુંબઇ:
ધી. લખમીદાસની કું૦ (લેટ કરાણીની કું૦)
"સ્ટેન્ડર્ડ" પ્રીંટીંગ પ્રેસ.
નાં૦ ૧૭ તથા ૧૯, પારસી બજાર, કોટ.

સાંકળીયું.

—:o:—

મનોરંજક વાર્તા સંગ્રહ.

દગો કોઈનો સગો નહીં.

લખનાર—**મીસ મેહેરબાનુ કાવસજી દાવર.**

પ્રકરણ ૧ લું.

"ઇવલીન હું તમોને મારે ત્યાં લઇ જવા વીનાં રહેનાર નથી, તમોને મારે ત્યાં આવવુંજ પડશે." ઉપલું બોલનાર એમી લેસ્તર નામે એક જવાંન સુંદર છોકરી હતી, જેણી સ્કુલની બારી આગળ ઉભી રહી પોતાની જવાન ફ્રેંચ શીક્ષકને પોતાને ત્યાં લઇ જવાની ખોહોંસ કરતી.

જોકે ઇવલીન સારજંત તે સ્કુલમાં ફ્રેંચ શીખવનાર શીક્ષક હતી, અને એમી લેસ્તર શીખનાર હતી તો પણ તે બેઉ વચ્ચે ઘણી મજબુત દોસ્તી બંધાઇ હતી. બધી છોકરીઓ કરતાં એમી લેસ્તરે આ ફ્રેંચ શીક્ષક ઇવલીન સારજંટ સાથ ઘણી મીત્રાચારી બાંધી હતી.

"એમી હું તુંને ઘણી વખત ના કહી ચુકીછ તો પણ તું તારી જીદ છોડતી નથી; તો તારી મરજી રાખવા હું તારી સાથ તારે ઘર આવીશ, પણ ત્રણ દહાડામાં તને તારે ઘરે સલામત જોઇ હું અત્રે પાછી ફરીશ." ઇવલીન અંતે જવા કબુલ થઇ.

ઘણો વખત સુધી તે બેઉ છોકરીઓએ વાતો કરયા કીધી.

ઇવલીન સારજંતનાં માતપીતા હતાં નહીં; પણ તેણીએ ઉંચી કેળવણી લીધેલી હોવાથી તે તેણીને હમણાં કામ આવી; કેળવણીનાં જોરે તેણી સ્કુલમાં માસ્તર થઇ પોતાનું ગુજરાંણ ચલાવતી.

એમીનાં પણ માતપીતા હતાં નહીં. તેણીને બચપણથી એક ધનવાન બુઢાએ કરી લીધી હતી. તે બુઢો રેડઓક એમીને પાલતો અને સ્કુલ ખરચ તેણીને પુગાડતો. હવે એમી મ્હોટી થઇ અને સઘલું શીખી રહેલી હોવાથી મી૦ રેડઓક તેણીને તેડાવી લેતો; જ્યાં જતાં એમી પોતાની સહી ઇવલીનને પણ લઇ જવા માંગતી; ઇવલીન જવા કબુલ થઇ તે આપણે ઉપર જોઈ ગયાં.

બીજી સહવારે સઘલાંઓને મલીં ભેટી, એમી લેસ્તર અને ઇવલીન સારજંટ ટ્રેનમાં ચહડી બેઠાં.

લંડનમાં સરવેથી સરસ દેખાવો ધરાવનારાં એક ગામડાંમાં તેઓ આવી ઉતરયાં. એ ગામડું એમીના પાલકપીતા રેડઓકની મીલકત ધરાવતું હતું. આ ગામડામાં તે બુઢો પોતાની ગંજાવર દોલત સહીત વસ્તો હતો. આજે એ મહોટાં મકાનને બધેથી સારી રીતે સંગારવામાં આવ્યું હતું. બાગના મહોટા દરવાજાઓ ખોલી પરોણાંઓને આવકાર દેવા ત્યાંનો દેખાવ ઘણો મનહરણ કરવામાં આવ્યો હતો. બુઢો રેડઓક દરેક પલે પોતાની લાડકી પુત્રી અને તેણીની માનીતી સાહેલીની આવી પુગવાની રાહ જોતો હતો.

મહોટા મહેલનાં જેવાં ઘરની બારીએથી ડોસાજીની ગરૂડ જેવી આંખોએ પોતાના ઘરમાં ગાડી ઘોડાને ધમ ધમ આવતાં જોયાં કે તેવણ કુદકો મારી ઉઠયા, અને બાગની સીહડી ઓળંગી જઇ લાંબે ફલંગે ગાડી નજદીક આવ્યા.

ગાડીની બારી આગલ એમીનો હસ્તો ચહેરો જોઇ તેવણે દરવાજો ખોલ્યો અને એમી બહાર કુદી પડી.

"બાવાજી, એવણ મારાં સહી મીસ ઇવલીન સારજંત છે;" એમીએ રેડઑકને ભેટી ઇવલીનની ઓળખાંણ કરવી.

રેડઑકે ઇવલીનને પણ એમી જેવોજ આવકાર દીધો અને તેઓને અંદર લઇ ગયો.

તે રલ્યામણા ગાંમડાંમાં દહાડાઓ કેમ પસાર થતા તે કોઇને માલમ પડયું નહીં. ઇવલીને જવા ચાહયું, પણ એમી અને રેડઓકે ઘણી ઓહોંશ કરી તેણીને ત્યાંજ રાખી. અસલ તે મહોટું મકાન બંધ અને ગંભીર રહેતું તે હવે એમી અને ઇવલીનનાં આવવાથી ખુલ્લું અને હસ્તું વાંજતું ગાજતું થયું. રેડઓક પોતાનો બુઢાપો ભુલી ગયો હોય તેમ તેણીઓની રમત ગમતમાં ભાગ લેતો. એમ ઘણા દહાડા ચાલ્યું નહીં. બુઢા રેડઓકની તબ્યેત એકાએક બીગડી ગઇ અને રાતે સરદીમા ચાંદરનામાં નદીમાં સહેલ કરવા જવાથી તેને ઠંડી લાગી આવી. તે પરથી કામ વધ્યું, તેની બીમારી વધતી ચાલી. એમી અને ઇવલીન નર્સ સાથ તેની માવજતમાં ઘણો વખત રોકાતાં પણ દહાડે દહાડે તબ્યત સુધરવાને બદલે બીગડતીજ ચાલી.

એમી અને ઇવલીનને એક દીવસ ગંભીર બેઠેલાં જોઇ રેડઓકે જણાવ્યું:—

"એમી, મારા મરણથી આ દુન્યાને કાંઇ ખોટ જવાની નથી. એક બાબદ મારાં મગજ પર આજ મીસાલ પડીછ, તે હું તમોને જણાવુંછું. મારા પીત્રાઇનો એક દીકરો સ્તીવન ગ્લાઇન નામે છે જે હાલ કયાં છે તે હું જાણુંછ, વાસ્તે તેનીપર મારી તરફથી એક કાગલ લખી નાંખ કે હું માંદો છું વાસ્તે તેણે તાબડતોબ આવવું. હમારા પુરાતમ રેડઓક ખાનદાનનો તે એક પુરો છેલ્લો નબીરો છે, વાસ્તે હક પ્રમાણે તેને આ મીલકત મલવી જોઇયે. મારી દોલત બેશુમાર છે, તેમાંથી એક સારો ભાગ મારી બેટી એમી તારે માટે મેં રાખ્યો છે. મારા પીત્રાઇનો દીકરો સ્તીવન લોકશેલમાં રહેછ."

એમી સ્તીવન ગ્લાઇન પર રેડઑકને નામે કાગલ લખવા બેઠી, એટલાં તે બુઢાને કાંઇ એકાએક યાદ આવ્યું હોય તેમ ચમકી ઉઠયો.

લાવ, હુંજ લખું મારા દસ્કત જોઇ તે જરૂર આવશે.

બીજી સહવારે એક નોકર તે કાગલ પોસ્ત કરવા દોડયો.

પ્રકરણ ૨ જું.

બધી રીતે જોતાં "લોકશેલ"નું ગામડું ગંભીર, અને એકાંત હતું. તેનું સુકકું ખેતર, મોટી પાહાડી ટેકડીઓ, અને નીચી બાંધણીનાં ગરીબડાં ઘરોથી તે કંગાલ દીસ્તું, ત્યાંના રહેવાશીઓ સદા ફીકર અને ઇંતેજારીમાં દીન કાહાડતાં, કારણ ત્યાં વારંવાર જબરજસ્ત તોફાન થઇ રેલ ચઢી આવવાની ટેવ હતી. ત્યાં એકથી અનેકવાર માછીમારો ઘસડાઇ જઇ ડુબી મુવા હતા, એકથી અનેકવાર વહાણો ડુબી ગયાં હતાં.

"લોકશેલ"માં એક જુનું પુરાણું દેવલ હતું, એક ધરમશાલા હતી, અને તેનેથી થોડેક દુર એક બે, અને ત્રણ હોડીઓ ડોલતી બાંધી હતી, તે હોડીઓ વપડાસ વીનાની હતી. તેને હવે કદી પાણીમાં ઉતારવાની ન હતી, જેથી તે નહાનાં ગામડાના બુઢ્ઢાઓ પરવારીને ત્યાં આવી હોડીઓમાં બેસી વાતચીત કરતા.

એક સહવારે આ ત્રણ બોટોમાંની એક બોટમાં એક લાંબો શખ્શ આળાસુ બેસી હાથમાંની લાકડીથી રેતીમાં પડેલો કચરો દુર ઉડારતો હતો. તે ચીરડાયલો દીસ્તો, તેનાં ચઢેલાં

ભવાંપર ટોપી નીચે સુધી ઉતારવામાં આવી હતી. તે ઊંડા વીચારમાં હોય તેમ લાગતો હતો; કારણુ તેની પડોસમાંથી ત્યાંની ધરમશાલાના રખેવાલે તેની પાસેની બોટમાં બેસી તે જવાનનાં ખીજવાયલા ચેહેરા ભણી જોઇ પુછયું:—

"સ્તીવન, તું હજી ગયો નથી? તુને તારાં કામ પરથી શેઠે આજ કેટલા દીવસ થયા રજા આપીછ, તોપણુ તું હજી અહીં કેમ?"

પેલા જવાને કસો જવાબ વાલ્યો નહીં; આગલ માફક લાકડીથી કચરો ઉડારતો તે બેશી રહ્યો.

"હજીબી તારા શેઠ ઑસ્મંડ સાજા થઈ તુને નોકરી પર પાછો રાખે; પોતાની ખાણુમાં તારા જેવા મક્કમ માણુસની ગરજ છે એમ તે જાણેછ વાસ્તે હજીબી નાહીંમત થતો નાં." જવાબ ન મળવા છતાં રખેવાલે ચાલુ રાખ્યું.

વળી કાંઇ જવાબ મલ્યો નહીં. નહાની લાકડી કચરો રેતી ઉડારતી રહી.

આ પછી રખેવાલ બીજું કાંઇ બોલ્યો નહીં, જરાવારમાં તે જવાને ઉઠી હોડીમાંથી બહાર પડી ચાલવા માંડયું.

વાંકોટીકો રસ્તો પસાર કરી કેટલુંક ઉતરાણ ઉતરી તેમજ ચહડાણુ ચહડી તે આગલ વધયો; ઠેકાણે ઠેકાણે મોટાં ઝાડો મળતાં, પણુ તે ગણત્રીનાં હતાં. ખારાં પાણીની ખારી હવા ખમી ખમી તે ગામડું કંગાલ થયું હતું. મકાનો નીચી બાંધણીનાં હતાં, તોપણુ પુરાતમ અને કેટલેક ઠેકાણેથી પથરાઓ નીકલી પડી ગબારાં પડયાં હતાં. કેટલોક વખત પસાર કીધા બાદ તે એક બાંબુથી ઉઠાવેલાં ઝુપડાં પાસ આવી ઉભો. એ ઝુપડામાંથી ધુમાડો નીકલતો, અને અંદર કોઇના વાતચીત કરવાનો અવાજ આવતો હતો; હમના સુધી જવાન સ્તીવન એકલો ચાલી આવ્યો, તેને એકબી આદમી રસ્તે મળ્યું નહીં; પણુ જેવો તે ઝુંપડી નજદીક આવ્યો કે તેનું બારણું ખોલી અંદરથી એક ખુંધો લંગડો બીહામણો શખ્શ નીકલી આવ્યો; તેણે ઝુંપડી બહાર આવતા કદરૂપી કરડી નજર જવાન સ્તીવન તરફ ફેરવી; તેનાં ખભાંપર ચાંમડાનો કોઠલો હતો.

"માનર હાઉસમાં જાયછ કે?" સ્તીવને પુછયું."

ઢીંગણાએ હાનું ડોકું કીધું:—

"આજનો ટપાલ હું પુગાડવા જાઉછ, રસ્તે ઠાક ખાવા જરા બેઠો હતો તેને જણાવ્યું."

આ પછી બેમાનું કોઇ કાંઇ બોલ્યું નહીં તેઓ સાથે ચાલ્યા.

ઘણો વખત સુધી ચુપ રહી તે જવાને બેદરકાર ડપ બતાવતાં પુછયું:—

"ખાણુનો માલેક સીક છે એમ મેં સાંભળ્યુંછ?"

"હા, તે ધણી ધાસ્તીભરી હાલતમાં છે" ઢીંગણા તરફથી જવાબ મલ્યો જે સાંભળી સ્તીવન મનમાં કાંઇ બબડયો; બીજો અડધો કલાક મુસાફરી ચાલુ રહી જે દરમ્યાન કોઇ કાંઇ બોલ્યું નહીં.

તેઓ "માનરહાઉસ" પુગી ગયા.

આ મકાન ત્યાંની બાંધણી પ્રમાણે ત્યાનાં લોકોનાં ગરીબ ઘર સાથ સરખાવતાં હજાર દરજ્જે ચહડતું હતું, તોપણુ ડપ ત્યાંનીજ હતી. ત્રાંબાની ખાણુનો માલેક આ મકાનનો ધણી હતો. આગલા વખતમાં એ મકાન એક બુઢા કંજુસનું હતું તેની પાસથી કોઇએ ખરીદી લીધું તે દહાડાથી તે ત્રાંબાની ખાણુનો પણુ માલેક થયો, તેનું નસીબ ફરી ગયું; ખાણુમાં તેની ફતેહ થવા લાગી. કેપટને પોતાની ખાણુ અને આ મકાન પોતાના પાલક પુત્ર જવાન સ્તીવન ઑસ્મંડને આપ્યું જે કેપટન પાછલ બધો વહીવટ ચલાવવા લાગો.

એ ખાણનો જવાન માલેક સ્તીવન ઑસ્મંડ તે દરામણું ગામડાથી કદી કંટાલ્યો નહીં હતો તેના જવાન કાનોને દરરોજનાં ભંયકાર તોફાનનાં સુસ્વાતાઓ અને દરયાવના મોજાઓ સાંભલવાની ટેવ પડી રહી હતી. જીવતી ઘોર જેવું તે મકાન અને તે કંગાલ ગામડું એને પસંદ પડી રહ્યું હતું. આ માલેકે આપણુ ઉપર જોઇ ગયલા સ્તીવનને પોતાના ખાતાંમાંથી રજા આપી હતી; તેને શા વાસ્તે કાહાડી મેલ્યો તે એ બેઉ શેઠ વાણોતરજ જાણે.

કદરૂપો કાસદયો અને પેલો નોકરી પરથી બરતરફ થયલો જવાન સ્તીવન આપણે જોઇ ગયાં તેમ માલેક સ્તીવન ઑસ્મંડનાં મકાન માનરહાઉસ નઝદીક આવી લાગા. બેઉ હાલમાં દાખલ થયા. ત્યાં એક મોટી જુની ટેબલપર પેલો ચાંમડાનો કોઠલો કદરૂપા કાસદયા એ પટકયો, પટકતાંને વાર તે કોઠલાનું મોંહ ખુલી ગયું, અને તેમાંથી એક કાગલ સરી પડયું. જેપર સ્તીવનની ચમકતી આંખો તુરત ફરી વળી. તે કાગલનાં પરબીડાંપર ગામેગામના છાપ હતા, જ્યાં સઘલેથી થઇ તે આવ્યું હતું."

ગજવામાં હાંથ નાંખી સ્તીવન ઉભો હતો એટલામાં ત્યાંની કારભારણ ત્યાં આવી લાગી.

"માલેક સ્તીવન ઓસમંડ કેમ છે ?" સ્તીવને તેણીને પુછ્યું.

"અરે મારા ગરીબ શેઠ, તેવણુની જવાંન જીંદગી એક પટલા દોરાપર લટકી રહીછ. સાહેબ આજનો આખો દહાડો આ દુન્યામાં એ કાહાડે એમ લાગતું નથી, ડાકતરોના કહેછે." એમ બોલી તે સ્ત્રીએ હાથમાં ધરેલા એક ચમચાનાં હાથાથી આસું નુંછ્યું."

"તેવણુ સુધીમાં છે કે ?"

"નહીં, કેટલો વખત થયો તેવણુ કોઇને પીછાણુતા નથી."

"હું તેવણુને જોવા જાઉં ?" સ્તીવને તેણીની પરવાનગી માગી.

"હા, જાવો પણુ તે તમને ઓળખશે નહીં, ગરીબ છોકરો, આ દુન્યામાં તેનું કોઇ સગું વહાલું નથી."

સ્તીવન કરકર કરતા દાદરા પર ચહડી ઉપર ગયો. કાસદયો ટપાલ મુંકી ચાલતો થયો !

સ્તીવને તે દરદીના ઓરડામાં આંખ ઠેરવી જોયું તો એક પલંગ પર તે દરદી પડયે હતો, તેનો સોહામનો ચહેરો ફીકકો મારી ગયલો, ડાચાં બેસી ગયલાં, અને હાથ તવાઇને હાડ પીંજર જેવા થયા હતા.

સ્તીવન ધીમેથી જઇ તેનાં આંગ પર વાંકો વળ્યો.

ખચીત, સ્તીવન ઓસમંડ, જેણે તેને આજ થોડા દહાડા થયા કામપરથી રજા આપી હતી તેને તેણે મરતાં જોયો. ખચીત તે આજની રાત જીવસે નહીં. તે દરદી બીલકુલ દમ ખેંચતો નહીં. અડધા કલાકમાં એનું જરૂર આવી બનવાનું.

તેને છેક મરણ કાંઠે જોઇ સ્તીવન નીરાશીથી ઓરડા બહાર પડયો, "ખચીત બાઇ, એવણુ ઘણાં બેમાર છે. આજની રાત કાહાડે એમ દીસતું નથી." તેણે કારભારણને કહ્યું.

આ સાંભળી તે કારભારણે આંખમાં એપ્રન દાબી દચકાં ખાંઇ રડવા માંડયું. એટલાંમાં સ્તીવન દાદર ઉતરી નીચે ગયો.

હોલમાંથી પસાર થતાં તેની નજર પેલાં સરી પડેલાં કાગળપર ઠંડી રહી; જાણુવું જરૂરનું થઇ પડશે કે આ બે જવાનો પહેલાં ઘણા જીગેજાનના દોસ્તો હતા. જેથી મરવા સુતેલા સ્તીવન ઓસ્મડ પોતાના દોસ્તને બધી પોતાના ખાનદાંનની વાત કહી હતી. સ્તીવન સીવાય બીજું કોઇ તેની અને તેનાં સગાંવહાલાંની વાત જાણતું હતું નહીં.

તે કાગલને ઉપાડી લેવાની તેની ઘણી મરજી થઇ, અને તેમ તેણે કીધું. એક પલકારામાં તે સરી પડેલું કાગળ ઉપાડી લઇ દગલાનાં ગજવામાં તેણે સેરવી દીધું.

"એ વાંચવા તો પામશેજ નહીં, ત્યારે હુંજ જોઉંની કે તેમાં શું લખ્યુંછ?" સ્તીવન જતાં જતાં બબડયો.

"આકાશ ઘમઘોર કાલું હતું; ગામડું હમેશ કરતાં વધુ ગંભીર થયું હતું, અને તોફાનના સુસ્વાતાઓ દરયાના રાક્ષસી મોજાઓ સાથ જાણે કાન ફાડવાને હરીફાઇમાં ઉતરયા હતા.

માનર હાઉસથી તફડાવી લાવેલું પેલું કાગળ સ્તીવને ખોલી વાંચી એક લાંબો છુટકારાનો દમ ખેંચ્યો.

"આહા, હું અજમાવી જોઇશ. ડુબવું કે તરવું એ આદમીના હાથમાં નથી."

પ્રકરણ ૩ જું.

જ્યારે સ્તીવન ગ્લાઇન મી૦ રેડઓકનાં મકાનમાં આવી લાગ્યો ત્યારે બુઢો રેડઓક છેક નાતવાંન થઇ પડયો હતો. તેની ચાલવાની શકતી કમ થઇ ગઇ હતી. તે ઉઠી બેસવાને પણ અશ્કત હતો.

થોડો વખત પછી સ્તીવન ગ્લાઇન પોતાના બાપના પીત્રાઇ મી૦ રેડઓકના ઓરડામાં જઇ બેઠો. તેને જોઇ તે બુઢો ઉઠયો નહીં; તે સુધી વીના પલંગપર પડયો હતો. ઘણો વખત સુધી તે ઉઠયો નહીં. બેસીને વાત જોતાં સ્તીવન ગ્લાઇન ઠાકી ગયો. ઉઠીને જવા કરતો હતો એટલાં બુઢો રેડઓક ઉઠયો અને તેની તરફ તીકી તીકીને જોઇ તેણે પુછયું:—

"તું કોણ છે? સ્તીવન કે?" ધ્રુજતા પણ ખુલ્લા અવાજે બુઢાએ પુછયું.

"હું તમારા પીત્રાઇનો દીકરો સ્તીવન ગ્લાઇન છું" સ્તીવને બુઢા રેડઓકનાં આંગપર વાંકો વલી કહયું "તમોએ મને કાગળ લખી તેડાવ્યો હતો તે તમો જાણોછ."

"હા, હું જાણુંછ, નરસને ઓરડા બહાર જવા કેહે હું તુંને કાંઇ કહેવા માગું છું."

એ સાંભલી નર્સ ઓરડો છોડી ગઇ.

બુઢો દરદી અને સ્તીવન એકલા પડયા.

"મેં તને તેડાવ્યો; આપણા કુટુંબની બોલી પ્રમાણે મારી કેટલીક દોલત અને બધી મીલકત તને સોંપવાને મેં તેડાવ્યો. આજ વરસો થયાં મેં તને જોયો હતો નહીં તારા જમના હાથની બાંહે ઉંચી ચહડાવ" ડોસાએ હુકમ કીધો.

આ સાંભલી સ્તીવન ડઘાઇ ગયો, તેણે આનાકાની કરવા માંડી.

"અચકાયછે કાંય?" ડોસાએ તે જોઇ પાછુ કહયું. દગલો કહાડી નાખી જમના હાથની બાજુ મને બતાવ બીહીવાનું શું છે?"

આનો કાંઇ પણ જવાબ તે આપી શકયો નહીં. તેણે જોયું કે હવે બાંહે ખસાડી જમની બાજુ બતાવ્યા વીના કાંઇ ચાલશે નહી જેથી અંતે દગલો કહાડી બાંહે ચઢાવી તેણે જમનો હાથ ઉંચે સુધી ખુલ્લો કીધો.

"એક બતી લાવ" બુઢા રેડઓકે ફરમાવ્યું.

સ્તીવને સામેની ટેબલપરથી એક બતી લાવી ડોસાની આંખોંએ બરાબર આવે તેમ કરી, હવે તે ડોસાએ તેનો હાથ ઘણી બારીકીથી તપાસ્યો.

પેલી નીશાન નહીં મલે? મહોટો ઘસો હતો તે ભુસાઇ ગયો છે" ડોસો તપાસી રહી બોલ્યો "બતી મુકીદે."

"હા, તે દાઘ ભુસાઇ ગયોછ, હું તે માટે ખુશી છું" કાંઇબી બોલવાનું જોઇયે કરી સ્તીવન બેદરકાર ઢપે બોલ્યો.

"તને તે ઘસો કેમ પડયો હતો તેની તુને કાંઇ યાદ છે?"

વલી આ ધરકો પડે તેવું ડોસાનું પુછવું સાંભળી સ્તીવન ચમકયો. તે ડોસાની આંખમાં ચલકાત જણાયો.

"તુને તે યાદ તો હોવુંજ જોઇયે?" સ્તીવનને ચુપ ઉભેલો જોઇ ડોસાએ પુછયું.

"હા, કાંય નહીં, હું જાણુંછ, હું ધારૂંછ,—હું માનુંછ—પીત્રાઈ મને લાગેછ." સ્તીવન અચકાવા લાગો. "મારી યાદદાસ્ત શકતી ખચીત ઘણી કમતી છે. તે મને દગો દેછ અને—"

"હા, હા," ડોસાએ કબુલ કીધું. "હું સમજયો."

એ પછી તે જરા ટકયા પર ઉચો થઇ વીચારમાં પડયો.

"વારૂં તુને તારી માની યાદ છે?" જરા વારમાં ડોસાએ પુછયું "તુને તારી મરહુમ માતાનાં સોનેરી ઝુલફાં યાદ છે? તું તેણીના જેવો નથી."

"નહીજી, હું મારા બાવાજીના જેવો," સ્તીવને કહ્યું.

"તુને તારા માબાપ યાદ છે?"

"કાંઇ બરાબર નહીં" ડોસાની ભુરી તીણી આંખોથી નજર ફેરવી લઇ સ્તીવને જવાબ દીધો.

અંહંહ! વારૂં કાંઈ નહીં." ડોસાએ ખંખાર મારી કહ્યું "પેલું ખાણું ખોલી અંદરથી બે કાગલના વીંતા લાવ."

સંતોશનો એક દમ ખેંચી સ્તીવને ફરમાવેલાં બે કાગલના વીતા લાવી ડોસાને આપ્યા.

જો આ મારાં વીલો છે" બુઢા રેડઓકે ચલાવ્યું. મેં બે વીલો કીધાં હતાં, એકતો હમારી રીત પ્રમાણે હમારા ખાનદાનના નબીરાને મીલકત અને વંશ પરંપરાનો વારસો સોંપવાનું અને બીજુંતો જો તે ખાનદાનનો નબીરો ન મલેતો પછી સરવે માલ મીલકત અને દોલત મારી પાલક કીધેલી દીકરી એમીને આપવાનું છે. હવે હું તુને કહુંછ કે મારી દોલતની એક દમડી પણ તને મલશે નહીં. તેનું કારણ તું જાણવા માંગેછ? હું તે તને ફકટ ચાર બોલોમાં કહીશ. તું વેશધારી ઠગારો છે. તું ખરો સ્તીવન ગ્લાઇન નથી."

આ બોલો બંદુકની ગોલી માફક સ્તીવનને લાગ્યા, ઓરડામાં તમામ ચુપકીદી રાજ કરતી હતી. તે કાંઇ બોલ્યો નહીં જે જોઇ ડોસાએ પાછું ચલાવ્યું.

"જો તું ખરો સ્તીવન ગ્લાઇન હતે તો તારા હાથપર કોણીની સેહેજ ઉંચે એક ઉંડો જખમ હતે." ડોસાએ ઉશકેરાઇ જઇ ધારા કરતાં વધુ બોલવા માંડયું. "જલ્દી ભુસાઈ યા ઘસાઇ જાય એવો તે જખમ નહતો તે તો મરતાં સુધી માણસને વલગી રહી તેની ઘોરમાં પણ જાય તેવો મજબુત હતો. વલી તારી માતાના બાલ નાગન જેવા કાલા હતા અને લાંબા શોનેરી ઝુલફદાર તે હતાજ નહીં. તારો બાપ ખુબસુરત હતો, તેના બાલ મારી એમી જેવા કરબી હતા. તારાં માતપીતા-જોતું ખરો સ્તીવન ગ્લાઇન હતે તો-તને યાદ રહતે કારણ જ્યારે તું પંદર વરસનો હતો ત્યારે તેઓ મરણ પામ્યાં હતાં; હવે તું જોયછ કે તું ઘણો સહેલથી પકડાયોછ. હું એમ તારા જેવાથી જલદીથી ઠગાઇ જાંઉ તેવો નથી"

"થઇ ચુકું."

સ્તીવનનો ચહેરો જોવા જોગ બની રહયો, પેલાં બે વીલો બુઢાના નાતવાંન હાથોમાં ધરેલાં હતાં; હવે એક છેલ્લી અજમાયશ દાખલ તેણે તે વીલો પર નજર નાંખી.

"જો સ્તીવન ગ્લાઇન જીવતો ન હોય તો—"

આ બોલો તેણે એક વીલ પર વાંચ્યા, વીજલીની ઝડફે જોર કરી તે જવાંન્યાએ તે વીલ ઝુંટવી લઇ પાસે સુકેલી સગડીમાં ફેંકી દીધું; તુરત તેજપલે તે નાતવાંન ડોસાને ચીસ પાડતો અટકાવવા મોંહપર બીજો હાથ દાબી દીધો.

રેડઑકે મરવા આગમજ સઘલું જોર એકઠું કરી તેનો હાથ ખસાડી એક મ્હોટી ચીચારી પાડી. એક સેકંડના અરસામાં તેણે તે ચીશ મુકી.

પાસેના ઓરડામાંથી એમી હરની મીસાલ દોડી આવી.

"શું છે?" તેણીએ ફીકરથી ઉન્જલી મારી જઇ પુછયું.

સ્તીવનને હાથ છોડી મુકવાની ફરજ પડી.

રેડઑક કાંઇ બોલી શકયો નહીં. જોર કરી એક આંગલી ઉભી કરી તેણે સ્તીવનને દરવાજા તરફ બતાવી.

"હું ધારૂછ કે એવણુ તમને ઓરડા બહાર જવા કહેછ" એમીએ જણાવ્યું.

"એ દેવાંનો છે, તદન દેવાનો છે, મને જોઇને એ મારે વીશે કાંઇ કાંઇ બકેછ." સ્તીવને હવે સાવચેતી લેવા માંડી. તે ઠાકી ગયો હોય તેમ હાંફતો હતો.

પાછલ ફરી સ્તીવને ઢગ ઢગતી સઘડી તરફ જોયું. તે સઘડીમાં. એમી લેસ્તરને મલનારી મીલકત દોલતનું ખરૂં લખત બલી જળીને રાખ થઈ પડયું હતું.

"મહેરબાંની કરી અત્રેથી જાવો. હુ જોઉંછ કે એવણુને તમારી હાજરી પસંદ નથી." એમીએ કહ્યું.

સ્તીવને જાયું કે ઓરડા બહાર જવામાં જેમ ધાસ્તી છે તેમ અંદર રહેવામાં પણ છે.

"હું દરવાજાની બહાર ઉભો રહુંછ, તમને મારી જરૂર પડે તો મને તેડજો. હું તમને ખાત્રીથી કહુંછ કે એ ડોસો દેવાનો છે, જે ગમેચ તે બકેચ."

સ્તીવન ઓરડા બહાર ગયો. એમીને તેની પર શક પડવા માંડયો. રેડઑકનો હાથ માયાથી હાથમાં લઇ તેણીએ પુછયું:

"મને કાંઇ કહેવુંછ?"

ડોસાએ કાંઇ બોલવા ચાહયું, પણ દમ ગુંગલાવા લાગો; અવાજ નીકલે નહીં.

એમીએ ડોસાને તકયા પરથી સહેજ ઊંચે ઉપાડી દવા પાઇ.

હોઠ મતમતાવી જોર કરી તે બબડયો.

"મારો સ્તીવન ગ્લાઇન નહીં—સાબેત થયું-ઠગ—સ્કૉટલેન્ડ-કીનારો—લૉકશેલ—મારા પીત્રાઇનો છોકરો—સ્તીવન ગ્લાઇન-ખરો શોધી લા-લાવ."

એબી તે ભાગુ ટુટું બોલ્યો હતો, તોબી એમી તુરત સમજી ગઇ; ડોસાનાં કપાલ પર ઢારથી પરસેવાનાં ટીપાં ફુટયાં હતાં.

"બાવાજી, તમો શું કહોછો તે હું સમજી. અત્રે આવ્યોછ તે તમારા પીત્રાઇનો દીકરો સ્તીવન ગ્લાઇન ખરો છે કે ઠગ તે મારે સ્કોટલેન્ડના કીનારા પરનાં ગામડાં લોકશેલમાં જઇ શોધી કહાડવું. હા હું જઇશ, હું એનું ખરૂ ખોટું શોધી કહાડીશ."

"પૈસા—ખરચ—ખાણું." ભારી દમ લેતાં એ ડોસાએ કહ્યું.

તેની નીશાન બતાવેલાં ખાંણામાંથી એમીએ પૈસાની ઠેલી કહાડી રેડઑકે તેણીનાં ગજવ તરફ આંગલી કરી અને તેણીએ તે ઠેલી ઠાવી ખીસામાં મુકી.

"છુપું રા-રાખજે, શોધ-છુપી ક-કરજે."

"તેનું હું વચન આપુછું મારા મહેરબાંન પાલનાર." એમી બોલી.

તે રાતે બુઢો રેડઑક મરણ પામ્યો. જે ડાકતર તેની નજદીક બેઠો હતો તેણે સ્તીવનને પુછયું:—

"એવણુનાં હાથમાં શું છે?" સ્તીવન જાણુતો હતો કે તે પોતાનાં લાભનું વીલ હતું છતાં તેણે અંજાણો થઇ પુછયું:

"એ એવણનું વીલ છે, હું એની સંભાલ લેઇશ." એટલું બોલી ડાકટરે તે વીલ તેનાં હાથમાંથી છોડવી લીધું.

એમી ઘણી દુખી થઇ હતી. તેણીને માથે વલી એક મહોટી ફરજ આવી પડી હતી.

પ્રકરણ ચોથું.

"સ્તીવન ગ્લાઇન!"

ધરમશાળાનાં રખેવાલે ઉપલું નામ બોલી દાહડી પરવારી વીચાર કરી તે પુછનારીને જણાવ્યું:—

"નહીં બાઇ, એ નામ મારા સાંભળવામાં આયું નથી."

"ત્યારે સ્તીવન ગ્લાઇનને તમો નથી પીછાણતા?" આ પુછનાર આપણી એમી હતી. જેણી ઇવલીન સાથ અત્રે લોકશેલમાં રેડઍાકને આપેલાં વચન પ્રમાણે સ્તીવનની શોધમાં આવી હતી. રાત પડી ચુકી હતી, અંધારાનો શુમાર હતો નહીં.

ધરમશાળાવાલાનો જવાબ સાંભળી ગરીબ એમીનું મોંહ ઉતરી ગયું.

"એ નામનો એક શખ્સ અહીં રહેતો હતો એમ મારી ખાત્રીછે" તેણી બોલી.

"તે હશે બાઇ, હું જાણુતો નથી. અત્રેનાં નહાનાં ગામડાંમાં ફક્ટ બે સ્તીવન નામનાં જવાંનો વસતા હતા. તેઓને હું ઓળખું છ એક સ્તીવન અત્રેની ત્રાંબાની ખાંણનો માલેક અને બીજો સ્તીવન તેની ખાંણમાં કામદાર હતો; તે આજ કેટલોક વખત થયો નોકરી પરથી બરતરફ થવાથી લોકશેલમાંથી ચાલી ગયો છે."

"બીજું કોઇ અત્રે એવું નથી કે જે હમને તે વીશે વધારે ખબર આપી શકે?" હવે ઇવલીને પુછયું.

"ત્યારે તો બાઇઓ તમો જઇને ખાંણના માલેકનેજ મલો, તેવણ તમુંને જોઇતી ખબરો આપશે, તેવણની ખાંણમાં કોઇ સ્તીવન ગ્લાઇન હોય તો તે વીશે તેવણ તમને જણાવશે." રખેવાલે સુચવ્યું.

ભોમ્યા દાખલ એક માણસને લઇ એમી અને ઇવલીન પવનના સુસવતામાં જોર કરી આગલ વધ્યાં ઢેકાં ઢયાંનો રસ્તો, કાલું અંધારૂં, વરશાદની ઝરી, કાદવ, વગેરેથી તેઓ કેટલાં કંતાલી ગયાં તે સમજાવવું મુશકેલ છે.

મેલા કદરૂપા કાસ્ટયાની નહાની ઝુંપડીમાંથી ધુમાડો નીકલતો જોઇ એમી કમકમી બોલી;

"આવાં ભયંકાર ઘોરસ્તાન જેવા કંગાલ ગામડામાં લોકો શા શારૂં વસ્તાં હશે?"

મીઠાંની ખારી હવા ખમતાં અંતે તેઓ માનર હાઉસ તરફ આવી લાગાં.

એક લાંબી ચાલમાં એક જવાન મરદ એમથી તેમ લટાર મારતો હતો. એમી અને ઇવલીન બહાર નહીં થોભતાં એકદમ અંદર ચાલમાં ગયાં.

તે જવાન જાણે ચાલવા શીખતો હોય તેમ ચાલતો. તેના પગ વારંવાર લડડતા.

એ જવાન અબલાઓને એકદમ અંધારાં વચેથી અંદર આવેલી જોઇ સ્તીવન ઓસમંડ ઘબરાઇ ગયો. તે લટાર મારતો જવાન તે તેજ હતો કે જેને સ્તીવન કામદાર મરતો જોઇ ગયો હતો. હમનાં તે મોહને લાત મારી ઉઠયો હતો. બેઉ અબલાઓનાં ઉપર ઓરવેલા દગલા પરથી વરસાદનાં ટીપાં તપકતાં હતાં. સ્તીવન ઓસમંડ લટાર મારતો અટકી ઉભો. તે કંગાલ ગામડાંમાં કદી કોઇ એમ આવવું નહીં માટે સ્તીવન વિચારમાં પડયો.

"હું ધારૂંછ કે તમો ખાંણુના માલેક મી૦ ઓસ્મંડ છો?" એમીના નરમ અવાજે ચુપ કાદી તોડી.

"હા, બાનું હું તમારે માટે કાંઇ કરી શકું તેમ છે? જો હોય તો ફરમાવો હું તૈયાર છું. પહેલાં બેસો. જો તમને મીઠાંની ખારી હવાની કાંઇ અડચણ હોય તો અંદર આવો." સ્તીવન ઓસ્મંડ બોલ્યો.

"નહીં જી, અહીં ચાલશે." એમ બોલી એમી અને ઇવલીન એક બાક પર બેઠાં.

"હમો તમને કાંઇ પુછવા માંગ્યે છીયે."

સ્તીવન ઑસ્મંડ માનથી નમીને તેઓ સામે અદબવાલી ઉભો.

"તમારી ખાણુમાં કોઇ સ્તીવન ગ્લાઇન નામે છે?" એમીએ પુછ્યું.

આ સાંભળી સ્તીવન ઑસ્મંડ તીર લાગ્યો હોય તેમ ચમકયો. અપાર અજાયબીથી તેણીનું મોંહ જોતો તે ઉભો.

"સ્તીવન ગ્લાઇન નામે કોઇ અત્રે છે કે?" એમીએ તેને ચુપ જોઇ પાછું પુછ્યું.

તે જાણે સુધીમાં આવ્યો હોય તેમ પાછો ચમકી ઉઠયો.

"નહીં બાઇ, એ નામનું કોઇ મારી ખાણુમાં માણુસ નથી." તેણે જણાવ્યું. એમીના સુંદર ઇંતેજાર ચહેરાપર નીરાશીનું વાદલું ફરી વલ્યું; ત્યાં સુધી આવી અને મહેનતનું ફલ ન મલ્યું તો પછી શું કામનું? બુઢાને વચન આપેલું વ્યર્થ જાય.

"હું એ સાંભળી એટલી દલગીર છુ, હં! પણુ એ નામનું કોઇ હમણાં નથી તો આગલ આવી ગયું હશે?" એમીએ આશાથી પુછ્યું.

"ના તમો બાઇ જો મને બેઅદબ ન માંનો તો હું તમને પુછવાની રજા લઉં કે તમો સ્તીવન ગ્લાઇનમાં એટલો બધો લાભ શા માટે લેવોંચ?" તેણે સભ્યતાથી સવાલ મુકયો.

એમીએ ડોકું ધુણાવ્યું.

"હું તમને કહી શકતી નથી, પણુ આ જુવો." એમ બોલી એમીએ એક કાગલનો ટુકડો ખેંચી કાહાડયો. "વારૂં આ ચીતાર જોઇ તમો તેને ઓળખી શકશો? એ મેં મારે હાથે તેનાં ચેહરા પરથી ચીતાર્યોછ. એવા ચહેરાનાં આસામીને તમો ઓળખોચ? એને તમો એ કદી જોયોછ?"

"એને ઓળખવાને હું ખરો દાવો કરૂંછ." એમીના હાથમાંથી તે ચીતાર લઇ તેને જોતાંજ તે ચમકી ને બોલ્યો. "એ કોણુ છે?"

"જે માણુસ પોતાને સ્તીવન ગ્લાઇન કેહેવાડેચ તે માણુસ એ છે."

ઇવલીને પુછ્યું. "તમો એને ઓળખોછ?"

"હા, હું ઓળખુંચ, એ તેજ માણુસ છે કે જેને મેં આજ થોડોક વખત થયો મારી ખાંણુમાંથી રજા આપી હતી. એ મારી ખાંણુમાં ચોરી કરતો હતો." તેણે જણાવ્યું.

"ત્યારે શું તે સ્તીવન ગ્લાઇન નથી?" ઉશકેરાઇ એમીએ પુછ્યું.

સ્તીવન ઑસ્મંડ ધીક્કારથી હસ્યો.

"નહીં. ખોદાનો ઊપકાર! તે ચોર અને ઠગ પકડાયો. તે સ્તીવન ગ્લાઇન નથી. સ્તીવન ગ્લાઇનનાં નામ હેઠલ આજ આગમજ જે મરદ ઓળખાતો હતો તે હું છું. મારૂ નામ સ્તીવન ગ્લાઇન છે."

"તમો?" બેઉ બાનુઓ અજાયબીથી પોકારી ઉઠી.

"હા, બાનુઓ હું સ્તીવન ગ્લાઇન છું." સામી બાજુ બેઠક લઇ તેણે જણાવ્યું. "જ્યારે પંદર વરસનો નાદાન છોકરો હતો, ત્યારે ભુખમરો અને કકડતી ઠંડી શું તે સમજવા લાગ્યો.

કારણ મારાં માત પીતા મને દુન્યાંમાં એકલો નીરઆધાર મુકી બીજી દુન્યામાં ચાલી ગયાં. સતરમે વરસે મને એક દરયાઇ કેપટને એવી સરતે કરી લીધો કે મારે તેનું નામ લેવું, અને તે પ્રમાણે તેનું નામ ઑસમંડ હોવાથી હું સ્તીવન ઑસમંડ થયો. થોડા વખતમાં કેપટન મને લઇ અત્રે આવ્યો. તેણે આ મકાંન ખરીદ્યું, ખાંણુમાં ફતેહ મેલવી, અને આજ બે વરશ થયાં તે મરણ પાંમ્યોછ, પણ પોતાની અસક્યામત મને આપી ગયોછે.

"તમને મી૦ રેડ્ઑાક યાદ છે?" એમીએ પુછ્યું.

"હા, બાઇ તેવણ મને યાદ છે. તેવણે મારા બાવાનાં પીત્રાઈ થાય. તેવનનાં મહોટા કુત્રાએ મને એકવેળા જમણા હાથ પર કરડયો હતો. જેનો દાઘ હજી છે; નહીં તેણે કરડયો નહીં પણ તેનાં પંજાએ મારી નહીં બાજુમાનું માસ ચીરી નાંખ્યું. જ્યાં સુધી મારા પીત્રાઇ મી૦ રેડઑાકે તેને ગોળા મારી મારી નાંખ્યો ત્યાં સુધી તે ભંયકાર કુત્રો મને ધરી રહયો. હજી તે દાઘ મારી બાજુપર મજબુટ છે. જ્યારે હું તે દાઘ જોઉંછ ત્યારે મને મારા પીત્રાઇ રેડઑાક યાદ આવેચ."

"હમને તમારી પર જરાબી શક નથી. કારણ તેવણે તેવણનાં કાગળમાં જણાવ્યુંછ જે 'મારા પીત્રાઇનાં દીકરા સ્તીવન ગ્લાઇનને તેની બાજુપર પડેલા એક મહોટા ચીરાથી ઓળખવો.' તે ચીરો તમારી બાજુપર છે." ઇવલીને જણાવ્યું.

ત્રણ દહાડા તેઓ ત્યાં રહયાં, એટલા વખતમાં સ્તીવન ઑસ્મંડ—જે ખરો વારેસ સ્તીવન ગ્લાઇન છે તેને હવેથી આપણ સ્તીવન ગ્લાઇન કહીશું તે—ત્યાનું બધું બરાબર કરી એમી અને ઇવલીન સાથ રેડઑાકને ત્યાં જવા નીકલ્યો. તેઓ સાથ તેની વીશ્વાસુ કારભારણ પણ હતી.

તેઓની પધરાંમણીની ખબર થતાંજ ખોટો સ્તીવન ગ્લાઇન પેલો ઠગ જવાન ત્યાંથી કોઇને મલ્યા વીનાં ગુપચુપ ચાલી ગયો ત્યાર બાદ તેનું શું થયું તે જણાયું નહીં.

ખરા સ્તીવન ગ્લાઇનને તેની હકદાર મીલકત અને દોલત મળી.

સ્કોટીશ ટાપુનાં ઉજડ ખડકી ગામડાંની જીંદગી કરતાં આ રલ્યાંમણાં ગામડાંની જીંદગી સ્તીવનને વહાલી લાગી.

થોડા વખતમાં એમી અને સ્તીવનના લગનથી ગામડું આખું હલમલી રહ્યું.

ઇવલીન પોતાની ભવીસ્યની પાળ કોઇ સાથ બાંધે તે આગમજ એમી સાથ ત્યાંજ રહી. અને સુખી સેવત આવ્યું.

ગ્રહસથ ઠગારો યાને ગ્રહસથ કે ઠગ?

લખનાર—"અદી."

થોડાંક વર્ષની વાતપર ગ્લાસગો તેમજ તેની આસેપાસેનાં શહેરોમાં ખોટા સીક્કાઓનો મોટો ફેલાવો જાહેરમાં આવ્યાથી ત્યાં જબરો ઘોંઘાટ મચી રહયો હતો. તે ખોટી બનાવતના સીક્કાઓ જુદી જુદી કિંમતના તેમજ વળી જુદી જુદી બનાવતના હતા. તેમાના કેટલાક તો નકલના એવા નાદર નમુના હતા, કે તે ખોટા તરીકે પીછાનવા મુશકેળ થઇ પડતા હતા, જે તેના બનાવનારાઓની બાહોશી અને ચોકસાઇની ગવાહી આપતા હતા, જયારે વલી કેટલાક એવી કઢંગી બનાવટના હતા, કે જે ઝટ પરખાઇ આવતા, પણ અજાયબ જેવું તો એ છે કે લોકો છેટરાઇ એવા સીક્કા હાથમાં કેમ ધરતા હતા તેનો આપણુને વિચાર આવતો હતો.

લોકોમાં બહુજ ઘોંઘાટ થઇ રહ્યાથી અને ન્યુસપેપરવાલાઓએ એ બાબદ હાથમાં ધરી ચાબકા લગાવ્યાથી સત્તાવાલાઓનું ધ્યાંન એ બાબતની બાતમી મેળવવામાં દોરવાયુ, અને એ કામ એક દીતેકતીવ તરીકે મને સોપવામાં આવ્યું.

અનુભવપરથી હું જાણુતો હતો કે ખોટા સીક્કા બનાવનારાઓને પકડવાનુ કામ કંઇ સહેલ નહોતું. જે જે ઠગારાઓ ખોટા સીકકા બનાવતા તેમજ ચલાવતા હતા તે એવા તો પહોંચેલ બુદ્ધી હતા કે કદીબી પોતાની સાથ એકી વખતે બે ખોટા સીક્કા રાખતાજ નહીં હતા, કે જો કદાચ પકડાઇ આવે તો તેઓને બહાનું કાઢવા કામ લાગે કે તેઓ પોતે એ સીકકો ખરો છે એમ સમજી બજારમાંથી લીધો હતો, જયારે તેઓ તો મેંઢા જેવા નીરદોશ છે, અને સામા તેઓનેજ ઠગવામાં આવ્યા છે.

વળી બીજું એ છે કે ખોટા સીક્કા બનાવનારાઓ અને તે લોકોમાં ખરા તરીકે ચલાવી દેનારાઓ તદન જુદા જુદા શખસો હોયછ. જેઓ બનાવે છે તેઓ તો તે બનાવેલો જથ્થો પેલા ચલાવનારાઓને સસતી કીમતે બધો વેચી નાખે છે. આવી ચોકસાઇ અને મુશકેલીઓ વચ્ચે એ બદમાસોને કાયદાની ચુંગાલમાં લાવવું જેવું તેવું સહેલ કામ નથી, જે વિષે વાંચનારને સમજાવવું પડશે નહીં.

હવે હું મારી શોધ પાછલ મંડયો. પહેલાં તો જે બધા ખોટા સીકકાઓ પોલીસે કબજામાં લીધા હતા, તે બધા મેં તપાસવા માંડયા અને તેઓની જુદી જુદી બનાવતો જોઇ હું એવા અનુમાન પર આવ્યો કે એ સઘળાનાં બનાવનારાઓ કાંઇ એકજ આદમી નથી, પણ જુદી જુદી ટોળીઓ હોવી જોઇએ, વલી તે બધા સીક્કાઓ ઘણુા ખરા સનીવારની સાંજના દુકાનોમાં ચલાવી દેવામાં આવતા હતા, કે જે દીવસે એ શહેરમાં દુકાનોપર સાંજની વખતે ઘરાકી ઘણી હોય છે.

એક સનવારની સાંજનાં એક દુકાનના માલેકે એક ઓરતને એક ખોટો ફ્લોરીન (સીકકો) ચલાવતાં પકડી, જે ઉપરથી તેણીને પોલીસને સ્વાધીન કરવામાં આવી. તપાસ કરતાં પેલી સ્ત્રી પોતા પર મુકાયલો તોહમત તદન નામુકર ગઇ અને જણાવવા લાગી કે તે સીકકો તો તેણીએ એક પોંડની નોટના વટાવમાં મેળવ્યો હતો. તેણીની ખાનગી ચાલચાલો તેમજ હાલત વિષે તપાસ ચલાવતાં મને માલમ પડયું કે તેણી એક વીધવા હતી અને એક કંગાલ મોહલ્લામાં ૨૩ વરસની પોતાની એક પુરી દીકરી સાથ એકલી રહેતી હતી.

પેલી છોકરી પોતાના ગુજરાણુ અર્થે એક દુકાન ચલાવતી હતી, જેમાં તેણી જુનાં કપડા વેચવાનો ધંધો કરતી હતી. તેણીનો વર ૪૫ વરસનો એક અઘોર નર હતો જે કાંઇબી ધંધો

નહીં કરતા બેકાર હતો. તે છોકરીનું નામ મારગરેટ ડાવી કરી હતું. એ બન્ને મા દીકરી સાથ ઘણો વખત, કંઇબી ગર મેળવવાનાં વિચારથી મેં વાતચીત ચલાવી, પણ કંઇબી જીવ જેવું હું મેળવી શકયો નહીં, પણ તે છતાં તેઓની રહેવાની રીતભાત વગેરે ઉપરથી મને તેઓ ઉપર કાંઇક શક ગયો ખરો, પણ કંઇબી પુરવાર નહીં કરી શકવાથી અંતે તેઓને મારે છોડી દેવાં પડ્યાં. આ ઓરતનાં પકડાવાથી લાગતા વળગતાઓમાં કાંઇ બીક પેસવાથી એક પખવાડીઆં સુધી ખોટા સીક્કાઓ શેહેરમાં ફેલાવો પામતા થોડો વખત સુધી અટક્યા, પણ એ વખત વીટવા બાદ તેઓનો ફેલાવો પાછો ધમધોકાર થવા માંડયો. હવે લોકો વાજબી રીતે બહુજ ગડબડ કરવા લાગ્યાં. હું પણ વિચારમાં પડયો, કારણ કે કેવી રીતે રસ્તો આગલ લેવો તેનું મને મુદ્દલ સુજ પડયું નહીં.

એવામાં એક દિવસે મારા એક મીત્રે મને પોતાની સાથ એક ગ્રહસ્થ, કે જેને હું મુદ્દલ ઓલખતો નહોતો તેને સાંની એક ડીનર પાર્ટીમાં લઇ જવા જણાવ્યું. તે ગ્રહસ્થનું નામ જોન સ્તીવનસન કરી હતું. મારા મીત્રને તે ગ્રહસ્થ સાથ ઓળખાણ ન હોતી પણ તેને તો તે ગ્રહસ્થના દીકરા સાથ સારૂં હોવાથી, તેણે નોતરૂં દીધું હતું. મારા મીત્ર સાથ હું ઠેઠવેલે વખતે જોન સ્તીવનસનને સાં જવા નીકળ્યો. ખુદરતીજ રીતે સાં મારી ઓળખાણ કરાવતી વખતે એક છુપા પોલીસ અમલદાર તરીકે મને ઓળખાવવો નહીં એમ મેં મારા મીત્રને અગાઉથી ચેતાવી રાખ્યું હતું. ઘણો ખરો દરેક પારકી મીજલસમાં ચોક્સ સબબોને લીધે હું તે નામે ઓલખાવા માંગતો નહીં હતો. રસ્તે ચાલતાં જોનનાં કુંટુંબ સંબંધી કંઇક ખબર મેળવવાના હેતુથી મેં મારા મીત્રને પુછ્યું, જ્યારે તે બોલ્યો "હું પોતે મી૦ જોન યા તેના કુટુંબ વિષે કંઇ ઘણુ જાણતો નથી, મને તો ફકત તેના દીકરા જીમ સાથેજ ઓળખાણ છે."

"તે છોકરો શું ધંધો કરેછ?" મેં પુછ્યું.

"મને બરાબર ખબર નથી. હું નહી ધારતો કે તે કંઇ નોકરી કરતો હોય. એના બાપ-પાસ સારૂં નાણું હોશે, કારણ કે તે હમેંશા ખુબ તાપમાં ફરેછ," હસતાં હસતાં મારા મીત્રએ મને જણાવ્યું.

આટલી વાતચીત પછી હમો ત્યાં જઇ પુગ્યા; અને અમે પાર્ટીમાં ભાગ લેવા લાગ્યા. જે ઘરમાં જોન રહેતો હતો તેને ફરતો એક મોટો બાગ હતો. જોન ખાસી પચાસ વરસની ઉંમરનો શખસ હતો. તેની રીતભાત સારી હતી તેને બે દીકરીઓ હતી કે જેઓએ આજની ખુશાલીની વખતે એક ભલી ડચેસનાં જેવા ઠાઠમાઠથી પોશાક સજ્યો હતો. હું આવો ઠાઠમાઠ જોઇ અજબ થયો, અને મારા મીત્રને પુછવા લાગો કે મી૦ જોન પાસ એટલી બધી તે શું દોલત છે કે આવા દમામથી તેઓ રહેછ? પાછું, મારા તે ભોલા દોસ્તે તે વિષે પોતાનું અંજાણપણું બતાવ્યું.

હમો પાર્ટીમાં લગાર સકારા ગયલા હોવાથી બીજા ઝાઝા પરોણાઓ હજી આવ્યા નહતા, પણ હવે તેઓ આસ્તે આસ્તે આવવા લાગ્યા. સામટી રીતે લેતાં તે આખા પરોણા મંડળના ઘંગ ઘડા મને પસંદ પડયા નહીં, કારણ કે તેઓ કઇ શીખેલાં યા જાણીતા કુટુંબને લગતા નહીં હતા. તેઓની રીતભાત પણ લગાર હલકી, બોલવા ચાલવાનું તોછડું અને બુમ બરાડા પાડે તેવું હતું. સાધારણ આસામીને આ બધું કંઇ ઘણું અજબ જેવું નહીં લાગે પણ મારે ગલે કંઇ તે ઉતરયું નહીં. ખુદરતીજ રીતે મને ચટપટ થવા લાગી તેથી જોન વીષે કંઇ વધારે ખબર મેળવવાને મેં મક્કમ નિશ્ચય કીધો.

ખાનાં પર જે દારૂ પીરસવામાં આવ્યો હતો, તે પણ ઘણીજ ઉંચી જાતનો હતો અને ખાણું પણ ઘણુંજ સરસ અને ઉમદા હતું. જેમ ગમે તેમ સભ્યતાની હદ ઓલંગી જઇ પેલા પરોણાઓ દારૂ પીવા અને ખાવા મંડયા.

ખાનું પુરૂં થઇ રહ્યા પછી હમો સઘળા ડ્રોઇંગ રૂમમાં ગયા, જ્યાં એક નાચ થવાનો હતો. જરા વારમાં નાચ શરૂ થયો. કોઇ દીવસ પણ હું નાચમાં ભાગ નહીં લેતો હતો તેથી એક ખુણામાં કોચ પર બેસી હું બધો દેખાવ જોઇ મારા મનને રાહત આપવા લાગ્યો. એકલો બેસી રહેતા મને વીચાર પાછો આવવા માંડયો કે જોન પોતાનું ગુજરાણ કેવી રીતે કરેછે. એ વીચારમાને વીચારમાં હું બેઠો હતો એટલામાં મારી નજર એક સ્ત્રી ઉપર પડી, જેણીને મેં અત્યાર અગાઉ જોઇ નહતી, તેણીને જોઇ હું ચોંકી ઉઠયો. તે ચહેરો મારા ધ્યાનમાંજ હતો, પણ તેણી કોણ હતી તે મને તુરત યાદ આવ્યું નહી. બરાબર ટાકીટાકીને જોયા પછી મેં તે ઓરતને ઓળખી. તેણી **મારગરેટ ડોવી** હતી. "આવી એક હલકી વર્ણની સ્ત્રી તે મી○ જોનની પરોણી!" હું મારા મનસે વીચારવા લાગ્યો. તરતજ હું ઉઠયો અને મી○ જોન જ્યાં બેઠો હતો ત્યાં જઇને પેલી ઓરતનું નામ પુછયું.

"તેણીનું નામ મીસ ફ્લોરન્સ રીનરડ છે. તેની મારા એક દોસ્તની દીકરી થાય છે" જોને ટુંકમાંજ મને જવાબ આપ્યો. જવાબ આપીને જોન તરતજ પોતાની પડોસમાં એક શખસ બેઠો હતો તેની સાથ વાતે મંડયો, જેથી હું ચેતી ગયો કે તે મારી સાથ વધારે વાતચીત કરવ માંગતો નથી.

આ શોધથી હુ તદનજ સાવધ થઇ ગયો. મારા ધંધાને લગતી દરેક લાગણીઓ મારામાં ઉશ્કેરાઇ આવી. આનો અર્થ શું? શું મી○ જોન મને તેનું ખોટું નામ દઇ ઉડાવવા માંગતો હતો? યા તે લુચ્ચી ઓરતે મને ખોટું નામ આપી ઠગ્યો હતો? એ બધામાં કંઇબી ભેદ હોવો જોઇએ, અને તે ભેદ પર ઢંકાયલો પડદો ચીડી તે જગની આગળ રજુ કરવાનો મેં નક્કી ઠેડાવ કીધો. બધુ સામટું લેતાં હું એવા વિચાર પર આવ્યો કે જોન અને તેના ચોક્કસ પરોણાઓ કંઇક અજબ રીતે શક ઉપજાવે એવાં હતાં.

રાત મોડી થઇ હતી અને હવે પરોણાઓ વીખરાવા લાગ્યા. વળી વધારે અજબ હું એ થયો કે જોનના એકબી પરોણાં ગાડીમાં આવ્યાંજ ન હતા, જેવો બનાવ મારા જેવા માણસને એક ધ્યાન ખેંચનારો ગણાય. તેઓ ગુપચુપ ત્રણ ચારના ટોળાંમાં નીકળી જવા લાગ્યાં.

મારગરેટ ડોવી ઉર્ફે ફ્લોરન્સ રીનર્ડ પર મેં મારી નજર રાખવાનો ઠેડાવ કીધો. તેણીને દેખાવે એબીઅલ પણ કપડે એશકી જેવા એક શખસ સાથ ઓરડો છોડી જતાં મેં જોઇ. મેંબી તરતજ ઘરઘણીની રજા લીધી અને તેઓની પુઠ પકડી. મલાજાહ વગરની વાતચીતથી તેઓ રસ્તો કાપવા લાગ્યાં. અંતે મારગરેટની દુકાણ આવી લાગી અને તેણી તરતજ પેલા શખસને સેકહેંડ કરી અંદર ચાલી ગઇ.

આ બધી વાતને એક અઠવાડયું ગયા પછી એક અંધારી રાત્રે જ્યારે ધીમો ધીમો વરસાદ પડતો હતો ત્યારે આંઠેક વાગેના અમલે બલું ચસમાવાલો ચીઠડે હાલ કપડાંનો એક અઘોર જવાને મારગરેટ ડોવી ઉરફે ફ્લોરનસ રીનર્ડની દુકાણનું બારણું ઠોકયું, જે તરતજ ઉઘાડવામાં આવ્યું અને તે અંદર દાખલ થયો કે પોતાની આસપાસ બીહીકથી એક નજર નાંખી, પોતે એખલોજ છે એવી ખાતરી કરી પેલીને લગભગ ચીચવાતા સાદે પુછયું,

"શું તમારૂં નામ મીસ મારગરેટ છે?"

"હા, તે મારૂંજ નામ, તમે શું કહેવા માંગોછ."

બીહતાં બીહતાં, પાછી શકમંદ નજર આજુબાજુ ફેરવી પેલો બોલ્યો, "બાઇ સાહેબ, એક ચોક્કસ કામ સારૂ ભલામણ કરી એક જણે તમારી આગળ મને મોકલ્યો છે."

"શું કામસર તમોને મોકલ્યાછ."

પેલાએ કાનમાં લાગી પેલી ઓરતને કંઇ કહ્યું, અને પછી ગજવામાંથી એક મોટું પડીકું કહાડી બતાવ્યું અને પુછયું કે, "તમો કંઇ એનું કરી શકશો?"

"એનું" કરીને જે ચીજ પેલાએ પેલીને બતાવી તે હાથમાં લીધા પછી પેલી બોલી, "તમો કીયા બનાવનાર પાસથી એ લાવ્યાછ?"

"હવે તેની સાથ તમોને શું કામ છે? જો તમો આએ વેચાતાં લેશો તો બીજા મારી પાસ પુષ્કળ છે તે હું તમોને લાવી આપીશ—" પેલી પ્રમાણીક (!) ઓરત આ જવાબથી ખુશી થયલી જણાઇ, અને તે પડીકું પાછું તપાસવા લાગી. વાંચનાર, એ પડીકું શાનું હતું? તે કંઇજ નહીં પણ ખોટા સીક્કાનું હતું! આખરે તેણીએ તે સીકકાઓની કીંમત પાંચ શીલીંગ આપવા જણાવ્યું. જે સીકકાઓ જો બધા ખરા હોય તો લગભગ પાંચ પોંડ જેટલી કીંમતના થવા જાય. કેટલીક રકઝક પછી પેલાએ તે કીંમત સ્વિકારી અને સાટું કરી તે દુકાણમાંથી ચાલી ગયો.

પ્રિય વાંચક, તે ચીંઠડે હાલ કપડે, અને બલુ ચશમે સજ થયલો શખસ કોઇજ નહીં પણ તમારો નમનતાઇ ભરેલો સેવક દીટેકતીવ હતો!

આ એક જબરી ફતેહ મેળવી ખુશાળીનો એક ધીમો હુકાર મારી હું ઘર દોડયો અને તરતજ તે છુપો પોષાક બદલી પાછો દોડતો આવી પેલીજ દુકાણને ઓઠે થોડેક દુર ભરાઇને ઉભો રહયો. કલાક નહીં ગયો હશે તેટલામાંજ પેલી લુચ્ચી ઓરત મારગરેટ દુકાનમાંથી બહાર નીકળી રસ્તે પડી. તેણીની થોડેક છેટે હું પણ પુઠે પુઠે ચાલ્યો. આખરે તેણી એક ઘર આગળ થોભી. જેમાં તેણી દાખલ થઇ. જોન સ્તીવનનુજ હતુ. હવે ત્યાં મારૂ કાંઇ વધુ કામ ન રહેવાથી ઘેર જઇ હું નીરાતે ઉંઘાયો અને સહવારનાં પહોરમાં માજીસ્રેટ પાસથી જોનનું ઘર સોધાવવાનું વોરંટ મેલવવું.

ત્યાં બારીક તપાસ કર્યા પછી ખોટા સીક્કાઓનો એક મોટો જથ્થો કે જેની કીંમત લગભગ ૧૦૦૦ પોંડની થવા જતી હતી, તે જોન સ્તીવનના કબજામાંથી મલી આવ્યો. તે સીક્કામાં ગઇ રાતનાં મારગટને મેં વેચેલા સીકકાઓ—કે જે ઉપર મેં છુપી નીશાની કરી રાખેલી હતી તે પણ બધા મલી આવ્યા. જોન અને તેના દીકરા જીમને તરતજ પહરેજ કરવામાં આવ્યા. બીજી બાજુ મારગરેટને પણ તેના વર સાથ કેદ કીધી.

આ મોટા અપરાધની શોધો આગલ ચલાવવામાં આવી અને તે પરથી એવું માલમ પડયું કે જોન કંઇ ખોટા શીક્કા બનાવતો ન હતો, પણ તે તો તે વેચાતા લઇ ચલાવવાનો શાહુકારી ધંધો કરતો હતો. એ કામ સારૂ તેને એજંટો રોકેલા હતા અને મારગરેટ, તે એજંટોમાંની એક હતી. કોર્ટમાં તપાસ ચલાવી જોન, જીમ, મારગરેટ અને તેના ધણીને તેઓની કરણી પ્રમાણે શિક્ષા કરવામાં આવી.

એ લોકોનાં પકડાવાથી તેવોની બધી ટોલીમાં એવી તો સખ્ત બીહક પેઠી કે ત્યાર પછી એક પણ ખોટો સીકકો જાહેરમાં નજર પડયો નહીં.

કુમુદીની અથવા વીસમી સદીનો આબેહુબ હીંદુ ચીતાર.

લખનાર—માણેકલાલ વી. લક્ષ્મીદાસ ધોળકીયા.

ગ્રંથ લખનારનો હક કવીના હક જેવડોજ મ્હોટો છે, માટે ચાલો આપણે આપણી વાર્તાનો આરંભ કરીયે, અને આવતી વીસમી સદીનાં પ્રથમ વરસમાં આપણે રહીયે છીયે એમ ધારીયે.

બરદવાન તાલુકામાં ગોકુળપુર કરીને એક ચોખ્ખું અને ન્હાનું ગામડું છે, જે રેલવે લાઇનથી બહુ દૂર આવેલું નથી. તેમાં બધી જાતનાં સુધારાનાં સ્થળો આવેલાં છે, જેવાં કે પોષ્ટ ઑફીસ, ઈંગ્રેજી નિશાળો, ધર્માદા દવાખાનાઓ, મ્યુનિસીપાલ કોરપોરેશન, બ્રહ્મો સમાજ, આર્ય સમાજ, હરી સભા, ડીબેટીંગ અને એથલેટીક ક્લબો, રીડીંગ રૂમ્સ, અને ટાઉન હૉલ વિગેરે. ટુકમાં હિંદુસ્તાનમાં સુધારામાં આગળ પડેલા પ્રાંતોમાં આવેલાં શેહેરોની પુરતી રીતે હરીફાઇ કરી શકે એવી સ્થિતિમાં એ ગોકુળપુર આવી ગયું છે. તેના વતનીયો શું ગરીબ કે તવંગર પોતે કરેલા સુધારા માટે મગરૂબ રહે છે; અને એમ તેઓને મગરૂબ રહેવાનાં કારણો વજબી છે, કારણ કે ગોકુળપુરની પડોસમાં આવેલાં ન્હાનાં મ્હોટાં ગામડાંઓ કરતાં તેના વતનીયો સુધારામાં ઘણાજ આગળ વધી ગયા છે.

આટલેથીજ પતતું નથી; યુરોપ અને અમેરીકાનાં ગામોની પેઠે ગોકુળપુરને બે છેડા છે. એક છેડામાં મ્હોટા મ્હોટા અમીરો રહે છે, જેઓ સાધારણ લોકો સાથે કોઇ પણ પ્રકારનો વ્યવ્હાર રાખતા નથી. આ છેડાને ગોકુળપુરનો પશ્ચિમ છેડો યાને (West end of Gokulpur કરીને કહે છે. પૂર્વ છેડામાં (East end of Gokulpur) સામાન્ય પ્રજા રહે છે. તેઓ અમીરોનાં બંધન તળે રહે છે, જે બંધનને તોડવાની તેઓની હિંમત ચાલતી નથી.

અમીર લોકોમાં પણ એવો કોઇ નથી કે જેના પાસે મોટી જાગીર હોય, પણ તેઓએ જે કાયદા બાંધ્યા છે તે ઘણાજ સખ્ત અને જુલમી છે. આ અમીરોમાના ઘણા ખરા સરકારી નોકરો અને સનદી વકીલો છે, અને તેઓ પોતાનાં કામકાજો એવી રીતે ચલાવે છે કે વરસો થયાં શેહેર સુધારા અને પ્રજાનાં હિતનાં કામકાજોમાં તેઓજ કરતા કારવતા થઇ ગયા છે. ગમે તેમ હોય તો પણ તેઓ જે પદવીઓ ભોગવે છે તેને પુરતી રીતે તેઓ લાયક છે, કારણ કે પોતાની આસપાસ વસતી બધી પ્રજા કરતાં કેળવણી, સુધારા અને બીજી જાતિના ગુણોમાં વધારે ચઢીયાતા નિવડયા છે.

ગોકુળપુરમાં રાજ્ય કરતા અમીરોની સંખ્યા દસની છે, જેમાં **બાબુ કાર્તીક ચંદ્રસેન** નામે એક આબરૂદાર સરકારી નોકર પણ છે. તેને સારો પગાર મળે છે, અને તેના કુટુંબમાં માત્ર એક તેની સ્ત્રી, પુત્ર તથા તેની એક વિધવા બેહેન છે; તો પણ બાબુ કાર્તીકની મ્હોટી કમાણી છતાં તે બે પાંદડે થતો નથી, કારણ કે તે ઘણોજ ઉડાઉ છે. તેણે પોતાનું ઘર પશ્ચિમના દેશોનાં ઘરો તથા વિલાતી બાંધણી પ્રમાણે બાંધ્યું છે, અને તેની આસપાસ એક વિશાળ બગીચો બનાવ્યો છે, આ બગીચાને મોખરે એક શુસોભિત તળાવ અને ફુલોના કયારા શોભી રહ્યા છે, અને પછવાડે મ્હોટાં ફુલ-ઝાડો અને તેની પાછળ રસોડું આવી રહ્યું છે. આખા કમ્પાઉન્ડની આસપાસ ફરતી મ્હોટી દિવાળ બનાવી છે. નોકર ચાકરોનાં ટોળે ટોળાં તેના હુકમ સાંભળવા માટે તેની આસપાસ ગુંજાર કરી રહ્યાં છે. આવી પાદશાહી ઢબથી આપણા બાબુ.સાહેબ રહે છે, અને ભવિષ્યની પરવા કરતા જણાતા નથી, કારણ કે તે એમ માને છે કે જ્યાં સુધી મ્હારી નોકરી આબાદ છે ત્યાં સુધી મ્હને કશી જાતની અડચણ પડવાની

નથી. તેની સ્ત્રી ઘણીજ ખુબસુરત અને તરૂણ છે, અને તે તેવીજ હોવી જોઇયે; કેમકે આવા ફાંકડા બાબુને બીજી જેવી તેવી સ્ત્રી શોભા આપે નહિ. તેણીના દરેક અવ્યવો મરોડદાર છે, તેનો ચેહેરો કમળફુલના જેવો સુંદર છે. તેણી બહુ ઉંચી નથી તેમ બહુ નીચી નથી; અને એક સ્ત્રી જેની ખુબસુરત જોઇયે તેવી તે ખુબસુરત છે. ખરેખર તે મ્હોટા મ્હોટા પાદશાહોના જનાનામાં બેઠેલી રાણીઓને પણ ઝંખવી નાંખે તેવી રૂપવાન છે. કોઇ વખત જ્યારે તે ઘણીજ ખુશી થઇ હોય અને તેનો ચેહેરો તેજ મારતો હોય ત્યારે તેના ચેહેરામાંથી નિકળતાં ચળકતાં કિરણો સૂર્યનાં કિરણોને પણ શરમાવતાં હતાં. આ સ્ત્રી બાબુ સાહેબને અત્યંત ચાહતી હોવાથી બાબુ સાહેબ આ દુનીયાને સ્વર્ગ જ્યાં આનંદનો વાસ છે તેના જેવી ગણતા હતા હતા. આવી ખુબસુરત **કુમુદીની** પર બાબુ સાહેબ દીલોજાનથી આશક રહે તેમાં અજાયબ જેવું કાંઇ નથી—કેમકે કુમુદીની તો ગોકુળપુર રૂપી બગીચામાં એક સુગંધી અને નવા રંગોવાળું ખુબસુરત ફુલ હતી. કાર્તીક બાબુ તેના ઉપર મરી ફીટતો હતો, અને તેના પાસે દુનીયાની બધી કીમતી વસ્તુઓને તૃણ સમાન ગણતો હતો. કુમુદીનીની જો ઇચ્છા થાય અને બાબુ જો શકતીમાન હોય તો આખી દુનીયાની બાદશાહત તેને લાવી આપે. તેના મનથી કુમુદીના મોટી વાત હતી—તેની આંખોની કીકી, તેનાં સ્વપ્નાંઓની પરી, અને જાગતી અવસ્તામાં અપસરા રૂપ હતી. તે તેને એક દેવી સમાન ગણતો હતો, અને તેની ઇચ્છા રૂપી દેવળમાં વીવેક બુદ્ધી રૂપી પાડાનો ભોગ આપવા અનાકાની કરતો નહોતો. મારો પતી મારા કહયાંમાં છે એમ કુમુદીનીની ખાતરી હોવાથી તે પોતાને અત્યંત સુખી માનતી હતી કે તે પોતાની શકતી સમજતી હતી અને જાણે એક જુલમગાર ધણીયાણી હોય તેવી રીતે બાબુ સાહેબ પર હુકમ ચલાવતી હતી. આવી રીતની ચાલ ચલાવવામાં કુમુદીની વાજબી કરે છે કે નહીં તે બાબતમાં ઉતરવાની આપણે હાલ જરૂર જોઇશું નહીં, કેમકે જો તેમ કરીશું તો આપણે આપણો રસ્તો છોડી બીજે મારગે ગયા એવો આપણા પર અપવાદ આવશે. આપણે તો માત્ર એટલુંજ કહીશું કે કુમુદીનીને જે કાંઇ જોઇતું અથવા તેને જે કાંઇ તોર આવતા તે તે બધા પુરા પડતા હતા; પછી તે તોરો ખરા હોય કે ખોટા હોય, વાજબી હોય કે ગેરવાજબી હોય, લાયક હોય કે નાલાયક હોય તેની તે દરકાર કરતી નહીં—તેને તો જે ઘડીયે જે મેળવવાનો વીચાર થયો તે તેને મળવુંજ જોઇયે. અફસોસ! જે માણસ પ્યારમાં તદન આંધળો બને છે તેના પર તેની ખુબસુરત સ્ત્રી કેટલી બધી અસહ્ય સત્તા વાપરતી હાલ આપણા જોવામાં આવે છે!

હવે તે આપણા બાબુ સાહેબપર કેવી રીતે હુકમો ચલાવે છે તેના એક બે દાખલા લઇયેઃ—એક દીવસ તેણે બાબુસાહેબને કહ્યું કે આપણા ઘરમાં હવે જુના નોકરોની જરૂર નથી. આ હુકમ તેની સુંદર મિયાનાં કમળ મુખમાંથી પડયો કે તુરતજ બાબુસાહેબે જે નોકરો તેના સુખદુઃખના દીવસોમાં તેને પ્રમાણિકપણે અને એક નિષ્ઠાથી વર્ષો વેર વળગી રહ્યા હતા, તેમને માત્ર એક દીવસ અગાઉથી ચેતવણી આપ્યા વગર રજા આપી દીધી. બીજે દીવસે કહ્યું કે મને જડાવ ચુડીની જોડ જોઇયે. બાબુસાહેબ તેજ વખતે બજારમાં જઇ જડાવ ચુડીની જોડ ખરીદી લાવ્યા. ત્રીજે દીવસે કહ્યું કે મને એક સુંદર કુતરો જોઇયે તો બાબુસાહેબે તે પણ હાજર કર્યો.

રાત પડી હતી અને કુમુદીની પોતાના મેહેલમાં એક સણગારેલા સુવાના ઓરડામાં નરમ કોચપર મ્હોડું ચડાવી બેઠી હતી. તેનું આરસપહાણ જેવું લીસું કપાળ કરચલીઓથી ભરાઇ ગયું હતું, તેના પાતળા કંકુવર્ણા હોઠો ફડફડતા હતા, અને તેની કામથી ભરેલી કાળી કાજળ

જેવી આંખો ધરણી તરફ નીચી નમી ગઇ હતી. તે તેને ચાહનાર ધણી જે આ વખતે ચીંતાતુર અંતઃકરણે તેણીના ખોળામાં હાથ રાખી જમીન પર બેઠો હતો તેના સામે જોતી પણ નહોતી. આ દેખાવ ખરેખર સુંદર હતો. એક બાજુ મગરૂબ, ચાહવા લાયક, પણ પોતાની સુંદરતા અને શકિતનું અભીમાન ધરાવનાર સ્ત્રી મ્હોડું ચડાવી બેઠી છે, અને બીજી બાજુ એક ખુબસુરત માણુસ ગમગીન અને ચીંતાતુર હાલતમાં નીસાસા પર નીસાસ નાંખતો બેઠો છે. આ દેખાવ જોઇને આપણને **શ્રી રાધાકૃષ્ણની માન લીલા**નો ચીતાર યાદ આવે છે.

આખા ઓરડામાં સ્મશાન જેવી ચુપકી ફેલાઇ ગઇ છે, માત્ર ઘડીયાલનો ટકટક આવાજ દંપત્તીના ઊંડા નીઃશ્વાસ, અને કુમુદીનીને વારેવારે આવતાં ડુસકાં, તથા તેનાં ઘરેણાના ખણખણાટ શીવાય બીજું કાંઇ સંભળાતું નથી. આખરે આ ચુપકીનો અંત આવ્યો. કાર્તીક બાબુ નીરાશ થયો અને નીચો વળીને પોતાની મનોહર પ્રિયાના સુકોમળ પગને વળગી પડયો. સ્ત્રીની બુદ્ધી મનુષ્યનો સ્વભાવ પારખવામાં બહુ ચંચળ હોવાથી કુમુદીની સમજી ગઇ કે હવે ઝાઝું માન કરવામાં માલ નથી તેથી કરગરતા અને કાલાવાલા કરતા પોતાના ધણીને ઉંચકીને તેને પોતા તરફ ખેંચ્યો અને મીઠા અવાજે પણ વચમાં વચમાં ડુસકાં ભરીને બોલી ઉઠી,—"તમે હવે મને ચાહતા નથી. આજે તમે અરધો કલાક મોડા આવ્યા પણ મને લાગે છે કે—કાલે તો તમે મુદ્દલ ઘેર આવશોજ નહીં. હું શું તમને એટલા માટેજ ચાહુંછું? હું તમને આટલું આટલું ચાહુંછું અને ખરી શ્રદ્ધા અને વિશ્વાસથી તમારી સેવા કરૂંછું તેનો તમે આવી રીતે બદલો આપોછો કે? મારો પિતા મને કોઇ મોટા રાજા અથવા જમીનદાર સાથે પરણાવવા શક્તિમાન હતા તે છતાં તમારા જેવા ગરીબ માણુસ સાથે મારૂં પાનું પાડયું અને મને દીવો લઇને કુવામાં નાંખી તેનો બદલો તો આ કે?"

બાબુસાહેબે જવાબ દીધો,—"કુમુદ તારા શબ્દો મારી છાતી વીંધી આરપાર જાય છે! મને શું દુઃખ થાય છે તેની તું બીલકુલ કાળજી કરતી નથી. તારી મરજી હોય તો મને એકદમ મારી નાંખ પણ આવી રીતે રીબાવી રીબાવીને શા માટે મારે છે? તું મને કેટલી વહાલી છે, અને તારી હયાતી વગર મારી જીંદગી કેવી નકામી છે તે તું સારી પેઠે જાણે છે છતાં તું મને આવી રીતે શા માટે પજવે છે? અરે પરમેશ્વર! તુંજ એકલો જાણે છે કે માણુસ અને પશુને જેટલી હવા જરૂરની છે, માછલીને પાણીની અગત્ય છે, અને ન્હાનાં બચ્ચાંઓને દુધની જરૂર છે તેટલીજ કુમુદ તુ મને અગત્યની છે. તું તેનામાં ઇમાન લાવ, તેથી તે મારાપર વીશ્વાસ રાખે. હું તેના માટે જીવ આપવા તત્પર રહુંછું, અને તેનાં હાસ્યરૂપી તડકામાં ઉભો રહી મગ્ન થયા કરૂંછું છતાં તેને તો બીલકુલ વીશ્વાસ આવતો નથી. કુમુદ, હું તને ચાહતો નથી, કેમ! આવા નિર્દય શબ્દો બોલતાં તારી છાતી કેમ નથી તુટી જતી?"

હવે ડુસકાં, નિસાસા અને આંસુનો પાર રહ્યો નહીં. ક્ષણેક થોભ્યા પછી કુમુદીનીએ જવાબ દીધો,—"તમે કહોછો કે હું તને રાત દીવસ ચાહુંછું. પણ હું તે વાત શી રીતે માનું? આજ બાર માસથી હું તમને કહ્યા કરૂંછું કે મારે અંગ્રેજી અભ્યાસ કરવો છે માટે એક ખાનગી માસ્તર લાવી આપો; પણ તમે તે કયાં ગણકારો છો! તમે સારી પેઠે જાણોછો કે હું તમને તમારા સરકારી કામમાં પણ મદદ કરવા ઇચ્છા રાખુંછું, તોપણ તમે તે ઇચ્છા કયાં પાર પાડવા દો છો? આ તે શું પ્યાર કહેવાય? તમે ઑફીસમાંથી થાકયા પાકયા ઘેર આવો છો, અને વિશ્રાંતી લીધા વગર કાગળ અને કલમ ઉપાડી છેક મધરાત સુધી ન સમજાય તેવાં લીટાં તાણયા કરો. આટલી બધી મેહેનત તમારા એકલાથી કેમ થઇ શકે? હવે તમારી અડચણ ટાળવાનો માત્ર એકજ ઉપાય છે. તે એ કે હું ઇંગ્રેજી અભ્યાસ કરૂં અને તમારી મહેનતમાં મદદ કરવાની સ્થિતિમાં

આવું. આટલા માટેજ હું ફરી ફરીને તમને કહ્યા કરૂં છું કે મારા માટે એક સારો ઉસ્તાદ શોધી કહાડો, પણ હવે તો તમે તમામ નિર્દય થઇ ગયા છો! તમે કહો છો કે હું તમને ચાહતી નથી. અરે, હવે તો ખરેખર કળીકાળ બેઠો! હે કળી! ત્હારો મહિમા અપાર છે!" પ્યારી કુમુદીનીનો ઉંડો, સ્વજીવન અને બિનસ્વાર્થી પ્યાર પોતે સમજી નહિ શકયો તેટલા માટે બાબુસાહેબ પોતાને બેવકુફ સમજવા લાગ્યા. તેણે તેજ વખતે પોતાનું કામ પડતું મેલ્યું, અને સારા ચાલાક શિક્ષકની શોધમાં નીકળી પડયો. હવે કંકાસ પતી ગયો અને સુલેહની નિશાનીમાં બન્ને જણે પરસ્પર બોકી કીધી.

હમણાં કુમુદીની બે છોકરાની માતા થઇ છે. તેની સુંદરતા અગાઉ કરતાં જોકે વધી છે તોપણ તેનાં શરીરનો બાંધો વધારે પુખ્ત થતો ચાલ્યો છે. તેણે ઇંગ્રેજી અભ્યાસમાં વખાણવા લાયક અને અજાયબ જેવો વધારો કર્યો છે. તે તો હવે સારી રીતે ઇંગ્રેજીમાં વાતચિત કરી શકે છે; અને ખાનગી શિક્ષકની હાથ તળે શિક્ષણ લેતાં હજુ બે વર્ષ થયાં નથી છતાં સારી રીતે લખી વાંચી શકે છે. તે હમેશાં આનંદમાં પોતાના દિવસો પૂરા કરે છે, પણ સાહેબના સુખનો સૂર્ય અસ્ત થતો દેખાય છે. પોતાનાં સુખ પર શાનો પડછાયો પડે છે તે જાણવાની બાબુસાહેબ ઘણી ઘણી કોશેશ કરે છે, પણ તેનાં કારણો તેની અટકળમાં ઉતરતાં નથી. મનમાં કોઇ જાતની છુપી લાગણી થાય છે, પણ તે શી લાગણી છે તે તે જોકે સમજી શકતો નથી તોપણ તે હળવે હળવે તેનાં હૃદયને કોતરી ખાય છે. દિવસો ગયા, અઠવાડીયાં વીત્યાં, અને મહીનાઓ પસાર થયા, તોપણ એ લાગણી ઘટવાને બદલે વધે છે, અને તે સમજવાની કુંચી તેને હાથ લાગતી નથી.

આખરે એક દિવસે સાંજરે તેણે પોતાની સ્રીને—પ્રાણ કરતાં વહાલી પ્રિયાને ખાનગી શિક્ષકની સામે નેણ મારતાં જોઇ. તેણીનો ચેહેરો તે વખતે કાંઇ સૂચવતો જણાતો હતો. કાર્તિક બાબુનું કાળજું કપાઇ ગયું અને તેને તે રાત્રે બિલકુલ ઉંઘ આવી નહી. જ્યારે કુમુદીની તેનાં પડખામાં ભર ઉંઘમાં પડી હતી ત્યારે બાબુ સાહેબને જાણે કરોડો મચ્છર માંકડ કરડતા હોય તેમ આમ તેમ તે પડખાં ફેરવતો હતો. મોટી પરોઢે તે ઉઠયો, બહારના ઓરડામાં આવ્યો, શિક્ષકને જગાડયો, તેને તેનો પગાર ચુકવી આપ્યો, અને હજુ નોકર ચાકરો ઉઠયા નહોતા તે પેહેલા તેને વિદાય કરી દીધો.

શિક્ષક આટલો વેહેલો શામાટે જતો રહયો તે સંબંધી તેણે પોતાની સ્રીને કે બીજા કોઇને કાંઇ કહ્યું નહિ. પણ તેની છાતીનો ભાર એકદમ ઓછો થઇ ગયો. શાથી તે તો તે પોતે પણ જાણી શકયો નહિ.

બે મહીના પછી કુમુદીની પોતાને પીયર ગઇ. ગોકુળપુર છોડતી વખતે તેણે બાબુ સાહેબને કહ્યું કે હું એક મહીનાની અંદર પાછી આવીશ, પણ ગમે તે બહાનાં કહાડીને તે પાછી આવી નહીં. બાબુકીર્તિક ચંદ્રસેન તેને ત્યાં હમેશાં સાંજે જતા હતા, અને કહેતા હતા કે ચાલો ઘેર, ત્યારે તે જુદાં જુદાં બહાનાં કહાડી બાબુ સાહેબને વીલે મ્હોડે પાછો કહાડતી હતી. એવું છતાં એક દિવસ તો બાબુસાહેબનો પિત્તો ઉકળી ગયો, અને તેણે ઠરાવ કીધો કે આજે તો કુમુદને ગમે તેમ કરી ઘેર લાવવી. તેટલા માટે તે આફીસમાંથી જરા વેહેલા ઉઠયા, અને પરબારા પોતાને સાસરે ગયા. સાંજના ત્રણ વાગ્યા હતા. બહારની પડસાળમાં કોઇ માણસ હતું નહિ, તેથી બાબુસાહેબ તો એકદમ ઝનાનામાં દાખલ થયા અને સીધા જ્યાં કુમુદ બેઠી હતી ત્યાં ચાલ્યા ગયા. અહા! ત્યાં તેની નજરે કેવો વિચિત્ર દેખાવ પડયો! તેની સ્રી અને પેલો ખાનગી શિક્ષક જે પેહેલાં કુમુદીનીને ઇંગ્રેજી ભણાવતો હતો તેઓ એક સાદડી પર બેઠાં હતાં, અને આસપાસ પુસ્તકો વિખેરાયલાં પડયાં હતાં. આ દેખાવ જોઇને બાબુ

સાહેબના તો મોતીયા મરી ગયા. જાણે વીજળીના ચમકારાથી ખરૂં સત્ય તેઓ જાણી ગયા હોયની! જે સ્ત્રીને તે હમણાં સુધી એક દેવી તરીકે પુજતો હતો તેની બેવફાઇ તેના જોવામાં આવી. બાબુસાહેબને જોઇને શિક્ષક તો વટાણા વાવી ગયો, પણ કાર્તિક બાબુએ ઠંડો સ્વભાવ અને અજોયબ જેવી સહનશિળતા ધારણ કરી કુમુદીનીને કાંઇ કહ્યું નહિ.

તેણે કુમુદીનીને ઠપકો સરખો આપ્યો નહિ. તે તો જેવો અગાઉ હતો તેવોજ હમણાં દેખાતો હતો. તેણે તો માત્ર એટલુંજ કહ્યું કે, "મ્હારી વહાલી કુમુદ હમણાંને હમણાં ઘેર ચાલો. કુમુદે ઘેર જવા નાપાડી પણ બાબુસાહેબે આગ્રહથી કહ્યું કે આજે તમારી આનાકાની કામ લાગશે નહિ. આમ રકઝક કરતાં કજીયો સળગ્યો અને પરીણામ એ આવ્યું કે કુમુદી-નીએ ગોકુળપુરમાં પાછાં ફરવા માટે ચોખ્ખી ચણુક ના પાડી. મ્હોટું ધાંધલ થયું અને કાર્તિકબાબુ ગુસ્સામાંને ગુસ્સામાં ચાલતા થયા, કેમકે આવું અપમાન બાબુસાહેબે કોઇ દીવસ સહન કર્યું નહોતું.

હવે બાબુસાહેબ કુમુદીનીની બેવફાઇ લાંબા વખત સુધી જોઇ શકયા નહિ તેથી તેમણે તલ્લાક મેળવવા માટે લાગલીજ ફરીયાદ નોધાવી. બન્ને પક્ષ તરફથી હુશિયાર બારિસ્ટરો રોકવામાં આવ્યા. કેસ ચાલ્યો અને છેવટે ન્યાયાધીસે કુમુદીનીને ત્રણસો રૂપીયા દંડ કર્યો. ફતેહ પામેલો ધણી પોતાની સ્ત્રી વગર નમાણે મ્હોડે ઘેર આવ્યો, પણ તેને જે અનુભવ મળયો તે સોનાં કરતાં વધારે કીમતી હતો. હારેલી સ્ત્રી ફતેહનાં ચિન્હ દેખાડતી પોતાને પીયર વળી આવી, અને જે ધણી તેને એક દેવી સમાન ગણી ભજતો હતો, અને જેનો બોલ તે કાયદાનાં ફરમાન જેવો કીમતી ગણતો હતો તેને તજીને પેલા શીક્ષકની સાથે ઉઘાડે છોગે વીહાર કરવા લાગી. પેલાં બે નીરપરાધી નાનાં છોકરાં પણ નીરાંતે રહી શકયાં નહિ. તેઓ માટે પણ કોરટમાં મોટો કેસ ચાલ્યો હતો, પણ આપણે તેના સાથે કાંઇ લાગતું વળતું નથી.

વાંચનાર વીસમી સદીનો આ હીંદુ સુધારો જોયો કે?

દોલીબા દીટેક્ટીવ યાને અજબ ચોરીનો અજબ પત્તો.

લખનાર—"સાએર."

પ્રકરણ ૧ લું.

દોલીબા દીટેક્ટીવ.

કોટના અંગ્રેજ બજારના એક ઘોંઘાટી રસતાના એક ઘરને પહેલે માળે નવાઇ જેવો ખાનગી ધંધો ચલાવનારી એક ઑફીસ આવી હતી. તે ઑફીસનો માલેક કોણ છે, તે ત્યાં લટકાવેલા એક ઘણા નાના પાટીયાંપરથી માલમ પડી આવે છે. જે ઉપર માત્ર એકજ લાઇનમાં લખ્યું હતું કે, "દોલીબા દીટેક્ટીવ." એ દોલીબા દીટેક્ટીવ કોણ છે, અને તેનો ધંધો શું છે, તે આપણે ટુંકમાંજ સમજાવી આગળ ચાલશું. એ દોલીબા જેતું આખું અને ખરૂં નામ દોરાબજી બમનજી પટેલ કરી છે. પણ તેવણુને, તેવણુના સગાં વાહાલાં, દોસ્ત આસનાવો, અને ઓળખાણુ પીછાણુવાળા દોલીબાના ટુંકા પણ મીઠાશ ભર્યા લાડકા નામથીજ બોલાવતા હતા, ત્યારે આપણે પણ તેને એજ નામથી શા માટે ન બોલાવ્યે?

એ દોલીબાએ ઘણાંક વરશ સુધી એક અંગ્રેજી મોટી સોલીસીટરની પહેડીમાં કામ કર્યું હતું, પણ તેનો કુદરતી ખવાસ, સોલીસીટરની બ્રીફ ઉતારવા અને લખવાને બદલે આસપાસની બીજી ઘણીક ચીજો ઉપર દોડતો હતો. એ ચીજ શું હતી? સોલીસીટરના હાથમાં આવતા, ચોરી, ખુન, લુટફાટ વગેરેના કેશોમાં તેને વધારે મજાહ, અને તેસ્ટ પડતો હોવાથી, તેવાંજ કામની પછવાડે તે મંડયો. પોતાના શેઠની નોકરી, તે ઉપરથી છોડી દઇ, તેણે પોતાની ઑફીસ એક ખાનગી દીટેક્ટીવખાતાં તરીકે ઉપર કહેલે ઠેકાણે ઉઘાડી. જે જે ધણીઓ તેને પીછાણુતા હતા, અને તેના સંબંધમાં એક યા બીજી રીતે આવ્યા હતા, તેઓએ તેની આ નવી વલાણુ ઘણી પસંદ કરી, એટલુંજ નહીં પણ પોતાથી બનતુ સઘળું ઉતેજન આપવાને મદદ કરતા.

એક સહવારે આશરે દશેકને સુમારે, જ્યારે તેના કલાર્કો પણ પુરા પાધરા આવ્યા ન હતા, એટલામાંજ એક ગ્રહસ્થ ધસારાબંધ તેની ઑફીસમાં આવી લાગ્યો. તે એક મધ્યમ કદનો આશરે બત્રીસ વરસની ઉમરનો રૂપાલા દેખાવનો એક પારસી જવાન હતો. તેના દીલમાં આજની ધપનો ભપકાબંધ દગલો પાટલુન હતો. જાણે તેની ચકચકીત, માકા પેસતનના ઘાટની પાઘડી, અને શોનાની ફ્રેમ સાથનો ચસમો પુરતો ન હોય તેમ વળી ગળે એક ભપકાબંધ 'તાઇ' નજરે પડતો હતો. અલબતા તેનો સઘળો પોશાક જોકે તરીમતરાક અને ભપકા ભરેલો હતો, તે છતાં તે સફાઇદાર હતો.

"સાહેબજી શેઠ, મી૦ દોલીબા દીટેક્ટીવની ઑફીસ આએજ કે?" સામે દેખાતાં એક કલાર્કને તે જવાને પોતાની ખાતરી કરવાને માટે પુછ્યું.

"હા, તેમ છે તો ખરૂં?" તે કલાર્ક જે એક બફેણાની બરણી જેવો, પણ લગાર હસમુખા સ્વભાવનો હતો તેને જવાબ આપ્યો. "કેમ સાહેબ કંઇ ફરમાસ."

"હા, મને મી૦ દોલીબાને ઘણા અગતના કામસર મલવુંછ. શું તેવણુ આવેલા છે?"

"હા, છે. તમારૂં નામ આપશો, સાહેબ?"

તેજ પલે પેલા જવાને પોતાની પાઘડીમાંથી એક કાર્ડ સપાતાબંધ સેરવી કાહાડી, તે કલાર્કને હવાલે કર્યો.

"હમાલ! શેઠને આ કાર્ડ આપ, ને કહે કે આએ શેઠ તમોને મલવા માંગે છે."

"અચ્છા સાબ," કરતો કાર્ડ લેઇને હમાલ અંદરનાં એક ઓરડામાં ગયો, અને એક મીનીટમાં પાછો આવી તે મલવા આવનાર જવાનને પોતાના સાહેબની આગળ જવાને માટે કહ્યું.

"સાહેબજી શેઠ, મી૦ ફરામરોઝ લવજી તમો કે?" ઓરડામાં દાખલ થતાંજ દોલીબા દીટેકટીવ તે જવાનને સલામ કરતા, તેને મોકલાવેલા કાર્ડ તરફ જોઇ, પુછ્યું.

"હાજી, હું વસઇવાળા બેહલીબોગાના જમશેદજી શેઠ તરફથી આવ્યો છું, ને હું એ શેઠનો ખાનગી સેક્રેટરી થાવું છું. જમશેદજી શેઠને તમારૂ કામ ઘણું અગત્યતું પડવાથી, જો તમારીથી બની શકતું હોય તો હમણા ને હમણા વસાઇ જવાને માટે નીકળી પડો. જમશેદજી શેઠ તમોને તાર કરીને બોલાવી મંગાવતે, પણ તેવણને તમારૂં શરનામુ બરાબર યાદ ન હોવાથી, તેમ તેઓ કરી શકયા નથી. તેથીજ મને ખાશ તમોને બોલાવાને માટે જણાવ્યુંછ. જો તમારીથી બની શકતુ હોય તો બપોરે અગીયાર વાગાની સુરતની ત્રેન તમોને મલી શકશે."

"હા, મોટી ખુશીથી! હું જવાને તૈયાર છું. પણ મને જણાવશો કે તે કામ એવું તે શું અગત્યનુ છે?"

"શેઠને ત્યાં કાંઇ ચોરી થઇછ," ફરામરોઝે જવાબ આપ્યો," કહોની કે ઘણીક ચોરીઓ થઇ છે; તે પણ કીંમતી દાગીણા ચોરાયા છે. ને વળી એ દાગીણાબી કોણના? શેઠના પોતાના વસાઇ કેસતલમાં જે પરોણા ઉતરે છે, તેઓનાજ ચોરાયછ. પહેલી ચોરી આશરે એક વર્ષની વાત ઉપર થઇ હતી, ને છેલ્લી કાલે વળી બીજી થઇછ. પણ એ વીષે મને બરાબર ખબર નથી, પણ શેઠ એ વાતથી સઘલી રીતે તમોને વાકેફ કરશે. જો તમો જવાના હોય તો હું શેઠને તાર કરીશ કે જેથી તેવણ પોતે તમોને વસઇના સ્ટેશનપર લેવાને માટે આવશે. હવે સાહેબજી મને જરા બીજુ ઘણુ કામ અહીં છે, તેથી રજા લેવુછ, પણ તમો હમણા જશો કેની?"

"હા જરૂરજ હું ત્યા જઇશ."

"ત્યારે સાહેબજી,"

"હા, સાહેબજી, આવજો."

પ્રકરણ ૨ જું.

ચોરી નંબર વન

ટ્રેનનાં ટાઇમને હજી થોડો ઘણો વાર હોવાથી દોલીબા પોતાનુ અગત જોગું કામ આ તોપી લેઇ, વસઇ જવાને માટે તૈયારી કરવા લાગ્યા વખત સરજ બરાબર ચર્ચગેટના સ્ટેસન ઉપર આવી પહોંચી, વસઇની પોતાની ટુંક મુશાફરી શરૂ કીધી. વસઇના સ્ટેશનપર બેહેલા બોગીના જમશેદજી શેઠ, દોલીબાને લેવાને માટે પોતાની એક સુંદર વેલાતી દોગકાર્ટમા આવી ને થોભ્યા હતા. આ શેઠની વસઇમાં મોટી મોટી જગ્યા અને મીલકતો હતી. અને જે બંગલામાં તેવણ રહેતા હતા, તે બંગલો, જે વસઇ કેસતલને નામે સર્વેને જાણીતો હતો, તે પણ એવનનોજ હતો. જમશેદજી શેઠ, વસઇ જેવા નાનાં ગામમાં ઘણાજ માન અને આબરૂથી રહેતા હતા. તેવણનાં ખેતરો અને બાગોમાં જે સેંકડો ગરીબ વસાઇગરાઓ મજુરી કરતા તેઓ આ શેઠની દયાળુ લાગણી અને મોટા મનની બહુ બહુ તારીફ ગાતા હતા. તેથી આ ટુંક વસતીના ગામમાં એક છેડેથી કે બીજા છેડા સુધી જમશેદજી શેઠના માન ભર્યા નામથીજ ઓલખાતા અને બોલાતા હતા. તેવણ આશરે પચાસ વરસની ઉમ્મરનાં લાંબા પણ લગાર કદાવર દેખાવના હતા.

દોલીબા હજી તો સ્ટેશનપરથી ઉતરી આજુબાજુ જુએ છે, તેવામાં તેવણુની અને જમશેદજી શેઠની નજર એક થઇ જવાથી શેઠે તેવણુને પ્રસારતથી બોલાવ્યા, અને પોતાની ગાડીમાં બેસવાને માટે જણાવ્યું.

શરૂઆતમાં ધારા પ્રમાણે એકમેકની ખેર આફીયત પુછ્યા પછી, શેઠે આપણા આ જવાન દીટેક્ટીવને જણાવ્યું કે તેવણુનો વસઇ ફેરતલ લગાર લાંબે છેટે હોવાથી રસ્તામાંજ એ ચોરીની સઘલી વીગત તેવણુ જણાવી દેશે, અને "તે લગાર ખાનગી રીતેજ કહેવાની હોવાથી," શેઠ બોલ્યા, "હું એખલોજ મારી ગાડીમાં, ઘોડાવાલા વગર આવ્યો છુ."

"હું ધારૂંછ કે મારા ફરીમશેઠે, તમોને શું કામ તેડાવ્યાછ તે વીષે ચેતાવ્યા તો હશે, ને તેમજ છે, ત્રણ ત્રણ વખત મારે ત્યાં કાઇ અજબ રીતે ચોરી થઇ છે ને ગઇ કાલવાલી તો તેજ લોકોએ કીધેલી મને લાગે છે, ને—"

"માફ કરજો જમશેદજી શેઠ," દોલીબા શેઠને બોલતા અટકાવી બોલી ઉઠયો "મને વાત પહેલેથીજ માંડીને, કહેશો તો વધારે સારૂં, કે જેથી તે મારા ધ્યાનમાં બરાબર ઉતરે, ને તેથી તેનો ખરો ખુલાશો મેળવવાને મને સગવડ થઇ પડે."

"હા બરાબર છે." જમશેદજી શેઠે બોલવાનું શરૂ કર્યું. "બીના એમ છે કે, આશરે અગીયાર મહીના અગાઉ મારા ફેસતલમા થોડાક પરોણા ઉતરેલા હતા, તેમા તમારા મુંબઇ-વાલા પેલા સુગાશેઠના હીરજીભાઇ અને તેવણુના ધણીયાણી શીરીનબાઇ પણ હતાં. આએ શીરીનબાઇ મારા બહેસ્તન ધણીયાણીનાં નજદીકનાં સગા થાય છે. તેવણુ અવાર નવાર હવા ખાવાને માટે વસઇ આવે છે, તેમ આ વખતે પણ પોતાના ખાવીંદ સાથે આવ્યાં હતાં. હીરજીભાઇ શેઠ અગાઉ રાજ્યમાં નોકરી કરી આવેલા હતા, તેથી, તેવણુની પાસે જાત જાતના હીરા મોતીનાં કીંમતી દાગીના ઠીક હતા. તેમાંનો એક બ્રેસલેટ, જે તેવણુને રાજા તરફથી તેવણુની નીમકહલાલીની નોકરીની પીછાણમાં ભેટ મળ્યો હતો. તે ખરેજ એક નમુનેદાર હતી. તે જેમ દેખાવે સુંદર હતી તેમ કીંમતમાં પણ કીંમતી હતી. તેના જેવી જોડી આજે કવચીતજ મળી શકે. તેની નંગ બેસાડવાની ઢબ, અને વળી નકસીની મરોડ કાંઇ ઓરજ બાહાર મારતી હતી, અને વળી તે તેવણુને ભેટ મળેલી હોવાથી હીરજીભાઇ શેઠ તેને તેની કીંમત કરતાં પણ વધારે બેમુલ ગણતા હતા.

"હવે જે દાહાડાની હું વાત કરૂંચ તેની એકજ દહાડો અગાઉ હીરજીભાઇ અને તેવણુના શીરીનબાઇ વસઇ આવ્યા હતા, અને બીજે દીવશે સાંજે ચાહ પી ગામમાં ચાલતાં ફરવાને જવાને માટે શીરીનબાઇ, મારી છોકરીઓ, અને મારાં એક બહેન (જેવણુ ઘણાખરાં મારેજ ત્યાં રહે છે તેવણુ) કપડાં બદલવાને માટે પોત પોતાના ઓરડામાં ગયા. મારાં બહેનને દ્રેસ કરતાં જરા વધારે વખત લાગવાથી. મારી દીકરીઓ શીરીનબાઇના ઓરડામાં તેયાર થઇને જઇ બેઠી ત્યાં શીરીનબાઇ, પોતાના બૈરાપણાનાં ખુદરતી ખવાસને આધીન થઇને પોતાના દાગીના મારી છોકરીઓને દેખાડવા લાગ્યાં. એટલા અરસામાં મારાં બહેન પોતાનો દ્રેસ કરી ત્યાં આવી લાગ્યા. તેથી તેઓ સઘળી ચીજ, તે બ્રેસલેટ સુધા ત્યાંજ મુકી ફરવા જવાને માટે તુરત નીકળી પડ્યા."

"એક મીનીટ સાહેબ," દોલીબા પોતાની ખાતરી કરવા માટે સવાલ પુછવા લાગ્યો. 'શું તેઓ બારણુ ઉઘાડુ મુકીને ગયા હતા?'

"નહીં, નહી." તેઓ બારણાને કળ દેઇને ગયા હતા.

"ને બારી?"

"બારીતો ઉઘાડી હતી." શેઠે જવાબ આપ્યો."

"તેઓ થોડા વખતમાં દીવા કરવાની વખતે ફરીને પાછા આવ્યા, ત્યારે ફરામરોઝ,—મારો ખાનગી સેક્રેટરી—પણ તેઓ સાથે હતો. હું ધારૂંછ તેઓ તેને અચાનક રસ્તામાં મળી ગયા હશે. શીરીનબાઇ પાધરા પોતાના ઓરડામાં ગયા, અને જુવેછ તો તેવણુની બ્રેસલેટ ગેપ!"

"શું ઓરડામાં કાંઇ ઉઠલ પાઠલ થયું હતું?"

"નહીં, જરાબી નહીં. દરેક ચીજ જે પ્રમાણે હતી, તેજ પ્રમાણે પાછળથી માલમ પડી. બીજા દાગીના પણ જેમના તેમજ પડેલા હતા, પણ માત્ર પેલી બ્રેસલેતજ નહીં મળી."

"તે વખતે તમારા સઘળા નોકર ચાકરો ક્યાં હતા?"

"ઓહો! તેઓ સઘળા પોતપોતાને કામે વલગી ગયા હતા."

"વારૂં ઓરડાનું બારણું બંધજ હતુની?"

"હા, બારણું જેમનું તેમ ને બારી પણ તેવીજ રીતે ઉંઘાડી હતી."

"ત્યારે શું તમે પોલીશને ખબર નહીં આપી. યા કંઇ ત્યાંજ તલાશ નહીં કીધી?"

"ઘણીબી તલાશ કરવા છતાં, મને તેનો પત્તો મલ્યોજ નહીં," શેઠ ધીમા અને દલગીર ભર્યા સાદે કહેવા લાગ્યા, "અને અહીંયાની પોલીશમાં એવી બાબદમાં બારીકીથી તપાસ કરવાની ચંચલાઇ નહીં હોવાને લીધે મેં મુંબઇ વેરથી પોલીસના એક માણુસને બોલાવ્યો હતો. તે મને ઘણો ચાલાક અને મહેનતુ માલમ પડયો. સર્વેથી પહેલી ચીજપર તેનું જે ધ્યાન ખેંચાયુ તે લગાર નવાઇ જેવી હતી. જે ટેબલની ઉપર બીજા દાગીના સાથે બ્રેસલેત મુકેલી હતી, તે જગ્યાની બરાબર લગોલગજ મેચીસની એક કાંડી પડેલી માલમ પડી આવી. હવે તે આખા દાહાડામાં કોઇએબી ત્યાં કાંડી વાપડી હતીજ નહીં, અને જો કદાચ વાપડી હોય તો તે એમ ડ્રેસીંગ ટેબલના સુંદર ટેબલ કલોથની ઉપર બેદરકારપણે કોઇ નાખે નહીં. આ સઘળી બીનાઓ ધ્યાનમા લેતા તે પોલીસમેન એવા અનુમાન ઉપર આવ્યો કે સાંજના ઝઝકલાની ઝાંખી રોશણીને લીધે, ચોરી કરનાર ચોરે ઉજાસને માટે પોતાની પાસની મેચીસ સલગાવીને ત્યાંજ નાખી હોશે. એ બનાવ, તેના ધારવા પ્રમાણે શીરીનબાઇ પોતાના ઓરડામાં પાછા ફરવાની થોડીકજ મીનીટ અગાઉ બનેલો હોવો જોઇએ. ઉતાવળ ને ઉતાલમા તે ચોર જે ચીજ હાથમાં આવી તે પસાર કરી ત્યાંથી નાસી ગયો હશે. અને તેથી પોતાની પાછળ જે પતો મેલી ગયો તેની તેને બાણુ રહેલી ન હોવી જોઇએ."

"શું બીજા દાગીનાને જરાબી હાથ લગાડમાં નહીં આવ્યો હતો?" દોલીબાએ અચરતીથી સવાલ પુછયો.

"એક રતીભાર પણ નહીં, તે છતાં ચોર બારીને રસ્તેથી નાસી ગયલો માલમ પડયો, પણ વળી વધારે અજાયબ જેવું એ છે કે તેજ ઓરડાની તેજ બારી રસ્તાપરથી આવતા માણુસને દુરથી બરાબર દેખી શકાય છે, તેથી જો તે બારીને રસ્તે નાસી ગયો હોય તો પાછા ફરીને આવતા છોકરાંઓના દીઠામાં તો ઘણો ખરો આવવોજ જોઇએ. બાગમાં પડેલી એક મોટી નીસરણી તરફ તપાસ કરતા તે પોલીસ મેનનું ધ્યાન ખેંચાયુ. જેનો ખુલાસો મારા બુઢ્ઢા ને વીશ્વાસુ માળીએ સંતોષકારક આપ્યો કે ધારા પ્રમાણે ઉંચા વેલા, અને ઝાડોની દાખલી પાંતરા સમારવાને માટે તે ત્યાં લઇ ગયો હતો. તે વખતે તે નીસરણી બારીથી થોડીકજ દુર બાગમાં પડેલી હતી. મારે તમોને જણાવવું જોઇએ તે બારીની આગલથી મારો બાગ આવેલો છે."

"કાંય નહીં ત્યંરે તેજ નીશરણીની મદદથી ચહડીને, બારીમાંથી ચોર દાખલ થયો હોય, અને પાછી તેની અસલ જગ્યાએ લાવી નાખી આલતી પકડી હોય."

"સારૂ મેં શું તમોને કહ્યું?" શેઠે દોલીબાને યાદ આપી, "પેલા પોલીશમેનનો શક એમજ હતો. તેથી તેણે પેહેલાંતો માલીને માટે જોસતેજુ ચલાવી, તેમાં તે નીશફલ

નીવડયો. વળી બાગને રસ્તે કોઇ બાહારનો માણસ અંદર આવેલો જણાયો પણ નથી, અને તે પોલીશમેનનું કહેવું એજ હતુ કે કોઇ અંજાણ્યા માણસનુ એ કામ નહીં હતું. એક અંજાણ્યો ચોર શું જાણે કે મારે ત્યાં જે પરોણા આવેલા છે, તેઓમાંનુ એક જણ એમ દાગીનો વેર વીખેર મુકીને બાહાર જશે. તેથીજ બહારના ઉપરથી શક ઉતરીને ઘેરના ઉપર આવ્યો. દરેક ચાકર નોકરોની બારીક તપાસ કરવામાં આવી. તેઓનો સઘળો સરસામાણ તપાસવામાં આવ્યો તે પણ સઘળુ ફોકટ ? જો એ ચોરાયલી ચીજ મારી હતે તો હું એટલી લાંબી પંચાત કરતે નહીં, કારણ કે તેથી મને કાંઇ જીવ જેવુ નુકશાન થતે નહીં, પણ આતો મારે ત્યાંજ ઉતરેલા મારા એક જાણી મીત્ર જેવા પરોણાના બાબમાં બન્યાથી મને વધારે નામોશી લાગીછ.

"હવે હું ધારૂછ મી૦ દોલીબા કે એ વાતને માટે કાંઇ જાણવાજોગ કહેવા લાયક બાકી રહ્યું નથી. અને જે પ્રમાણે ચોરીને દીવશે હું જેટલો અંજાણ્યો રહ્યો હતો, તેટલો આજેબી હું છું. તે દીવસ પછીનો આ ભેદનો પડદો કદી પણ ફુટયો નથી. હા, હું તમોને કહેતાં વીસરી ગયો કે તે પોલીસમેન છેલ્લે મારી ઉપર પણ શક લઇ જવાને માટે અચકાયો નહીં, પણ આ સઘળાની આખરે તો સઘલું જેવુંનું તેવુંજ. હવે તમોને કાંઇ પુછવાનું રહ્યું છે ?"

"નહીં હાલ તો કાંઇજ નહીં, પણ જ્યારે તે જગ્યા હું નજરે નજર જોઇશ, ત્યારે વધારે પુછપરછ કરીશ. તેટલાં એ બીજી ચોરી શું છે તે મને જણાવશો ?"

"હા, મોટી ખુશીથી."

પ્રકરણ ૩ જું.

ચોરી નંબર ૨.

"બીજી જે ચોરી મારે ત્યાં થઇ તે હું તદન વીસરી પણ ગયો હોત અને તેની હું જરાબી દરકાર કરતે નહીં, પણ એક ચોકસ બનાવને લીધે તે મને યાદ રાખવી પડી છે." જમશેદજી શેઠે પોતાના ત્યાં થયલી ચોરી નંબર બીજાની વાત શરૂ કરતાં જણાવ્યું.

આજે પણ હું એવા સેવટ પર આવું છું કે એ ચોરી કાંઇ આગલા ચોરેજ કીધી હોય એવું મને લાગતું નથી. પહેલી ચોરી પછી આસરે ચાર મહીના વીત્યા બાદ મારી દીકરીની એક સહી, થોડા દીવસ મારે ત્યાં પરોણા તરીકે આવીને ઉતરી હતી.

"એ વેસાવેવાલા રાણીમહેતાની વહુ આઇમાય હતી, તેણી બીચારી નાની ઉંમરમાંજ રંડાયલી હોવાથી પોતાનો ગમ વીશરાવાને માટે મારે ત્યાં અવારનવાર આવજાવ કરતી હતી, કારણ કે વસાઇ જેવા એકાંત ગામડાની મજાહ તેણીને વીશેષ ભાવતી હતી. હજી તો મારા કે સતલમાં પગ મુકયાને તેણીને તે દીવશે એક કલાક પણ પુરો થયો નહી, એટલામાં તેણી મારી છોકરીઓ સાથે ફરવાને જવાને માટે મારી લેન્ડોમાં નીકળી પડી.

"વસાઇથી ઘણે દુર ફરતાં ફરતાં નીકળી જવાથી રાતે છેક જમવાની વખતેજ લગભગ તેઓ પાછા ફરયા. હવે આઇમાયે પોતાની સાથે કાંઇ પહેરવા લાયક દાગીના રાખ્યા હતા. તેમાનો એક નજીવી કીંમતનો સોનાનો બ્રુચ, અને એક કીંમતી વીંતી એ મુખ્ય હતા. ફરવા જતી વખતે આ બે દાગીના તેણી ટેબલ ઉપર મુકીને ગઇ હતી."

"શું, શીરીનબાઇ જે ઓરડો વાપરતા હતા, તે તેજ હતો ?" દોલીબાએ સવાલ કર્યો.

"નહિ, આઇમાયવાલો ઓરડો તો બીજો હતો." હવે જ્યારે આઇમાય ફરીને પાછી આવીને જોય છે તો તેણીની મોટી અજાયબી વચ્ચે પેલો નજીવી કીંમતનો પેબ્રુચ જતો રહેલો—કહોકે ચોરાઇ ગયલો—માલમ પડયો, જ્યારે વધારે નવાઇ જેવું તો એ હતું કે, પેલી કીંમતી વીંતી જેમની તેમ ત્યાં પડેલીજ હતી. મારા બહેન જેવણુ તે દીવશે છોકરાંઓ સાથે ફરવા ગયા

હતા નહીં, તેવણુ જણાવે છે કે આઇમાય પોતાના ઓરડાનું બારણું બંધ કરી કળ દઇને ગયા હતા, પણ તે ઓરડાની બારીઓ ખુલ્લી હતી. મને જે મોટી અજાયબી લાગે છે તે એજ છે કે જ્યારેબી મારે ત્યાં કોઇ પરોણા આવે છે, ત્યારેજ કાંઇ ચોરી થાય છે, અને તેપણ તે પરોણાનીજા!"

"કાંય તે બ્રુચ આઇમાય બીજે ઠેકાણે મુકીને ભુલી નહીં ગયાં હોય?" દોલીબાએ પોતાની તકરાર ચલાવી.

"નહીં, નહીં, હમે આખો ઓરડો ખોલી વળ્યા, પણ કાંઇ તેનો પત્તો મળ્યો નહીં. મારી તો પક્કી ખાતરી થઇ છે કે તે ચોરાઇ ગયો છે."

"વારૂં શું તે બારી એવી રીતે આવી છે કે જેથી તે ઉપરથી કોઇ ચહડી શકે?"

"અહંહં! તેમ જો કોઇ કરવા માંગે તો વખતે કરી શકે, કારણકે તે પહેલા માલની પાંખની બાજુએ આવેલી છે. જો કોઇ બારીને રસ્તે આવનજાવ કરવા માંગે તો તે મારા બીલીયર્ડ રૂમવાળા ઓરડામાંથી દેખાવ વગર રહેજ નહીં, કારણકે મારો તે રૂમ તેની પાસેજ આવેલો છે. હવે હું પોતે ત્યાં ઘણો લાંબો વખતવેર હતો તેથી જો કોઇ તે માર્ગે આવ્યુંજ હોય તો તે મારા દીઠામાં આવ્યા વગર રહેજ નહીં."

"વારૂં એ વિષે તમે શું ઉપાય લીધા?" ડીટેકટીવે એક સવાલ નાખ્યો.

"મારીથી બન્યું એટલું તે વખતે મેં કીધું. જ્યાં જ્યાં મને શક જતો ત્યાં હું તપાસ કરતો, સઘલા ચાકરોની જડતી લીધી, પણ કાંઇ પત્તો તો મલ્યોજ નહીં. મારો વીચાર પોલીશની મદદ લેવાનો હતો, પણ આઇમાયને તેવી તીખલમાં જવાનું નાપસંદ હોવાથી તેમજ માલ ઘણો નજીવો હોવાથી માત્ર હમારી ખાનગી તપાસ ઉપર હમોએ સંતોષ પકડયો. મેં ધાર્યું કે જ્યાં છે ત્યાં કોઇ નીમકહરામ, લુચ્ચો માણસ હમારે ત્યાં પેધો પડેલો છે. એક હલકો ચાકર એક કીંમતી માલ ઉંચકતા જેટલો દરે તેટલો હલકો માલ ઉઠાવી જવામાં આંચકો ખાય નહીં. તેથીજ તે વીંટી રહેવા દઇને બ્રુચ પસાર કરી ગયો હશે."

"એ ચોર કાંઇ મને ઘણો પક્કો માલમ પડતો નથી." દોલીબા બોલ્યો. "ગભરાત અને ફીકરને લીધે જે હાથમાં આવ્યું હોય તે તે પસાર કરી ગયો હોય. પણ તે વિષે મને લગાર શક છે. પણ તમે કહેતા હતા કે એક ચોકસ બનાવને લીધે તે તમોને વધારે યાદ રહી ગઇ છે તે શું છે?"

"તે એટલુંજ કે એ ચોરી પછી થોડો વખત રહીને, જ્યારે હું આઇમાયની મુલાકાતે વેસાવે ગયો હતો, ત્યારે એ ચોરી વિષે વાત નીકળતાં, શીરીનબાઇની બ્રેસલેટ અગાઉ કેવી રીતે ચોરાઇ ગઇ હતી, તે વિષે લગાર બારીકીથી મેં તેવણને બ્યાન આપ્યું, તેમ કરતાં જ્યારે મેં જણાવ્યું કે તે વખતે દ્રેસીંગ ટેબલ પરથી એક મેચીસ મલી આવી હતી, ત્યારે આઇમાયની અજાયબીનો શું પાર! તેણી તુરતજ બોલી ઉઠી, 'જમશેદજી, કેવું અજાયબ જેવું! મારી ટેબલ ઉપરથી પણ એજ પ્રમાણે એક મેચીસ મને તે વખતે જડી હતી, જે મેં નકામી સમજીને ત્યાંજ ફેંકી દીધી.' જ્યારે એ વાત પાછળથી મેં મારા ફરામરોઝ આગલ કીધી, ત્યારે તેને પણ જણાવ્યું કે એ બન્ને ચોરીમાં કાંઇ ભેદ હોવો જોઇએ."

"હા, ભેદ તો ખરોજ તો. દરેક ઠાવકો ચોર અંધારાની વખતે પોતાના ઉજાશને માટે એવી મેચીસની કાંડી પોતાની પાસે રાખે છે. પણ એ ભેદનો પરડો ચીડીને તેના પેટામાં શું છુપાયું છે તે બહાર કાહાડીને જોવું જોઇએ કે નહીં?"

"અલબત્તાં એ ચોરીનો ભેદ ફોડીને, ચોરને પકડવો તો જોઇએ," શેઠ બોલ્યા.

"વારૂં એ બીજી ચોરી પછી તમારે ત્યાંનું કોઇ માણસ નીકલી ગયુંછ?"

"નહીં."

"એ વીષે કાંઇ બીજી ખબર શેઠ!"

"નહીં, કંઇજ નહીં."

"ત્યારે હવે તમારી ત્યાંની કાલની ચોરીની શું વાત છે?"

"હા, હું કહું."

પ્રકરણ ૪ થું.

ચોરી નંબર ત્રી.

"મી૦ દોલીબા, જે કામને માટે મેં તમોને આજે બોલાવ્યા છે, તે એજ ગઇ કાલની ચોરીની વાત વિષે છે." જમશેદજી શેઠે, વળી નવી વાત આગળ ચલાવી. "ગયા મંગલવારે મારી એક સારી મારે ત્યાં થોડા દીવસ હવા ખાવાને માટે આવી રહી છે. તેણીના ઉતારાને માટે જે ઓરડો આપવામાં આવ્યો છે, તે હીરજીભાઇ મુગાશેઠના શીરીનબાઇને આપવામાં આવ્યો હતો તેજ છે. એવણુની પાસે એક અસલી ઢપની બ્રુચ હતી, જે તેણી હમેંશ પોતાની સાથેની સાથેજ રાખતી હતી. આ બ્રુચની વચમાં તેણીના બાવા, એટલે મારા સસરાની નાનકડા કદની એક સબી હતી, અને તેની આસપાસ નાના મોટા હીરા ઉપરાંત, ત્રણ મોટા બીલીયાન ઘણુંજ ટેસ્ટથી જડેલા હતા. એ બ્રુચ પણ ગઇ કાલે ચોરાઈ ગયો અને તેબી કેવી અજબ જેવી અને ભેદી રીતે! પીરોજા—મારી સારી—કાલે સાંજે પોતાના ઓરડામાં કાંઇ કપડા બદલતા હતા, તેટલામાં તેણીને મારી છોકરી સાથ કાંઇ અગતનું કામ પડવાથી, તેના ઓરડામાં ગઇ. આ ઓરડો પીરોજાના ઓરડાની બરોબર પાસેછે. માત્ર ત્રણ કે ચાર મીનીટમાં પાછા આવીને પીરોજા જોય છે તો તેણીનો બ્રુચ જે ટેબલ ઉપર મુકેલો હતો, તે મલે નહીં. આએ વખતે ઓરડાની બારી બંધ હતી, પણ બારણું ખોલ્લું હતું. હવે જો કોઇ તે ઓરડામાં બારણાને રસ્તેજ દાખલ થયું હોય તો તે મારી છોકરી કે પીરોજા એ બેઉના દીઠામાં આવ્યા વગર રહેજ નહીં. વળી સરવેથી ભેદી બનાવ એ ચોરી સાથ જે જોડાયલો છે, તે વળી વધારે અંચબો પમાડનારો છે. આગલી બે ચોરીનીજ માફક, એક મેચીસની કાંડી ત્યાં ટેબલ ઉપર તેજ જગ્યાએ પડેલી હતી. તે વખતે કાંઇ અંધારૂ નહીં પડતુ હતુ, કે જેથી તે ત્યાં કામ પણ લાગે. તે વખત તો ખાસ્સો ઉજરડાનો હતો!"

દોલીબાને કાંઇ ચક્કર વકર થઇ આવતી હોય તેમ લાગ્યું. ખરેજ એ તો કાંઇ અજબ ચોરી ને અજબ સંજોગ! સઘલીજ વખતે મેચીસ!

"વારૂં પછી?" દીટેકટીવે પુછ્યું.

"નહીં, કંઇ નહીં; બીજુ જાણવાજોગ હાલતો નથી. ગઇ કાલથી તે ઓરડાને સંભાળથી મેં બંધ કરાવી રાખ્યો છે, કે જેથી તે જેમ છે તેમ તમે તપાસી શકો. વળી બ્રુચ પસાર થવા સાથ મારા કુટુંબમાં કાંઇ કચવાત ઉપજવાનો સંભવ રહેછે. જ્યારે મારા સાસુ ગુજરી ગયા ત્યારે પોતાની મોટી માયા પુજી વહેંચી આપતી વખતે આ કીંમતી બ્રુચ કોણને આપવો તે માટે તેવણુની બે દીકરી વચ્ચે કાંઇ બોલાચાલી થઇ હતી, પણ આખરે તે બ્રુચ મારી સારીનેજ મળ્યો. હવે તમેજ જોવો કે હું કેવી કઢંગી હાલતમાં આવી પડયોછ. એક વરસની અંદર મારે ત્યાં ત્રણ ચોરી થઇ, અને તેબી કોણની? બૈરાંઓનીજ? એ તેબી કોણ? મારે ત્યાં ઉતરેલા પરોણાઓજ? એ સઘળુ ધ્યાનમાં લેતા મારે શું કરવું તે મને કાંઇ સમજ પડતુ નથી. મારી ઘણીબી મહેનત છતાં ચોરનો પત્તો મને મલતોજ નથી. જો એ પ્રમાણે ચાલ્યા કરશે તો મારા ઘેરમાં પગ કોણ મુકશે, અને તેથી મારૂ ઘેર હંમેશનું બદનામીમાં આવી પડશે?"

આ વાત લગભગ પુરી પણ થવા આવી, અને તેઓ એક લંબાણ રસ્તો કાપીને વસઇ કેસટલની નજદીક આવી પણ લાગ્યા.

"વારૂં મને જણાવશોકે તમે તમારા કેસટલમાં કાંઇ નવો ફેરફાર કરવાની ધારણા રાખોછ?" દોલીબાએ થોડીક મીનીટ વીચાર કર્યા પછી શેઠને આ સવાલ પુછયો.

"નહીં. કંઇ નહીં, પણ તમે એ શા ઉપરથી પુછો છે? દોલીબાની મતલબ કાંઇ ન સમજવાથી શેઠે પુછયું.

"મારી પુછવાની મતલબ એટલીજ કે તમારા ઘેરમાં એક દીટેકટીવ તરીકે હું આવ્યો છું, એમ જો માણસોને તરત માલમ પડે તો તે ઠીક નહીં. તેથી કાંઇ બાહાણુ કાઢેલું એ વખતે ઘણુ બંધએસ્તુ થઇ પડશે. તેથી જો તમો કેસટલમાં કાંઇ ફેરફાર કરવા માંગતાં હોવ કે, કાંઇ નવુ ઘેર કે અમલો ઉઠાવવાનો વીચાર રાખતા હોવ, તો તેને માટે એક ઇજનેર તરીકે હુ તમારા ઘેરમાં રજુ થાવુ, કે જેથી કોઇને કાંઇ શક પડે નહીં."

"નહીં, નહીં, એ વાત કોઇ જાણતુ નથી, ને તેઓ જાણે નહીં તેની પુરતી સંભાળ મેં લીધીછે. જો તમો છુપા વેશમાં આવવા માગતા હોવ તો, એક ઇજનેર તરીકે આવો તેમાં મને કાંઇ અડચણ નથી. તમારા આવવાની વાત મારા ઘેરના છોકરાં અને ફરામરોઝ શીવાયે બીજુ કોઇજ જાણતુ નથી. મને બીજુ કાંઇ જોઇતુ નથી. બસ આ ચોરને તમે પકડી આપો તો હું એ આબદામાંથી છુટો થાવું. તેથી તમે મારી ઉપર કાંઇ જેવો તેવો ઉપકાર કરશો નહીં. અને તેના બદલામાં હું તમોને તમારી ફી ઉપરાંત પાંચસો રૂપીયા વધુ આપીશ."

દોલીબાએ ઉપકાર માન્યો, અને પોતાથી બનતી મહેનત કરવાની કબુલાત આપી.

જમશેદજી શેઠની વાત પણ પુરી થવા સાથે ગાડીની લંબાણ મુસાફરી પણ પુરી થઇ, અને તેઓ હવે કેસટલના કંપાઉન્ડમાં દાખલ થયા. દરવાજા નજદીક શેઠનો માલી કાંઇ કુમલા રોપાની કળીઓ કાપવામાં રોકાયલો દોલીબાની નજરે પડયો, જેણે જમશેદજી શેઠે પોતાના માલી તરીકે તેને દુરથી ઓલખાવ્યો.

"શું તમો હમણા એની સાથ કાંઇ વાત કરવા માંગોછ?" શેઠે દોલીબાને પુછી જોયું.

"નહીં, હમણા નહીં, પહેલા તો મને તમારી સાલીવાલા ઓરડામાં લઇ જાવો. પણ યાદ રાખજો કે તમારે ત્યાં હું એક દીટેકટીવ તરીકે નહીં, પણ એક ઇજનેર તરીકે આવેલો છું."

"હા, અલબત."

"ને પીરોજા પણ તે ઓરડામાં આપણી સાથે આવે તો વધારે સારૂં."

તેઓ વરેનડા આગળ ડોક કાર્ટમાંથી ઉતર્યા, અને તુરતજ તેવણનો એક નાનો બોય ગાડીને ફેરવીને ટબેલામાં લેઇ ગયો.

હૉલના આગળા ખંડમાં પીરોજા તે વખતે ઊભેલાં હોવાથી, જમશેદજી શેઠે દોલીબા સાથે તેવણની ઓલખાણ કરાવી. પીરોજા આંગે પાતલા, મધ્યમ ઉંમરના એક જુવાન વીધવા બાનુ હતા. તેવણ દરેક ચીજ ઘણી સહેલાઇથી સમજી શકે તેવા ચપલ અને હુશીયાર જણાતા હતા. ધારા પ્રમાણે શરૂઆતમાં એકમેકની ખેર આફીયત પુછવા પછી, પીરોજા બોલ્યા કે, "તમે તુરતજ હમારી મદદે દોડી આવ્યા તેથી હું તમારો ઉપકાર માનુછ. જેની પાસે મારો એ કીંમતી દાગીનો હોય તેની પાસથી મને જો તે લાવી આપશો તો તેથી તમે મારી ઉપર કાંઇ જેવો તેવો ઉપકાર કરશો નહીં."

એટલી વાતચીત કરતા તેઓ બીજે માલના પીરોજાવાળા ઓરડામાં દાખલ થયા.

"હું ધારૂછ કે એ ઓરડામાં એ બુચ ચોરાવા પછી કાંઇબી ચીજનો ફેરફાર કરવામાં આવ્યો નહીં હશે?" દોલીબાએ પોતાની તપાસ શરૂ કરવાને માટે ઉપલો સવાલ પુછયો.

"કાંઇજ નહીં. તે પછી અમોએ એનુ બારણું તુરતજ બંધ કરી રાખ્યુ છે, અને મારા ખપને માટે મેં બીજો ઓરડો વપડાશમાં લીધો છે." પીરોજાએ જવાબ આપ્યો.

દોલીબા તે ઓરડામાંની પેલા ડ્રેસીંગ–ટેબલ આગળ ઉભો રહી બોલ્યો, "ને સલગાવેલી કાંડી વિષે જે તમો કહોછ તે એજ કે શેઠ?"

"હા."

"અને તે આજ જગ્યાએ અસલ હતી કે?"

"હા; એજ."

"અને બ્રુચ કહી બાજુ હતો?"

પીરોજાએ તે ચોક્કસ જગ્યા બતાવી.

દોલીબા ત્યાર પછી ઘણી બારીકીથી પેલી મેચીસ તપાસવા લાગ્યો, તેમ કરતાં તે બોલ્યો, "એ ઘણીજ થોડી બળી ગયેલી લાગેછ, અને એ સળગયા પછી તુરતજ બુજાઇ ગયેલી માલમ પડે છે. કોઇને એ સલગાવતાં તમોએ શું જોઇ છે, યા તેનો સાદ સાંભલ્યો છે?"

"નહીં તેવું તો કાંઇજ હમોએ જોયું નથી."

"વારૂં મહેરબાની કરીને મને એક મેચીસની દાબડી લાવી આપશો, અને તે હું અહીં ઉભો રહી સલગાવું તેનો સાદ તમે પાસેના ઓરડામાં ઉભા રહીને સાંભળશો? વળી મેં કેટલી દીવાસલી એક એક પછી સલગાવી છે તે મને જણાવશો?"

મેચીસની એક દાબડી તુરતજ લાવીને દોલીબાના હાથમાં મેલવામાં આવી, અને જમશેદજી શેઠ પીરોજાને લેઇને પાસેના પોતાની ઓરડામાં જઇને ઉભા. હવે બીજી બાજુ દીટેકટીવ દોલીબાએ મેચીસ સાથે પોતાનો અખતરો શરૂ કર્યો. દીવાસલીઓ એક પછી એક સલગાવવાનો સાદ આબાદ તેઓ બન્નેને બીજા ઓરડામાં સંભળાયો હતો, અને દોલીબાએ સાત કાંડી સળગાવેલી તેઓએ બરાબર કહી દીધી.

આટલી ટુંક તપાસ પછી દોલીબાએ બીજો ઓરડો તપાસવાની પોતાની ઇચ્છા જણાવી, અને તેમ કર્યા બાદ પછી બાગમાં કાંઇ જુસતેજો કરવાની મતલબથી એકાદ લતાર પણ મારવાને માટે તેણે જણાવ્યું.

રાણી મહેતાના આઇમાયવાળા ઓરડામાં તેઓ ત્યાર પછી ગયા, પણ ત્યાં કાંઇ ઘણુ તપાસવા જોગ ન લાગવાથી થોડીક ઉપર ટપકેની નોંધ લેઇ, ત્યાંથી તેઓ નીકળી ચાલ્યા. પણ તેમ કરવા અગાઉ, દોલીબાએ શેઠને એક સવાલ પુછ્યો કે, "મહેરબાની કરીને મને જણાવશો કે આ સઘલી ચોરી થઇ તે વખતે કોણ કોણ માણુસ ઘેરમાં હતા."

"તે મને હાલમાં કાંઇ બરાબર યાદ નથી," શેઠે લગારવાર યાદ કરી જવાબ આપ્યો.

"ચાલો, જો તમોને બરાબર યાદ નહીં હોય તો હું જેમ કહુ તેમ કરો? પહેલા મને કહો કે તે વખતે તમેં પોતે ક્યાં હતા?"

"હા, શીરીનબાઇની બ્રેસલેટ ચોરાઇ ત્યારે હું મારા વાંદરેવાળા બંગલામાં હતો. આઇમાયવાલી બીજી ચોરીની વખતે મને ધ્યાન છે કે હું અહીંયાજ હતો, અને ગઇ કાલે જ્યારે ચોરી થઇ ત્યારે હું બાહાર ગયેલો હતો. પણુ તમે મને એટલું બધી ચીપી ચીપીને શાને માટે પુછોછ? શું તમોને મારા ઉપર કાંઇ શક જાયછ, દોલીબા?" જમશેદજી શેઠે અચરતીથી પણ લગાર હસમુખું મોંહ રાખી સવાલ પુછ્યો.

"નહીં, નહીં, તેમ નથી. મારે તમને આ સવાલ પુછવાની મતલબ કાંઇ જુદીજ છે. ચોરીની વખતે તમારા ઘેરના બીજા માણુસો ક્યાં હતા તે તમો મને તેથી જણાવી શકો. આ ત્રણુકે ચોરીની વખત બાહારનુ કોઇબી માણુસ તમારા ઘેરમાં હતુ વારૂં?"

"નહીં, બાહારનુ તો કાંઇજ નહી હતુ."

"ને તમારા ચાકરો ક્યાં હતા?"

"તે હું શું જાણુ? ફલાણો કયાં હતો, ને ઓલો શું કરતો હતો તે હું કેમ જાણું? તમોને જો તેઓને વીષે કાંઇબી પુછવુ હોય તો તેઓનેજ કાંય નહીં પાધરા પુછતા?" જમશેદજી લગાર ગુસ્સો થઇ બોલવા લાગ્યા. "તમોને કોઇનીબી ઉપર શક હોય તો તેની જુસતેજો કાંય નહીં કરતા?"

"નહીં, કોઇબી માણુસ પર મને હાલમાં શકતો આવતો નથી. તેઓ સઘળાઓ સઘળી વખતે કયાં કયાં હતા તે બરાબર જાણુવા વગર તેઓની ઉપર કેમ એકાએક ચાર્જ મુકું. હવે તમારા છોકરાંઓ વિષે મને જણાવવાની મહેરબાની કરશો?" દોલીબાએ માંગી લીધું.

"મારા બહેન, પહેલી ચોરીની વખતે એખલા ઘેરમાં હતા, ને મારી છોકરીઓ તો દરેક વખતે બાહારજ ગયલી હતી, અને તે પણુ જેવોના દાગીણા ચોરાય તેઓનીજ સાથે."

"હવે બીજુ કોણુ બાકી રહ્યું? તમારો ફરામરોઝ!"

"હા, ફરામરોઝ. પણુ તમોને મેં પહેલાથીજ કહ્યું કે પહેલી ચોરી થઇ ત્યારે તેપણ છોકરીઓ સાથે બાહારજ ગયો હતો. બીજી વખતે તે કયાં હતો તે મને કાંઇ ધ્યાન નથી. અને ગઇ કાલે તો તે મારૂં પોતાનું અગત્યનું લખવામાં રોકાયલો હતો. કેમ શું તમોને એની ઉપર કાંઇ શક જાય છે કે? મારા ધાર્યા પ્રમાણે તો એ બીચારો તદનજ નીરદોશ છે. કેમ ખરૂં કે ની?"

દોલીબા લગાર મુછમાં હસ્યા. "સાહેબ હું કોઇની ઉપર જરાબી શક લેઇ જતો નથી. માત્ર મારી પક્કી ખાતરી કરવાને માટે મને દરેક જણુ વીષે એમ પક્કુ પુછવુંજ જોઇએ. હવે હું ધારૂં છું કે તમારા ચાકરો વીષે કાંઇ બોલ ચલાવ્યે. તમે મારી સાથે તે તરફ આવશો?"

"હા, ચાલો."

દોલીબાની સાથે જમશેદજી શેઠ ચાકરોવાલા ખંડ તરફ જવા નીકલ્યા.

આ ગંજાવર બંગલાનાં કંપાઉંડમાં થઇને ટબેલા તરફ જતા, તેઓએ એક જુવાન ઘોડાવાલાને ડોગકાર્ટ સાફ કરતા જોયો. આ ઘોડાવાલા તરફથી કાંઇ ખબર મલે છે કે નહીં, તે જાણુવાને માટે દોલીબા તેની સાથે પાએક કલાક વાતે મંડયો, તેટલા જમશેદજી ફરતા ફરતા દુર જઇ એક ઠેકાણે ઉભા રહયા. શેઠનો આ ઘોડાવાલો લગાર હશમુખા સ્વભાવનો હોવાથી "શેઠના આ પરોણા" સાથે જલદી ભેલાઇ ગયો, અને તેની સાથે આગલી પાછલી વાતો, જે દોલીબા તાલતલાવતથી પુછી લેતો હતો, તે કરવા મંડયો.

પા કલાકમાં તે પાછો જમશેદજીને આવી મલ્યો, અને પુછવા લાગ્યો કે, "પીરોજાના ઓરડાની બારીની નીચે જે બે બીજી બારીઓ દેખાય છે તે કોણુના ઓરડાની છે?"

"નીચલો ભાગ હમારો બેસવા ઉઠવાનો ઓરડો છે, અને પહેલે માળનો તેને મહાલેનો ફરામરોઝનો ઓરડો છે, જેમા તે પોતાનું વાંચવા લખવાનું કામ કરેછે."

"હવે તમેજ ધારો કે જો કોઇબી ધણી નીસરણીની મારફતે ઉપર ચહડે તો એ બન્નેનાં ઓરડામાંથી દેખાઇ આવ્યા વગર રહેજ નહીં." દોલીબાએ તેમને સમજાવ્યું.

"અલબતાં, પેલા મુંબઇના પોલીસમેને પણુ એવીજ તરક બાંધી, પણુ નીશરણી મુકીને કોઇને પણુ ચહડતા કોઇએબી જોયું નથી."

"તે છતાં પણુ મારે એ ઓરડો તપાસવો જોઇએ, કે જેથી મને બરાબર સમજ પડે." દોલીબાએ સુચવ્યું.

એ ઉપરથી જમશેદજી તેને લઇને તે ઓરડા તરફ ચાલ્યા. બારણામાં દાખલ થતાંજ તેઓને એક જુવાન સ્ત્રી સામેથી ચાલી જતા જણાઇ, જેને જોતાજ દોલીબાએ પુછ્યું, "હું ધારૂંછ કે એવન તમારી દીકરી હોશે?"

"નહી, એ તો મારી ભત્રીજી થાય? તમે એવણુને કાંઇ પુછવા માંગોછ? હું તેડુ? જરબાઇ," શેઠે તે જુવાન નારને શાદ માર્યો. તુરતજ તેણી તેઓ નજદીક આવી, તેણીની ઓળખાણ દોલીબાની સાથ કરતા શેઠ બોલ્યા, "આજ ગ્રહસ્થ આપરે ત્યાં થયલી ચોરીની ખોલ કરવા આવ્યાછ. તમે જો કાંઇ એ વીષે જાણુતા હોવ તે જણાવશો તો એવણુ ખુશીથી સાંભળશે."

જરબાઇનાં મોંહ ઉપર રતાશની લાલી ચહડી આવી, તેણી શરમાઇ ગઇ, અને બોલી, "હું,-હું,-કાકાજી એ વાત વીશે મને તો કંઇજ ખબર નથી."

"જે દહાડે આઇમાયનો બ્રુચ ચોરાયો, ત્યારે શું તે ઓરડાનું બારણુ બંધ કીધેલુ તમે જોયું હતું?" દોલીબા પોતે તેણીને સવાલ પુછવા લાગ્યા.

"હાજી, હું ધારૂંછ કે બંધજ હતું."

"ત્યારે તે બારણાના કલની કુંચી તેમા રહી ગઇ હોશે?"

"નહીં, તે કાંઇ મને યાદ નથી."

"વારૂ; શીરીનબાઇની બ્રેસલેટ ચોરાઇ, તે વખતની વાત તમોને કાંઇ યાદ હોશેની?" દોલીબાએ બીજી ચોરી વીષે હવે પુછ્યું. "કંઇ નજીવી જેવીબી વાત તમોને માલમ હોય તો મને કહો."

"નહી, મને જરાબી કાંઇ યાદ નથી. હું કાંઇજ જાણુતીજ નથી."

"ત્યારે કાલની ચોરી વીષે તમોને કાંઇ ખબર છે?"

"જરાબી નહીં." જરબાઇએ પોતાનું અંજાણુપણુ દેખાડયું.

"ત્યારે માફ કરજો મેં તમોને નકામા રોકયા."

"કંઇ નહીજી" કરતી જરબાઇ ત્યાંથી ચાલી ગઇ.

પ્રકરણ ૫ મું.

ચોર કોણુ?

જરબાઇ સાથની ઉપલી વાતચીત પછી જમશેદજી શેઠ સાથે દોલીબા બેસવા ઉઠવાનો ઓરડો તપાસવા ગયો. ત્યાંથી તેને કાંઇ જાણુવાજોગ ન જણ્યાયાથી થોડા વખતમાં નીકલીને તે ઉપલા ખંડવાલા ફ્રામરોઝના ઓરડામાં ગયો. ત્યાં તેણે થોડોક વખત સુધી કાંઇક તપાસ ચલાવી. તે ઓરડાને અચ્છી રીતે સીંગારવાને માટે ફ્રામરોઝે કાંઇ બાકી રાખી નહતી. રેશમી ઝાલર સાથના બારીના પડદા, બીજા કીંમતી સરસામણુ ઉપરાંત ટાંગેલા હતાં તે વધારે ધ્યાન ખેંચતા હતા. આએ બાજુએ જેપાનીસ પંખાઓ, તો પેલી બાજુએ ચીનાઇ ફુલાવરવાઝો ટેસ્તથી સંગારીને ગોઠવેલા હતા. વળી બારી આગલ એક જંગબારી મોટા પોપટનું પીટલનું પીંજરૂ લટકાવેલું હતુ, પીંજરામાનાં પોપટ સાથ તે થોડો વખત સુધી તો રમ્યો, એટલામાં દુરથી ફ્રામરોઝને આવતો જોઇને તેણે શેઠને કહ્યું, "હું ધારૂંછ શેઠ, કે સામેથી ફ્રામરોઝ આવેછ?"

"હા, એજ છે. હવે તમોને કાંઇ એ ઓરડામાં તપાસવાનુ રહ્યુંછ?"

"નહીં ત્યાં હવે કાંઇબી બાકી રહ્યું નથી."

એટલું કામ કર્યા પછી તેઓ નીચે ઉતરી આવ્યા, અને જમશેદજી પોતાના ખાનગી સેક્રેટરી સાથ કાંઈ ખાનગી વાતચીત કરવા લાગ્યા. એ વાતથી પરવારીને દોલીબાની આગલ

આવ્યા, ત્યારે શેઠની મોટી અજાયબી વચ્ચે દોલીબાએ કહ્યું, "શું ધારોછ શેઠ, તમે કહોતો તમારા ચોરને હમણા પકડી આપું?"

"હેં, શું બોલોછ! શું તમે પત્તો મેળવ્યો? એ ચોર કોણ છે? હુંતો હમણા એમજ ધારતો હતો કે તમે પણ ચોર પકડવામાં નીશફળ નીવડયા." જમશેદજી અજાયબીમાં ગરકાવ થઇ, ઉપરાસાપરી પાંચ સાત સવાલ પુછવા મંડી ગયા.

"હા, સાહેબ. પત્તો તો મેં સાબુટ પકડયોછ. પણ તે વીષે તો હું હમણા કાંઇ કહી શકતો નથી. પણ પહેલા મારે જાણવું જોઇએ કે તમો શું એ ચોરની સામે કાયદાથી કામ ચલાવવા માંગોછ?"

"અલબતા! કાંય નહીં?" શેઠ એકદમ મોટેથી બોલી ઉઠયા. "તમારે જાણવું જોઇએ કે એ ચોરાયલા દાગીણા કાંઈ મારા નહીં હતા, તેથી મને કામ ચલાવવા વગર છુટકોજ નથી. તે છતાં પણ જો તેઓ માંડવાળ કરવા માંગતા હોય, પણ હુંતો તેમ કરૂંજ નહીં. કારણ મને એ ચોરીથી ઘણુંજ ખરાબ લાગુછ."

"અલબતા. તમે કહોછ તે બોલેબોલ ખરૂછે. ત્યારે મેહેરબાની કરીને કોઇ વીશવાસુ માણુસ મોકલીને અહીંયાની પોલીશના બે અમલદારોને તેડાવી મંગાવશો. કોઇ વીશવાસુ માણુસને મોકલાવો તો સારૂં. કોઈ ચાકરોને ના મોકલાવતા. કોઇ છે એવો જનારો?" દોલીબાએ પુછ્યું.

"હા, હું મારા ફરામરોઝને મોકલાવુ. હમણાજ એ લાંબેથી થાકીને આયોછ, તોપણ કંઇ નહી, એ જશે." એમ બોલતા જમશેદજી શેઠે પાસેની ટેબલપર પડેલો રૂપાનો એક નાનો ઘંટ વજાડયો, જેના જવાબમાં તુરતજ એક ચાકર તેઓની હજુરમાં હાજર થયો, જેને ફરામરોઝને તેડી લાવવાને માટે શેઠે હોકમ કીધો.

ફરામરોઝ જેવો પોતાના શેઠની હજુરમાં આવી ઊભો, તેવુંજ શેઠ તેને તેડીને ખાનગી રીતે કાંઇ છુપી વાત કહેતા હોય તેમ કહ્યું, "ફરામરોઝ એક કામ કરો. પોલીસ ચોકીપર જઇને બે અમલદારોને ત્યાં તેડી લાવો. પણ એ વાત આપણા ઘેરમાં તમે ને હું શીવાયે કોઇ જાણે નહીં. એ ચાકરોની કમબખ્તી આવેલી છે, તેને આપણે હવે સવાદ દેખાડયે, તે લોકો એ વાત જાણે નહીં તેમજ રાખજો. સમજ્યા. તમારી ગાડી જોડેલી છે તેમાંજ તમે જલદી નીકલી જાવો."

એક બાજુ પોતાના શેઠનું કામ કરવાને માટે ફરામરોઝ બાહાર નીકળી ગયો કે બીજી બાજુ શેઠ દોલીબા આગળ આવીને કહેવા લાગ્યા કે, "એ લોકને આવતા ઘણો વખત લાગશે, કારણ લાંબેવેર જવાનું છે, તેટલા ચાલો, આપણે ચાહ પી લેયે. બપોરના તમે ભુખ્યા હોશે?"

"મને માફ કરો શેઠ; મારા હાથમાં હવે થોડોકજ વખત બાકી રહેયલો છે, તેટલા એ આખા કેશ વીષે મને પાછો બરોબર વીચાર કરી લેવો જોઇએ. તેટલો વખત મને એક ઓરડો આપશો તો મોટી મહેરબાની, કે જ્યાં હું નીરાંતે બેસીને બરાબર વીચાર કરૂં. ને જો તમારી મરજી હોય તો એક કપ ચાહને એક બે બીસકીટ ત્યાં મને મોકલાવી આપશો તો બસ."

"જેમ તમારી મરજી. મારા ઓરડામાં આવશો કે—"

"હું ધારૂંછ કે ફરામરોઝવાલો ઓરડો મને બંધબેસ્તો થઇ પડશે. તમોને કાંઇ અડચણ છે?"

"કંઇબી નહીં. સુખેથી ત્યાં જાવો. તમારી ચાહ ત્યાં મોકલાવાને માટે હું હોકમ કરૂંછ."

"ને–ને–શેઠ, થોડીક બદામ મોકલાવજોની, મને ખાવાની ટેવ છે."

"હેં, શું, બદામ?" શેઠ દોલીબાની આ વીચીત્ર જાતની માંગણી સાંભળતાંજ ત્યાંજ ઉભા રહી ગયા. પણ બીજી પલે "વારૂં મોકલાવુંછ" કરતાં ત્યાંથી ચાલી ગયા. દોલીબાની નજરથી દુર થતાંજ શેઠ વીચાર કરવા લાગ્યો કે, "આ દીટેક્ટીવ તો કાંઇ વીચીત્ર જાતનો

માણુસ લાગે છે. તેની તપાસ કરવાની રીત પણ વીચીત્ર જેવી, વાતચીત પણ વીચીત્ર, અને છેલ્લે તેને ચાહ બીસકોટ સાથ બદામ ખાવાનો શોખ પણ વીચીત્ર જેવો છે."

થોડાક વખતનાં અરસામા ફરામરોઝ, પોલીસનાં બે માણુસોને લેઇને આવી લાગ્યો. ગાડીનો ખણુખણાત સાંભળતાંજ દોલીબા પણ નીચે ઉતરી આવ્યો, જ્યાં જમશેદજી અને પીરોજા પણ ઉભેલા હતા. એ બંનેની અજાયબીનો શું પાર કે જ્યારે તેઓએ જોયું કે દોલીબાના હાથમાં ફરામરોઝના પોપટનું પીંજરૂં હતું.

આવતાને વારજ તે શેઠને પુછવા લાગ્યો, "કેમ સાહેબ, કામ આગળ ચલાવ્યે? તમારો હોકમ છે?"

શેઠે માત્ર પોતાનું ડોકુંજ હીલવ્યું. જે જવાબ પુરતો સમજીને દોલીબા તે પોલીસ અમલદારો તરફ ફરીને બોલ્યો; "હું ફરામરોઝ લવજી ઉપર ચોરી કરવાનો ચાર્જ મુકુછું."

"હેં, ફરામરોજ ઉપર?" જમશેદજી ફીક્કા મારી ગયા.

"શું, ફરામરોજ ચોર?" પીરોજા ગાફેલ બની ગઇ.

"શું, મને પકડોછ?" ફરામરોઝ ફસડાઇ પડયો.

દોલીબાના મોંહમાંથી ઉપલા બોલો નીકળતાંજ ત્રણુડે જણા અચરતીના માર્યા ગભરાઇ ગયા. પોતાની ઉપર તવાઇ આવેલી સાંભળીને ફરામરોઝતો પાસે પડેલી એક મોટી ખુરસી ઉપર ફસડાઇ પડયો. તેનો ચેહેરો ઉજરો પુની જેવો થઇ ગયો. તેના હાથ પગ ધ્રુજવા લાગ્યા. તેની આંખોમાં અંધારા આવવા લાગ્યા. તે કાંઇ બોલવા જતો હતો, પણ તેના હોઠ ઉપડી શકયા નહીં. ટુંકમાં તે પોતે એટલો ગભરાઇ ગયો કે તે તદન બેફામ જેવો થઇ ગયો.

"ને આએ એનો મદદગાર છે," એમ બોલતાંજ જરાવારે દોલીબાએ પોતાના હાથમાં પકડેલું પોપટનું પીંજરૂં ટેબલ ઉપર મુકતા પોપટ તરફ આંગળી બતાવી કહ્યું. "પણ એની ઉપર હું ચાર્જ કેમ મુકું? ખરો ચોરતો એજ છે."

પ્રકરણુ ૬ ઠું.

ખરો ખુલાસો.

ઉપર દરશાવેલા બનાવોના વખતનો ગભરાત થોડો વખત ચાલી રહયા પછી, થોડા કલાક રહી, જમશેદજી શેઠ, દોલીબાને પોતાના ખાનગી ઓરડામાં લેઇ ગયા, અને ત્યાં ખરો ખુલાસો જાણુવાની ખાહેશ બતાવી. જે માન્ય કરી દોલીબા કહેવા લાગ્યો કે,

"સાહેબ, હું મારૂ કામ કાંઇ કાયદા કાનુનથી ઝાઝુ કરતો નથી પણ આપણી સાદી અકલ અને સાધારણુ સમજ જે આપણુને સુચવે તે પ્રમાણે હું કરૂં છું. તમારા કેસમાં મેં પહેલી શરૂઆત ટેબલપરથી મળી આવેલી મેચીસપરથી શરૂ કીધી. પહેલેથીજ વીચાર મને એવો આવ્યો કે દીવસના ખુલ્લા ઉજરડાની વખતે, પીરોજાના ઓરડામાં જે મેચીસ પડેલી હતી, તે ઉજાસ મેળવવાને માટે કાંઇ ખાસ સલગાવેલી લાગતી ન હતી, ત્યારે તે કાંઇ બીજા જુદાજ કામને માટે વપરાયલી હોવી જોઇએ; અને તે કામ શું હશે, તે હું તે વખતે કલ્પી શક્યો નહીં.

"પાકા ચોરોમાં કાંઇ એવી ખાસીયત હોય છે કે જે હું મારા અનુભવ પરથી શીખ્યો છું, કે તેઓ પોતા પાછલ કાંઇબી ચીજ મુકી જતા નથી. ત્યારે એ કામ કોઇ ધંધાદારી ચોરનું નહીં, પણ બીજાઓનુંજ હોશે એમ મેં ધાર્યું. દલીલને ખાતર તમો ધારો કે જો ઉજાશ મેળવવાને માટે ત્યાં મેચીસ સલગાવેલી હોય તો, તે પાસેના ઓરડામાં, સલગતા સંભળાયા વગર રહેજ નહીં. જેની સાબેતી તરીકે તમોએજ જે અખતરો અજમાવી જોયો હતો, તેજ

પુરતો હતો. ત્યારે મેચીસ બીજે કોઇ ઠેકાણે સલગાવેલી હોવી જોઇએ, અને તે પણ સલગાવ્યા પછી તુરતજ બુજાવી નાખેલી લાગતી હતી, એમ મેં પહેલાંથીજ જણાવેલું તમને યાદ હશે અને ત્યાર પછીજ ઓરડામાં કોઇબી રીતે તે લાવી હોવી જોઇએ. ત્યારે આ સઘળી દેખઇતી બારીક બીનાઓ ઉપરથી હું એવા અનુમાન ઉપર આવ્યો કે આ મેચીસ, મેચીસ તરીકેન, ખરા ઉપયોગ તરીકે નહીં, પણ લાકડાની પાટલી સલી તરીકે વપડાયેલી હોવી જોઇએ.

"એટલી તો તમારી ખાતરી થઇ. હવે એ મેચીસની બારીકાઇથી તપાસ કરતાં એક બીજી બારીક ચીજપર મારૂં ધ્યાન ખેંચાયું, એ તે શું હતું? આ મેચીસ તમે જુવો તો તમોને માલમ પડશે કે એની સલી ઉપર કાંઇ બારીક ખાંચ ખાંચ જેવું પડેલું માલમ પડશે. વળી એ ખાંચો દરેક મેચીસપર એક સરખી અને એક ઢપની છે. એ તે શું હશે? દેખાઇતી રીતે તે કોઇ પક્કરમાં પકડેલી હોય તેમ લાગે છે. ત્યારે તે પક્કર કઇ હશે? તમે જેમ ધારશો તેમ પોપટની ચાંચમાં એ મેચીસ પકડવાથી એ પડેલી આબાદ લાગે છે.

"હવે અહીંથી પત્તાની કાંઇ કળ હાથ આવેલી લાગે છે. તમે કહોછો કે શીરીનબાઇના ઓરડામાં નીસરણી વગર કોઇથી પણ દાખલ થઇ શકાય નહીં, પણ નીસરણીતો વાપડવામા આવી હતીજ નહીં, ત્યારે ચોર અંદર દાખલ કેમ થયો? વળી તેજ પ્રમાણે આઇમાયનાં ઓરડામાં પણ કોઇ આવતું જતું માલમ પડયું નથી. તે છતાં ચોરીતો થઇ. વળી વધારે ધ્યાન ખેંચવા જોગ બીનાતો એ છે કે દરેક વખતે એકકીજ જણસ ચોરાયલી હતી, જ્યારે તેઓની આસપાસ બીજા ઘણાક દાગીણા વીખરાયલા પડેલા હતા. જો ચોર, બે પગવાલો માણસ હોય તો તે સઘળું યાતો થોડું ઘણું કીંમતી ઉંચકી લેઇ જવા વગર રહેજ નહીં, પણ ત્યાંતો એકકી ચીજ ચોરાયલી હતી. ત્યારે તેનો ચોર કોણ? તેપણ બે પગવાલોજ હતો, પણ તે માણસ નહીં. ખરો ચોરતો પેલો પોપટ હતો. તે એ દાગીણા પોતાની ચાંચમાં એક એક પછી ઉંચકી ગયો હતો, પણ ત્યારે તેની ચાંચમાં મેચીસ રાખવાનું કારણ શું? ખરેજ આ એક ઘણીજ દુરઅંદેશીની વાત છે. આ પક્ષીને તાલીમ આપવામાં આવેલી હતી કે પોતાની ચાંચમાં મુકેલી એક ચીજ મુકીને બીજી ચીજ તેને બદલે ઉપાડી લેવી; વળી તે જતી કે આવતી વખતે કલાબકોલ કર્યા કરે નહીં, તે માટે પણ તેનું મોંહ બંધ રાખવું જોઇએ, અને આ મેચીસ તેથી દબલ કામ લાગી ગયલી હતી.

"મારે જે હવે કરવાનુ હતું તે એજ કે ફ્રામરોઝના ઓરડામાં જઇ તેની પુરતી તપાસ લેવી. ત્યાં મેં આ પોપટને જોયો, અને તેની સાથ હું છુટથી રમવા લાગ્યો, એવી મકસદથી કે તે પોતાના શેઠ સાથ કેવી રીતે વહાલ કરે છે, તે મારે ઝટ પારખી લેવું. મેં મારી 'ટુઠ-પીક' (દાંત કોતરણી) તેના મોંહમાં આપી અને થોડા વખતમાં પાછી તે લેઇને તપાસતાં મને માલમ પડયું કે, જે પ્રમાણે મેચીસ ઉપર ખાંચા પડેલા હતા, તેજ પ્રમાણે મારી 'ટુઠ-પીક' પર પડયા હતા. ત્યારે મારી અજાયબીનો શું પાર? હવે બાકી બીજો શક શું રહયો. ફ્રામરોઝ, જે પહેલીજ ચોરી વખતે તમારા છોકરાં, જે ફરવા ગયા હતાં, તેને રસ્તામાં મલ્યો, એતો તેઓને એવું દેખાડવાને માટે કે જો ચોરી થયલી માલમ પડે તો તે પોતે બાહાર ગયલો હતો એવું દેખાડીને પોતે નીરદોશ થડી જાય. જ્યારે તેણે તો પહેલેથી પોતાના એ પોપટની મદદથી કાળુ ધોલુ કરી મુકયું હતું.

"બીજી ચોરીની બાબદમાં જાણવાનુ એ કે રાણી મહેતાનાં આઇમાયની હલકી કીંમતની બ્રુચ ચોરાઇ, જ્યારે તેની પાસેજ પડેલી કીંમતી વીંટી ત્યાંજ રહી ગઈ, એ જો કોઈ માણસેજ ચોરી હતે તો, તે મોટો મુર્ખ ગણાતે, યાતો તે હલકો ભારી દાગીનો પારખી શકતો નથી એમ

કહેવાતે. પણ એ ચોરીમાં તે એમાનું એક્કે નહતું, અને આપણો આ ચોર કંઇ મુર્ખ કે કમઅક્કલનો ગણાય નહીં. તેતો પોતાની ચાંચમાં જે આવે તે લેઇને ચાલતીજ પકડે. આઇમાયના ઓરડાનુ બારણુ બંધ હતુ, પણ બારી ઊઘાડી હતી. કોઇ ચોરજ ઓરડામાં બારીવાતેથી દાખલ થયો હતે તો ઓરડામાં તેની હાજરી ઝટ માલમ પડી આવતે. કારણ કે કાંઇબી વેર વીખેર પડેલુ, કે વધતું ઓછું ગુમ થયલું જણાતે; પણ આ ઠેકાણે તો પાછો પેલો પોપટજ બારીવાતેથી અંદર ઉડીને આવ્યો, અને પોતાના મોંહમાંની મેચીસ મુકી દેઇ, બ્રુચ ઉપાડવાની કોશેશ કરવા લાગ્યો. પણ બ્રુચ તો તેના 'કુશનમાં' ખોસેલો હોવાથી, પોપટે પોતાના પંજાના જોરે તે ખેંચી કાહાડયો, જેમ કરતાં 'કુશનને' જરા ચીરો પણ પડયો હતો.

'હવે ગઇ કાલની ચોરીમાંતો જુદીજ વાત બની. ઓરડાની બારીતો બંધ હતી, પણ બારણું ઊઘાડુ હતું. પીરોજા કાંઇ કામને માટે ઓરડામાંથી થોડીક મીનીટ બાહાર ગયાં, તેટલાં એ સઘલી રમત બની ગઇ. એક બાજુથી પીરોજાનું ઓરડામાંથી બાહાર નીકલવાનુ અને બીજી પલે પોપટનું દાખલ થવું, અને એક ચીજ મુકીને બીજી ચીજ લેઇ જતાં પોપટને વાર શું લાગે? પોપટ જેવી છુપી રીતે ઓરડામાં દાખલ થયો હતો, તેવીજ છુપી વાતે પાછો બાહાર નીકળી ગયો.

"આ સઘલું જે મેં તમોને કહી સંભલાવ્યું, તે ખરૂં છે કે નહીં. તે તો તમો શેઠને સમજવાનું છે. પણ હું કાંઇ પણ ચોકકસ પગલાં ભરૂં તેની અગાઉ પકકી ખાતરી કરી લેવાની મેં પહેલેથીજ સંભાલ લીધી હતી, અને એ તેની ચોરી કરવાની રીતનો અખતરો મેં ખુદ પોપટ પાસે અજમાવી પણ જોયો હતો. મારા એ અખતરામાં હું વધારે સારી રીતે ફાવી શકું તેટલા માટેજ ફરામરોઝને બાહાર મોકલવાની મેં ટાલ શોધી કાહાડી, કે તેની ગેરહાજરી મને એક ફાયદા સમાણુ થઇ પડે. વળી જયારે મારી ચાહ ફરામરોઝના ઓરડામાં મંગાવતી વખતે થોડીક બદામ મેં જે માંગી હતી, તે વખતે તમે કેટલા અચરત થયા હતા તે હું સારીપેઠે સમજી ગયો હતો. તે બદામ મારે માટે નહીં, પણ પોપટને વાસ્તે મેં મંગાવી હતી, કે જેથી તેને ખાવાની કાંઇ લાલચ દેખાડુ, અને તેમાં હું ફતેહ પામ્યો. ફરામરોઝના ઓરડાની એક ટેબલના ખાનામાં મેચીસની એક દાબડી મેં જોઇ, જે મેં ઉપાડી લેઇ પોપટના મોહમાં ખોસી, તેને છોડી મુકયો. તે મુંગુ પ્રાણી પોતાની આસપાસ પડેલી ચકચકીત ચીજ તરફ વધારે ખેંચાયું, અને તે ચાઇચાઇની ચીજ ઉપાડી લેવાની ઝડપમાં પોતાના મોંહમાંથી મેચીસ મુકી દીધી, અને પેલી ચીજ ઊચકી લીધી. હવે બીજુ મને શું જોઇએ? મારે જે જાણવાનુ હતુ તે મેં જાણી લીધું. જે સેવટપર હું આવવાનો હતો, તે સેવટપર આવ્યો. મારી વધારે ખાત્રી કરવાને માટે મેં ફરામરોઝના ઓરડાની તપાસ લેવા માંડી. તો તેમ કરતાં, તેની એક કબટમાંથી થોડીક એવી ચકચકીત ચાઇચાઇની નાની મોટી ચીજો તેમાં મુકેલી મને માલમ પડી. મારા વીચાર પ્રમાણે પોપટને તાલીમ આપવાને માટે એ સઘલી ચીજ ફરામરોઝે એકઠી કીધી હશે."

જમશેદજી શેઠે દોલીબાનો આ લંબાણ ખુલાસો ઘણા ધ્યાનથી સાંભલ્યો, અને એ વિષે પોતાની અજાયબી હરેક રીતે જાહેર કરવા લાગ્યા. દોલીબાની ચોરી પકડી આપવાની તેની બાહોંસીની તેવણે તારીફ કીધી એટલુંજ નહીં, પણ તેની વીચીત્ર ઢપની ચાલ ચલણ ઉપર પોતાની અજાયબી બતાવી. દોલીબા સાથ મસલત કરીને શેઠે જોકે ફરામરોઝને પોલીસને સ્વાધીન કીધો નહીં, પણ મોટી નામોસી સાથ તેને ઓટલા ઉપરથી નીચે ઉતાર્યો.

ખુબસુરત મીસીસ વેન.

લખનાર—"**બે જોડયા કામા.**"

આપણી વાર્તા જીનીવાના ખુશનુમાં સરોવરની પાસે બાંધેલા એક ફાંકડા હોટલમાં શરૂ થાય છે. ક્રીસ્ટમસનો વખત હોવાથી ઘણું લોક મોજ મારવા ત્યાં ઉતરી પડયું હતું; અને આખું હોટલ તેઓથી ખીચોખીચ ભરાઇ ગયું હતું.

એજ હોટલના એક કુશાદે ઓરડામાં બારી આગળ, ખુરશીપર લનડનવાળા મી૰ હેનરી શેડવેલ બીડી, કાગળો તથા ન્યુસપેપરની મોજ ભોગવતા બેઠા હતા. બારીમાંથી જીનીવાનો સરોવર બીલોર જેવો ચમકતો દેખાતો હતો, જ્યારે દુરથી તે સ્થીર પાણીમાં કોઇ મોજીલો માછીમાર માછલી પકડતો જણાતો હતો. પણ આપણા નાયક મી૰ શેડવેલનું આ ખુદરતની ખુબસુરતીપર ધ્યાન ન હતું. તેઓતો પોતાની મીસીસનું કાગળ વાંચતા હતા. તે કાગળ નીચે પ્રમાણે હતું:—

"વહાલા હેનરી,

તમે ત્યાંથી ગયા ને મને કંઇ સુજ પડતું નહીં હોવાથી, ને ઘેરમાંબી કોઇ વાત કરનાર નહીં હોવાથી હું તો ઘેલી ગાંડી થઇ ગઇ હતી. પણ તેટલાં મારી બેહને પોતાને ત્યાં થોડા દીવસ આવી જવા લખ્યું ને મનેબી ઘેર કરડવા આવતું હોવાથી હું તો ત્રણ ચાર દીવસ થયાં પેરીસ આવી છું. તમો ત્યાંથી નાસી જઇ જીનીવા મોજ મારો ને હું ત્યાં ઝુરતી શું કરવા પડી રહું? હમો ત્યાં ઘણી મોજમાં રહે છીએ. ગઇ કાલે લુઇસા ને હું આપેરામાં જઇ આવ્યાં ને આજે રાતે બોલમાં જવાનું છે. જો મને તક મળશે તો હું જીનીવા ખાતેબી દોડી આવીશ, પણ અત્રે એટલું બધું ખેંચાણ છે કે જીનીવા જેવાં સાતમા ખુનામાં જવા તો હું દરકારબી નહીં કરૂં.

તમારી વહાલી, **એલન શેડવેલ.**

"હં—સારૂં છે કે ત્યાં દોડી નથી આવ્યાં નહીં તો કોણ જાણે કેવા તમાસા જોવા પડતે!" કાગળની ઘડી વાળતાં મી૰ શેડવેલ બડબડયા. "હવે એ પેરીસમાંજ મરી રહેતો સારૂં! નહીંતો દરરોજ વળી નવા તમાસા જોવા પડશે."

કાંય, એમ કાંય? પોતાની મીસીસનું કાગળ વાંચીને ખુશ થયાને બદલે મી૰ શેડવેલ બડબડતા કાં હતા? પેરીસમાંજ 'મરી રહે' એમ કાં તેવણ ઇચ્છતા હતા?

તેનું કારણ સેહેલ છે. ઘણાક જવાન્યાઓ માફક તેવણ પ્યારમાં પડી પરણ્યા હતા—કહોકે કુવામાં પડયા હતા. ધણીયાણી તો એવા નંગ નિકળ્યાં કે એક દહાડોબી શાંતીમાં નહીં જાય. જ્યાંબી મી૰ શેડવેલ જાય ત્યાં તેવણ જવા માગે; ને નહીં લઇ જાય તો ધુમટો ચઢેલોજ છે. અલબત, મી૰ શેડવેલને આ મુદ્દલ પસંદ નહતું તેવણનો જુવાન જીવને બધે જવાનુ ને ફરવાનુ ગમતુ હતું, પણ સાથે ધણીયાણીનેબી બધે લઇ જવું કેમ પરવડે? તેવણ પોતાની કુમારી જીંદગી હમણા યાદ કરતા હતા. તેવણ પરણ્યા શું કામ તે માટે પસ્તાતા હતા.

પણ થયલું તે નહીં થયલું થતું નથી. લોહીનો ગોટ ગળી તેવણ મીસીસનો જુલમ ખમતા હતા. હાલ પોતાની તબીયતનું બહાનું કાહડી જીનીવા ખાતે તેવણ નાહસી આવ્યા હતા. અલબત મીસીસ શેડવેલે તેમની સાથ આવવા માંગ્યું તો ઘણું, પણ અંતે તેણીને અસ્તમ પસ્તમ સમજાવીને ખરચનો વાંધો લાવી તેવણ અત્રે નાહસી આવ્યા હતા. ખરૂં પુછાવો તો મીસીસ શેડવેલને આ 'સાતમા ખુના'માં જવા ગમતુંબી નહતું.

પણ વળી મી૦ શેડવેલને ત્યાં ખેંચાણની વાત હતું. ખુદરતી દેખાવની ખુબસુરતીનો તેમનો ઘણો શોખ હતો અને તેથીબી વધારે માણુસ જાતની ખુબસુરતીનો તે શોખી હતો! હોટલ આખું ચીક્કાર હતું પણ તે સઘળાઓમાં મીસીસ વેન નામની એક બાનુ સૌનું ધ્યાન ખેંચી રહી હતી.

મી૦ શેડવેલબી આ બાનુને જોઇ ચકીત થઇ ગયા હતા. વાહ! એ તે માણુસજાતની ખુબસુરતીનો નમુનો! મી૦ શેડવેલ હાલ વિચાર કરતા હતા કે તેવણ પરણેલા નહીં હતે તો કેવું મજાનું. મીસીસ વેન આશરે વીસેક વર્ષની હશે પણ તેણી આકાશની હુરી જેવી લાગતી હતી. તેના ગાલનો રતાસ જોઇ કેટલીક અદેખી બાઇઓ એમ બોલતી હતી કે તે તો બનાવટી કલર છે. તેના વાળો ગુંચલા થઇ કપાલપર પડેલા હતા. તેણીની આંખો એવી તો બલુને નિરદોષપણાથી ભરેલી જણાતી હતી કે જ્યારેબી મી૦ શેડવેલની તરફ તેવણ નરમાસથી જોતાં હતાં, ત્યારે જાણે મી૦ શેડવેલના આંગમાંથી વીજળી પસાર થઇ જતી હતી. અને જ્યારેબી મી૦ શેડવેલ તરફ જોઇ હસતાં હતાં ત્યારે મી૦ શેડવેલનો જીવ જાણે સાતમા આસમાનમાં પુગતો હતો.

હોટલમાં તો એવી વાત ફેલાઇ હતી કે આ ખુબસુરત બગલું પેરીસના એક ઘરડા પણ પૈસાવાલા શરાફ મોનસ્યોર વેનની મતા હતી. મોનસ્યોર વેન ઘરડા થઇને આ છોડી સાથ પ્યારમાં પડી તેની સાથ પરણ્યા હતા. તેવણ પોતે તો હાલ પેરીસમાં નાણાની ધીરધારમાં રોકાયા હતા, જ્યારે તેમનાં જુવાન ધણીયાણી જીનીવાના હોટલમાં સંધાનું-સૌથી વધારે મી૦ શેડવેલનું-ધ્યાન ખેંચી રહ્યાં હતાં.

આટલું તો ખરૂં કે આ બાઇને લનડનવાલા મી૦ શેડવેલ સાથ સૌથી વધારે દોસ્તી હતી. સારો દાહડો મી૦ શેડવેલ મીસીસ વેન સાથ કાહડતા હતા; અને તેથી મી૦ શેડવેલ પોતાને દુન્યામાં સૌથી સુખી સમજતા. બીજા જવાનો મી૦ શેડવેલની અદેખાઇ કરતા હતા પણ તેઓની તેવણને થોડીજ દરકાર હતી.

અને એવા સુખી (!) કલાકોમાં તેવનની બાયડી તેવણ આગલ આવે એ તેમને કેમ પાલવે? જો તે મી૦ શેડવેલને કોઇ પરાઇ બાનુ સાથ હસી હસીને વાત કરતાં જોય તો કોણ જાણે કેવાં તુફાન મચાવે. એ સઘળાંની તેવણને ખબર હતી અને તેથી મીસીસ શેડવેલ પેરીસમાંજ 'મરી રહે' એમ મી૦ શેડવેલની હમેશની દુવા હતી!

અલબત પોતાની મીસીસનું કાગળ તેવણે ડગલાનાં ગજવામાં સંભાળથી મુકયું અને હવે તેવણ ન્યુસપેપર તથા સીગારની ભેગી મોજ ભોગવવા લાગ્યા.

જમવાનો ઘંટ થયાથી તેવણ જમવાના ઓરડામાં ગયા ત્યારે મીસીસ વેન હમેશ માફક હસતાં રમતાં તૈયાર ઉભા હતાં. અલબત સૌ સૌએ તો પોતાની સીટો લીધી પણ મી૦ શેડવેલ તો મીસીસ વેન પાસેજ બેઠા.

તેજ સાંજે બાગમાં તેઓ સાથે ફરતાં હતાં ત્યારે મીસીસ વેન પોતાના વરની તથા તેવણની દોલતની વાત કરતાં હતાં. આપરથી જણાતું હતું કે મીસીસ વેન પોતાના ઘરડા વરને મોહરદારના પ્યારથી ચાહતાં હતાં અને ઘરડાજીબી તેવણપર મરી પ્રીતતા હતા.

"તેવણુતો મારાપર એવો પ્યાર રાખેછ કે બોલ્યાની વાત નહીં!" તેવણે હસીને જણાવ્યું, "મેં અમથું નામને ખાતર લખ્યું કે મારી પાસ ખરચવાને કાંઇ પૈસા નથી. ત્યારે તેવણ આજે મને લખેછે કે હું આવતી કાલે તારીપર સો પાઊંડનો મનીઓરડર કરીશ જેમાંથી ખરચ કરજે!"

આમ વાતચીતમાં બપોરતો સપાટામાં પસાર થઇ જતી હતી. એ રીતે એકુ બે દાહડા નીકળી ગયા તે જણાયા નહીં.

ત્રીજે દીને બપોરનું ખાનુ હજુરતો પુરૂં થયું નહીં તેટલાં ટેબલપરજ નોકરે મીસીસ વેનને નામનો તાર લાવી આપ્યો. તેવણે ઝડપથી ઉડી જઇ તે વાંચ્યો પણ મી૦ શેડવેલ, જેમની આતુર આંખો તેમના પરજ ટેકવેલી હતી, તેવણે તુરત જોઇ લીધું કે એ તાર વાંચી તેવણનો હસતો ચેહરો ફીકકો પડી ગયો હતો. તેમનુ મોહડું હમણા રડી પડે એવું થઇ ગયું હતું અને તેવણ કોઇને કહ્યા વગર માળપર દોડી ગયાં.

મી૦ શેડવેલને તો અકરવકર થવા લાગી; ને ખાવાબી ગમે નહીં. જેમ તેમ ખાનુ તો પુરૂં થયું, પણ મીસીસ વેન વગર મી૦ શેડવેલને સુજ પડે નહીં. દરરોજ તો ખાઇને તેવણ બાગમાં ઉતરી પડતા હતા—પણ મીસીસ વેન વગર બધું અકારૂં!

અંતે તેવણે પોતાના ઓરડામાં જઈ એક રસીલી નૉવેલ પુરી કરી નાખવાનો ઠરાવ કીધો. ભોગ જોગે મીસીસ વેનનો ઓરડો એમના ઓરડા આગળજ આવેલો હતો. મી૦ શેડવેલ ચોરની માફક અંગોઠાપરજ ચાલતા હતા કે કાંઇબી અવાજ થાય તે માલમ પડે. મીસીસ વેનના ઓરડાનું બારણું બંધ હતું, પણ અંદરથી કોઇનો ધીમે ધીમે રડવાનો અવાજ આવતો હતો. વાહ—એતો મીસીસ વેનનોજ આવાજ!

થોડોવાર તો મી૦ શેડવેલ પોતાના ઓરડામાં બેસી રહ્યા, પણ મીસીસ વેનનુ રડવાનું પુરૂં થાયજ નહીં.

"જયાં છે ત્યાં પેલા કમબખત તારે બચારીને રડાવી છે—ગરીબ બીચારી! પણ હું લાં ઉખરા જેવો બેસીનેબી શું કરૂં? મારી તો ફરજ છે કે એવણના દુઃખનું કારણ જાણી તેમને દીલાસો આપી તેમને મદદ કરૂં. નહીં તો પછી દોસ્ત શા કામનો?" આમ ફીલસુફી ચલાવી મી૦ શેડવેલ ચોપડી એક બાજુએ નાખી દઇ હલવેથી મીસીસ વેનના ઓરડા ભણી ગયા. તેણે બે ત્રણ તકોરા બારણાપર માર્યા, પણ જવાબ નહીં મળે.

"મીસીસ વેન—જલદી બારણું ઉઘાડો! તમારા દુઃખમાં મદદ કરવા તમારો નોકર તૈયાર ઉભોછ" આમ મી૦ શેડવેલે ભટાઇ ચલાવી.

પાંચેક મીનીટ પછી કોઇ નાજુક હાથે તે બારણું ઉઘાડયું. મીસીસ વેનના ચેહરામાં કેવો ફેરફાર? તેમના ગાલોની સુરખી દુર થઇ ગઇ હતી, અને તેમની આંખોમાંના આંસુ સુકાયાં ન હતાં. તેમનો ચેહરો ઘણો ગભરાયલો હતો. અને ફીકકો ફ્ચ થઇ ગયો હતો. મી૦ શેડવેલથી આ દેખાવ જોવાયો નહીં એટલે નમનતાઇથી તેમના દુઃખનું કારણ પુછયું.

"તમારાં ભલાં માટે હું કેટલી કાલજી રાખુંછ તેનો તમને ખ્યાલ નથી. જો તમો તમારાં આ દુઃખનું કારણ કહેવો તો તમને મદદ કરવા આ તમારો બંદો, ખાકસાર નોકર તૈયાર ઉભોછ!" આમ ભપકામાંજ મી૦ શેડવેલ પેંગા ચેંગા થઇ છાતીપર હાથ મેળી બોલ્યા.

અંતે માહ મેહનતે મીસીસ વેને પોતાનાં રડવાનું કારણ કહ્યું. તેમનો સાદ બરાબર નીકળતો નહીં હતો, અને દસ દસ સેકંડે તેવણ રડી પડતાં તેમના ખુલાસાનો સાર એ હતો કે પેરીસથી હમણાજ તાર આવ્યો હતો કે મોન્સ્યોર વેન ઘણા સીક છે અને કદાચ બોલ બોલતામાં પુરાબી થઇ જાય.

"ઓ હું શું કરૂં?" મીસીસ વેન રૂમાલ આંખે દાબીને બોલ્યા. "એવણ ઘરડું માણસ ને એમનાં એમ ચાલી જશે તો મારૂં શું થશે?"

"આપણને એમ નીરાશ નહીં થઇ જવું જોઇયે," મી૦ શેડવેલ નાટકી ઢપે બોલ્યા, "જ્યાં વેર છવ હોય ત્યાં વેર આપણને તો સારાનીજ આશા રાખવી જોઇએ—માટે, મારૂં

માનોતો તમો એકદમ પેરીસ જાવો—તમારા વરની હાલત તમો પોતેજ જુવો—અને—અને ખુદા કરશે તો સારૂંજ થશે!"

"પણ હું તો "સુડી વચ્ચે સોપારી" રીતે આવી ગઇછ. મારી પાસ ખરચવાની અરધી એ નથી મોન્સ્યોર વેન તરફથી આજે ખરચના પૈસા આવવાના હતા અને તેવણ તો એમ સીક પડી ગયા ને હોટેલવારો બીલ ચુકવવા કહેશે તો હું શું આપશ? મારા હાથ પગ? ને ત્રેનનું ભાડું કયાંથી લાઉ?"

"ઓ—પૈસાની તમે ફીકર કરો ના—તે હું બધું કર્યા કરીશ; જ્યાં જીવની વાત આવી ત્યાં પૈસાનો શું ભાર? તમારૂં બીલબી હું ચુકવી આપીશ. તમો પેરીસ ગયા પછી સુખેથી પાછા વાળજો. એમાં શું! એ પૈસા કાંઇ નાહસી જવાના છે?" મી૦ શેડવેલ, મીસીસ વેનપર ઉપકાર કરવાની આ તક મળવાથી ખુશ થતા બોલ્યા. 'મીસીસ વેન મારા ઉપકાર તળે!' વાહ! એતો મી૦ શેડવેલને મનસે સાતમા આસમાનનું સુખ!

"ઓ તમારી કેવી મેહરબાની!" મીસીસ વેન ઉપકાર માનતાં બોલ્યા, "મારા દુઃખની વખતે કીધેલી મદદ હું કદી ભુલીશ નહીં. હું પેરીસ જઇને બધા પૈસા દોકડે પાઇએ વાળી દઇશ—આ લેવો, મારૂં પેરીસનું એડ્રેસ." આમ બોલી મીસીસ વેને એક નાહનો કાર્ડ કાહડી આપ્યો.

મી૦ શેડવેલનું જીગરતો ખુશાલીથી છલછલ થઇ રહ્યું હતું. "પણ તમો બેસી શું રહ્યાં છો—ત્રણ વાગે તો પેરીસ માટેની ત્રેન ઉપડી જાયછે તે તમે ચુકી જશો." તેવણ ઘડીઆળ તરફ જોઇ બોલ્યા.

"હું અબઘડી મારી તૈયારી કરી નાખુંછ!" આમ બોલી મીસીસ વેન ઉઠયાં.

મી૦ શેડવેલ બાહર ગયા. તેમને કાંઇ સુજ પડે નહીં. જરામાં પેલો કાર્ડ કાહડી જુએ તો જરામાં ગજવામાં હાથ નાખી ફર્યા કરે. દસેક મીનીટ પછી મીસીસ વેન તૈયાર થઇને નીકળ્યાં. તેવણે મોહડાંપર જાડો બુરખો નાખ્યો હતો અને હાથમાં નાહનો કાળો કોથલો હતો.

'બસ આટલુંજ પારસલ?" મી૦ શેડવેલે જરા અજાયબીથી પુછ્યું. પણ મીસીસ વેન પોતાના દુઃખમાં એટલા ગમખાર હતાં કે કસો જવાબ દીધો નહીં.

મી૦ શેડવેલે પૈસા ઇતીયાદીની ગોઠવણ મીસીસ વેનને સ્ટેશનપર સહીસલામત મુકી આવવા પછી કરનાર હતા. એ બધું કરવાનો વખત બાકી કયાં હતો? તેઓએ પોતાનો ઓવરકોટ લીધો, તથા મીસીસ વેનના હાથમાનુ પારસલ ઓહસ કરીને પોતાના હાથમાં લીધું; અને હળવે હળવે તેઓ કોઇનુબી ધ્યાન ખેંચાય નહીં તેમ હોટલમાંથી બહાર પડયાં. તોપણ તેમને હોટલના કમપાઉંડમાંથી પસાર થવાનું એટલે કોઇબી નોકર નફરનુ ધ્યાન ખેંચાય નહીં એ તો બની શકેજ નહીં.

રસ્તામાં કાંઇ ઘણી વાત થઇ નહીં, પણ જ્યારેબી મીસીસ વેન બોલતાં ત્યારે મી૦ શેડવેલનો અનેક રીતે પાડ માનવાનું ચુકતાં નહીં. જેથી તેવણની છાતી તો ખીલીને ગજ પોહલી થઇ હતી.

અંતે તેઓ સ્ટેશનપર આવી પુગ્યાં. ત્રેનને ઉપડી જવાને ફકત બે મીનીટનો વીલંબ હતો તેથી ઝડપથી મીસીસ વેનને એક પહેલા વર્ગના કમપાર્ટમેન્ટમાં બેસાડી તેવણ પોતાને ખરચે પેરીસવેરની એક ફરસ્ટકલાસ ટીકીટ કરાવી લાવ્યા, અને તે આપતાં મીસીસ વેન ઉપકાર માને તે અગાઉ ત્રેન તો ઉપડી ગઇ.

પાછાં ફરતાં મી૦ શેડવેલને કશું ગમે નહીં. મીસીસ વેન વગર સઘળું તેમને અંધકાર લાગતું હતું. આ ચતુર છોડીએ સુખેં મી૦ શેડવેલને એટલા તો બેહકાવી મુકયા હતા કે તેવણ

તથાં તેણી બન્ને પરણેલાં છે એ વાતથી તેવણુથી વીસરાઇ જવાતી હતી. હોટલમાંથી કશું ખાવા પીવા કે ફરવા હરવા ગમે નહીં, એટલે તેવણેથી તેજ રાત્રે ઉઠાંગીરી કરવાનો ઠરાવ કીધો. રાત્રે ૯) વાગે એક બીજી ત્રેન પેરીસ માટે ઉપડી જતી હતી એટલે પોતાનો પોર્ટમેન્ટો ભરી, હોટલવાલાને પોતાનું તેમજ મીસીસ વેનનું બીલ ચુકવી આપી સ્ટેશન તરફ ચાલુ મુક્યું. બન્ને બિલો આપતાં એમનો જીવ તો ગયો—પોતાનું જ્યારે ફક્ત ૨૦ પાઊંડનું ત્યારે મીસીસ વેનનું ૧૧૨ પાઊંડ ૬ શીલીંગ ૮ પેન્સનુ જબરદસ્ત બિલ હતું—તોપણ જ્યારે તેવણુને યાદ આવ્યું કે એક આવા ખુબસુરત ફરેસ્તા માટે તેવણ આ 'સવળું' આપતા હતા, જ્યારે આ પૈસા કાંઇ નાહસી જવાના નથી, જો એવણ ચાહેતો બ્યાજ સીકે પણ પાછા મેળવી શકે, ત્યારે તેમને જરા ધિરજ આવી.

બીજે દીને સવારના તો તેવણ પેરીસના સ્ટેશન પર ઉતર્યા; ત્યાંથી એક ભાડેની ગાડીમાં ચઢી બેસી પોતાની બાયડીની બેહન લુઇસાને ત્યાં હંકારવા જણાવ્યું; જ્યાં તેમને તો ૫ા કલાકમાં આવી મળ્યા.

* * * * * *

મીસીસ વેનને જીનીવા છોડવાને પાંચ દહાડા થયા તોપણ તેવણ જીવતાં છે કે મરી ગયાં તેની કશી ખબર મી૰ હેનરી શેડવેલને નહીં મલવાથી તેવણુને ચટાપટી થવા લાગી. શરમના માર્યા—અને ખસુસ કરી પોતાની 'હેતની કટકી' બાઇડીની હાજરીમાં તો નહીંજ—તેવણુથી મીસીસ વેન નામની એક ખુબસુરત બાનુની ખોલ્લી રીતે શોધ ખોલ તો થઇ નહીં શકે; તેમજ તેવણુને કાંઇ ફ્રેંચ એટલું બધું નહીં આવડતું હતું કે જેથી તેવણ ફ્રેંચ ન્યુસપેપરો વાંચી શકે; વળી અકરાટ ગભરાટમાં મીસીસ વેને આપેલો તેણીનો કાર્ડબી તેવણે કયે ગુમાવ્યો હતો એટલે તેવણુને માટે હવે ધીરજ ધરવા શિવાય બીજો કશો માર્ગ રહ્યો નહીં. હવે—બચારીના વર માંદા હોવાથી મલવાની ફરસદ મળતી નહીં હશે એવા દીલાસાઓથી તેવણ પોતાનાં આજોરદે થયલાં દીલને આપતા હતા.

આ રીતે છ દીન પસાર થઇ ગયા. સાતમે દહાડે તેવણ તુરતનોજ નાસ્તો લઇ વેલાતના ન્યુસો વાંચતા બેઠા હતા, અને તેમનાં ધણીયાણી સામે બેસી કોઇની નીંદા કરતાં હતાં, તેટલાં બારણું ઉઘડયું અને બે ત્રણ રાથોડ જેવા શખસો હાથમા કાંઇ કાગળ જેવું લઇ દાખલ થયા.

"હ્યાં મી૰ હેનરી શેડવેલ નામનુ કોઇ છે?" તેઓમાંના એકે પુછ્યું.

મી૰ શેડવેલના પેટમાં આ ફ્રેંચ પોલીસના અમલદારો જોઇ કલેજી ન હતી તોપણ હીંમત ધરીને ભાગી તુટી ફ્રેંચમાં પોતાને મી૰ શેડવેલ દાખલ ઓળખાવ્યો.

"ત્યારે તો શેઠ, હમો તમને મેરી જાબેઝ ઉર્ફે મીસીસ વેન નામની ઉઠાઉગીર ઓરતને જીનીવાના હોટલમાંથી કીંમતી ઘરેણાં ચોરી જવામાં મદદ કરવાના ગુનાહ માટે આ વારંટની રૂહે પકડયે છીયે; માટે અમો સાથે મુગેમોહડે ચાલો." પેલા અમલદારે વારંટ દેખાડી કહ્યું.

જો એક તોપનો ગોળો આકાશમાંથી છુટી તેમના પગ આગળ આવી પડતે અથવા તો તેવણ પોતે એક સ્ત્રીમાં બદલાઇ જતે, અથવા તો જો ધર્તી ફાટીને આખું પેરીસ ગર્ક થઇ ગયું હતે તો તેથી તેવણ આ ખબર સાંભળી જેટલા અજબ થયા તેટલા અજબ થતે નહીં. શું તેવણુની માનીતી, ફરેસ્તા જેવી મીસીસ વેન એક ઉઠાઉગીર? પણ નહીં કાંય? શું તેવણે વેલાતમાં આવી ઉઠાઉગીર ફ્રેંચ છોકરીઓ વિષે નથી વાંચ્યું? તેઓ ભોલાંઓને

કેમ ઠગી પોતાનાં હથીયાર બનાવે છે તે તેવણ ભુલી ગયા? શું મીસીસ વેનની કશી ધનંન-સલ નથી મલતી તેની તેવણને ખબર નથી? તો મીસીસ વેન તેઓમાંની એક છે તે નહીં કાંય બને?

પણ આતો 'દયાની માને ડાકણ ખાય' તેવી વાત થઇ ગઇ. તેવણ તો મીસીસ વેનની નાચાર હાલત પર દયા કરી મદદ કરવા ગયા—તેવણનું ૧૧૨ પાઊંડ. ૬ શીલીંગ ૮ પેન્સનુ જબરદસ્ત બીલ ચુકવી આપ્યું, તેવણનો કાળો ભારી કોથલો પોતાના હાથમાં લઇ તેમની મેહનત બચાવી અને વળી ફરસ્ટ કલાસની પેરીસ વેરની તીકીટ કરાવી આપી! જેના બદ-લામાં તેમને હાલ ચોરની માફક ચોકીમાં ચાંચડ મારવા જવાનુ હતું એ તે કઇ જાતનો ઇનસાફ?

પણ આનીમેર આ તોહમત સાંભળી નાજુક મીસીસ એલન શેડવેલ, જેવણને જરા જરામાં બેસુદ્ધ થઇ જવાની ટેવ પડેલી હતી. તેવણ બેભાન થઇ પડયા; અને ઓય હીસ્ટ-રીઆ થઇ આવશે તેવાં ચીન્હો દેખાડવાં લાગ્યાં. પણ જ્યારે કોઇએ તેમના પર ધ્યાન નહીં આપ્યું ત્યારે ચાટ પડી જઇને પોતેજ પાંચેક મીનીટમાં બેભાનીમાંથી (!) બીદાર થયાં.

સારાંશ,—બચારા મી૦ શેડવેલે તે અને તે પછીની ઘણી રાતો ફ્રેંચ પોલીસનાં બંદીખા-નામાં પસાર કીધી. તેવણને હલવે હલવે બધું ખબર પડયું. અથાક્ મીસીસ વેને તો લાગ આવે તેમ હોટલના ઉતારૂઓના ઝવેરાત તથા કીંમતી ચીજોને તફડાવી પેલા કાળા કોથલામાં ભરવાનો ધંધો માંડેલો હતો અને જ્યારે કોથળો ભરાતો ત્યારે મી૦ શેડલેલ જેવા ભોલાઓને પોતાનાં હથીયાર બનાવી છટકી જતાં હતાં અને હોટલનું બીલબી તેઓને આપવું પડતું હતું. મોન્સ્યોર વેન શું ને વાત શું?

૭ દહાડા કેદખાને ચાંચડ મારી અને પોતાનાં સાળાના લાગવગથી મી૦ શેડવેલ ૧૦૦ પાઊંડનો દંડ આપી છુટા થયા. પારકી સ્ત્રી સાથ આડાઇ નહીં કરવાના તેવણે કસમ લીધા.

પણ બચારાનો વાંકબી શું કાહડીયે? મીસીસ વેન પરતો પોણું હોટલ કુરબાન થયું હતું, જેઓમાંથી એવણજ ઉલ્લુ હોવાથી પકડાઇ ગયા હતા. મીસીસ વેન હજુર પકડાયાં ન હતાં અને બધા ધારેછ તેમ કોઇ દાહડેબી પકડાશે નહીં એટલે મી૦ શેડવેલે તો પોતાનાં ૧૧૨ પાઊંડ વગેરે પર તો પુરો મુકયો અને કયામતને દહાડે પાછાં મળશે એમ આશા રાખે છે.

જ્યારે તેવણ લીલા બુમલા થઇને ઘેર આવ્યા ત્યારે તેવણનાં ધણીયાની, જેવણે બધી વાત જાણી હતી, તેવણે પોતાના વરને કેવા ઓવરણાં લીધા તે જણાવવાની કશી જરૂર નથી;પણ ગરીબ બચારા મી૦ શેડવેલની શરમ ખાતર અત્રે પડદો નાખવાની જરૂર છે.

પાછલી રાતનો પરોણો.

લખનાર—ડાહ્યાભાઇ મ. હનુમાનીઆ.

એક દીવસ રાત્રે હું મારા ઘરમાં બેઠો આસાએશ લેતો હતો તેવામાં મારા એક મીત્ર **ગરબડદાસે** મારે ત્યાં આવીને તે રાત્રે મારે ઘેર સુવાને કહ્યું. તેને તે રાત્રે નાટક જોવા જવું હતું અને બીજેજ દીવસ સવારમાં મુંબઇમાં કોઇને મળવું હતું. તે દાદર રહેતો હતો એટલે નાટકમાંથી ઉઠીને બારોબાર તેને ઘેર જવાને આગગાડી મળે તેમ ન હોતું. મેં તેની માગણી ખુશીથી કબુલ કીધી; જો કે મારી પાસે તેને માટે બીજું બીછાનું ન હોતું; પણ ત્રણ ચાર કલાકને માટે ગમે તેવું હોય તોપણ ચાલે, એટલે ઘરમાંથી મારાં કેટલાંક કપડાં ભેગાં કરી તેનો ડુચો કરી એક ઓશીકું બનાવ્યું અને બે ચાર કોટ ઉપરાઉપરી પાથરીને પથારી જેવું કંઇક તૈયાર કીધું.

જ્યારે મારા મીત્ર તેને માટે બનાવેલી પથારી જોઈ ત્યારે તે ઘણોજ ખુશી થયો. "વાહ? આવીતો કોઇ કાળે પણ નહોતી જોઇ." એટલું કહીને તે નાટક જોવા ચાલ્યો ગયો, અને હું થોડીવારપછી સુઇ ગયો.

પાછલી રાત્રે આશરે બે એક વાગ્યાને સુમારે મારા ઓરડાના બારણા આગળ ખડખડાટ ભડભડાટ થવાથી ભર ઊંઘમાંથી હું જાગી ઉઠયો.

કેટલીક વાર બારણા ધમધમ્યા પછી અને લાકડીના અંદર સાંકળની સાથે અફાળકુટ થયા પછી ઓચીંતા બન્ને બારણા ધડાક દઇને ઉઘડી ગયાં, અને **ગરબડદાસ**ને મેં અંદર દાખલ થતાં જોયો. જેમ કોઇ ઘરનું છાપરૂં એક તરફ નમી ગયું હોય તેમ તેના માથા ઉપરની ટોપી છેક એક બાજુના કાન સુધી વાંકી મુકી હતી અને તેના કોટના બટન પણ ભેરવ્યાં નહોતાં તેથી તે એક છેલબટાઉ જેવો લાગતો હતો. કંઇક આવેશથી અને ગમે તેની સાથે પણ વાત કરીને પોતાના મનનો ઉભરો કહાડવાની આતુરતાથી તેનો ચહેરો લાલચોળ દેખાતો હતો. આ બધું હું બાડી નજરે જોયા કરતો હતો. પણ જેવો તે હાથમાં દીવો લઇને મારા ખાટલા પાસે આવ્યો એટલે તરતજ મેં આંખો મીંચી દીધી અને જાણે ભર ઉંઘમાં હોઉં તેમ હાલ્યા ચાલ્યા વગરજ પડી રહ્યો, કે મને ઉંઘમાં દેખીને મારી સાથે વાતોના ગપ્પાં માર્યા વગર તે સુઇ જાય. પણ **ગરબડદાસ** મને ઉંઘતો જોઇને પોતાનો વીચાર માંડી વાળે, અને છાનોમાનો સુઇ જાય એવા સ્વભાવનો નહોતો. તે મારા ખાટલાની છેક પાસે આવ્યો. તેની અંટેવાળીએ એક બાજઠ આવી ગઇ તે એવી તો ધડાક દઇને પડી કે મોટો અવાજ થયો. ખાટલા પાસે આવતાંનેવાર તેના હાથમાંનો દીવો મારા નાકની એટલોતો નજીક ધર્યો કે ગમે તેવો ઊંઘણશી હોય તોપણ ઝબકી ઉઠયા વગર રહેજ નહિ. આખરે મેં મારી આંખો ઉઘાડી અને જાણે ભર ઊંઘમાંથી જાગી ઉઠયો હોઉં તેમ ચહેરો કરી ધીમેથી મેં પુછ્યું, "કેમ ગમત તો પડી કેની?"

"અરે વાહ? તેમાં શું પુછવું, કંઇ બાકીજ નહીં," એટલું બોલી તેણે તો મારા ખાટલાની ઇસ ઉપર ધામો નાખ્યો. હું આગળથી તેનો વીચાર સમજી ગયો હતો તેથી તેને બેસવાને મેં કંઇજ જગા રાખી નહોતી, પણ જ્યારે પગ ઉપર ભાર આવ્યો એટલે થાકીને ખસવું પડયું. પછી, નાટકમાં જે સ્ત્રી પુરૂષો જોવા આવ્યાં હશે તેના વિષે લાંબાં લાંબાં ટાયલાં તેણે કરવા માંડ્યાં; અને તેમાં વળી હું અરધો ઉંઘતો, અરધો જાગતો હોવાથી તેની વાત પુરેપુરી સમજી પણ શકયો નહિ; પણ મને એટલુંતો યાદ છે કે મારા મીત્ર મી૦ **ગરબડદાસ**ને નાટકમાં એક નવજુવાન ખુબસુરત છોકરી મળી હતી; અને એના ઉપર તે એટલોતો મોહી ગયો હતો કે જો તે ફરીથી ન મળે તો તેની આખ્ખી જીંદગી રદ થઇ જાય. નાટકમાં સઘળો વખત તેની સાથે વાતો કરવામાં અને પ્યાર કરવામાં મી૦ **ગરબડદાસે** કહાડયો હતો અને વળી તેણીએ પણ તેને બીજી વખતે તેજ નાટકમાં મળવાને વચન આપ્યું હતું. જો કે આ વાત તો દમ વગરની હતી પણ જ્યારે માણસના મગજમાં પ્રેમની વાત ઘોળાયા કરે છે ત્યારે તેને બીજું કંઇ ગમતુંજ નથી. તેના ગુલાબી ગાલ વિષે, તેની કમળના જેવી આંખો વિષે તથા તેના કોમળ અને નાજુક શરીરના બાંધા વિષે તેણે એટલું તો ફરીફરીને વર્ણન કર્યું કે ત્યાર પછી કેટલાક દીવસ સુધી તેજ સંબંધી મને સ્વપ્ના આવ્યાં કીધાં.

આ પ્રમાણે તેણે જે જે કહ્યું તે સઘળું મેં સાંભળ્યા કીધું, કારણ કે મેહેમાનગીરી કરવી એ હું મોટામાં મોટી ફરજ સમજતો હતો, તેમજ તે વખત તેના મનની સ્થિતિ પણ એવી હતી, કે મારે તેની વાત સાંભળવીજ જોઇએ.

જેમ જેમ તે વાત કરતો ગયો તેમ તેમ આવેશમાં આવી જવાથી તે વધારે ઘાંટા કહાડીને બોલવા લાગ્યો, પછી કદાચ મને ઉંઘમાંથી જાગૃત કરવાને તેમ કર્યું હોય તો કોણ જાણે.

પણ એટલામાંતો પાસેના ઓરડામાં કોઇ ઉધરસ ખાવા લાગ્યું; તે કુદરતી ઉધરસ નહોતી પણ મારા ઘરની શેઠાણી **શાન્તા**એ જાણી જોઇને ખાધી હતી; તે એવું બતાવવાને કે પાછલી રાત્રે સઘળા સારા માણસોએ ગુપચુપ સુઇ જવું જોઇએ.

મારા ઘરની શેઠાણી **શાન્તા** જે ઓરડામાં સુતી હતી તે અને મારા ઓરડાની વચ્ચે ફક્ત પાટીયાની ફડેતાલ હોવાથી ગમે તેવી ધીમી વાત પણ તેના સાંભળવામાં આવતી. મેં આ વિષે મારા મીત્રને સમજાવીને કહ્યું, પણ તે રાવસાહેબ તો મારી વાત સાંભળેજ શું કરવા! પોતે તો એઠાજ રહયા અને વળી ચલાવ્યું. “ભાઇ, આપણને તો ઉંઘ મુદલ આવતી નથી.”

એટલામાં વળી ભોગ જોગે મારા ચાહા કરવાના વિલાયતી ચુલા તેની નજર ઉપર પડી, એટલે તો પુછવુંજ શું?

તેણે કહ્યું, “આપણને તો અત્યારે ચાહ પીવાની મરજી થઇછે. પણ કંઇ નહિ, તમે તમારે નિરાંતે સુઇ રહો, હું મારી મેળે બધું કરી લઇશ.” પછી તેણે પોતાના લુગડાં ઉતારીને ખીંટીએ ઓળવ્યાં અને પાણી લેવા પાણીયારાં તરફ ચાલ્યો. ત્યાં જતાં વચમાં જે કંઇ વાસણ પડયાં હતાં તે ઠોકરે ચડાવ્યાં અને બારીઓ અને બારણાને એવાં તો અફાળ્યાં કે આખા ઘરમાં ઘોંઘાટ થઇ રહ્યો. હવે તેની સાથે વધારે માથાઝીક કરવી મેં મુકી દીધી અને મિંઢો થઇને છાનોમાનો પડયો રહ્યો. એટલામાં બીજા કોઇએ ઉધરસ ખાધી. આ વખતે મારા ઘરની શેઠાણીની છોકરી **સુલોચના**એ ઉધરસ ખાધી હતી. મારા મીત્રે જો તેનું મોંજ ફક્ત જોયું હોત તો તે એકદમ શાંત પડી જાત.

પાણીઆરામાં કેટલીક વાર સારી રીતે ખડખડાટ થયા પછી ત્યાંનું બારણું ધમમમમ... લઇને બંધ થતું સંભળાયું અને ભાઇ સાહેબ પાણી લઇને આવતા દેખાયા.

મેં તેને કહ્યું, “એતો ઠીક, પણ દીલગીર છું કે ઘાસતેલ થઇ રહ્યું છે.”

એટલે તે બોલી ઉઠયો, “કંઇ હરકત નહિ.”

તેવામાં તેણે એક સ્પીરીટની શીશી દીઠી, જે દવામાટે હું લાવ્યો હતો; એટલે તે લઇને તેણે ઘાસતેલના ખડીયામાં ઉંધી વાળી. અને દીવો સળગાવી ઉપર ચાહાનું પાણી મુકયું અને તે તરફ જોતો જોતો આમતેમ ફરવા લાગ્યો.

થોડી વાર થઈ એટલે ખડીઓ સ્પીરીટની જલદ ગરમીથી ફાટી ગયો, ચાહની કીટલી ઉંધી પડી અને ચારે તરફ પાણી પાણી થઇ રહ્યું એટલુંજ નહિ પણ સ્પીરીટનો એકદમ મોટો ભડકો થયો. ભડકો જોયો એટલે તો મારા હોશજ ઉડી ગયા અને ખાટલા ઉપરથી એકદમ છલંગ મારીને હું નીચે કુદી પડયો, અને બોલી ઉઠયો, “અરે ભલા આદમી, આગ બાગ લગાડવી છે કે શું?”

આ વખતે તે શરમાઇ ગયો અને બોલ્યા ચાલ્યા વગર ખડીઆના કટકા ભેગા કરવા મંડી પડયો. દરમીયાન પાસેના ઓરડામાં વધારે ઉધરસ સંભળાઇ. એટલે મેં તેને કહ્યું, “મેહરબાની કરીને આસ્તેથી લગાર સાચવીને કામ કરની યાર. તું જુવે છે કે પાસેના ઓરડામાં સુતેલાં માણસોને આપણાં ઘોંઘાટથી ઉંઘ નથી આવતી અને તેથી વારંવાર ઉધરસ ખાયા કરે છે.”

તેણે કહ્યું, “વાહ, આવી ગેરવર્તણુકતો મેં કોઇ ઠેકાણે દીઠી નથી. તે લોકોની ઉધરસથી તો ઉલટો હું કંટાળી ગયોછું. આતો જાણે કે તમે કોઇ ધર્મશાળામાં રહેતા હો તેમ દેખાય છે; હશે પણ હવે ખાંડ કયાં છે તે લગાર બતાવશો?”

"એ પેલા શીંકા ઉપર દાબડામાં પડી, પણ જોજે ભાઇ વળી કંઇ ગરબડ ન કરતો."

પછી તરતજ **ગરબડદાસતો** એક ઉંચા બાજઠ ઉપર ચડયા અને જેવા વાંકા વળીને ખાંડનો દાબડો લેવા જાય છે એટલે પગ નીચેથી બાજઠ ખસી ગયો, ને ભાઇ સાહેબ શીંકા સાથે ધડીમ દઇને પડયા, અને દાબડામાંની ખાંડ આખા ઓરડામાં વેરાઇ ગઇ.

હું બોલી ઉઠયો, "અરે તોબા ભાઇ! મે તને આગળથી ચેતાવ્યો નહોતો કે સાચવીને ચડજે!" એટલામાં મારાં બારણા કોઇ ઉપરા ઉપરી ઠોકતું હોય તેમ સંભળાયું. અને તરતજ મારી શેઠાણીની છોકરી **સુલોચના** મોટેથી બોલી "હવે ગજબ થયો. મહેરબાની કરીને સુઇ જાવો તો ઘણું સારૂં. એક કલાક થયો આ ધમ્માચકડીથી અમારી તો ઉંઘે જતી રહી."

આ વખતે **ગરબડદાસ** વેરાયેલી ખાંડ ભેગી કરતો હતો તે એકદમ બોલી ઉઠયો, "તમને ઉંઘ નથી આવતી તેમાં અમે શું કર્યે?" મેં કહ્યું, "બસ થયું, હવે લગાર મુંગો રહે તો ઠીક, તે મારા ઘરની શેઠાણીની છોકરી છે. તે લોકો ઘણા આબરૂદાર અને સાલસ માણસો છે." તેણે કહયું "શું તેજ એકલાં આબરૂદાર છે? શું તમે ભાડું નથી આપતા?" આ પ્રમાણે બોલતાં બોલતાં મી० **ગરબડદાસનો** ચહેરો લાલ ચોળ થઇ ગયો, અને બારણા પાસે જઇને **સુલોચનાને** કહેવા લાગ્યો, "કેમ તમારે તેમનું અત્યારે શું કામ પડયું છે, તે તો સુઇ રહ્યા છે! મારે ખાંડ જોઇતી હતી તેથી બાજઠ ઉપર ચડીને લેવા ગયો અને ઓચિંતો બાજઠ ખસી ગયો તેથી હું પડયો અને અવાજ થયો, તેમાં થયું શું? શું કોઇને ઘેર એમ બનતું નહિ હોય? બસ થયું હવે, જાવો, છાનામાના સુઇ રહો, આ શી નકામી ધાંધળ? શું હમે કંઇ મફતતો નથી રહેતા?"

મેં કહ્યું, "ભાઇ, હવે પરમેશ્વરને માટે બોલતો બંધ રહીશ?" ખરેખર આ પ્રમાણે મારા કહેવાથી તેણે આગળ બોલવું માંડી વાળ્યું, ખાંડ ભેગી કરવી મુકી દીધી અને તે વગરજ જેવી થઇ તેવી મોળીને મોળીજ ચાહ પીવા બેઠો. પી રહ્યા પછી બીડી સળગાવી અને તેના ધુમાડાથી આખો ઓરડો ભરી કહાડયો. આ બધો તમાશો જોતાં જોતાં મને પાછી ઉંઘ આવી ગઇ એટલે **ગરબડદાસ** બોલ્યા ચાલ્યા વગર પોતાના ઓરડામાં ગયો અને બધું શાંત પડી ગયું.

વળી થોડીવાર થઇ એટલે મારી આંખો આગળ દીવો બળતો દેખાયો તેથી પાછો હું જાગી ઉઠયો અને જોઉં છું તો મી० **ગરબડદાસ** હાથમાં દીવો લઇને ઉભા છે. અડધી આંખો ઉઘાડીને જેવું તેના તરફ મેં જોયું કે તરતજ તે બોલી ઉઠયો, "તમને એટલી વારમાં ઉંઘ ભલી આવી ગઇ? મનેતો, નાટકમાં જે છોકરી મળી હતી તેનાજ વિષે વીચારો આવ્યા કરે છે, મારે તેના વિષે એક સુંદર ગાયન બનાવવું છે, તમારૂં પીંગળ કયાં છે?"

મેં કહ્યું, "ઓ પેલા કબાટના નીચલા ખાનામાં પડયું, પણ લગાર સાચવીને જોજે, રખે પાછો ગડબડાટ મચાવતો."

આ વખતે કંઇ પણ ખડખડાટ ભડભડાટ કર્યા વગર તેણે ચોપડી લીધી અને એક ખુરશી ઉપર બેશીને બડબડવા લાગ્યો.

ઓ મારી પ્યારી,
મુજ આંખોની કીકી,
હવે કયાં મળીશું?
ને વાતો કરીશું?
નાટક, મંદીર કે દરીયા ઉપર.

દરમ્યાન વળી મારી આંખો ઉંઘથી ઘેરાઇ ગઇ ને હું નિરાંતે સુતો. પણ કલાકેક થયો એટલે મારાં બારણા આગળ ઘણી ધમાધમ થતી સંભળાઇ અને હું ઝબકીને જાગી ઉઠયો, અને જોઉં છું તો મી० **ગરબડદાસને** મારા ઘરની શેઠાણી સાથે ઘણાજ જુસ્સાથી લડતાં દીઠો.

મી૦ **ગરબડદાસ** ગુસ્સાથી બોલતો હતો, "કેવાં જંગલી છો? તમારી ઉપરાઉપરી ઉધરસ ખાવાથી મારૂં તો માથું એ ફરી ગયું અને મારા બધા વીચારો જતા રહ્યા." મારા ઘરની શેઠાણી **શાન્તા** બોલી, "તમારા ગણગણાટથી હું ઘણીજ કંટાળી ગઇ હતી તેથી તમને શાંત કરવાનેજ હું ઉધરસ ખાતી હતી."

"હું તે વખતે એક ગાયન બનાવતો હતો, અને વળી મારે તમને કહેવું જોઇએ કે જ્યારે કોઇ માણસ ગાયન બનાવતો હોય ત્યારે તેને ગોઠવવાને ગણગણવુંજ જોઇએ. જો એવા ગણગણાટથી તમને ઉંઘ ન આવતી હોય તો તે ઉપરથી સાફ માલમ પડે છે કે તમારા શરીરને ઠીક નથી; અથવા તો ગઇ સાંજે તમે ખુબ ખાધું હશે; કે પછી કોણ જાણે બીજું કંઇ કારણ હોય તો! ખરેખર તમે ઘણાંજ ભાગ્યશાળી છો કે મારા મીત્ર જેવા તમને ભાડુત મળ્યા છે, જો મારા જેવો મળ્યો હોત તો ખબર પડત—"

મારાથી જેટલા કાલાવાલા થયા તેટલા કરીને મેં તેને કહ્યું, "ભાઇ, હવે બસ, ઘરવાળાંની તેમના ભાડુતો પ્રતિ શી શી ફરજો છે તે વિષે વધારે લાંબા ભાષણો કરવાની કાંઇજ જરૂર નથી." તોપણ તેણે તો આગળ ચલાવ્યાજ કર્યું, એટલે પછી મારી ધીરજ વધારે રહી ન શકવાથી હું પથારીમાં બેઠો થયો અને ગુસ્સાથી આંખ્યો કહાડી ગરબડદાસને કહ્યું, "ચુલામાં પડયું તારૂં ગાયન, દીવો ગુલ કરીને છાનોમાનો સુઇ રહેછ કનિ?"

મને લાગે છે કે તેના સ્વપ્નામાં પણ તેની પ્યારી આવ્યા કરી હશે. અને વળી ઉંઘમાં વળી તે નસકોરાં બોલાવતો હતો તે તો જાણે ઘાંચીની ઘાણીજ.

સહવાર થવાથી પાંચેક વાગ્યાને સુમારે ઓરડામાં ધીમે ધીમે અજવાળું પથરાવા લાગ્યું એટલે **ગરબડદાસ** પથારીમાંથી ઉઠયો, એક ચોરની માફક ગુપચુપ પોતાના લુગડાં પહેરી લીધાં, અને પછી મારા ખાટલા આગળ આવ્યો. હું પણ તે વખતે જાગતોજ હતો. તેના ચહેરા ઉપરથી ખુલ્લું દેખાતું હતું કે રાત્રે જે તેણે ધમાલ મચાવી મુકી હતી તેને માટે જાણે પશ્ચાત્તાપ કરતો હોય. મને રાત્રે બે ત્રણ વખત જગાડયો હતો તેને માટે માફ માગવા લાગ્યો અને બોલ્યો, "અત્યારમાં પાછા મારે તમને હેરાન કરવા મને ઠીક નથી લાગતું પણ જતાં પહેલાં તમારો ઉપકાર માનવો જોઇએ અને તમને સલામ કરવી જોઇએ."

પછી મારા ઓરડાના બારણા આસ્તેથી બંધ કરીને ચાલ્યો, એટલામાં **શાન્તાના** ઓરડાના બારણા ઉઘડતાં સંભળાયાં. થોડીવાર બધું શાંત પડી ગયું, અને તરતજ મી૦ **ગરબડદાસ** ઘણાજ લેવાયેલે ચહેરે મારા ઓરડામાં ધસી આવતો દેખાયો. તે બોલી ઉઠયો, "આ પાસેના ઓરડામાંથી હમણા જે છોકરી બહાર ગઇ તે કોણ છે?"

"**સુલોચના, શાન્તા** શેઠાણીની છોકરી? વળી બીજું કોણ હોય, જેની આગળ રાત્રે તું લાંબા લાંબાં ભાષણ કરતો હતો તેજ."

તે દાંત પીસ્તો ચીડાઇને બોલી ઉઠયો, "અરે ભાઇ, પણ નાટકમાં તેજ મને મળી હતી." પછી કેટલીકવાર તે અવાચકની માફક દીંગ મુઢ થઇને ઉભોજ રહયો, અને આખરે પહેલાંની માફક મારા ખાટલા ઉપર આવીને બેઠો. પણ આ વખતે તેની સ્થિતિ જુદીજ હતી, તેણે મારી પાસે સોગંદ ખવરાવ્યા કે મારે, ગઇ રાતની ધમાચકડી બાબતમાં, તે ખુબસુરત નાજનીં આગળ તેનું નામ ન લેવું. પણ મોઘમમાં બધી વાત કરવી. મેં તેમ કરવાને કબુલ કીધું.

તે છોકરી જેવી ખુબસુરત હતી તેવીજ માયાળુ સ્વભાવની પણ હતી તેથી રાતના બનાવને તે એક રમુજી ફારસ તરીકે ગણવા લાગી.

ત્યાર પછી જ્યારે જ્યારે હમો બંને ભેગાં થતાં ત્યારે તે મને મૂજાગમાં પુછતી "કેમ તમારા રમુજી મીત્ર શું કરે છે?"

"મોજ કરે છે."

બરાબર બદલો.

લખનાર—માંજુભાઇ ભ. ત્રિવેદી.

જુવાન, ઉત્સુક, સારી આશાવાળો, વિચારશીલ તથા અડધો શેખચલ્લી, તથા મોહમાં મશગુલ, હું એક દીવસે સાંજને સમયે ટ્રામમાં બેઠો. ગાડી કોટમાં જતી હતી અને મારે પણ કોટમાંજ જવું હતું.

અંદર પેસતાં માંહે અડધો એક ડઝન માણુસ બેઠાં હતાં. એ અડધા ડઝનમાં એક ઉમ્મરે પહોંચેલો જાડા શરીરનો માણુસ હતો. કેટલોક વખત સુધી તો તપખીર સુંધી છીંક ખાધા શીવાય બીજું કાંઇ કરતો તે જણાયો નહીં. પણ થોડીજ વારમાં તેણે ગજવાંમાંથી કાળા ચામડાની એક પોકેટબુક કહાડી, અને તે ઉઘાડી. તે નોટોથી—કરંસી નોટોથી–તમામ ભરેલી હતી. પછી બેંકના કારકુનો બે આંગળી વચ્ચે નોટોનો ચોડો રાખી સપાટામાં ગણેછે તેમ આ બુઢ્ઢા-કાકાએ કરવા માંડ્યું. તો મને શું દેખાયું? ૧૦–૨૦–૫૦–૧૦૦–૧૦૦૦ રૂપીઆની નોટો! તે પણ એક બે નહીં, પણ દરેક રકમની દસ દસ વીસ વીસ! બધા મળીને કદાચ દસ હઝાર હશે, કદાચ વીસ હઝાર અને પચાસ હઝાર પણ હોય! આ બુઢ્ઢા કાકાને ઘણું કરીને નોટો ગણુવાની ટેવજ હશે. તે ગણુતો હતો તે ઉપરથી સાફ દેખાતું હતું કે તેને પૈસાની નવાઇ નહીં હોય. તે તો ફડફડ નોટો એક પછી એક ઉથલાવતો હતો અને વખતે જરા જોરથી ઠામ લેતાં ફાડતો પણ હતો. મારા ગજવામાં બરાબર ચાર આનાના પૈસા હતા પણ તે મેં પ્રથમથી ગણ્યા હતા કે વખતે દોઢીઉ પડી બડીતો નથી ગયું. પણ આ બુઢ્ઢા કાકાને તો આ દોલતની જાણે દરકારજ નહોતી.

એ બુઢ્ઢો મારી સોડમાંજ બેઠો હતો, પણ મને તેથી ચેન પડ્યું નહીં. આવી ગંજાવર દોલત સાથે છેક ગરીબાઇનો પાડોસ મને અકુદરતી લાગ્યો. તેને જોતાંજ મને લાગ્યું હતું કે એ માણુસ સોબત કરવા જેવો નથી, એટલે હાલની સ્થિતિમાં મને એમજ લાગ્યું કે 'લાંબા સાથે ટુંકો જાય તો મરે નહીં તો માંદો થાય.' આ લાગણીએ તે દીવસથી તે અત્યાર સુધીની મારી જીંદગીમાં ઘણું મોટું રૂપ પકડયુંછે. જે માણુસ હઝારો રૂપીઆ સાથે રમત ગમત કરે તે માણુસજ કેમ હોઇ શકે એમ મને ભાસવા લાગ્યું. અને વળી મેં એ પણ જોયું છે કે એવા લખોપતિઓને ગરીબની દાઝ હૈડામાં બીલકુલ હોતીજ નથી. પણ કદાચ એમ હશે કે જેમ સ્વભાવમાં એક બીજાથી ઉલટા માણુસો સોબતી થઇ શકતા નથી તેમ પૈસા સંબંધી તેવીજ સ્થિતિવાળા માણુસો પણ સોબતી થઇ શકતા નથી.

પણ ફક્ત આ વિચારથીજ મને તેનો પડોસ છોડવાની વૃત્તિ થઇ એમ નથી. ચાર આનાથી ભરેલાં ખિસાંને હઝારો રૂપીઆથી ભરેલાં ખિસાં સાથે રાખવામાં એક જાતનો મ્હોટો ભય રહ્યોછે. કદાચ પેલી પાકેટ બુક કુદીને ચાર આનાને મળી જાય; વખતે પાકેટ બુકમાંની એકાદ નોટ ઉડીને મારા કોટના બટનના કાણુામાં ભરવાઇ જાય; વખતે એ બુઢ્ઢાના મનમાં એમજ આવે કે તેના રૂપીઆ ચોરાયાછે અને તેની ચોરીનું તહોમત મારા ઉપરજ મૂકે, કેમકે ગરીબાઇ ઉપર તહોમત મુકતાં તવંગરી જરા પણ અચકાતી નથી. તેથી હું તો તરત ઉઠીને તેનાથી દૂરના ખુણુામાં જઇને બેઠો, જોકે ત્યાંથી મારી નજરનાં બાણુ, કામદેવના બાણુની માફક, છાનાંમાનાં ફેંકયા કરતો હતો. એક ગરીબ સ્ત્રી પણ મારા ઉદાહરણુ ઉપરથી ઉઠીને બીજા 'બેંચ' ઉપર જઇને બેઠી. જ્યારે કોઇ ચેપીરોગવાળો માણુસ તરતનોજ સાજો થઇ આવેલો ગાડીમાં બેસવા આવેછે અને તેને જોઇને બીજા ઉતારૂઓ આઘા પાછા થઇ જાયછે, તેમ ગરીબ પણ સ્વચ્છ હૃદયના માણુસો તવંગર પણ મેલા હૃદયના માણુસો પાસેથી તેના પૈસાના ચેપથી ડરી દૂર નાસતા ફરેછે. આવા દાખલા મેં ઘણા જોયાછે.

પણ બુઢ્ઢાએ વળી પોતાની ગણવાની રમત શરૂ કરી. અને હું દૂર બેઠો હતો એટલે નિર્ભયપણે આ રમત મેં જોયા કરી. બુઢ્ઢાએ કોરા પાના ઉપર કાંઇક લખ્યું—કદાચ નોટોનો સરવાળો કર્યો હશે—અને પાકેટ બુક પાછી ગજવામાં મૂકી દીધી.

થોડીક વારે બીજા ઉતારૂઓ જતા રહ્યા અને આખી ગાડીમાં અમે બે જણ એકલાજ રહ્યા. તેણે તપખીરની દાબડી કહાડી, ઉઘાડી, ચીપટો ભરી રણશીંગડું ફુંકતો હોય તેમ મ્હોટો અવાજ કરી સુંઘી, અને પછી એક ગંદો રૂમાલ કહાડી એવાતો જોરથી અવાજ કર્યો કે ટ્રામના ઘોડા ભડકી વધારે જોરથી દોડવા લાગ્યા. આખરે બુઢ્ઢો ઉઠયો અને છત્રી વતી બીચારા કંડકટરને ગોદો માર્યો અને ગાડી ઉભી રાખવાનું ફરમાવી પોતે ઉતરી પડયો. તેને રસ્તે ચાલતો જોવામાં મને રમૂજ પડી તેથી તેના તરફજ મેં જોયાં કર્યું. થોડીજ વારમાં પૈસાદાર કાકા એક ગલીમાં પેઠા અને મારી નજરથી અલોપ થઇ ગયા.

પાસે પૈસો હોય તો માણસ શું શું કરે, અને શું શું કરવું જોઇએ તેનો વિચાર કરતો હું તો નિરાંતે અદબવાળી તે બુઢ્ઢો જ્યાં બેઠો હતો તે તરફ નજર કરતો બેઠો, અને મારી પાસે એટલા પૈસા હોય તો હું શું કરૂં—કેવી ગમ્મત ઉડાવું—તેના હવાઇ કીલ્લા બાંધવામાં અરધે રસ્તે પહોંચ્યો કે તરત મારી નજર એક કાળી વસ્તુ ઉપર પડી. તે બીજું કાંઇજ નહીં પણ કાળા ચામડાની પોકેટબુક હતી. પેલી પૈસાથી ભરેલી બુઢ્ઢાની પોકેટબુક! બસ તેને જોતાંજ મારૂં આખું હૈયું મારા મ્હોંમાં ઉભરાઇ આવ્યું! મને પગથી તે માથા સુધી ધ્રુજારો થવા લાગ્યો, અને મારૂં મગજ જાણે ગુમ થઇ જતું હોય એમ લાગ્યું. પણ મહા મહેનતે હું શાંત થયો અને ધ્રુજતે હાથે નીચો વળીને તે પોકેટબુક લીધી. બસ તે તેજ પોકેટબુક હતી; આબાદ તેજ; તેજ કે જેનાથી ડરીને હું દુર જઇ બેઠો હતો! ખાત્રી કરવાને મેં તે પોકેટબુક ઉપરથી રબરની રીંગ કહાડી અને ઉઘાડી અને જોયું તો—૧૦–૨૦–૫૦–૧૦૦–૧૦૦૦ રૂપીઆની નોટોનો થોકડો! મારા મગજમાં વિચારોનો વંટોળીઓ વાવા લાગ્યો. તે પોકેટબુક મેં મારા હાથમાંજ ઝાલી રાખી, અને પહોળી આંખે હવામાં જોવા માંડયું.

આખરે મને લાગ્યું કે મારે આમ બેશી રહેવું ન જોઇએ. ત્યારે મારે તે પોકેટબુક ટ્રામના કંડકટરને આપવી? કે રસ્તા ઉપરથી સીપાઇદાદાને બોલાવી તેનેજ હસ્તક કરવી? કે પછી બીજા કોઇને આપવા કરતાં તે મારે પોતેજ રાખવી અને તેની જાહેર ખબર છપાવવી? કે તે બુઢ્ઢાકાકા પોતેજ પોતાની દોલત ગુમ થવાની ખબર પડતાં જાહેરખબરો છપાવે ત્યાં સુધી રાહ જોવી?

આ બધાનો વિચાર કરતાં આખરે મને એકાએક નવો વિચાર આવ્યો, અને તેનાજ જોશમાં ગાડીને ઉભી રાખવાનું કહ્યા વગર હું કુદી પડયો અને જમીન માપવા લાગ્યો. પણ તરતજ ઉઠી ઉભો થયો અને એક હાથે કપડાં ખંખેરતો ખંખેરતો તથા બીજા હાથમાં ઉંચે પેલી પોકેટબુક ઝાલીને દમ ભીંડીને જે રસ્તે થઇને તે બુઢ્ઢાને જતાં મેં જોયો હતો તે રસ્તા તરફ દોડયો. જોકે તે વખત તો મને લાગ્યું નહીં, પણ પાછળથી વિચાર કરતાં મને યાદ આવેછે કે રસ્તે ચાલતા રાહદારીઓ મારા તરફ ઘણાજ વિસ્મયથી જોતા હતા. હું ઘણે દુર દોડયો અને આખરે મારો દમ છેકજ ભરાઇ આવ્યો તેથી તરતજ મેં મારી ચાલવાની ગતી ધીમી કરી અને વખતે તે બુઢ્ઢો તવંગર કોઇ પાસેની ગલીમાં પેશી ત્યાંજ કોઇ ઘરમાં અલોપ થયો હશે તો ખોળી કેમ કહાડીશું એવા વિચારમાં વિમાસણ કરતો હું અટકી પડયો, અને પછી છેકજ ધીમે ધીમે ચાલવા માંડયું. મેં ઠરાવ કર્યો કે હવે તો રોજ સવારમાં ન્યુસપેપરો વાંચવાં અને તેમાં જાહેરખબર આવે ત્યાં લગી વાટ જોવી.

આ વિચારથી હું પાછો ફર્યો અને જેવો સામી નજર કરૂં છ તો બાજુની ગલીમાં થઇને જતાં તેજ બુઢ્ઢા કાકાને જતાં આબાદ દીઠો. જેમ ધનુષ્યમાંથી બાણ છુટે તેમ હું દોડયો. હું તેની લગભગ નજીકમાં જઇ પહોંચ્યો કે બુઢ્ઢો અટકયો, તેણે પોતાના ગજવાં ઉપર પોતાના હાથ થાબડયા અને જાણે કાંઇ ભુલી ગયો હોય તેમ તરતજ તે પાછો ફર્યો અને મારા સામે આવી ઉભો.

અહા! તે મેળાપ ખરેખર એક જોવા લાયક દેખાવ હતો. તેનું પીકચર એવું મજેનું થાય કે બસ. હું દમ ભીંડાઇ જવાથી હાંફતો હતો તેથી ચુપ ઉભો રહ્યો, અને તે—તે બુઢ્ઢો—કદાચ મારા હાથમાં તેની દોલતથી ભરપુર પોકેટબુક જોઇને આશ્ચર્ય થઇને ઉભો હશે. આખરે તે બુઢ્ઢાએ પોતાના હાથ પહોળા કર્યા અને નાટકમાં જેમ માશુકના હાથમાં તેનો આશક પડે—અરે પણ ભુલ્યો! આ તો બુઢ્ઢો હતો એટલે મારી માશુક થવાને નાલાયક હતો તેથી —જેમ ઘણે દહાડે બહારગામથી અણધારેલી રીતે નજીકનો સગો પોતાના મુરબ્બીના હાથમાં પડે તેમ હું તેમાં જઇ પડયો!

બુઢ્ઢો ચમકયો, અને મારા ભારથી, કે પછી કેમ, તે ડગલું બે ડગલાં પાછો હઠયો અને મને ધીમેથી પોતાની બગલગીરીમાંથી મોકળો કરી તે બોલ્યો, "અહા! ભલા આદમી-ભલા આદમી–ખરેજ–તું–તું–"

પણ તે વધારે બોલી શકયો નહીં. જેમ હાથી પોતાની સુંઢ વતી કોઇ વસ્તુ જોરથી લઇ લેછે તેમ તેણે મારા હાથમાંથી પોતાની પોકેટબુક લઇ લીધી, અને ઉઘાડીને માંહેથી કેટલીક નોટો—કદાચ ૫૦ હઝારની—પકડી, અને જાણે મારી આ સેવાનો જુજ બદલો વાળતો હોય તેમ તે આપવાને બહાર કહાડતો હોય એમ દેખાયો.

પણ આ તેનો ઉપકાર, લાગણી ભરેલાં ભાષણથી સ્વીકારી હમેશાં તેના તાબેદાર સેવક રહેવાનું વચન આપવું કે કેમ તેના ઠરાવ ઉપર આવું તેટલામાં તો તે બુઢ્ઢાએ પોતાનો વીચાર ફેરવી દીધો, પોકેટબુક બંધ કરી, અને ચોકસાઇથી કોટના અંદરના ગજવામાં મુકી દીધી.

તેણે મારો હાથ પકડયો અને પોતા ઉપર કેટલો બધો ઉપકાર થયોછે તેનો બરાબર ખ્યાલ પણ જાણે તેના મનમાં ન આવ્યો હોય અને ગભરાતો હોય તેમ તુટક તુટક અવાજે કહ્યું, "મારા દોસ્ત, હું આ તારા ઉપકારનો બદલો કોઇ પણ રીતે વાળી શકું એમ નથી. આવી તારી ઉમદા વર્તણુકનો બદલો પૈસાથીજ વાળી શકાય એવો છેજ નહીં. જયાં સુધી મારા ખોળીઆમાં પ્રાણ છે ત્યાં સુધી હું તને સંભારીશ, તને માન આપીશ અને હું આશા રાખુંછ કે તું મારી જાતનોજ હોવાથી હું આશા રાખુંછ કે—પણ લે દોસ્ત આ મારા નામનો કાર્ડ અને કાલે સાંજરે ૭ વાગે મારે ઘેર આવજે, કાલે સાંજરે ૭ વાગે, જરૂર ૭ વાગતે."

તે બુઢ્ઢાની આંખો આંસુથી ભરાઇ આવતી હોય એમ દેખાયો અને તે સંતાડવાનેજ માટે કદાચ તે એકદમ ચાલી ગયો.

તે ગયો કે વળી પાછો વિચારોનો વંટોળીઓ મારા મગજમાં શરૂ થયો, અને મને આખો ને આખો તેના જોસમાં દાટી દીધો. તેના આવેશમાં ઘડીકમાં જોસથી ચાલું–ઘડીકમાં ઉભો રહું. વળી દોડું–વળી વિચિત્ર ચાળા કરૂં અને ધીમે ચાલું. આ પ્રમાણે હું ઘેર પહોંચ્યો, અને ઘરમાં દુનીઆદારીને લગતાં કેટલાંક જરૂરનાં કાંમો હાથે કરવાં પડયાં ત્યારેજ હું જરા શાંત થયો.

હવે મારી ખાત્રી થઇ કે આપણું નસીબ ઉઘડ્યું કે પછી બંધ થયું. ઉઘડયું એટલા માટે કે એ બુઢ્ઢો કાંઇ જેવો તેવો બદલો આપનાર નથી. પણ બંધ થયું એટલા માટે કે શી રીતે તે બદલો વાળવાનો છે તે કાંઇ નક્કી નહોતું. તોપણ આખરે આ દેખીતી રીતે લખોપતી–કહો કે કરોડો પતી–પોતાને પોતાની ગંજાવર દોલત ખોવાય અને પાછી મળે તેથી ઉપકારના બોજામાં

ફ્ટાઇ જવાથી કાંઇ નહીં તો કાંઇ પણ ખાસ્સો બરાબર બદલો વાળ્યા વગર કાંઇ રહેવાનો છે ? તેણે ૫૦ હઝાર તો આપવા માંડ્યા હતા પણ તે જ્યારે તેણે ન આપ્યા ત્યારે કાંઇ તેથી વધારેજ આપવાનો હોવો જોઇએ કેની ?

"કાલે સાંજરે ૭ વાગતે મારે ઘર આવજે." એ પ્રમાણે તે બોલ્યો હતો—તેનો અર્થ શો ? તેથી મારે શું સમજવું ? અહા ! બરોબર હવે મને સમજાયું. તેની મતલબ મને તેનો જીવેજાન દોસ્ત કરવાની—તેના કુટુંબમાં મને ઓળખાવવાની—મને તેના મહેરબાન દાખલ બતાવવાની અને કદાચ મને તેનો વારસ કરવાનીજ હોવી જોઇએ. વળી તેણે નહોતું કહ્યું, 'તું મારી જાતનોજ હોવાથી હું આશા રાખુંછ કે—'તેનો શો અર્થ ? લે, એમાં પુછવાનુંજ શું હતું ? બસ તેનો અર્થ બીજો કાંઇજ નહીં પણ મને તેનો જમાઇ બનાવવાનો તેણે વીચાર કર્યો હશે. એ તવંગર કાકાને એક ખુબસુરત છોકરી હોવી જોઇએ ! મને ખાત્રી છે કે તેને છોકરી હોવીજ જોઇએ ? આવા પૈસાદાર, જાડા શરીરવાળા, ઉંમરે પહોંચેલા માણસોને છોકરી શું નથી હોતી ? તે છોકરી ખુબસુરત, સાથે ભણેલી ગણેલી પણ હોવી જોઇએ. તેના બોલવા ઉપરથીજ એમ લાગેછ કે તે પીતાનું સુખ ભોગવતો હશે. તે જે મારી સાથે પીતૃભાવથી બોલ્યો હતો તે કાંઇ એવી લાગણી કુદરતે અમસ્થીજ નહીં આપી હોય. તે લાગણીનો ઉપયોગ થવાને કુદરતે તેને એક બેટી બક્ષેલી હોવીજ જોઇએ. એટલે આ તવંગર કાકાને છોકરીતો જરૂરજ જાણે છેજ. અને તે પાછી એકની એકજ હશે. ઘણાઓને એકની એક છોકરી હોય છે ત્યારે આને કેમ ન હોય ? અને તેથી લાડ લડાવેલી હશે પછી જોઇએજ શું ? તેની સાથે મારા લગ્નનીજ તેના મનમાં ધારણા હોવી જોઇએ. નહીં તો 'તું અમારી જાતનોજ હોવાથી' કરીને કહેજ શું કરવા ?

તે રાત્રે મને આ તરૂણ સુંદરીનાં સ્વપ્નાં આવ્યાં કર્યાં. તેનું નામ જાણે **કમળા** હતું અને હું તેના આગળ ભ્રમરની માફક થઇ ગયો. અને—અને—પણ હશે, જવા દો એ વાત. પણ આથી મને આ તવંગર શેઠીઆ વિષે વીચાર થયો. તે પોતાની આવી તરૂણ—સકળગુણસંપન્ન, અષ્ટ કમળ દશ પળ પ્રકાશીત યશ—વિદ્યા—ધન—લાભ ગૌરી મનેજ આપીદે—આપીદે—લગ્નમાં આપીદે—અહાહા ! આવો અનુપમ બદલો આ માણસ મને આપે તેનો ઉપકાર હું શી રીતે માની શકીશ ? પરમેશ્વર તેનું સારૂં કરો !

બીજે દહાડે સવારે હું રોજથી વ્હેલો ઉઠયો. દાતણ પાણી કરી હજામત કરાવી કયો પોશાક પહેરીને જાઉં કે જેથી તે કમળાક્ષી **કમળા** પોતાના પીતાના ઉપકારની લાગણીની સાથે મરા ઉપર પ્યારની લાગણીથી પણ મને જુએ ! મેં મારૂં કબાટ—અરે ભુલ્યો—પેટી ઉઘાડી અને મારાં તમામ લુગડાં—ખાસ્સી બે જોડી—કહાડ્યાં. પણ અફસોસ ! એમાંનો એકે સુટ મારી પ્યારીને મળવા જવા પહરેવા લાયકનો નહોતો ! આ તો જબરી આપદા આવી પડી ! હવે કરવું શું ? પણ ખુશી—ખુશી ! મને મારો દોસ્ત યાદ આવ્યો. તેણે વખતો વખત—એટલે ફકત મહીનામાં એકજ વાર અને કોઇજ વખત બે વાર—પૈસા ધીર્યા હતા

વિચાર આવતાંજ અમલમાં મુકવા હું તૈયાર થયો. કારણ કે આવા કામમાં હું ઢીલ કદી કરતોજ નથી. હું તરતજ તેને ઘેર ગયો અને સુભાગ્યે મને તે મળ્યો—મળ્યો એટલુંજ નહીં પણ મારી માંગણી પ્રમાણે કાંઇ પણ આનાકાની કર્યા વગર રૂ. ૫૦ મને ધીર્યા.

મુંબઇમાં શા વગર અટક્યું રહેછે ? જે જોઇએછ તે મળેછ—ફક્ત પૈસા નથી મળતા, પણ દોસ્તો જીવતા રહે એટલે બસ—એટલે હું તરત તૈયાર કપડાં વેચનારની દુકાને ગયો અને પહેલા નંબરનો રૂ૦ ૩૫)નો સુટ લીધો. ત્યાંથી દોડયો કાફર્ડ મારકીટ અને જઇને રૂ૦ ૮) ની એક બુટની જોડી લીધી. બસ પછી જુના બુટને ન્યુસપેપરમાં વિંટાળી હાથમાં બંડલ

લઇ નવાં પોશાક તથા બુટમાંજ પાછો ઘેર આવ્યો—જમ્યો—લેટયો અને પાંચ વાગતામાં તૈયાર થઇ ગયો.

બરાબર વખતે જ્યાં એ બુઢ્ઢો મને મળ્યો હતો, ત્યાં હું આવી પહોંચ્યો અને પુછતાં પુછતાં આખરે તેના ઘર આગળ —મારી કમળાક્ષિ કમળાના ઘર આગળ આવી પહોંચ્યો.

લાકડી વતિ બારણાં ઠોકયાં કે તરતજ એક બાઇએ આવીને બારણાં ઉઘાડયાં—મેં તેને મારો કાર્ડ આપ્યો જે લઇ તે ઉપર ગઇ, તે દરમ્યાન હું નીચે ઉભો રહ્યો.

મકાન એક મહેલ સરખું હતું. કાચના બારી બારણા એટલાં હતાં કે જાણે મકાન આખું કાચનુંજ બનાવેલું હોયની! માંહેથી વાસ જમણુની આવતી હતી. એળચી, તજ, કેસર વિગેરે ખુશબોદાર વસ્તુની વાસ આવવાથી મને સજ્જડ ભુખ લાગી, અને મન થયું કે એકદમ જમવા જાઉં. પણ થોડીજ વારમાં તે ઘરનો માલેક પોતે જાતેજ મને જમવાનું કહેશે અને પોતાના કબુલ કરેલા જમાઇ તરીકે પોતાની પાસેજ બેસાડશે એ લ્હાવો મળવાનોજ હતો કેની? માટે જરા સબુરી પકડી.

તરતજ ચાકરડી પાછી આવી ને બોલી, "શેઠ પૂછેછ તમેજ પેલા પાકેટબુકવાળા માણસ કે?"

આ સવાલ મને નોકરે પૂછયો. **મને!–મને!!** હું પેલો પોકેટબુકવાળો માણસ!–**માણસ!!** જાણે કોઇ બીલકલેકટર હું હોવું તેમ 'તમેજ માણસ કે?' કોઇ પણ માણસ તે વખતે મને એક પીંછાવતીજ પાડી નાંખત! અરે એક વાળ વતી, અરે જરા ફુંક વતીજ! અગાધ દોલતથી ભરેલી પાકેટબુક પાછી આણી આપવી અને તેને ગરીબાઇમાં, કહો કે બુધવારની કોરટમાં, જતાં અટકાવનાર તે એક **માણસ**? મને ઘણો ગુસ્સો ચડી આવ્યો અને આવેશમાંજ મેં જવાબ દીધો, "જા જઇને તારા શેઠને કહે કે જે જુવાન સદ્દગૃહસ્થે તમારી દોલત પાછી આણી આપીછે તે સદ્દગૃહસ્થે તમારા ખાસ આમંત્રણને માન આપી ને અહીં તમને મળવાની તસ્દી લીધીછે."

મને **માણસ** કહે! ત્યારે તો તે એમજ જાણતો હશે કે હું કાંઇ રસ્તામાં રખડતો ભીખારીજ હોઇશ તો! મેં મુઠી વાળી અને હાથ ઉગામી મારવા જતો હતો પણ મારી સામે કોઇ હતું નહીં એટલે પાછો હાથ નાંખી દીધો.

તરતજ કોઇ નરમ પગલાંનો અવાજ દાદર ઉપર સંભળાયો. ચડપ દેતાં કે મેં સામેની આરસીમાં જોયું અને મારાં કપડાં–મારો કોલર–મારી નેકટાઇ–મારાં બટન વિગેરે ઠીક કર્યાં. કેમકે તે નરમ પગલાંવાલી બીજી કોઇજ નહીં પણ મારી પ્યારી કમળાક્ષી **કમળાજ** હોવી જોઇએ.

બીજી ક્ષણે બારણું ઉઘડયું અને એક જુવાન સ્ત્રી ઉમરામાં આવીને ઉભી. મેં જાણ્યું હમણાં આવી મને પ્યારથી ભેટશે. પણ તેના તરફ નજર કરતાં હું તો સ્હડજ થઇ ગયો. મારી બોલવાની શક્તિ જતી રહી. તે જરા મારા તરફ આગળ આવી, તથા હાથ લાંબો કર્યો, અને હું હાથ પકડી તેને ચુંબન કરૂં તે પહેલાં તે બોલીઃ—

"કેમ ભાઇ, તેંજ મારા બાપાની પાકીટબુક આણી આપી હતી કે? મારા બાપાએ તેના બદલામાં આ મોકલ્યું છે."

એમ કહીને તેણે પોતાના હાથમાંથી કાંઇક મારા, મારી મરજી વિરૂદ્ધ લાંબા કરેલા હાથમાં નાખ્યું અને તુરતજ ત્યાંથી જતી રહી.

મેં તેમાં જોયું, તો શું દીઠું! બસ–કાંઇજ નહીં, પણ **અડધો રૂપીઓ!**

અને તે સ્ત્રી કેવી? મોટાં નસકોરાં, ઠીંગણી ગોટલી, અને જાડો સાદ!

હું શી રીતે બહાર ગયો તે મને બીલકુલ યાદ નથી. પણ ત્યાર પછી હું તે નખ્ખોદીઆ ઘરની સામેની પગથી ઉપર ઉભો હતો તે યાદ છે. જાણે ઉંઘમાંથી જાગી ઉઠયો હોઉં, તેમ જાગીને મેં તે મકાન તરફ નજર કરી. કાચની બંધ બારી પાસે એક ડોસો તથા એક જાડી ઢોંગણી છોકરીને ઉભેલાં વાત કરતાં મેં જોયાં.

મને તે વખતે જે આવેશ આવ્યો તે આવેશને તાબે થઇને જેટલું મારા શરીરમાં જોર હતું તે તમામ મારા જમણા હાથની હથેલીમાં આણીને જોરથી તે અડધો રૂપીઓ તે બારી તરફ ફેંક્યો.

બીજીજ ક્ષણે કાચ ફુટવાનો અવાજ સંભળાયો તથા બે ચીસ સંભળાઇ. તરતજ હું ત્યાંથી દોડયો અને જતો રહ્યો.

* * * * * * * * *

હું ધારૂં છું કે આ વાત ઉપરથી મારા વાંચનારાઓને કાંઇક ધડો મળશે. આ વાત લખવાનો મારો હેતુ ફક્ત વાતજ લખવાનો છે એમ નથી પણ વગર વિચારે માણસ પોતાના ઉદાર ખવાસને તાબે થઇ કેવાં મુર્ખ કામ કરેછે તેની મુર્ખાઇ ઉઘાડી પાડી આપી એક ધડો બતાવવાની છે. અને તે એજ છે કે જેમ તે દીવસે ત્યાંથી ઘેર આવતાં મેં જે પકકો ઠરાવ કર્યો છે તે પ્રમાણે તમે પણ ઠરાવ કરો કે હવે પછીથી પાકેટબુક કે હરકોઇ વસ્તુ પાછી વાળતાં પહેલાં પ્રથમથીજ સરત કરવી કે **બરોબર બદલો** આપણને મળે

તમારા ધારવા પ્રમાણે મને આ વાત ઘણાજ દીવસ સુધી યાદ રહી, કેમકે મારા દોસ્તના ૫૦ રૂપીઆ પાંચ પાંચ રૂપીઆના હફ્તે આપતાં આપતાં મારી ધીરજ સમૂળગી જતી રહી હતી. અને તે મને દરરોજ 'બરાબર બદલા' વગર પૈસાદાર લોકોનું કામ કરવાના ગુન્હાની શિક્ષા તરીકે યાદ આવ્યાં કરેછે.

તે શીવાય બીજો પણ ધડો એમાંથી મને જેમ મળ્યોછે તેમ તમને પણ મળશે કે નકામા હવાઇ કીલ્લા બાંધી ઠાલું ખર્ચ કરવું એ મોટી મુર્ખાઇ છે. આપણી અસલી કહેવત પ્રમાણે 'ઘઉં ખેતમેં બેટા પેટમેં' તે પહેલાં કેટલાંક કામ કરતાં અટકવું જોઇએ.

મારો ખુની.

લખનાર—ડાહ્યાભાઇ મ. હનુમાનીયા.

મારૂં નામ બનમાળી છે. હું એક પ્રખ્યાત ગ્રંથકર્ત્તા છું. પણ તે કેવી ચોપડીઓનો "ઝેરી પાણી" "ખુની કર્મો," "છુપા ભુત" અને તેવાજ બીજાં હૃદયભેદક અને મનોવેધક પુસ્તકોનો, જે વાંચવાથીજ માણસો ઠંડાંગાર થઇ જાય.

જો કે આ પુસ્તકોથી હું પ્રખ્યાત થયો છું, તેમજ પૈસા પણ મેં સારા પેદા કર્યા છે તો પણ હું તે પુસ્તકો માટે ખાસ અભિમાન ધરાવતો નથી. ખરૂં જોતાં આવાં કાળાં કર્મો વિષે પુસ્તકો લખવા મારૂં વલણ કેમ થયું તે હું પોતે પણ સમજી શકતો નથી. હું તે કર્મો બીલકુલ પસંદ કરતો નથી અને અલબત મેં કદી મારી જાતે કર્યાં પણ નથી. જો મેં બોધકારક તથા નીતિના પુસ્તકો લખ્યાં હોત તો કેવું સારૂં થાત! પણ મારા નશીબમાંજ આવાં પુસ્તો લખવાનું નિર્માણ હશે તો પછી હું કેવી રીતે છટકી શકું?

હું એક બચરવાળ માણસ છું; મને સ્ત્રી છોકરાં છે અને ઘણીજ સાદાઇથી મારો સંસાર ચલાવું છું. મેં એક સાદું અને આસપાસ છુટી જમીનવાળું ઘર ભાયખળામાં ભાડે રાખ્યું છે જ્યાં છુટી જમીનમાં મારા ખુદરતી શોખથી મેં એક નાનો સરખો બગીચો બનાવ્યો છે. સાંજને પહોર મારાં છોકરાંને હું મારી સાથે ફરવા લઇ જાઉં છું, તેમજ ઘર ખટલાનું કામ પણ કેટલુંક હું પોતે બજાવી લઉં છું. એવો માણસ તો જવલ્લેજ મળી આવે કે જેની ધંધાની રૂઢીને ઘરસંસાર ચલાવવાની રૂઢી સાથે કંઇ સંબંધજ ન હોય. મારૂં લખવાનું કામ હું રાત્રેજ કરૂં છું. મારા ઘર ખટલાની અને છોકરાં છૈયાંની સંભાળ લેવામાં આખો દીવસ હું એટલો તો ગુંથાયો રહું છું કે મને દીવસે લખવાની ફુરસદ બીલકુલ મળતીજ નથી.

રાત્રે, જ્યારે મારી સ્ત્રી અને મારાં છોકરાં,—મારાં પ્યારાં બચ્ચા ઉંઘી જાય એટલે નિરાંતે હું લખવા બેસુ છું અને કાળાં કર્મો કેવી રીતે થાયછે તે વિષે મારા વાંચારો ગોઠવું છું.

જે રાત્રીના બનાવો વિષે હું હવે લખું છું, અને જે બનાવોથી મારાં પુસ્તકો લખવાની પદ્ધતિમાં બીલકુલ ફેરફાર થઇ ગયો, તે દીવસે બીજો કંઇ પણ જાણવાજોગ બનાવ બન્યો ન હોતો. સવારે સાત વાગે મેં મારી સ્ત્રી તથા મારાં સાત છોકરાં સાથે ચા પીધી તથા નાસ્તો કર્યો અને પછી બધાંને મારી પાસે બેસાડીને તેમને કેટલીક વાતો કહી ખુશ કર્યાં,—પણ આ વાતો કાળાં કર્મો સંબંધી અથવા ખુનીઓ સંબંધી ન હોતી પણ રાજાઓ, રાણીઓ અને પરીઓની તેમજ વળી કેટલીક નાના નાના છોકરાંની હતી. જેની શરૂઆતમાં "એક વખત એવું બન્યું કે" અને અંતે "તેઓ ઘણા સુખી થયાં" એ પ્રમાણે આવતું હતું.

રાત્રે આંક નવેકનો અમલ થયો એટલે મારી સ્ત્રી તથા મારી મોટી છોકરી શીવાય બીજાં બધાં છોકરાં વાળુ કરીને ઉંઘી ગયાં. દશેક વાગ્યાને સુમારે અમે ત્રણે વાળું કરી લીધું, એટલે મારી વહાલી સ્ત્રી અને છોકરી સુઇ ગયાં એટલે હું મારૂં લખવાનું કામ શરૂ કરવાને છુટો થયો.

સાડા દસ થવા આવ્યા એટલે તો હું મારાં લખવાના કામમાં સારી રીતે ગુંથાયો; તેમાં વળી આજે જે વાત લખતો હતો તે એવી તો રસથી ભરપુર હતી કે તે લખવામાં હું બીલકુલ ગીરફતાર થઇ ગયો હતો. આ વાતના દુષ્ટ નાયકે એક એવી વનસ્પતીની ગોળી બનાવી હતી કે જે મનુષ્યજાતના ખાવામાં આવે તો તેજ ક્ષણે તેનું મોત થાય. જે વખતે તે પ્રાણઘાતક ગોળી એક કમનસીબ માણસને ખવડાવવામાં આવી હતી તે વખતનો આબેહુબ ચીતાર હું આપતો હતો.

રાત્રિ ઘણી શાંત હતી, પવન બંધ હોવાથી બગીચા માંહેના ઝાડોનું એક પાંદડું પણ હાલતું ન હોતું. તેમજ મારા ઓરડામાં ઘડીયાળના, ટક, ટક, અવાજ શીવાય સઘળું શાંત દેખાતું હતું. રાત્રિના બાર વાગ્યા તે મેં ગણ્યા, એટલામાં મારા ઘરની પાસેના બગીચામાં કંઇ અવાજ થતો સંભળાયો એટલે હું એકદમ ચોંકયો અને મારી છાતીમાં ધબકારો જોરથી થવા લાગ્યો. તે અવાજ કોઇ માણસના ચાલવાથી થતો હતો: ધીમે ધીમે અવાજ વધારે નજદીક આવવા લાગ્યો, પછી બંધ પડી ગયો અને મારા બારણાં ઠોકાતાં સંભળાયાં.

મારાં પુસ્તકોના વાંચનારાને મારા લખાણથી મેં ઘણી વખતે ધ્રુજાવ્યા છે તો આજે મારે પોતાને ધ્રુજવાનો વારો આવ્યો હતો. આ પ્રમાણે અગાઉ કોઇ પણ માણસ મને મધ્ય-રાત્રીએ મળવા આવ્યું ન હોતું. તેથી તે માણસ કોણ હશે તે વિષે મને કંઇ પણ ખ્યાલ આવ્યો નહિ; પણ એટલું તો ચોક્કસ હતું કે પગલાં માણસના જેવાં લાગતાં હતાં.

ત્યારે તે કોણ હશે? શું કરવા આવ્યો હશે?

મારા આખા શરીરે પરસેવો છુટયો, અને હું ધ્રુજવા લાગ્યો. એક પળવાર વીચાર કર્યો તો મને એમ લાગ્યું કે વખતે પોલીસ સીપાઇ મારા ઘરમાં દીવો બળતો દેખીને તપાસ કરવા આવ્યો હશે કે રખેને કોઇ ચોર તો નથી ભરાયો. અથવા કોઇ બીજા ઘરમાં જવાને બદલે ભુલથી અહીં આવી ચહડયો હશે.

તેથી હીંમત રાખીને હું બારણા પાસે ગયો અને ઉઘાડ્યાં.

મેં પુછયું, "અત્યારે કોણનું કામ છે?"

"આ મી૦ **વનમાલી**નું ઘર છે?" એ પ્રમાણે બાહેરથી અવાજ સંભળાયો. અવાજ જાડો અને કઠોર હતો, પણ ઘણોજ સભ્યતા ભરેલો હતો, તેથી મારો વહેમ દુર થઇ ગયો મેં કહ્યું, "હા, મારૂં નામ **વનમાલી** છે."

"મારે આપની સાથે થોડી વાત કરવી છે."

"તમે કોણ છો? શી વાત કરવી છે?"

"હું એક માણસ છું. હ્યાં બારણા આગળ વાત થાય એવી નથી; પણ તે ઘણીજ અગત્યની છે."

આ પ્રમાણે તે એવા તો ઠંડા પેટે અને સભ્યતાથી બોલ્યો કે મારા મનમાં જે કંઇ ધાસ્તી હતી તે સઘળી દુર થઇ ગઇ અને તે વાત જાણવા મને ઘણી આતુરતા થઇ તોપણ રખેને તે ભીખારી તો નહિં હોય, એવા વીચારથી મારૂં મન ડગમગવા લાગ્યું. પણ તે મારો વીચાર સમજી ગયો.

તેણે કહ્યું, "હું આપની પાસે કંઇ માંગવા અથવા તો આપને કોઇ પણ રીતે હેરાન કરવા નથી આવ્યો. મારે આપને એક ઘણીજ અગત્યની બાતમી આપવાની છે. વખતે તે તમારા ધંધામાં ઘણીજ જરૂરની થઇ પડે. અને વાત હમણાંજ થવી જોઇએ નહિ તો પછી બને તેમ નથી.

આ એક ભેદ ભરેલી બીના હતી, જેના જેવી મેં પોતે પણ ઘણી વખતે ગોઠવી હતી, તે શું ખુલાસો કરવા આવ્યો હશે? તે જાણવા હું ઘણોજ આતુર બની ગયો અને તેથી મેં બારણા ઉઘાડી તેને અંદર આવવા દીધો.

તેણે મારા લખવાના ઓરડામાં લઇ જવાને મને કહ્યું, હું તે પ્રમાણે તેને લઇ ગયો. પરસાળમાં અજવાળું ઓછું હતું, તેથી જ્યારે તે મારા ઓરડામાં આવ્યો અને મારા દીવાનું અજવાળું બરોબર તેના મોં ઉપર પડયું ત્યારે હું તેને બરોબર જોઇ શકયો; એટલે મને લાગ્યું કે આવા માણસને મારા ઘરમાં લાવવામાં મેં મોટી ભુલ કરી છે.

તે એક ઊંચો અને કદાવર માણસ હતો. તેનો ચહેરો ચપટો અને બેડોળ હતો, આંખો ઝીણી ને ચળકતી હતી, અને થોડી થોડી દાઢી હતી. તેણે કપડાં જાડાં અને બિચિત્ર પહેર્યાં હતાં. તેથી તે કોઇ ગામડયા જેવો લાગતો હતો અને તેનો ચહેરો તીરસ્કાર ઉત્પન્ન કરતો હતો.

મેં તેને ખુરશી ઉપર બેસવાને કહ્યું અને હું મારા ટેબલ પાસેની ખુરશી ઉપર બેઠો.

તેણે માથા ઉપરનો ફેંટો કાઢીને ડાબા પગના ઢીંચણ ઉપર મુક્યો અને જમણો હાથ બાજુના ગજવામાં રાખ્યો.

મેં જાણ્યું કે તેને કંઇ બતાવવાનું હશે પણ તેમ નહોતું.

તેણે વાતો કરવા માંડી પણ તેનો અવાજ અને રીતભાત તથા વર્તણુક આખર સુધી શાંત અને ગંભીર હતાં. ફરીથી તેણે મને પુંછ્યું, "મી૦ **વનમાળી** તે તમેજ કે?"

"મેં નીચો વળીને કહ્યું, "હાજી."

"ઝેરીપાણી" વીગેરે ચોપડીઓના કર્ત્તા તમેજ કે?"

"હાજી."

"કાળાં કર્મ અને ઘાતકી બનાવોની વાતો ના?"

"તમે મરજીમાં આવે તેમ કહો."

"ગુન્હા શી રીતે બને છે તે વિષે શું તમે જાણો છો?"

આ સવાલથી હું તો રાતોજ બની ગયો. એક તો આવી વખતે એવો સવાલ કરવો એ ઘણું વિચીત્ર હતું અને વળી તેનો એકદમ જવાબ દેવો એ કંઇ રમત ન હોતી.

મેં કહ્યું, "આપને આ સવાલ કરવાનું શું કારણ છે તે લગાર કેહેશો?"

"કારણ કે તે જાણવા હું ઘણો ઇન્તેજાર છું."

"શા માટે?"

"તે તમને હમણાંજ માલમ પડશે."

ખરેખર આ માણસના મનમાં કંઇ પણ હેતુ હતો, તેથી મેં તેને ઉડાવવાનો વિચાર કર્યો.

મેં કહ્યું, "મને તે બાબતનો ઘણો શોખ છે. તે વિષેનું સારી રીતે જ્ઞાન મેળવવા. મેં એને લગતી દરેક ચોપડીઓ, વર્તમાન પત્રોના આર્ટિકલોનો ઘણીજ બારીકીથી અભ્યાસ કર્યો છે, તેમજ કોર્ટમાં તે સંબંધી ચાલતા મુકરદમાઓ સાંભળ્યા છે; જે લોકો એવા ગુન્હેગારોના સંબંધમાં આવેલા છે તેવાઓને મોઢેથી પણ મે ઘણું સાંભળ્યું છે."

"વાહ! ત્યારે તમને તે સંબંધી જાતી અનુભવ તો બીલકુલ નથી?"

"એટલે?"

"એટલે કે તમે જાતે કોઇ ખુનીને નથી દીઠો?"

"હા, પાંજરામાં અને જેલોમાં દીઠા છે."

"ત્યારે ખુનીને જોવાને તમે ઇન્તેજાર તો ઘણા હશો?"

મેં ઘભરાઇને હસતે ચેહરે જવાબ દીધો, "વાહ! ઇન્તેજાર! તે તો કદી નહિ. પણ એટલું ખરૂં કે જો એવા કોઇ ખુનીને જોવામાં આવે તો તેને ધારીને જોઉં, એમાં ના નહિ."

આ વિચીત્ર માણસે કહ્યું, "એમ ખરૂં કે?"—પછી થોડી વારે વળી બોલ્યો, "ત્યારે તમે કોઇને ખુન કરતાં તો દીઠોજ નહિ હોય?"

"કદી નહિ."

"ત્યારે કોઇને ખુન કરતાં તમે જોવાને ખુશી છો?"

આ સવાલથી હું એકદમ ચોંકી ઉઠયો અને કહ્યું "નહિ! કદી નહિ."

"ત્યારે તમે તે સંબંધી ચોપડીઓ કેમ લખો છો?"

"તે એક જુદી વાત છે. માફ કરો, આ સવાલો કરવાનો આપનો શો હેતુ છે તે હું કંઇ સમજતો નથી. આપ કોણ છો, તે લગાર કહેશો?"

"હું એક ખુની છું."

ગભરાઇને બોલી ઉઠયો, "તમે ખુની છો?"

"મારો ખુન કરવાનો ઇરાદો છે. હમણાં હું કોઇ માણસનું ખુન કરવા જાઉં છું, અને તે જોવાને મારે તમને લઇ જવા છે."

હું તેના તરફ ધારીને જોવા લાગ્યો. મારીને તેની નજર એક થઇ. એટલે તરતજ મને લાગ્યું કે આ કોઇ ગાંડો માણસ છે.

હું મારી ખુરશી ઉપરથી ચીડીને ઉઠયો અને જેવો બુમ પાડવા જતો હતો કે તરતજ તેણે મને ગળચીથી પકડીને પાછો ખુરશી ઉપર બેસાડયો અને પોતાના ગજવામાંથી કંઇ બાહેર કાડયું; એટલે તે દીવાના અજવાળથી ચળકવા લાગ્યું. મેં તે તરફ નજર કરીતો—મારા બાપ—એક છ નળીની પીસ્તોલ નવીને નવી તેના હાથમાં દીઠી તેણે મારા કાનમાં કહ્યું "ચુપ રહે ગભરાવું નહિ તો એમ જાણ કે તારા બાર વાગ્યા. તારો જાન લેવાનો."

મારે કહેવું જોઇયે કે આ પ્રમાણે તેના કહેવા પછી હું શાંત થઇને ગુપચુપ મારી ખુરશીના હાથા જોરથી ઝાલીને બેશી રહ્યો, અને તેના તરફ ધારી ધારીને જોવા લાગ્યો. તે ઘાતકી માણસે કહ્યું, "જ્યાં સુધી તમારાથી વધારે લાયક માણસ મને મળશે ત્યાં સુધી હું તમને મારવાનો નથી પણ ગમે તેમ કરીને મારે આજે એક માણસનું ખુન કરવું છે અને તે કેમ થાયછે તે મારે તમને બતાવવું છે. માટે તમારે મારી સાથે બાહેર આવવું પડશે અને જ્યાં સુધી કોઇ લાયક માણસ મળી ન આવે ત્યાં તમારે મારી સાથે હું જ્યાં લઇ જાઉં ત્યાં આવવું પડશે દરમ્યાન, તમારે બીલકુલ મુગા રહેવું, કંઇ પણ બોલવું નહિ, કોઇને ચેતાવવા નહિ અને વહેમ આવે એવું કંઇ પણ કરવું નહિ; નહિતો હું તેજ વખતે તમારૂં ખુન કરીશ. મારે તમને આટલી બધી ગુન્હાની ચોપડીઓના કર્ત્તાને મારવાની મરજી નથી, પણ કોઇ મોટા ગૃહસ્થ, આબરૂદાર અને નામાંકિત માણસનું ખુન કરવું છે એટલે પછી તમે નિરાંતે તે વિષે એક મોટું પુસ્તક જાતી અનુભવથી લખ્યા કરો."

મેં મારા મનથી વીચાર કર્યો કે મારૂં પોતાનું ખુન કરે તેના કરતાં તેની સાથે બાહેર જવું એ ઠીક છે. પણ જો આ પીડામાંથી બીલકુલ છુટો થાઉંતો વળી ગંગા નાહયા; પણ તે મને છોડે એમ ન હોતું.

"ચાલો, ગુપચુપ કપડાં પહેરી લો," તેણે કહ્યું, "યાદ રાખો જો કંઇ ધાંધળ કીધી કે તરતજ આ પીસ્તોલથી તમારો જાન લઇશ."

આવી ભયંકર સ્થિતિ તો મારા સ્વપ્નામાં પણ મેં કદી અનુભવી ન હોતી; પણ શું કરૂં? મુંગે મોઢે મેં મારા કપડાં પહેરી લીધાં; તેણે મને તેની પાછળ ચાલવા કહ્યું. અમો બાહેર નીકળ્યા એટલે તેણેજ મારાં બારણાં આસ્તેથી બંધ કીધાં.

ગુપચુપ અમો બંન્ને ચાલ્યા, તે મારાથી એક બે ડગલાં આગળ ચાલતો હતો; પણ મને ખબર હતી કે તેનો જમણો હાથ તેના ગજવામાંજ હતો. વખતો વખત તે મને રસ્તો બતાવતો હતો. એમ કરતાં હમો પાયધુની પાસે આવી પહોંચ્યા. ત્યાંથી વળી કેટલાક આડા અવળા રસ્તા વટાવી હમો ચોપાટી ઉપર ગયા. રસ્તામાં હમને કેટલાક પોલીસ સીપાઇ મળ્યા પણ કમનસીબે તેમાંથી કોઇને અમારે માટે વહેમ ન આવ્યો તેમ અમને કોઇએ કંઇ પુછયું પણ નહિ. બુમ પાડવાની અથવા તો તેમને ઇસારતથી ચેતાવવાની પણ મારામાં હીંમત ન હોતી; કારણ કે હું જાણતો હતો કે તેનો રાક્ષસી જમણો હાથ તેના ગજવામાંજ છે.

એટલામાં મારો સાથી ઉભો રહ્યો અને જાણે પોતાના મનને કહેતો હોય તેમ બોલ્યો. "કોઇ ખાનદાની અને નામાંકીત માણસ અથવા તો કોઇ રાજવંશી મલે તો ઘણુંજ સારૂં."

આ સાંભળી હું લગાર ખુશી થયો; કારણ કે જો તેની મરજી કોઇ નામાંકિત માણસને મારવાની હશે તો ઘણું કરીને તેમાં તે નિષ્ફળ જવાનો. ખાનદાની અને રાજવંશીઓ પાછળી રાત્રે બે ત્રણ વાગે જવલ્લેજ પોતાના બંગલાની પાસે ભટકતા હોય.

આ પ્રમાણે ગવરનરના બંગલા પાસે, એક બે મોટા રાજાઓ એટલામાં ઉતર્યા હતા તેમના બંગલા પાસે અને તેમજ કેટલાક મોટા શેઠીયાઓના બંગલા પાસે આમ તેમ ભટક્યા પણ કંઇ શુકવાર થયો નહિ. તેમાનું કોઇ પણ એટલામાં જોવામાં આવ્યું નહિ, અને તેથી મારો સોબતિ લગાર કાયર પણ થયો એમ દેખાયું.

તેણે કહ્યું, "હા છટ, તે લોકો સંતાતા ફરે છે; ચાલો ત્યારે આપણે માહાલક્ષ્મી તરફ જઇએ."

તેણે ધાર્યું કે જ્યારે આમાનું કોઇ મળતું નથી ત્યારે હવે કોઇ ગવરનરનો સેક્રેટરી અથવા કોઇ હાઇ કોર્ટનો જડજ મલે તો તેનું કાટલું કાઢું પણ આ વખતે તેમાંનું કોઇ બાહેર ભટકતું તેના જોવામાં ક્યાંથી આવે?

જ્યારે આ જગાએ પણ તે પોતાની ધારણામાં નિષ્ફળ ગયો ત્યારે તેણે ત્યાંથી પાછા ફરવાનો વિચાર કર્યો. હવે મને વધારે ધાસ્તી લાગવા માંડી કારણ કે વખતે કોઇ નાટકમાંથી કે કોઇ પાર્ટીમાંથી પાછું ઘેર આવતું હોય અને તે મળી જાય.

એટલામાં ખરેખર મારા સોબતીએ મને ઇસારત કરી એટલે મારાં તો હાંજાંજ ગગડી ગયાં તેણે કહ્યું "પેલો આવે છે તે કોઇ નામાંકિત માણસ જેવો લાગે છે માટે હવે સાવધ રહેજે."

એક અઘોર ઉમરનો ગૃહસ્થ અમારી તરફ આવતો દેખાયો. તે એક બંગલામાંથી એકલો આવતો હતો અને મારો વિકાળ સોબતિ એક ફાનસના દીવાની ઓઠે ઉભો હતો; આ વખતે તેનો જમણો હાથતો તેના ગજવામાંજ હતો.

મારી સમયસુચકતા તેમજ એકદમ નવી વાત ગોઠવી દેવાની મારી શકિત આ વખતે સારા ભાગ્યે મને મદદ કરવા નિકળી આવ્યાં.

મેં તેને કાનમાં કહ્યું, "સબુર, વિચારીને કર નહિ તો ભુલ ખાઇશ. તે કોઇ નામાંકિત માણસ નથી. હું તેને દીઠે ઓળખું છું. તે તો એક દલાલ છે, પાયધુની પાસેજ રહે છે."

"તમને બરોબર ખબર છે?"

"સારી રીતે."

પછી તે માણસ અમારી પાસે થઇને ચાલ્યો ગયો, પણ તેને ખબર ન હોતી કે તે કાળનો મોઢામાંથી બચી ગયો છે.

જેમ જેમ આગળ ચાલ્યા તેમ તેમ મારી સ્થિતિ મને વધારે ભયંકર લાગવા માંડી હવે અમે પાછા વીલસન કૉલેજ પાસે આવી પહોંચ્યા એટલે મારો સોબતી ગણુ ગણવા લાગ્યો "કોઇ પ્રોફેસર કે પ્રીન્સીપાલ મળી જાય તો પણ ઠીક," આ ઉપરથી મને એમ લાગ્યું કે આ વિકાળ માણસને કૉલેજ સંબંધી પણ સારૂ જ્ઞાન જણાય છે, ત્યાંથી અમે ગીરગામ તરફ ચાલ્યા અને તેણે કોઇ પ્રખ્યાત ગુણીકા મળી જાય તો તેનું ખુન કરવા વીચાર કર્યો; પણ આ વખતે તેઓ પણ સુઇ ગયલી. તો પણ સારા ભાગ્યે તે તે બાજુ વધારે આગળ ચાલ્યો નહિ પણ સીધા સીધા ફનસવાડીમાં થઇને પાંજરાપોલ આગળ અમો આવી પહોંચ્યા. આ વખતે ચાર વાગ્યા હતા એટલે બીજો તો પ્રખ્યાત માણસ મળે? તેથી તેણે કોઇ ગોસાંઇજી મહારાજ હાથમાં આવે તો તેમનું કાટલું કહાડવા વીચાર કર્યો. પણ તેના આ વિચા-

રથી તો મને ઘણુંજ હસવું આવ્યું, કારણ કે ગોસાંઇ મહારાજો અત્યારે તો ભર ઉંઘમાં ઘોરતા હશે, એટલે મળવાનાજ ક્યાંથી? છેવટે અમો કાલબાદેવીના રસ્તા ઉપર આવી પહોંચ્યા એટલે મને કંઇક નિરાંત વળી કારણ કે આ રસ્તા ઉપર જો કોઇને મારવાનો તેનો ઇરાદો હશે તો તેમાં તે કદી ફાવવાનો નથી. ત્યાંથી હમો ધોબીતલાવ પાસે આવ્યા એટલે તે અટક્યો અને લસ્કરના જનરલના બંગલા તરફ જોતો જોતો બોલ્યો "બધા બીકણ અને બાયલા છે. આ જનરલ પણ હીજડોજ જણાય છે." પછી તે પોતાની આસપાસ જોવા લાગ્યો,–પણ કોણ જાણે કેમ! હજી સુધી કોઇ પોલીસને પણ અમારી આવી વીચિત્ર વર્તણુક માટે વહેમ ન આવ્યો. એટલામાં મારે ખુશી થવા જેવું તે બોલી ઉઠયો "હું ધારૂં છું કે આજ કંઇ શુક્રવાર થાય તેમ લાગતું નથી. બધાએ,—એક એક સંતાઇ ગયા છે. એટલે આજે તો હવે મારો વીચાર માંડી વાળું છું હા, હું ધારૂં તો ગમે તેને સોધી કહાડું અને તેનો જાન લઉં પણ તેમાં કંઇ મજાહ નહિ. ખાલી ફજેત થવાનું."

આ તેનું બોલવું મને ઘણુંજ ગમ્યું પણ પછી જે બોલ્યો એટલે તો મારો જીવજ ઉડી ગયો.

મારી તરફ કરીને તે બોલ્યો, "ગમે તેમ, પણ હું ધારતો નથી કે તમારા કરતાં મને બીજો કોઇ સારો સોબતી મળે. તમે મખ્યાત ગ્રંથકર્ત્તા છો અને તેમાં પણ તમે ઘાતકી અને ક્રુર કર્મો સંબંધી પુસ્તકો લખોછો એટલે વધારે ઠીક પડશે. કેમ, તમે શું ધારોછો?"

મારામાં કંઇ પણ બોલવાની જીગર રહી ન હોતી. હું થરથર ધ્રુજતો હતો કારણકે રખેને ગજવામાંથી પીસ્તોલ કહાડે ને મને ઠાર કરે; પણ સારા ભાગ્યે મારી તર્ક શક્તિએ વળી એક વખત મને સહાય કરી, એટલે મેં તેને કહ્યું, "તમે કહોછો તે બરોબર છે, પણ હું કહું તેમ કરોતો ઠીક, બહુ દોડા દોડ કરવાનું કામ નથી. મુંબઇ શહેરમાં જોઇએ એટલા નામાંકિત મખ્યાત પૈસાદાર, અમલદાર, માહારાજો અને રાજાઓ છે પણ તમે મારે ત્યાં જે વખત આવ્યા, હતા ત્યાં સુધી તેઓ બાહેર રખડતા ન હોય. આજ રાત્રે લગાર વહેલા આવો, આશરે દશેક વાગ્યાને સુમારે. પછી જોઇએ છીએ કેમ આપણને કોઇ મળી નથી આવતો? હું બધાં નામાંકિત મણુસોને દીઠે ઓળખું છું એટલે તેમાંથી કોઇ ઘણોજ મખ્યાત અને પૈસાદાર હશે તેને બતાવીશ. હા, પછી જો કોઇ તમને લાયક માણસ ન મળે તો હું તો છુંજ કેનિ?"

તેણે કહ્યું, "સાબાશ છે." પછી આ પહેલીજ વાર તેણે પોતાના ભયંકર હાથ ગજવામાંથી બાહેર કાઢયા અને મારા હાથ સાથે મેળવ્યો. "તમારૂં કહેવું બરોબર છે, આજે ત્યારે રાતના દસ વાગતે હું આવીશ, સાહેબજી."

મેં આ ખુનીને મેદાન તરફ જતાં જોયો તોપણ હું ધ્રુજતોજ હતો. ખરેખર મને પુરૂં ભાન પણ નહોતું. મારો જીવ ફરવા લાગ્યો અને હું એક ફાનસના થાંભલાને અઢેલીને ઉભો રહ્યો એટલામાં એક પોલીસ સીપાઇ ફરતો ફરતો મારી આગળ આવ્યો. મારી છાતી મારા હાથથી દાબી કારણકે મારાથી બોલી શકાતું પણ નહોતું.

પરાણે બુમ પાડીને હું બોલ્યો, "પેલો જાય છે તેને પકડો, પકડો! તેની પાસે એક પીસ્તોલ છે તે ખુની છે, તે,—"

પણ તે બેવકુફ પોલીસે મારી વાત ગણકારીજ નહિ. ઉલટો તેણે મારો હાથ ઝાલ્યો અને મારા તરફ વહેમથી ધારી ધારીને જોવા લાગ્યો અને કહ્યું, "હવે તમે સીધા સીધા ઘેર જાવો. મને લાગે છે કે તમે લગાર છાંટો પાણી વધારે લીધાં છે. આ ગાડી આવી."

પછી તેણે મને એક વીક્ટોરીયામાં નાખ્યો, મારૂં નામ ઠામ લખી લીધું અને વીક્ટોરીઆવાળાને મારે ઘેર પહોચાડવાને કહ્યું.

જ્યારે ઘર આવ્યો ત્યારે સવારના પાંચ વાગ્યા હતા. ધીમેથી બારણું ઉઘાડીને હું મારા ઘરમાં ગયો; પણ બધા ઉંઘતા હતાં એટલું ઠીક હતું. મારી સ્ત્રીએ ધાર્યું કે આજ વળી વધારે લખવાનું હશે તેથી અત્યાર સુધી બેઠા હશે; તેમ મેં પણ તેણે રાતની બીના જણાવી નહિ. પણ જ્યારે દહાડો ઉગ્યો એટલે મેં મજબુત બાંધાના બે ડીટેકટીવોને બોલાવ્યા અને તેમને બધી વાત કહી. તે ખુની બીજી વખત મળવા આવ ત્યારે મારે ત્યાં હાજર રહેવાને તેઓએ કબુલ કર્યું. મારી બૈરીએ અને છોકરાંએ જાણ્યું કે કોઇ ગુન્હા સંબંધી વાત લખવી હશે અને તેમાં ડીટેકટીવોને કંઇ પુછવાનું હશે તેથી તેઓ આવ્યા છે, તેમ મેં પણ તેમને ખરી વાત કહી નહિ. મેં મારાં બૈરી છોકરાંને આજ રાત્રે રોજ કરતાં વહેલાં સુઇ જવાને કહ્યું તે એવું બહાનું કહાડીને કે આજ મારે અગત્યનું કામ છે. પછી તે બન્ને ડીટેકટીવોની સાથે મારા લખવાના ઓરડામાં તે ખુનીની રાહ જોતો બેઠો.

બરોબર દસ વાગ્યા એટલે મારા ઘરની બાહેર માણુસના પગલાં પડતાં સંભળાયા અને તરતજ કોઇએ મારાં બારણાં ઠોક્યાં.

અમે એક એકના કાનમાં કહ્યું "તે આવ્યો છે, હો." અમે આગળથી બધી જાતની ગોઠવણ કરી રાખી હતી એટલે હવે તે પ્રમાણે વર્તવાનું શરૂ કર્યું. તે બન્ને ડીટેકટીવોમાંથી જે વધારે મજબુત અને પહેલવાન હતો તે મારૂં બારણું ઉઘાડવાનો હતો અને બીજો બારણાની પાછળ સંતાઇને ઉભો રહેવાનો હતો. મારે તો મારા લખવાના ઓરડાના ઉમરા આગળજ ઉભા રહેવાનું હતું.

બન્ને ડીટેકટીવો તેમનું કામ કરવામાં ઘણાજ હુશીયાર હતા. બારણું ભાગયેજ પુરૂં ઉઘડયું કે તરતજ કંઇ ધમાધમ થઇ અને કોઇ ધબ દઇને નીચે પડયું અને તેની સાથેજ ગાળાગાળી થતાં સંભળાઇ. પછી હાથ કડી થતા હોય એવો અવાજ થયો. જે ડીટેકટીવ બારણા પાછળ સંતાઇને ઉભો હતો તે મારી પાસે આવયો અને બોલ્યો, "અમે તેને પકડયો છે અને તેની છ નળીની પીસ્તોલ પણ પકડી છે."

પછી તેણે પીસ્તોલ મને બતાવી કે તરતજ મેં ઓળખી. ડીટેકટીવે કહ્યું." જેવો તે નીચે પડયો કે તરતજ મેં તેના ગજવામાંથી પીસતોલ કહાડી લીધી."

"ઠીક કર્યું!" પછી હું મારા ઓરડામાં જઇને બેઠો એટલે બીજો ડીટેકટીવ તેને પકડીને મારી પાસે લાવ્યો.

જેવો તે મારા ઓરડામાં પેઠો કે તે તરત બોલી ઉઠયો. "તમે કેવી મુર્ખાઇ કરો છો?"

તેના અવાજથી હું એકદમ ચોંકયો. ગઇ રાત્રે જે ખુની મારે ત્યાં આવ્યો હતો તેનો અવાજ ન હતો. જેવાં મેં ધારીને જોવું કે મને ખાત્રી થઇ કે આ તો કોઇ **જુદોજ માણુસ છે.**

"ઓ–તારૂં ભલું થાય! આ તો હરખાને ઠેકાણે પરખો સપડાઇ ગયો. કાલ રાતવાળો આ માણુસ ન હોય!"

"કાલ રાતવાળો?" હાથ કડી કરેલો માણુસ બોલી ઉઠયો.

"અલબત્ત તે હું નહિજ, કંઇ ભાંગ બાંગ પીધી હોય એમ જણાય છે, હું તો પોલીસ છું."

ખરેખર તે પોલીસજ હતો, પણ તેણે આ વખતે કપડાં સાધારણ માણુસ જેવાં પહેર્યાં હતાં. તે મને કહેવા આવ્યો હતો કે ગઇ રાતવાળા ખુનીએ આત્મઘાત કર્યો છે. જેવો તે મારાથી જુદો પડયો કે તરતજ તેણે થોડે દુર જઇને પીસ્તોલ પોતાની છાતીમાં મારી, અને જે પોલીસે મને વીકટોરીયામાં નાખ્યો હતો, તેણે મારૂં કહેલું સાંભળ્યું હતું તેમજ મારૂં નામ ઠેકાણું લખી લીધું હતું, તેથી જુરી વખતે મને સાક્ષી આપવા તે બોલાવા આવ્યો હતો.

આ પોલીસને આસ્તેથી શાંત પાડયો અને છુપી પોલીસના બન્ને માણુસોએ આ વાતને મજાક તરીકે ગણી કહાડી.

જુરી વખતે મેં બરોબર જુબાની આપી, પણ હું કહેવાને દીલગીર છું કે જ્યારે મેં બધી વાત માંડીને કહી ત્યારે મારા ધારવા પ્રમાણે બધાએ ગંભીરાઇથી સાંભળી નહીં.

તેથી અત્યાર સુધી જે કામ હું કરતો હતો તેનાથી બીલકુલ કંટાળી ગયો અને તે તરફ મને તીરસ્કાર આવ્યો એટલે ત્યારપછી હવે હું નીતિની વાતો લખું છું.

"અમારી એક રાત."

લખનાર—VULCAN.

હું અને મારી બેહન **કેથેરાઇન** બન્ને જુવાન છોકરીઓ હતી. અમે એક **લંડનની** પાસ આવેલાં ગામડામાં રહેતાં હતાં. ગામડાની હવાથી અમને ગાલોપર ગરમી ફુટી નીકલી હતી, જેથી અમારી ખુબસુરતીમાં જરા ઘટાડો થયો હતો. તે માટે અમે ઘણા ઇલાજો અજમાવી જોતાં હતાં. તે માંહેલા એક ઇલાજે અમને એક વેળા ઘણા જોખમમાંથી બચાવ્યાં તેનો હેવાલ નીચે પ્રમાણે આપું છું:—

મારો બાપ ખેડુત હતો તેથી તેને ઘણી વેળા દાણ અનાજ વગેરે વેચવા આંઠ નવ માઇલ ઉપર શહેરમાં જવું પડતું હતું.

મારી મા ઘણી ખરી બહાર જતી ન હતી કારણ કે તેણીને ઘર સંબંધી ખટપટ બહુ હતી, અને જ્યારે જવું પડતું ત્યારે નાખુશીથી જતી હતી.

એક દીવસે અમો સર્વે નાસ્તાપર બેઠાં હતાં તે વેળા મારા બાપે મારી માને કહ્યું કે આજે મને ગામમાં તારી જરૂર પડે તેવું કામ છે, તેથી મારી સાથે આવવાને તૈયાર થજે" તેણી મનમાં દલગીર થઇ, પણ કાંઇ બોલી નહિ અને તેઓ ગાડીમાં બેઠા અને જતી વેળાએ અમારી માએ અમને કહ્યું, "છોકરીઓ અમે છ એક વાગે પાછા ફરશું. તમે જમવાનું વગર સર્વ તૈયાર કરી રાખજો. ઘરને સળગાવી ના દેતાં, એકના બદલે બીજા દુધનું દહી ના કરતાં. અને ઘરની સંભાળ રાખજો."

ગાડી થોડેક દુર ગઇ કે હું અને મારી બેહન હશી પડયાં, અને મેં કહ્યું. "માનું નામ 'મોટાં માય' રાખ્યું છે તે બરાબર છે. દરેક વાતની પંચાતી એમનેજ કરવી પડે છે."

"હા, આપણે ક્યારે ઘર સળગાવ્યું'તું?" **કેથરાઇન** બોલી.

"અને ક્યારે એકને બદલે બીજા દુધમાં મેરવણ નાંખ્યો'તો? એમ બોલીને અમે ઘરમાં દાખલ થયાં. અમને ઘણું કામ કરવાનું હતું. બીછાના કરવાના હતા, નાસ્તાની રકેબીઓ ધોવાની હતી, બપોરનાં ખાણાની તૈયારી કરવાની હતી, વગેરે ઘણું કામ હતું તેથી અમારો સવારનો વખત તો સપાટામાં નીકળી ગયો; પણ બપોરના અમને એકાંતપણું મુજાવવા લાગ્યું, અને માને જોવાની પાછી મરજી થવા લાગી. એટલામાં મેં આગળ એક ચોપાન્યામાં એક અખતરો વાંચ્યો હતો તે કરવાની મરજી થઇ. તે અખતરો ગાલો ઉપર ગરમી નીકળે તે મટાડીને પાછા ગાલ સફાઇદાર કરવા વિષે હતો.

"**કેથેરાઇન** આપણે પેલો અખતરો અજમાવી જોઇએ?" મેં કહ્યું.

"કયો અખતરો મને યાદ નથી; ક્યાં છે?" તેણીએ પુછ્યું.

"આ રહ્યો, સાંભળ" 'બાઇઓને ગરમી નીકલી હોય તેઓને જાણવું અગત્યનું થઇ પડશે કે ગ્લીસરીન, કેસકરીલા પાઉડર, ટાર, લીંબુનો રસ અને ઑલીવનું તેલ, એટલી જણશોને ઉકાળી એકરસ કરીને મોઢાં ઊપર લગાડવાથી ચામડી સાફ અને લીસી થશે."

"તે તો ખરી વાત," **કેથેરાઇન** બોલી "પણ આપણી પાસે એ સર્વ જણશો છે ક્યાં?"

"નહિ તેની ચીંતા નથી, હું તે દીવસે બાવા સાથે ગામમાં ગઇ હતી ત્યારે સર્વે લઇ આવી છું." પછી અમે રાંધણીમાં જઇને તે મેળવણી બનાવવા બેઠાં. તે જ્યારે તૈયાર થઇ ત્યારે એક બાટલીમાં ભરીને ઊંચી મુકી કે, સુવા વખતે લગાડીને સુઇશું.

અમે રાતનું ખાણું તૈયાર કરી જમવા બેઠાં ત્યારે એક જબરદસ્ત વાવીઝોડું થયું અને વરસાદ પડવા માંડયો, તે વધતાં વધતાં એક મોટું તુફાન થઇ પડયું. રાત્રે સાત વાગે તુફાન બંધ થયું ત્યારે **કેથેરાઇને** કહ્યું કે "ચાલ બેહન, બાવા તો મોડા આવશે, આપણે જનાવરોને અનાજ વગેરે ખવડાવીએ, અને ગાયોને ડોહી લઇએ, ચાલ ઊઠ."

અમે જાડાં બુટ પહેડયાં અને તબેલામાં ગયાં અને ત્યાં ઘોડાઓને અને ગાયોને ઘાસ નાખીને ગાયોને ડોહીને પાછાં ફર્યાં; એટલામાં **કેથેરાઇન** બોલી, પણ આપણો કુતરો "ટાઇગર" ક્યાં છે?"

"અરે તે તો ગગડાટથી બીહીને છુપાઇ રહ્યો હશે. કાંઇ નહિ અંદર ચાલ."

અમે દુધને ગાળીને મુકી દીધું પછી અમે રાતનું ખાણું ખાધું અને મારાં માય બાપ પાછાં આવે તે વખતે ચાહ તરતજ પીએ તે વાસ્તે ચુલો બરાબર કરીને તેની ઊપર થોડું પાણી ચઢાવી રાખ્યું. એટલામાં નવ વાગ્યા, ત્યારે મારી બેહન સુવા જવાની મરજી દેખાડતાં બોલી કે, "હવે વધારે વખત જાગતાં રહેવામાં કાંઇ માલ નથી."

"માને, આપણે એકલાં છીએ તે વિષે ચીંતા તો ઘણી થતી હશે." હું બોલી.

"અરે શું, હું તો એ લોકો આખી રાત નહિ આવે તો પણ નહિ બીહવું."

પછી અમે પેલી મેળવણીની બાટલી લીધી, અને અમારાં કપડાં બદલી અમારા મોંઢા ઊપર દવા ચોપડી.

"આ દવા સુકાઇ જશે તેટલાં સુધી આપણને જાગૃત બેસવું પડશે," હું બોલી, "નહિ તો તકીઆ બગડશે."

"બેહન મને તો ઊંઘ આવે છે; આપણે મોઢાં ઉપર કપડાંનો કટકો બાંધીને સુઇએ તો કેમ?" મને પણ એ સલાહ પસંદ આવી તેથી અમે જરા જાડું કપડું હતું તેમાંથી કપાળથી ગરદન સુધીના, બે ટુકડા બનાવ્યા, અને તેમાં આંખ અને નાક વાસ્તે કાંણા પાડયાં અને તેઓને દોરીઓ બાંધીને મોઢાં ઉપર બાંધ્યા.

"આપણે ભુત જેવાં લાગીએ છીએ" **કેથેરાઇન** સુવા અગાઉ બતી બુજાવતાં હસતી હસતી બોલી.

અમને જલદીથી ઊંઘ આવી ગઇ. મધરાત થઇ હશે ત્યારે હું કોઇના છુપાઇથી આસ્તે ચાલવાના પગલાંનો અવાજ સાંભળી ઝબકી ઉઠી. મને લાગ્યું કે અમારો કુતરો "ટાઇગર" હશે.

મેં **કેથેરાઇનને** હીલાવીને ઉઠાડી અને કહ્યું કે "આપણે ટાઇગરને દીવાનખાનામાં બંધ કરી મુકયો હશે, ચાલ આપણે એને છુટો મુકીએ?"

"મા બાપા આવ્યાં હશે?" અડધી ઊંઘરેટી હાલતમાં તેણી બોલી.

"હું નથી ધારતી, ચાલ ઉઠ" મેં કહ્યું.

અમે બતી નહિ સલગાવતાં જેમ હતાં તેમ નીચે ઊતરીને દીવાનખાનામાં ગયાં, તો ત્યાં કોઇ નહિ હતું તેથી અમે ખાવાના ઓરડાનો દરવાજો ખોલ્યો ને ત્યાં જોઇએ છે તો એક માણસ જેની અમારી તરફ પીઠ હતી તે ખુલ્લી કબાટ આગળ ઉભો હતો અને બીજો માણસ એક કોથરામાં રૂપા વગેરેનો બીજો સામાન નાખતો હતો.

અમે તો બોલ્યા ચાલ્યા વગર બીકથી દીઘમુઢ થઇને ઊભાં રહ્યાં. પણ દરવાજો ખોલવાનો અવાજ સાંભળીને પેલા કોથરાવાળાએ ઊંચે જોયું. થોડીવાર આંખ્યો ફાડીને તેણે અમારી

સામે જોયા કીધું પછી એક કાનના બહેર ફાડી નાંખે તેવી બુમ પાડી, અને ફાથશે નીચે નાંખી, બારીમાંથી કુદકો મારીને નાસી ગયો.

તે બુમ સાંભળીને તેના સોબતીએ પાછું ફરી જોયું અને અમને જોઇને તેણે પણ એવીનો એક બીકથી બુમ મારી કે તે અડધા માઇલ દુર સંભળાઇ હશે ને પછી તે પણ બારીમાંથી કુદકો મારીને નાસી ગયો.

તેઓ દોડતા જતા હતા તેના પગલાં અમને સાફ સંભળાતાં હતાં. હું એવી બીકનું કારણ સમજી નહિ શકી પણ જેવું કેથેરાઇન તરફ જોયું કે તરતજ સમજણ પડી.

અમે રાત્રે પહેરવાના જે કપડાં પહેરેલાં હતાં તે લાંબા જભા જેવાં હતાં ને અમારાં મોઢાં ઊપર કટકા બાંધેલા હતા તેથી અમે અરધા અંધારામાં ખરેખરાં ભુત જેવાં લાગતા હતાં

એઓના મનમાં એમ કે, બાજુના કબ્રસ્તાનમાંથી, તેઓ ચોરી કરતા હતા માટે તેનો ઠપકો આપવાને (અમે) ભુત ઊઠી આવ્યા હતા.

અમે બાકીની રાત બીહીતાં બીહીતાં ગુજારી અને જ્યારે વળતે દીવસે સાત વાગે અમારાં માબાપ આવ્યાં ત્યારે અમે ઘણાં ખુશી થયાં. પછી અમે પુછ્યું ત્યારે ખબર મળી કે, નદીનો પુલ તુટી જવાથી તેઓને એક ઓળખીતાંને ઘરે રાત કાઢવી પડી હતી.

પછી અમે સઘલી બીના કહી. મારી માએ તો અમને ભેટી કેટલાક આંસુ પાડીને કહ્યું "જોઇએ તેમ થાય, પણ હું તમો બે જણીઓને કદી એકલી નહિ મુકું." પેલી દવાથી કાંઇ સુધારો નહિ થયો, અને બીજી વખત અજમાવી જોવાને અમારી મરજી પણ નહિ થઇ.

પરણવા જતાં બનેલા મૂર્ખો.

લખનાર—X. Y. Z.

જે દેશોમાં વિધવાઓને પુનર્વિવાહ કરવાની છુટ છે ત્યાં જ્યારે કોઇ સ્ત્રીનો ધણી પરદેશ ગયેલો હોય છે અને લાંબા વખત સુધી તેની કાંઇ ખબર અંતર મળતી નથી ત્યારે જો તે સ્ત્રી જુવાન અને વળી પૈસાદાર હોય છે તો તેને પરણવાને માટે કુંવારા પુરૂષો બેવકુફાઇ કેટલી હદ સુધી લઇ જાય છે અને તેટલામાં જો તેણીનો ધણી નિકળી આવે છે ત્યારે તેઓની કેવી હાંસી થાય છે તે નીચલી વાત પરથી માલુમ પડશે.

બીચવુડ હૉલનો માલીક સર જૉન ડેનીયર્સ મરી પામ્યો એમ બતાવનારૂં પાટયું તે મહેલના દરવાજા પર મુકવામાં આવ્યું અને તેની જુવાન વિધવા તેની મોટી મીલકતની માલીક થઇ છે એમ માલુમ પડયું કે તરતજ તે મીલકતની આસપાસ વીસ વીસ ગાઉ સુધીમાં જેટલા કુંવારા શખ્સો હતા તેટલા તેને પરણીને ભાગ્યશાળી બનાવાને આતુર થયા. તેઓ જથાબંધ, શોકનો પોશાક પેહેરીને તેણીને ત્યાં આવવા લાગ્યા અને દીલગીરી બતાવવાને અને દીલાસો દેવાને બહાને તેણીનો પ્યાર પોતાના તરફ ખેંચાય એવી યુક્તિઓ કરવા મંડયા.

તેણીનો વકીલ જે ઉમરે વર્ષે સાઠનો પણ દેખાવે તંદુરસ્ત હતો તેણે પહેલ કરી. વાત કરતાં તેણીને જણાવ્યું કે તે તેણીનો વકીલ હોવાથી તેને જે મળતું તેના કરતાં તેણીના ખાનગી કામમાં મદદ કરીને કામનો બોજો તેણીના ઉપરથી ઓછો કરી શકે તો પોતાને બધું મળ્યું એમ તે સમજતો હતો. તેણીનો ભાગ્યશાળી પતિ થવાને યુક્તિઓ તેણે કામે લગાડવા માંડી. પણ જે યુક્તિઓથી આંધળી દેવીનાં મંદીરો (ન્યાયની કૉર્ટો) માં તે ફાવી ગયલો તે આ દેખતી દેવીની સનમુખ પાર પડી નહિ.

ખરેખર તેણીને વિધવા થવાને છ અઠવાડીયાં ભાગ્યેજ પુરાં થયાં હશે એટલામાં તેણીના આશકોની સંખ્યા એટલી તો વધી ગઇ કે તેઓએ પોતાના પ્યારની નિશાની રસ્તા વચ્ચે તેણીને બતાવવા માંડી. તેણીના ઘરની આજુબાજુની જગ્યા આશકોનો અખાડોજ બની રહી. જો લગ્નની જુસરી પોતીના ગળામાં તેણી ફરીથી નાખવા ચહાય તો પસંદ કરવાની આવી ટક તેણીને કોઇ દીવસ મળે નહિ. કારણ કે થોડાને ઘણા પિસતાળીસ જણાઓ તેણીના પ્યારમાં ફસેલા હતા અને તેમાંનો દરેક પોતાનો સાચો પ્રેમ અને તેણીની દોલત તરફની પોતાની બેદરકારી બતાવવાને પોતાની જીંદગી પણ જોખમમાં નાખવાને તૈયાર હતો. તેણી જો કદાચ પોતાની બારી ઉઘાડતી તો વરસાદના દહાડામાં કરાં પડે તે માફક સંખ્યા બંધ પ્રેમ પત્રીકાઓ તેણીના પગ આગળ આવીને પડતી! જો તેણી પોતાના બાગમાં ફરતી તો દરેક છોડ પછાડીથી અકેકો આશક નિકળી આવી તેણીના આગળ ઘુંટણીએ પડતો. કેટલાક વળી ગાંડા જેવા બની વાલેલી અણીદાર લાકડીઓ લઇ બાગમાં આંમ તેમ ભટકતા અને ઝાડને નુકસાન થશે તેની દરકાર રાખ્યા વગર દરેક ઝાડ પર તેણીનુ નામ કોટરતા. તેણીના ઘરના દરેક ચાકરને આ આશકોએ પૈસાથી મારેલો હતો અને તેથી તેણીને પોતાના એકે એક નોકરને વર્ષમાં બે વાર બદલવાની જરૂર પડતી.

પણ જ્યાં સુધી મન ખુટેલ થયું નથી ત્યાં સુધી બહારના હુમલાની તે દરકાર કરતું નથી. તે વિધવાના મગજમાં "પેહેલો પ્યાર" "મરનાર તરફ માન" વિગરે જેવા હાલના વખતને નહિ છાજતા વિચારો ભરેલા હતા અને જો કે તે ખરેખરા બેવકુફાઇ ભરેલા હતા તોપણ તેથી લગ્નની ઝુસરી બીજી વાર પોતાને ગળે ઓળવવાને તેણી અચકાતી હતી.

જેમ જેમ તેણીના આશકો વધતા ગયા તેમ તેમ દરેકની ફતેહની આશા અલબત્ત ઓછી થતી ગઇ અને નિરાશાના પ્રમાણમાં તેમની ઉદ્ધતાઇ એટલી વધી ગઇ કે આ ઘોલ-ઘાયાઓએ તેણીના મહેલમાં પણ વગર બોલાવે ઘુસવા માંડયું.

એવું બન્યું કે એક દીવસ તે વિધવા થોડેક છેટે પોતાની એક બહેનપણીને મળવા ગઇ અને ઘરમાં પુરૂષોમાં ફક્ત બબરચી અને ચાકરનો છોકરો મળી બે જણા હતા. સંધ્યાકાળે એક ઘોડેસ્વાર મહેલના દરવાજા આગળ આવી પહોંચ્યો અને પોતામાં હતું એટલું જોર વાપરી ઘંટ ઠોકવા મંડયો. તે ઊંચો અને લશ્કરી દેખાવનો માણસ હતો અને તેનો ચેહરો દેખાવડો હતો પણ તેના પર મશ્કરીની છાપ હતી જે તેની ખુબસુરતીને એબ લગાડતી હતી. તેણે ઘોડા પરથી ઉતરી લગામ ચાકરના છોકરાના હાથમાં સોંપી ઘોડાને તબેલામાં લઇ જઇ સારી પઠે ખવડાવવાને તથા માલીસ કરવાને ફરમાવ્યું. બધા ચાકરોએ એકે અવાજે કહેવા માંડયું કે "સાહેબ બાઇ ઘરમાં નથી." તોપણ જમવાના ઓરડામાં ચાલ્યો ગયો અને બબરચી જે તેની પછવાડે ગયો હતો તેને કહ્યું કે આ પાકીટ તારી બાઇના ઓરડામાં લઇ જઇને મુક અને ત્યાં દેવતા સળગાવજે કારણ કે ત્યાં ઠંડી છે.

તે બબરચીએ કહ્યું "ઘણીજ ઠંડી છે." બબરચીએ "ઠંડી" શબ્દ હવાને બદલે બોલનારની ચાલને લગાડયો હતો, અને તોછડો જવાબ આપવાની તૈયારીમાં હતો એટલામાં તે મુસાફરે, ગજવામાંથી રૂમાલ કહાડતો હોય તેમ દરેક ગજવામાંથી અકેકી પીસ્તોલ કહાડી અને પોતાની આગળ ટેબલ પર મુકી.

બબરચી હથીયારોથી ઘણોજ બીહીતો હતો તેથી મુસાફરના હુકમ મુજબ અમલ કરવાને જાણે તાકીદે જતો હોય એમ ચાલી ગયો પણ ખરૂં કારણ તો મુસાફરની ચાલ બાબત પોતાને પડેલો શક સ્ત્રી નોકરોને જણાવવાનું હતું, પણ તેઓએ થોડીક વાત કરી તેટલામાં તો ઘંટ જોરથી વાગવા માંડયો અને ફરી તેમ કરવાનું કારણ જાણવાને તે મુસાફર પાસે ગયો.

તેણે જમવાના ઓરડામાં પેસતાંજ પુછયું "સાહેબ, શો હુકમ છે?"

પેલાએ જવાબ દીધો "ખાવાનું લાવ?"

બબરચીએ થોડી વાર થોભીને કહ્યું "સાહેબ બહુજ દીલગીર છું પણ ઘરમાં કશું નથી."

પેલાએ જવાબ દીધો "મરઘીના ખડામાં તપાસ કર અને એક કલાકની અંદર મરઘીનું ભુંજેલું બચ્યું લાવી આપ." બબરચીએ આમ તેમ જોવા માંડયું પણ એટલામાં તે મુસાફરે પીસ્તોલો તરફ નજર ફેરવતાંજ તે સમજી ગયો અને મરઘીનું બચ્ચું આપ્યાથી તેઓને નુકશાન થતું મટશે એમ બીજા ચાકરોને સમજાવવાને તે દોડી ગયો. અડધા કલાકમાં તો વરાળ નિકળતું ભાણું મુસાફર આગળ ધરવામાં આવ્યું. ટેબલ પર પ્યાલાં રાખેલાં હતાં તે શોભાને માટે તો રાખેલાં હોવાંજ ન જોઇએ એમ સમજીને તે એકજ શબ્દ બોલ્યો "દારૂ."

જ્યોફ્રી બોલ્યો "સાહેબ, તે અમો મેળવી શકીએ તેમ નથી કારણ કે દારૂની કોટડીની કુંચી શેઠાણી પોતાના ગજવામાં રાખે છે."

પેલાએ જવાબ દીધો "છટ! દારૂની કોટડીને ફક્ત એકજ કુંચી હોય એમ કોઇએ સાંભળ્યું છે? મોટા માણસના ઘરમાં પીસતોલની માફક દારૂની કોટડીની કુંચીની પણ જોડી હોય છે."

આ ઇસારાથી ધારેલી અસર થઇ. જ્યોફ્રી ગેબ થઇ ગયો અને થોડીક પળમાં તો દારૂ લાવીને તેણે હાજર કર્યો.

ત્યાર પછી થોડા વખત રહીને ગાડીનાં પૈડાંના અવાજથી લેડી ડેનીયર્સ આવતી હોય એમ જણાયું અને તેણી મીજાજની કડક હોવાથી ઉપલી ખબર સાંભળી આ બધા તોફાનનો

ખુલાસો માંગવાને જમવાના ઓરડામાં એકદમ ગઇ. બીજીજ પલે ચાકરોએ પોતાની શેઠાણીની એક મોહોટી ચીસ સાંભળી અને તેને મારી નાંખે છે એમ ધારીને વફાદારી બતાવવાને ઘરમાંથી બહાર નિકળી ગયા અને દાકતરને બોલવવાને ઉંધેજ રસ્તે બનતી ત્વરાથી દોડ્યા.

તે સ્ત્રીએ તે મુસાફરને જોયો કે મોટી ચીસ પાડી અને જાજમ પર મુર્છા ખાઇને પડી. હવે જ્યારે કોઇ પુરૂષનું ભાન જતું રહ્યું હોય છે ત્યારે તે પાછું આણવાનો સૌથી અકશીર ઇલાજ તેને લાતો મારવાનો અને આમ તેમ રગદોળવાનો છે પણ જ્યારે સ્ત્રીને તેમ થાય છે ત્યારે તેને માટે જુદો ઇલાજ કરવો પડે છે. તે મુશાફરે તેણીને પોતાના હાથમાં ઉપાડી લીધી, અડધું ગ્લાસ પાણીનું તેણીના ચેહેરા પર છાંટયું અને બાકીનું તેણીના ગળામાં રેડયું અને તેથી આખરે તે પાછી શુધ્ધીમાં આવી.

તેણી જ્યારે જરા શાંત થઇ ત્યારે પુછ્યું "સર જૉન ખરેખર તમેજ છો?"

તેણે જવાબ દીધો "કેરોલાઇન. તે મેં મારા કૃત્યથી બતાવી આપ્યું છે, કારણ કે ભૂતો દારૂ પીતા નથી અને મરઘીનાં બચ્ચા ખાતાં નથી."

તેણીએ પુછ્યું "ત્યારે તમને ઘાતકી આશાન્ટી લોકોએ મારી નાખ્યા ન હોતા?"

સર જૉને કહ્યું "તમે આ આબરૂદાર અને ફોકટના નિંદાયલાં લોકોને ઘણોજ ગેરઇનસાફ આપો છો. તેઓને મારૂ માંસ ખાવા કરતાં મારી સોબત એટલી બધી પસંદ પડી કે તેમની પરોણાગતનું અપમાન કરી તેમની પાસેથી છુટી આવતાં થોડીક મુસ્કેલી નડી."

તેણીએ પુછ્યું "વાહાલા, ત્યારે તમે તેમનો સારી રીતે આભાર માન્યો કે?"

સર જૉને કહ્યું "તેઓએ મને પોતાના આભાર ટળે એટલો બધો દાબી દીધો હતો કે મારા આયુષ્યની દોરી તુટી જવાની તૈયારીમાંજ હતી. કારણ કે જે ભલા ગૃહસ્થના આશરા ટલે હું હતો તેણે પોતાને છોડી જવાને તૈયાર થયેલો મને જોયો ત્યારે જ્યાં સુધી બન્યું ત્યાં સુધી તે માહારી પાછળ આવ્યો અને આખર છેત્રટની વીદાયગરી તરીકે પોતાની બંદુક માહારા ઉપર ફોડી અને તેમાં તેણે ગોળી ભરેલી હોવાથી તે માહારા ખભાં વચ્ચે વાગી."

તેણીએ કહ્યું "અરે! કેવું ખરાબ ઘાતકી કામ! અને તમે એવી હાલતમાં આખો રસ્તો ચાલીને આવ્યા?"

"માહારી વહાલી હું પુરા બસો વાર પણ ચાલ્યો નહિ. કારણ કે લોહી વહેવાને લીધે અશક્ત થવાથી એક ખાઇમાં હું પડયો. ત્યાંથી સાઠ વર્ષની એક આશાન્ટી તરૂણીએ મને કહાડયો. તેણી એવી ખુબસુરત હતી કે જો તમે તેને જોઇ હોતતો અદેખાઇ ઉપજત. તેણીએ શોધી કહાડીને જંગલી વનસપતી ઘા ઉપર બાંધી તેથી તે રૂઝાયો. અને મને કેપ કોસ્ટ કેસલ સુધી છાંનો રાખીને લાવી. ત્યાં મહારા મરણની એવી પક્કી સાબેતીઓ આપવામાં આવી કે એક માહારો દોસ્તદાર જેની આગળ મેં તે ખોટી પાડવાની તજવીજ કરી તેણે મને લડવાનું આમંત્રણ મોકલ્યું."

"ત્યારે તમે તેની સાથે લડયા પણ ખરા કે?"

"ના. કારણ કે તમારી ચીંતા દુર કરવાને અને માહારી મીલકતનો વહીવટ કરનારાઓની મહેનત બચાવવામે વેહાણમાં બેસી ઇંગ્લંડ આવવાને હું ઘણોજ આતુર હતો. પણ હવે માહારો ભત્રિજો કેમ ચાલે છે?"

"તેની તબીયત સારી છે, ઘણી મઝા મારે છે અને તેને ખેતાબ મળ્યો ત્યારથી ઘણોજ મગરૂર થયો છે."

"તેને માટે હું બહુજ દીલગીર છું કારણ કે મેં હજી સંસાર ત્યાગ કર્યો નથી."

આ વખતે ઓરડામાં આવવાના રસ્તા તરફ અવાજ થતો સંભળાયો. તે અવાજ ચાકરો પાછા આવવાથી તેમનાં પગલાંનો હતો. તેઓ પોતાની સાથે તે સ્ત્રીના આશકોમાંથી ચૌદ જણાને તેડી લાવ્યા હતા અને તે કૃર ચંડાળ પોતાના ત્યાં આવતા પહેલાં સટકી ગયેલો હોવો જોઇએ એમ તેમના મનમાં ખાત્રી હોવાથી તેણીને બચાવવાને બહાદુરીથી ધસ્યા.

પણ જ્યારે ઓરડામાં તે મુસાફરનો અવાજ તેઓએ સાંભળ્યો ત્યારે તેમની બહાદુરી નરમ પડી ગઇ અને પહેલો કોણ દાખલ થાય તે બાબત તેઓ માંહો માંહે જીકર કરવા લાગ્યા. આખરે છેવટ રહેલો એક ગામડયો, જે ઓરડામાં શું થતું હતું તે જોવાને આતુર હતો તેણે, પોતાની આગળના માણસને કોદાળીના હાથા વટે અજાણપણે હડસેલો માર્યો. તેણે પોતાની આગળનાને હડસેલ્યો અને એ પ્રમાણે એક એકને ધક્કો મારતાં બધા સામટા તે ઓરડામાં આવી પડયા અને ત્યાં જીવતા સંટ જૉનને પોતાની બાયડી જોડે એકસો વાતો કરતો દીઠો!

કદાચ વાંચનાર એમ ધારશે કે આ વખતે બૅરોનેટે પોતાની તરવાર કહાડી બધાને પોતાના મહેલમાંથી હાંકી કહાડયા હશે. પણ તેણે તેવું કશું કર્યું નહિ. તે નોકરી કરતાં ઘરડો થયો હતો અને દુનિયાંનો તેને પાકો અનુભવ હતો, અને આ ચૌદ મૂર્ખોની સાથે દુશ્મનાઇ કરવી તેના કરતાં તેમને મેળવી લેવા એ તેને સારૂ લાગ્યું. તેણે ક્લૅરેટ દારૂની બાર બાટલીઓ મંગાવી અને આખી રાત તે સઘળાઓએ રમત ગમતમાં ગાળી.

વૈદરાજની શીખામણ.

લખનારઃ—**મીસ મેહરબાનુ કા. દાબર.**

"હવે આનંદ! તારૂં શીખવું સઘળું પુરૂં થયું છે, તું હિન્દુ વૈદું સર્વ પુરતું શીખ્યો છે; ફક્ત એકજ ચીજ બાકી રહી છે. જે શીખ્યાથી તું પાક્કો વૈદ થશે."

"હજી એક ચીજ બાકી છે? ગુરૂજી!" આનંદે પુછતું. "એ શું બાકી રહ્યું છે તે જણાવો, માહારાજ."

"તે એમ ન કહેવાય, તે કહેવાના સો રૂપ્યા બેસ્સે, સો રૂપ્યા!" આનંદનો વૈદ શાસ્ત્રી બોલ્યો.

આ સાંભળી આનંદ જીવરામનો જીવ બહુ દલગીર થયો. તેના બાપ જીવરામે, આનંદ એક પુરો દીકરો હોવાથી, પોતાના બધા પૈસા તેના ઉપર ખર્ચી તેને એક કાબેલ વૈદ કરવા ઇચ્છયું. આનંદનાં પિતાએ તેના ઉપર બહુ ખર્ચેલું હોવાથી હવે વધુ સો રૂપ્યાની રકમ એકદમ તે આપશે નહીં એમ તેની ખાત્રી હતી. તેથી તે નિરાશ થઇ ઘરે ગયો.

"કેમ દીકરા, આજ કાંઇ ઉદાસ દીશો છો?" આનંદની માતાએ તેને ખુણામાં ગંભીર બેઠેલો જોઇ પુછયું.

"મા આજ વર્ષોથી હું વૈદપણું શીખ્યો, અને તે શીખવામાં મને પીતાજીએ નાણાંની બહુ મદદ કરી, જેથી હું શીખીને કેવળ સંપુર્ણ વૈદ બન્યો છું; પણ ફક્ત એક ચીજ બાકી રહી છે, જે શીખવવાનાં વૈદરાજ એકસો રૂપ્યા માંગે છે. બાપા હવે એટલા રૂપ્યા આપશે નહીં. હમણાં ઘણીક વેળા થોડા પૈસા આપતાં એઓએ મને ધમકાવી કાઢયો હતો. છેલ્લાં કહ્યું હતું કે 'હવે એક પાઇ પણ વધુ આપીશ નહીં, તું ઘણો ખર્ચ કરેછ, કરાવેછ.' ત્યારે કહો મા હવે તે એક ચીજ શીખવાને હું પૈસા કયાંથી લાઉં? તે જો ન શીખ્યા તો આજ વર્ષોની મહેનત બરબાદ જાય. શું હું કાબેલ વૈદ ન કહેવાઉં કે? અરે એટલા પૈસા કયાંથી આવશે. આ માહારાજે આપણને નિચોવી લીધાં છે."

"એક સોની રકમ આપણને કાઢવી બહુ કઠણ છે બેટા, પણ તું દીલગીર થઇશ મા. એટલા રૂપ્યા મારા કને છે તે માહારાજને આપી બાકી રહેલું શીખી આવ. પછી મારો દીકરો વૈદનો ધંધો ચલાવશે ત્યારે પૈસા પૈસા સારૂં અટકી રેહવું પડશે નહીં." તેની માએ કહ્યું.

તેની માએ તેને બીજે દિવસે સો રૂપ્યા આપ્યા જે લઇ તે મહારાજ કને ગયો, અને તેના પગ પાસ સો રૂપ્યાની ઠેલી મેળી, પગે લાગી પેલી બાકી રહેલી ચીજ શીખવા માંગી.

માહારાજે નાણાંની ઠેલી ઉપાડી લેતાં તેને કહ્યું. "આનંદ, જો તને પક્કામાં પક્કો વૈદ થવાની ઇચ્છા હોય તો આ બેલો યાદ રાખજે. 'ધાસ્તી માણુસને મારે છે, અને ધાસ્તી માણુસને જીવાડે છે.' આટલા શબ્દો યાદ રાખશે તો તું પક્કો વૈદ થશે. હવે જા! આ શબ્દો સુનાંને મુલનાં છે, તે વિસરીશ માં." વૈદ શાસ્ત્રી આટલું બોલી ઉઠી ગયા.

આ શબ્દોની સો રૂપ્યા કિંમત? નકામા સો રૂપ્યા પાડવા માટે આનંદને ઘણો ખેદ થયો. એ બોલોમાં શું દમ હતો?

વખત વહી ગયો આનંદે ધીરે ધીરે ધંધો ચલાવવા માંડયો. તે વૈદપણામાં બહુ કમાવા લાગ્યો. જ્યાં જુઓ ત્યાં આનંદ વૈદ પેહલો. તેને હાથનાં ઓષડો વખણાય, સઉને તેનાં ઓષડોથી ફાયદો થાય. જ્યાં ત્યાં એની વખાણુ થાય. સઉએ એનું નામ "દર્દનો વેરી વૈદ," એમ રાખ્યું હતું.

કેટલાંક વર્ષ એ મુજબ વહી ગયાં, જે અરસામાં માહારાજ બીજે દેશ ફરી આવ્યા, ત્યાંથી નિકળ્યા પછી એક વેળા પણ મહારાજ અને આનંદ વચ્ચે મેલાપ થયો ન હતો.

માહારાજનાં ગામથી પાછા ફર્યો બાદ એક દિવસ એક મોહલ્લામાં તેઓનો ઓચીંતો મેલાપ થઇ ગયો. જે વેળા મહારાજે ઘરડી આંખે આનંદને ઓળખ્યો નહીં, પણ આનંદે તેને તુર્ત ઓળખ્યો.

માહારાજની નજદીક જઇ લાગી આનંદે તેને ઓચીંતું કહ્યું, "ઓહો? શેઠ તમો બહુ માંદા દીશો છો, બ્હાર આવી સર્દ હવામાં ફરશો ના, ઘરે જઇ તમારા વૈદની સલાહ લઇ કાંઇ ઇલાજ કરો."

"માંદો? હું માંદો દીશું છું?" માહારાજે હસીને કહ્યું. "મને તો કાંઇ નથી? હું આજના જેવો તંદરોસ્ત કદી હતો નહીં."

"તેમ તમો ધારતા હશો! પણ હું વૈદ છું. મને ત્યાંના લોક 'દર્દનો વેરી વૈદ' એ નામે ઓળખે છે. હું સાફ જોઉં છું કે તમો માંદા છો; શેઠ, હું તમને ફોકત ધબરાવતો નથી, તમને આગળથી ચેતવું છું. એ એવી જાતનું દર્દ છે કે થોડા વખ્ત આગળજ માણસને માલમ પડતું નથી. તમને આ જે દર્દ લાગું પડયુંછ તે બહુ માઠું છે. એની અસરથી તમો ચોવીસ કલાકની અંદર દેવલોક થશો. વાસ્તે તમને ચેતવું છું. હું કહુંછ તેમ વેહલા ઉપાયો લેવો."

"મરણ પામીશ? દેવલોક થઇશ? એ શું બોલો છો! મને હમણાં કાંઇ નથી ને ફક્ત ચોવીસ કલાકનાં અરસામાં હું દેવલોક થઇશ! તમો વૈદ નહીં પણ ખરા મુર્ખ છો." આમ સામો ઉત્તર દઇ માહારાજે ખડખડ હસી ત્યાંથી ચાલતી પકડી.

આમ બોલી તે બેદરકાર થઇ હસ્યો ખરો પણ તેના દિલમાં એ બોલોથી જબરી ધાસ્તી પડી, અને બ્હીકથી તેના હોશ ઉડી ગયા જે કબુલતાં તે શરમાયો. ફીકરથી તેનું દિલ કાંપવા લાગ્યું. પેટમાં જબરી ફાળ પડી, અને હાથ પગ ધ્રુજવા લાગ્યા.

"ગમે તે પણ એ કોઇ વૈદ છે; મને કાંઇ છુપ્યું દર્દ લાગું પડયું હશે તે એની ચપળ નજરે જોઇ લઇ પારખી કાઢ્યું છે. રે હાય; ચોવીસ કલાકમાં હું માતીનો ઢગ થઇશ કે શું? ચોવીસ કલાકમાં જમદુતનો ભોગ થઇશ કે કેમ! હાય; હાય! હવે કેમ કરવું!"

ઉપલું બબડતો ભયથી તનબદન કાંપતો મહારાજ ઘરે ગયો.

ઘર જઇ પુગે તે આગમજ ધાસ્તીથી તેના પગ ધીલા થઇ ગયા. તે ઘરે જઇ બીછાનામાં પડી બરાડવા અને રડવા લાગ્યો. વૈદ ઉપર વૈદ બોલાવ્યા, અને માવજત ઉપર માવજત ચાલી રહી પણ માહારાજને કાંઇ ફેર પડે નહીં. તેને મોંહમાં ધરેલો શબ્દ "હું થોડા વખતમાં મરી જઇશ" નિકળ્યો નહીં. જેટલા વૈદો આવ્યા એ બધાઓએ તેનું દર્દ પિછાણ્યું નહીં. કોઇ વૈદ કાંઇ કહે તો કોઇ કાંઇ. બીજો બીજું ઓષડ આપે તો બીજો બીજું. કોઇબી એક મત થાય નહીં!

"અરે કોઇ પેલા વૈદને મેળવી આપો! તેને કોઇ તેડી લાવો! તેને અહીંનાં લોક 'દર્દનો વેરી વૈદ' કરી ઓળખે છે તેને તેડી લાવો! તેને મારૂં દર્દ પિછાણ્યું છે. તેજ ઓષડ આપશે તેને તેડી લાવો! નહીં તો વળી વખત ચાલ્યો અને હું મરી ગયોજ જાણવું."

આ જાણતાંજ કેટલાકો આનંદને તેડી લાવ્યાં. તેને મહારાજને જઇ પુછયું—

"કેમ શેઠ? તમારૂં દર્દ કોઇએ નહીં પિછાણ્યું? ઠીક કર્યું મને તેડયો તો, હું કહું તે ઓષડ ન કરો તો તમો ચોવીસ કલાકની અંદર મરણ પામશો!"

"વૈદરાજ; તમો જે ઓષડ આપશો તે હું પીઇશ, જલદી કરો! મને તે ઓષડ આપો! અરે હાય; ચોવીસ કલાક હમણાં સરખા વહી જશે." મહારાજે અકળાઇને અધીરાઇ બતાવી.

"ઠીક ત્યારે તમને નવા જન્મે જીવાડવા છે! તમને તે દવા આપ્યા આગમજ મારે તેનું દામ લેવું જોઇએ. માહારાજ એનું દામ સો રૂપ્યા બેસશે, તે આપો તો ઝટ તમને ઉઠાડી ઉભા કરૂં. સઘળું દર્દ એકદમ મતાડી દું."

"તે લેજો વૈદરાજ! તે લેજો મને જલદી ઓષડ દ્યો."

"ના, પેહલાં રૂપ્યા ગણી આપો તો આ ખાટલે અડયા છો ત્યાંથી ઉઠાડી વાઘ જેવા ફરતા બનાવી દું."

મરવાની બ્હિકથી માહારાજે ઘરનાં માણસ પાસથી સો રૂપ્યા આનંદને અપાવ્યા, જે લઇ માહારાજની છેક નજદીક જઇ બોલ્યો "માહારાજ; આપ મને ઓળખો છો?"

"ના ભાઇ, મોહલ્લામાં તને મળ્યો તે આગમજ મેં કદી તને જોયો સરખોએ નથી" માદા પડેલાએ જણાવ્યું.

"ના, એમ નથી, તમો ચુકો છો હું તમારો ચેલો છું. વર્ષો આગમજ હું તમારા હાથ હેઠળ શીખતો હતો; અને પાઠ શીખવ્યા વના તમોએ મને કાચો વૈદ કહ્યો. તે એક પાઠ શીખવવાનાં તમોએ સો રૂપ્યા મારા કનેથી લીધા, તે બાકી રહેલો પાઠ તમે મને શું કહ્યો હતો તે યાદ છે? 'ધાસ્તી માણુશને મારે છે.—ધાસ્તી માણસને જીવાડે છે.' આ તમારી સો રૂપ્યાનાં મુળની શીખામણ તે અધુરો રહેલો પાઠ હતો. એ મેં આજ સુધી કોઇ ઉપર અજમાવ્યું ન હતું. આજે તમો ઉપર મેં અજમાવી જોયું, તેની અસર થઇછ. મેં તમને ખોટી ધાસ્તી આપી માહારાજ કે, તમો ચોવીસ કલાની અંદર મરણ પામશો. જેથી હેબતી જઇ તમો મરણ કાંઠે આવ્યા હોય એવા માંદા થઇ ગયા. હવે સો રૂપ્યા ખર્ચવાની ધાસ્તીથી તમે લગભગ સાજા થઇ ગયા છો. તમને કાંઇ નથી. મારી આપેલી ધાસ્તીથી તમે હબતાઇ ગયા હતા, માટે હવે બિછાણામાંથી બ્હાર પડો."

આ સાંભળી માહારાજ તુર્ત ઉઠયા, તેને કેવી રીતે ઠગી સો રૂપ્યા લેવામાં આવ્યા એ તેને માલમ પડયું. તેને મોટી ધાસ્તી આપેછ એટલું આગમજથી માલમ ન પડયું તે માટે મહારાજ પશેમાન થયો, તેની ધાસ્તી ઉડી ગઇ, એટલે તેને અસલ માફક જોર આવ્યું. વળી સો રૂપ્યા ખર્ચવા પડયા તેની ધાસ્તીથી કમાવાનું દિલમાં સામું વધુ જોર આવ્યું.

પ્રાણ અને પ્રકૃતિ જોડે જાય.

લખનારઃ—**માંજીભાઇ ભ. ત્રિવેદી.**

ઉપલી કહેવત દરેક જણને માલમ હશે. માણસને પડેલી ટેવ ગમે એટલી મહેનત કરતાં પણ મટતી નથી તેનો એક રમૂજી દાખલો કહેવતનું મૂળ થઇ પડયો છે તે નીચે આપ્યો છેઃ—

કોઇ એક દેશમાં એક ગુજરાતી સોની રહેતો હતો. તેને એક છોકરો તથા એક છોકરી હતાં. છોકરી પરણેલી હોવાથી સાસરે રહેતી હતી એટલે દુકાનમાં બાપ દીકરો બે એકલા રહેતા હતા. બાપ ઘરડો થઇ જવાથી કામ કરવા અશકત હતો તેથી દુકાનનું બધું કામ છોકરો એકલોજ કરતો હતો. પરંતુ બાપ ઘડપણસુધી જે સોનું ગાળવાનો ધંધો કરેતો હતો તે દુકાનથી દુર રહી શકતો ન હતો તેથી દુકાનમાં પડતાં બારણા આગળ અંદરના ખંડમાં ખાટલો ઢાળી તેમાં આખો દીવસ પડયો પડયો છોકરો કેમ કામ કરે છે તે તપાસતો હતો.

એક દીવસ ડોસાની છોકરી થોડુંક સોનું લઇ ઘાટ ઘડાવવા પોતાના બાપને ઘેર આવી. દુકાનમાં છોકરો કામ કરતો હતો તેની પાસે જઇ બેઠી અને ભાઇ ઘાટ કેમ બનાવે છે તે જોતી હતી.

સાધારણ માનવા પ્રમાણે સોનીને સોનું ચોર્યા વગર કળ વળતી નથી. તેથી ડોસાના મનમાં પોતાની દીકરીનું સોનું ચોરવાનો ઇરાદો થયો; પણ પોતાનો છોકરો તેની બહેનના સોનામાંથી સોનું નહીં ચોરે એવા વિચારથી તે બીચારો ઘણો મુંઝાતો હતો.

ઘરડા માણસો હંમેશાં રામનું નામ લેતા પડયા પડયા તકોર કરે છે એ સાધારણ રીવાજ છે, તે રીવાજનો લાભ લેઇ ડોસાએ પોતાના છોકરાને સોનું ચોરવાની સૂચના કરવાનો નિશ્ચય કર્યો.

તે ઉપરથી તે ડોસાએ ખાટળામાં પડેપડે બોલવા માંડયું, “ઓ રામ, તારે મન સહુ સરખાં છે; ઓ રામ, તારે મન સહુ સરખાં છે.”

આમ કહી છોકરાને સુચવ્યું કે તારે સહુને સરખાંજ ગણવાં અને આ બહેન છે એમ જાણી સોનું ચોરવું નહીં એમ કરવું નહીં. પોતાના કહેવાનો ભાવાર્થ છોકરો કદાચ નહીં સમજે તો નાદાન સોનું જવા દેશે એ વિચારથી ડોસો બહુ પીડાતો હતો, પણ ઉઘાડે છોક બોલાતું ન હોતું તેથી ઉપલું વાકય વારંવાર બોલી છોકરાનુ ચિત પોતા તરફ દોરવતો હતો.

પણ મોરનાં ઇંડા ચિતરવાં પડતાં નથી. છોકરો પણ સોની બચ્ચોજ હતો, તેથી તેણે પોતાના બાપની વિચારને અનુસરીને સોનું ક્યારનું એ છાનું માનું રાખમાં સંતાડી દીધું હતું. પણ ડોસાને તે ખબર ન હોતી તેથી તે તો ઉપલું વાકય ઘાંતો કહાડીને બોલ્યાજ કરતો હતો.

આથી છોકરો કંટાળ્યો અને ધમકીના અવાજે બોલ્યો, “રામ રામ શું કરોછો? રામે લંકા કે દહાડાની લુટી લીધી છે.”

ડોસો સમજ્યો અને ઉંડો નિશ્વાસ નાંખી છાનો રહ્યો.

સોનીને સોનું ચોરવાની તેમ બીજાઓની ખાશીઅત કદી જતીજ નથી. કહેવત છે કે “કુતરાની પુછડી સો દીવસ દાટી પણ પાછી કહાડી ત્યારે વાંકી ને વાંકી” માટે જન્મ પ્રકૃતિ કદી જતી નથી.

દેન લોકોની એક દંતકથા:

મોટો કલોસ અને નાનો કલોસ.

લખનાર—"**બે જોડયા કામા.**"

નીચલી રમુજી દંતકથા દેન લોકોમાં ઘણી સાધારણ છે અને અમારા વાંચનારાંઓની રમુજ ખાતર નીચે ઉતારી લઇયે છીએ, પણ તેમાં જણાવેલા બનાવો માનવા કે નહીં તે તેમનીજ મુનસરી પર મેળ્યે છીયે:—

એવું કેહવામાં આવે છે કે દેનમાર્કનાં એક ગામડાંમાં બે ખેડુત રેહતા હતા; જેમાંનાં એકનું નામ મોટો કલોસ અને બીજાનું નામ નાનો કલોસ કરીને હતાં. મોટા કલોસ પાસ પઇસાનું જોર હોવાથી નાના કલોસને તે ધિક્કારતો હતો; પણ ગામડાનાં સર્વે લોકને માલમ હતું કે નાનો કલોસ ગરીબ હતો તો શું થયું, પણ મોટા કલોસ જેવા દસ જનાને વેચી આવે એવો ચપરખંધો હતો.

એક દીને એ બંને ખેડુતો વચે કાંઇ પંચાતી થવાથી, ગુસ્સાના આવેશમાં આવી જઇ મોટા કલોસે નાના કલોસના એકના એક ઘોડાને કુહાડી મારી મારી નાખ્યો. નાના કલોસનું કશું ચાલ્યું નહીં, એટલે મુવેલા ઘોડાનું ચામડું કહાડી તેને સુકવ્યું. તે ચામડું પાસેનાં ગામમાં વેચી તેમાંથી પૈસા મેળવવાનો તેનો ઇરાદો હતો.

પંદરેક દહાડા રહીને પોતાનું સુકવેલું ચામડું લઇ નાનો કલોસ પાસેનાં ગામમાં જવા નિકળ્યો. કાંઇ ભોમ્યો નહીં હોવાથી તે રસ્તે ભુલો પડયો, અને રાત પડી ગઇ તોબી ગામડું તો આવ્યું નહીં. આસપાસ નજર કરે છે તો એક નાનું ઝુપડું તેને નજરે પડયું, અને અંદરથી બત્તીનાં કીરણો આવતાં હોવાથી દેખઇતું હતું કે તે વસાયલું હતું.

તુરત તેણે ત્યાં જઇને બારણું ઠોકયું.

"એ કોણ છે?" અંદરથી એક સ્ત્રીએ પુછયું.

"અરે–હું એક ભુલો પડેલો મુસાફર છું: મેહરબાની કરીને મને એક રાત ઉતારો આપો!" નાના કલોસે વિનન્તિ કરી.

"હું અહીં એકલી છું, અને મારો ધણી હમણાં બહાર ગયલો છે, માટે મારેથી તમને ઉતારો આપી શકાશે નહીં." આમ જવાબ મળ્યો.

નિરાશ થઇને નાના કલોસને પાછું ફરવું પડયું. આસપાસ નજર કરે છે તો પેલાં ઝુપડાંનું છાપડું તેને નજરે પડયું. તેપર ખાસું સુવાળું ઘાસ પાંથરેલું હોવાથી, સુવાનું સવળ પડે એમ હતું. "છાપડાં પર ચઢીને હું કરારથી સુઇ શકીશ" આમ વિચાર કરી પોતાનાં સુકાં ચામડાનું બોચકું ખભે મારી નાનો કલોસ છાપડાં પર ચઢયો.

ઉપર જતાં છાપડાંમાં તેને એક બાકારૂં જણાયું, અને તે વાટે અંદર ઓરડામાં તેણે નજર નાખી તો જોય શું? ઓરડાની વચોવચ ગોળ ટેબલપર એક નવજવાન શખ્સ બેઠેલો છે, અને તેની સામે તરેહવાર સ્વાદીષ્ટ મિષ્ટાનો મેળેલાં છે; જ્યારે પેલી સ્ત્રી તેની પાસે ઉભી રહી તેની ખુબ મદારત કરે છે! દેખઇતું હતું કે પેલો જવાન શખ્સ પેલી સ્ત્રીનો આશક હતો.

નાના કલોસને તો કકડીને ભુખ લાગેલી હોવાથી ટેબલ પર મુકેલી રોસ્ટ મુરગી તથા તળેલી માછલી જોઇ તેનાં મોહમાં પાણી છુટવા લાગ્યું. વાહ! આવું ખાણું જો હમણાં તેને કોઇ આપે તો કેવી મજાહ પડે! આમ ઉપર પડયો પડયો તે વિચાર કરે છે, તેટલાં તો

બહાર ઘોડાનાં પગલાં સંભળાયાં. તુરત પેલી સ્ત્રીએ પેલાં મિષ્ટાનો ટેબલપરથી ઉંચકીને ભઠ્ઠીમાં સંતાડી દીધાં, અને પેલો પકડાઇ ગયલો આશક તો ધ્રભરાટને મારે આમથી તેમ ઓરડામાં દોડવા લાગ્યો. તુરત પેલી સ્ત્રીએ તેને એક ખાલી પેટારામાં ઘાલી દીધો, અને સર્વે સાફસુફ કરી પોતાના ધણીને આવકાર દેવા બારણે દોડી.

આણી મેર પેલા નવા આવનારે તો ઝુપડાં પર એક માણુસ સુતેલું જોઇ તેને હેઠે ઉતરવાનો આગ્રહ કીધો.

"કાંય બા, છાપડાં પર કાંય સુતાછ? અંદર આવોની!" આમ આવકાર મળવાથી નાના ક્લોસને પુછવું પડે એમ ન હતું તેઓ તો લાગલા પોતાનું બોચકું લઇ નીચે આવ્યા; અને પેલા ઘરધણીની રજાથી અંદર આવીને બેઠા.

થોડાવારમાં પેલી સ્ત્રીએ પોતાનાં ધણી માટે સુફરો બિછાવ્યો, જે પર મુકેલું ખાણું બહુ સાદું હતું. પનીર, બાફેલું ગોસ્ત તથા પાઉં—એટલી ચીજોજ જણાતી હતી. નાના ક્લોસને તો ઉપરથી બાકોરાં વાટે જોયલું ખાણું યાદ હોવાથી, આ સાદું ખાનું તો ભાવેજ કયાંથી? તેણે નિરાશીથી પોતાના પગ ટેબલ નીચે હલાવ્યા, જેમ કરતાં તેનાં ચામડાંના બોચકાંને પગ લાગ્યાથી ચામડું ચરરર કરી બોલ્યું.

"ઓ એ શું?" પેલો ઘરધણી ચમકીને બોલ્યો.

"અરે કાંઇ નહીં," નાનો ક્લોસ, જેનાં માથામાં એક સારો વિચાર આવ્યો હતો તેણે આંખ મારી કહ્યું, "એ તો મારા કોથલામાંનો ભુત બોલેછ!"

"ભુત?" પેલાએ ફગલાઇને પુછયું, "તે શું કેહછ?"

"તે એમ કેહછ કે તેણે આપણે માટે સામેની ભઠ્ઠીમાં તળેલી માછળી તથા રોસ્ટ મુરગી લાવીને મુકેલી છે, માટે તે ખાઓ!"

તુરત પેલાએ અજાયબીથી ભઠ્ઠી ઉંઘાડી, તો ખરેખાત! અંદરથી તો પેલા ભુતના કેહવા મુજબનું સ્વાદીષ્ટ ભોજણ નિકળ્યું.

આ સઘળું પેલાએ તો ટેબલપર લાવીને મુકયું, અને નાલા ક્લોસે તો બાંહે ચઢાવીને સંધુ ચપાટી દીધું. આ સઘળું પેલી સ્ત્રી તો બારે દોળે જોયા કરતી હતી, પણ બોલે કેમ?

સંધું સાફ કીધા પછી વળી નાના ક્લોસનાં ભેંજામાં કીડો ચવડી આવ્યો. ભલા માણુસે તો વળી ચામડું પગવતી દાબ્યું.

"ઓ! વળી તમારો ભુત શું કેહછ?" ઘરધણીએ પુછયું.

નાના ક્લોસે તો પેલી સ્ત્રીને દારૂની બાટલીઓ સંતાડતાં જોયલી હોવાથી કરારને જીવે કહ્યું: "મારો ભુત કેહછ કે પેલા ઢોલ્યા નીચે દારૂની બાટલીઓ તૈયાર રાખેલી છે તે સુખે પીઓ!"

"તમારો ભુત તો કોઇ જબરો છે હોં!" દારૂની બાટલીઓ લાવતાં પેલા મુર્ખ ઘરધણીએ કહ્યું, "કેવું ચપાચપ બધું તૈયાર કરે છે!"

થોડાવારમાં બંને વચ્ચે અરધો દજન દારૂની બાટલીઓનાં માથાં ભાગાં, અને બંને જણુ તદન 'તૈયાર' થઇ ગયા.

"અરે, તમારો ભુત જરા મને તો દેખાડો!" દારૂની લેહરમાં પેલા ઘરધણીએ કહ્યું.

"વાહ! એમ કંઇ તે તમુને જણાય?" ખંધા ક્લોસે જણાવ્યું, અને જાણે વિચારમાં પડયો હોય તેમ ચાળા કીધા.

"પણ સબર! હું મારા ભુતને હુકમ કરૂં તો પાંચ મીનીટ સુધી માણુસનાં આકારમાં બદલાઇ જશે. જો તમને જોવાની ખાહેશજ હશે તો હું તેને તેમ હુકમ કરીશ." અને તુરત દોળા આકાશ ગમ ચઢાવી જે મનમાં આવ્યું તે જાણે મંત્ર ભણતો હોય તેમ બોલી ગયો!

"ચાલો હવે, પેલા પેટારામાં જઇને જોવો!—ત્યાં મારો ભુત માણસનાં આકારમાં બેઠેલો છે!" પેલી સ્ત્રીએ પોતાનાં આશકને જે પેટારામાં ઘાલી દીધો હતો તે પેટારા તરફ આંગળી કરી કલોસ બોલ્યો. "પણ સરત એ જે એકવાર તેને જોઇ પાછું ઢાંકણુ ઢાંકી દેવું."

પેલો ઘરધણી જે દારૂ પીને છેક છાકટો બન્યો હતો તે લઠડતો પેલા પેટારા તરફ ગયો. "અરે ખરેખર! ત્યાં કોઇ માણસ જેવું બેઠું છ ખરૂં!" ઢાંકણુ પાછું ઢાંકતાં તે બોલી ઉઠયો.

"મારો ભુત મને ઘણો કામ લાગે છે," કલોસે ભટાઇ ચલાવી, "અલાદીનના ફાનુસવાળા જીનની માફક જે હું ખાહેશ કરૂં છું તે તે તુરત પુરી પાડે છે—અરે, એ ભુત નહીં હોય તો મારૂં શું નું શું થઇ જાય" ૪૦.

"ત્યારે એ તમારો ભુત મને વેચશો? તમો કહો તેટલા પૈસા આપું." આમ પેલાએ કાલાવાલા કરવા માંડયા. પણ કલોસ બચ્ચો કાચો નહીં હતો. જેમ જેમ પેલો ખરીદવાને વધારે કાલાવાલા કરે તેમ તેમ તે ભારી થાય.

"લો!—હું તમને પાંચ પાયલી ભરીને સોનું આપું! નહીં?—ત્યારે લો, દશ પાયલી સોનું લો ને મેં તમને આશરો આપ્યો તેનાં બદલામાં એ ભુત મને વેચો!"

અંતે ચપરખંધા કલોસે દસ પાયલી સોનું લઇ પોતાના ભુતને વેચ્યો. છાકટો ઘરધણી તો પોતાનાં ભોળા પરોણાની મુરખાઇપર મુછમાં હસ્વા લાગ્યો. "દસ પાયલી સોનું ચાલી ચાલીને એને કેટલોવાર ચાલશે? બચારો ભોળો તો ખરો હો! કેવો મારે હાથે ઠગાઇ ગયો!"

નાના કલોસે તો દસ પાયલી સોનું લઈ પોતાનું ચામડાનું બોચકું પેલા હુસ્યાર ઘરધણીને સ્વાધીન કીધું, અને જાણે પોતે કેવો એક ઉપકાર કીધો હોય તેમ ચાળા કરી પોતાનાં મેજબાનની રજા લીધી. જતાં જતાં મેજબાનને કંઇ યાદ આવી જવાથી બોલી ઉઠયો; "પણ આય પેટારોબી લેતા જાવોની! એમાં મેં પેલા ભુતને જોયોછ ત્યારથી એ પેટારો જોઇને મને ધાસ્તી લાગેછ!"

નાના કલોસને બે વાર કહેવું પડે એમ ન હતું. એક ગાડાંવાળાને પકડીને અંદર દસ પાયલી સોનાના કોઠરા તથા પેલો પેટારો ગાડામાં મુકાવી ત્યાંથી ચાલતી પકડી. અલબત્ત અંદર પેલો આશક તો દિગમુઢ જેવો થઇને પડેલો હતો અને આ રમખાણુ સાંભળી પોતાનું શું થશે તે વિચારથી ઘભરાતો હતો. થોડે એક છેટો કાપ્યા બાદ એક નદી આવી, એટલે લાગ જોઇ કલોસ બોલ્યો: "આય સ્ટુપીડ જેવા પેટારાને મારે તાંહ લઇ જઇને બી શું કરૂં? ખાસી મોટી નદીમાં નાખી દઇશું તો બચારા ઘોડાપરથી એટલો ભાર ઓછો થશે!"

આ શબ્દો સાંભળી બચારા આશકનાં તો લંપાં લેવાયાં.

"અરે ભલા માણસ. મને જરા પેટારામાંથી કાહડ—પછી નદીમાં નાખજે!" અંતે તે બુમ પાડી બોલી ઉઠયો.

"અરે તું કોણ? ભુત કે? તું હજુર અંદર ભરાયલોજ છે કે?" કલોસે અંજાણો થઇ પુછયું, જોકે આ વેળા હસી નહીં પડાય કરીને તેણે પોતાની જીભ ગાળમાં ખોસી રાખી હતી.

"બા—હું તો માણસ છું—ભુત નથી!" પેલાએ ચીંચવાઇને કહ્યું.

"નારે બા! તું તો કેહશે કે હું ફરેસ્તો છું—એમ કાંઇ મારેથી બાહર કહડાય? વખતે મને ખાઇ જાય તો પંચાતી!" નાના કલોસે તેને દબરાવવાનું ચાલુ રાખ્યું.

આમ પંદરેક મીનીટ તકરાર ચાલ્યા બાદ સેવટ એ આવ્યું જે પેલા કમબખ્ત આશકે નાના કલોસને પોતાના છુટકારા માટે દશ પાયલી સોનું આપવા કબુલ્યું. તુરત કલોસે તેને પેટારો ઉઘાડી બાહર કાહડયો. શું તેનો દેખાવ! ધાસ્તી અને ફિકરથી તે લીલા બુમલા (!) જેવો

થઇ ગયો હતો, અને તેનો આ હાલ જોઇ નાનો ક્લોસ માહ મુશકેલીએ પોતાનું હસવાનું થોભાવી શક્યો. કબુલાત મુજબ તેની પાસથી દશ પાયલી સોનું મેળવી તે અફડાતો ઝીંખાતો પોતાને ઘર આવી પુગ્યો.

"વાહ! મારા ઘોડાએ તો મને નેહાલ કરી નાખ્યો—તેના ચામડાનું ૨૦ પાયલી સોનું!" નાહનો ક્લોસ વિચાર કરે છે.

એ બધું સોનું ઠેલીઓમાં ભરીને ટેબલપર સીંચીને મુક્યું છે, તેવામાં મોટો ક્લોસ કાંઇ કામસર ત્યાં આવ્યો.

"ઓહો! બચ્ચા, આ બધું સોનું કાંહથી લાવ્યો?" તેણે આંખ ચમકાવીને પુછ્યું.

"એ તો મારા ઘોડાનાં ચામડાંના મને મલ્યા છે!" નાના ક્લોસે ગંભીર મોહડું કરી કહ્યું.

"વાહ! એક ઘોડાના ચામડાંની કીંમત દશ પાયલી સોનું!" આમ અજાયબી દેખાડી તે પોતાને ઘર દોડયો.

મોટો ક્લોસ ગામઆઓમાં ડાહ્યામાં ખપતો હતો, પણ ખરૂં પુછાવો તો તેના ભેજામાં અરધીની અક્કલ નહીં હતી; એટલે કે, નાના ક્લોસ અને તેનાં જેવા ચપરખંધાઓ જેમ તેને નચાવે તેમ તે નાચતો હતો!

ઘોડાનું ચામડું એટલું મોંઘું થયું છે એમ સાંભળી તેણે લાગલા પોતાના દરેક ઘોડાને મારી નાખી તેમનું ચામડું કાહડી સુકવ્યું અને બધાં ચામડાં લઇને પાસેનાં ગામમાં વેચવા ગયો.

"કોઇને સુકવેલાં ચામડાં જોઇયે છે?" મોહલ્લાઓમાં તે બુમ પાડવા લાગ્યો.

આ સાંભળી થોડાક મોચીઓ બાહર નિકળી આવ્યા.

"ચામડું કેમ આપ્યું?" એક જણે પુછ્યું.

"મને તો દરેક ચામડાંની કીંમત તરીકે દશ પાયલી સોનું જોઇયેછ." મોટા ક્લોસે જવાબ દીધો.

સઘળાઓ એકેકનું મોહડું જોવા લાગ્યા. "બચારો ગાંડો છે!" સર્વે બોલી ઉઠયા.

"તું શું કાંઇ મારી મશકરી કરવા આવ્યોછ? પાધરો જવાબ દેની!" એક જબરદસ્ત મોચી દમ ભરાવવા લાગ્યો.

"દશ પાયલી સુનાથી એક અરધી ઓછું નહીં લેવું," મોટો ક્લોસ પોતાના ભાવને વળગી રહ્યો.

"હા—બા, હા! તને હમણાં દશ પાયલી સોનું આપ્યે છીએ!" આમ કહી સર્વે તેની ઉપર ટુટી પડી પડ્યા

મોટો ક્લોસ તો જીવ લઇને ત્યાંથી નાઠો. દશ ઘોડાનું ચામડું એક ગમ પડી ગયું, અને તે બચારો અફડાતો ઝીંકાતો પોતાને ગામ આવી પુગ્યો.

"પેલા કમબખ્ત નાના ક્લોસે મને ઠીક બનાવ્યો—એનો જીવ નહીં લઉં તો હું મારા બાપનો બેટો નહીં," આમ મન સાથ બોલી તે નાના ક્લોસને ત્યાં એક મોટો કોથળો લઇ દોડયો; અને નવતરૂં જોઇને તુરત તેને પોતાનાં જબરદસ્ત હાથોમાં ઉઠાવી બચ્ચાં પેરે કોથળામાં ઢાંકી દીધો અને કોથળો ખભે મારી નદી કીનારે દોડયો.

નાનો ક્લોસ જોકે ખંધો હતો તોપણ તેનું કદ બહુ નાનું હોવાથી મોટા ક્લોસ આગળ તેનું કાંઇ ચાલતું હતું નહીં.

"હં! તારી હવે કમબખ્તી આવીછ—જો હવે તારા શું હાલ થાયછ તે! આવજે પાછો મને ઠગવા!" આમ મોટો ક્લોસ બોલતો જાય અને તે સાંભળી નાનો ક્લોસ કોથળામાં ધ્રુજે.

વચમાં દેવળ આવ્યું, અને મોટો ક્લોસ પણ બહુ થાકી ગયલો હોવાથી કોથળો દરવાજા પાસે મેલ્યો અને પોતે અંદર ગયો. તેના મનમાં એમ કે નાનો ક્લોસ ત્યાંથી કાંઇ નાસવાનો છે?

જેવો મોટો ક્લોસ અંદર ગયો કે નાહના ક્લોસે છુટવાનાં ફાંફાં તો ઘણાં માર્યાં, પણ કાંઇ રસ્તો સુઝે નહીં.

આમ ફાંસે ચાલે છે એટલાં તો એક બુઝોર્ગ ભરવાડ પોતાનાં મેંઢાં, બકરાંને ચરાવતો ત્યાં આવી લાગ્યો. આ ભરવાડને મસ મોટી સુફેદ દહાડી હતી, અને ખાસો હેંસીએક વર્ષનો હશે. તેનાં બઇરી છોકરાં નહીં હોવાથી તે જીંદગીથી કંટાળી ગયો હતો અને હર ઘડીએ મોત માંગતો હતો. તે જ્યારે પેલા કોથળા આગળ આવી પુગ્યો ત્યારે તેણે નીચલા સખુનો તેમાંથી નિકળતા સાંભળ્યા:

"ઓ! હું એવો જુવાન ને મરી જાઉં?"

તુરત પેલા ભરવાડે કહ્યું, "ને હું એવા બુઢ્ઢો ને જીવતો રહું?"

આ અવાજ સાંભળી જાણે નાના ક્લોસનાં પેટમાં નવો જીવ આવ્યો. તે બોલી ઉઠયો: "ભલા માણસ, જ્યારે તું એમ મરવા માંગે છે ત્યારે તો લાવની આપણે આપણી જગા-અદલબદલ કર્યે," આમ કહી તેણે ટુંકમાં પોતાની હકીકત જણાવી.

પેલો બુઢ્ઢો ભરવાડ આ સુચના સાંભળી ઘણો ખુશ થયો. તુરત તેણે તો કોથળાની દોરી કાપી નાખી નાના ક્લોસને બાહર કાહડયો, અને પછી પોતે અંદર ભરાયો; જે પછી નાના ક્લોસે તે કોથળાનું મોહડું પાછું સફાઇથી બાંધી દીધું.

"જો બાપુ—મારૂં કોઇ ખાનારૂં નથી, માટે મારાં બકરાં મેંઢાંનો તુંજ ધણી થા! એ તને મારી તરફના વારસા તરીકે આપી દઉં છું." ભરવાડે અંદરથી કહ્યું.

નાના ક્લોસે તેનો બહુ ઉપકાર માન્યો, અને તુરત પોતાને અચીંતાં મળી ગયલાં બકરાં મેઢાંને લઇને ત્યાંથી ચાલતી પકડી.

થોડા વારમાં મોટો ક્લોસ પાછો આવ્યો, અને પેલા કોથળાને પાછો ખભે મારી ત્યાંથી પાછી કુચ શરૂ કીધી.

"વાહ—મારો ભાર હવે કેવો હલકો લાગેછ. એ બધા હું દેવળમાં જઇ આવ્યો તેનાં પ્રતાપ!" આમ તે વિચાર કરે છે.

થોડા વારમાં નદી આવી એટલે તેણે તો પેલો કોથળો પોતાનું સર્વ જોર વાપડી અંદર ફેંકી દીધો, અને તેમ કરતાં તે મજાકમાં બોલ્યો કે: "સાહેબજી, મી૦ ક્લોસ! ત્યાં મળ્યા તો મળ્યા, પણ પાછા દોજખમાં મળતા ના!"

તે હવે પાછો ફર્યો. અને ઝડપથી ઘર પુગી જવા ખેતરોમાંથી આડા અવળા રસ્તા લીધા. થોડુંએક ચાલ્યા બાદ, શું તેની અજાયબી, કે તેણે પોતાના મુદ્દઇને જીવતો જાગતો, અને વળી એક મેંઢા બકરાંનાં મોટાં ટોળાં સાથે ચાલી જતો જોયો. તે તુરત તેની પુઠે દોડયો.

"અરે ક્લોસ! તને તો મેં નદીમાં દુબાડી દીધો કેની?" તેણે હાંફતાં પુછ્યું.

નાનો ક્લોસ જોકે મોતનાં પંજામાંથી થોડીજ વાર અગાઉ છુટી આવ્યો હતો, તોપણ 'તાઢ જાય રૂએ ને આદત જાય મુવે' તે કેહવત પ્રમાણે પોતાનું 'બેહલી ગુરદાપણું' છોડયું નહીં હતું. તેણે તો મોટા ક્લોસને શેકહેંડ તથા બગલગીરી કરવા માંડી.

"અરે દોસ્ત! હું તારો કેમ ઉપકાર માનું? સારૂં થયું કે તેં મને નદીમાં ફેંકી દીધો. અંદર જોઇને હું જોઉં શું કે જાણે ત્યાં તો બેહસ્તનો બાગજ બની રહેલો. તીતર ને મોર ને બુલબુલ બધાં અહીંથી તહીં દોડે અને રંગીલાં સાબર આપણી પાસેથી દોડી જાય. એ બાગમાં હું ઉભેલો છું તેટલાં એક પરી આવી, અને મેં તેણીને મારી હકીકત કહી. તેણીએ

મારી ઉપર દયા કરી મને પુછ્યું કે તુને ક્યાં રહેવા ગમેછ કે જમીનપર ? મેં તો જમીનપર જવા માગ્યું, એટલે તેણી તો લાગલો મારો હાથ ધરી નદી તળેનાંજ એક ખેતરમાં લઇ ગઇ, અને ત્યાં આ જળ-બકરાં તથા મેંઢાનું એક ટોળું મને ભેટ આપ્યું અને પછી સહીસલામત મને બાહર લઇ આવી.” આમ નાના કલોસે તો ભટાઇ ચલાવી.

“વાહ! ત્યારે તો તું પાછો કમાઇ ગયો!—પણ સબર—હુંબી નદી તળે જાઉં તો મનેબી આ બકરાંને મેંઢાંને બધું આપે ખરૂં કે! હેં?” મૂર્ખ કલોસે પુછ્યું. તેનાં મગજમાં નવો વિચાર આવ્યો હતો.

“તે તો હું શું જાણું?” નાના કલોસે અંજાણપણું દેખાડયું. “પણ હું ધારૂં છું કે મારા જેવા મૂર્ખને પેલી પરીએ આ બધું આપ્યું ત્યારે તમારા જેવા ડાહ્યાને તો આપ્યા વગર રેહજ નહીં.”

પોતાની આ વખાણ સાંભળી મોટો કલોસ હરખાઇ ગયો. “ત્યારે તો લાવ, હુંબી મારૂં નસીબ અજમાઉં! પણ જો બચ્ચાજી, હું પાછો ખાલી હાથે આવીશ તો તારો બરડોજ ભાંજી નાંખીશ, સમજ્યો કે?” આમ કહી બંને જનાં નદી ગમ હીંડયા.

ત્યાં આવી પુગ્યા એટલે મોટો કલોસ એક મોટા કોથળામાં ભરાયો; અને તેને નાહના કલોસે ખુબ જોરથી દોરીએ બાંધ્યો. આ પછી બરાબર બેહસ્તનાં બાગમાં તે જઇ પુગે કરીને એક ભારી પથરાબી સાથે બાંધ્યો, અને પછી ખુદાનું નામ લઇ મોટા કલોસને અંદર હોમાવ્યો!

મોટા કલોસને બકરાં મેંઢાં મળ્યાં કે નહીં તે આ વાર્તા લખનારે જણાવ્યું નથી!

ડીટેક્ટીવ જૉન.

લખનારઃ—ઓલીઅખ્યા.

એક વેળા લંડનમાં ખોટા શિક્કાની બહુ બુમ ઉડી રહી. એ શિક્કા પાડનારી ટોળી લંડનમાં આવી વસી છે એવો વહેમ જવાથી છુપી પોલીસનાં માણુસો ઠેકાણે ઠેકાણે ભમવા લાગ્યાં, બાહોશ ડીટેક્ટીવો પણ રોકાઇ ગયા.

હવે આ વખતે હું ખુબ ધ્યાનથી તેઓની જોસતેજોમાં રોકાઇ ગયો હતો અને કોઇબી રીતે તેઓને પકડવાનો મેં નિશ્ચય પણ કીધો. ઘણીક વખત તો તેઓ મારા હાથમાંથી છટકી ગયા હતા.

એક વખત એક મોહોલ્લામાં હું ઉભો હતો એટલાં એકને મેં ત્યાંથી જતાં જોયો. મેં તુરત તેને ઓળખ્યો; ખોટા શિક્કા પાડનાર ટોળાનો તે વડો હતો. મેં તેને ઘણીક વખત પકડવા માંગ્યો હતો. પણ તેની સામે કશા પુરાવાઓ ન હોવાથી હું હારી ખાતો. આજે તેને જરૂર પુરાવા સહિત પકડવો એમ મેં નક્કી કીધું. તે સાહુકારી ટોળાનો વડો હતો અને તેનું નામ બ્રૅડલી હતું. તેની પુઠે પુઠે હું ગયો. તે એક ગલીમાં વળ્યો. અને એક નાનાં ઘરમાં હળવેથી ઘુસી ગયો, તે ઘર એક આઇરીશ બુઢી ઓરત રાખતી હતી.

તેનું મકાન જોઇ લઇ હું સ્કૉટલંડ યાર્ડ (પોલીસનાં મકાન)માં દોડયો, મારા વડાને મળ્યો; થોડાંક માણુસો સાથે લઇ રાતે અંધારી વખતે તે ઘર ભણી ગયો.

મેં ઘણો વખત બારણું ઠોક્યું, પણ કશો જવાબ મળ્યો નહીં. મારી સાથના માણુસોને જરા દુર મેં ઉભા રાખ્યાં હતાં. તે ઘરમાં કશો ઉજાસ દેખાતો ન હતો. અંતે કોઇએ આવી દરવાજો ખોલ્યો. તે પેલી બુઢી ઘરવાળી હતી. તેણીના હાથમાં મીણબત્તી બળતી હતી.

"તમે ઠોક્યું કે સાહેબ?" તેણીએ પુછ્યું. "હું તો બ્હેરી ભીત છુંજી. તમને શું જોઇએ છે?"

"તમારાં ભાડુતને મળવા માગું છું." એમ કહી તેણીએ સહેજ ખોલેલાં બારણાંમાંથી હું ચપક દેતો કે માંહે પેસી ગયો.

સીપટી ફેંડી મેં મારાં માણુસોને મારી પાસે તેડ્યાં.

"શું! પોલીસ! અરે, શું છે! પોલીસનું આ ઘરમાં શું કામ છે?" તે બુઢ્યાએ પોકાર કીધો.

તેણીનાં બોલવા પર ધ્યાન નહીં આપતાં એક માણુસને નીચે રાખી બાકીનાઓ સાથ હું માલ ઉપર ચહડી ગયો.

ઓરડા તરફ જતાં મને જીમ બ્રૅડલીનો અવાજ સંભળાયો.

"ઠીક; ઠીક; હવે જીમ, તું મારા હાથમાંથી છટકનાર નથી" હું બડબડયો. "ચાલો દરવાજો ખોલો!" મેં બારણું ગગડાવી નાખ્યું, એટલામાં પેલી બુઢ્યા આવી બોલી, "પોલીસ સાહેબ જરા મેહેરબાની કરીને ગડબડ ના કરો, ઉપરનાં માળપરનું મારૂં ભાડુત બચારૂં છેલ્લો દમ ખેંચે છે! તેની બાયડી રડીને મરી જાય છે! તેવી વખતે તમે ગડબડથી મારૂં ઘર ના ગજાવો."

"વારૂં જલદી જઇ બત્તી લાવ, નહીં તો એઓનાં મળસા દાખલ તને પણ પકડીશ." મેં તેણીને ખખરાવી. તે બુઢી બબડતી ફફડતી ચાલી ગઇ.

મેં મારાં માણુસોની મદદથી દરવાજો ઘીલો કરી નાખ્યો. અંદર હલ્લો કરવાને અમો તૈયાર હતા, તેટલાં જીમને પોતાના એક સોબતી સાથ પાણાં રમતાં જોઇ અમે નિરાશ અને કાંઇક શરમીંદા થઇ ગયા.

"કેમ ડીટેક્ટીવ જૉન સાહેબ; એટલી બધી ધાંધલ શાની છે?" જીમે પુછ્યું.

"તમો નામદારને પકડવાનીજ તો?"

"હં! ત્યારે હજી તમે મને સોનેરી-ટોળીમાંનો ધારોછ કે! ઠીક છે, અહીં તમારે ગમે ત્યાં શોધ ચલાવો. તમારા શકની પુરવારી મળે તો હું કેદી થઇશ." એમ કહી તેને પાછું રમવા માંડ્યું.

મેં મારી રીત મુજબ શોધ ચલાવી, દીવાલો ઠોકી જોઇ, છાપરું ખખડાવી નાખ્યું, જમીનપર ઠોકા માર્યા પણ ફોકટ; તેવું કશું મળે નહીં. વળી જીમને ઠંડે પેટે રમતો જોઇ મને વિચાર આવ્યો કે તે પોતે શિક્કા પાડનાર નહીં હોય.

"ઉપર કોણ રહેછ! જીમ?" મેં પુછ્યું.

"ઉપર કે? ઉપરતો છે તે કરીને પેલી બુઢી આઇરીશ ઓરતનું કાંઇ ભાડુતજ તો! તેણી આખો વખત ફફડયા કરે છે કે તે હવે થોડા વખતમાં મરે છે. ચાલ એક મરતાં માણસને જોવા આવે છે? તેની બાયડીને દીલાસો દેવા જવું જોઇએ ચાલ!" એમ કહી તેણે પાણાં મુકી દીધાં.

હું તેની સાથ માળ ઉપર ગયો. ઓરડા નજદીક જતાં અંદરથી એક દેખાતો ગ્રહસ્થ જેવો આસામી હાથમાં ટોપી ધરી ઉંબર ઉપર ગંભીર ચહેરે આવી ઉભો.

"ઇસસસ—? એ શું? અહીં એક ગરીબ શખસ આ દુનિયાંમાં છેલ્લો દમ લે છે તે વખતે આ કેટલી બધી ગડબડ! તમારે શરમાવું જોઇએ." તે નર્મ અવાજમાં પણ ઠપકાથી બોલ્યો.

તેને ટીકીને જોઇ મેં પુછ્યું. "તમે કોણ છો?"

"હું કોણ છું? કાંય, હું પાસેની જુડ સ્ટ્રીટમાં રેહેનારો ડાકટર એલેકઝાંડર છું. હવે મને પુછવા દો કે તમે કોણ છો?" મારા વિષે મેં તેને સર્વ કહ્યું-

"મને પણ આ જગ્યાપર કાંઇક વહેમ આવેછ. બે ત્રણ વખત હું અહીં આવ્યો છું" ડાકટર બોલ્યો, "તમને શોધ કરવામાં હું મદદ કરીશ. પણ આ ગરીબ મરતો શખસ અને તેની બાયડીને નીચે વસતા બેઆબરૂ લોકો સાથ કાંઇ લાગતું વળગતું હશે નહીં, મેહેરબાની કરી આ ઓરડો તપાસવો હોય તો આવી જલદીથી જોઇ લો."

ડાકટર અમને અંદર લઇ ગયો. ઓરડામાં ફાટી તુટી ચટાઇ ઉપર એક પુરૂષ લાંબો થઇ પડયો હતો. તે મરતો માણસ હશે એમ નક્કી હતું. તેની નજદીક તેની બાયડી ગુંઠણ મંડયે પડી રડતી હતી. તે દેખાવ કોઇનીબી આંખમાં પાણી લાવે એવો હતો. ડાકટર તેની નજદીક ગયો, જરા વારમાં તેને મને ધીરા સ્વરે જણાવ્યું. "બચારો આવી રહ્યો, થોડા વખતનો ગુજરી ગયો છે." ડાકટરનાં આ શબ્દો સાંભળી હું અકળાઇ ગયો, તેજ પળે પેલી સ્ત્રીએ એક અતિ ભયાનક ચીસ પાડી જેથી મારાં હાડેહાડ ધ્રુજ્યાં. તે ગરીબ સ્ત્રી દુનિયાંમાં એકલી પડી હતી. તેણીએ કલાપીત કરી મેળા અને તરત તેણી બેહોશ થઇ ગઇ.

"સાહેબ તમે જો આ કંગાળ કોટડીમાં ખોળ ચલાવવાના હોય તો આ નાચાર સ્ત્રી બેસુદ્ધીમાંથી જાગે તે આગમજ ચલાવી લેવો" ડાકટરે મને જણાવ્યું.

મેં મારી ફરજ બજાવી. બધે ખોળ કરી પણ કશું વળ્યું નહીં.

"આ ઘરનો એક ઓરડો ભાડે રાખી અહીં હું અંદર ખોળ ચલાવવા માંગુ છું. મારી ખાત્રીજ છે કે શિક્કા પાડનારાઓ અહાંજ વસે છે. પણ સાબેતી મારે હાથ લાગતી નથી. એ એક અફસોસની વાત છે." મેં ડાકટરને જણાવ્યું.

"હું તમારી શોધમાં મદદ કરીશ સાહેબ! કારણ કે એ શિક્કા પાડનારાઓને પકડવાનું ઘણું સારૂં ઇનામ મળવાને છપાયું છે જેથી મારા જેવા ગરીબનું કામ થઇ જશે." તેજ દિવ-

સથી મેં ત્યાં મારૂં રહેઠાણ કરવા માડયું. જીમ બ્રૅડલી બહાર આવ જાવ કરતો. પેલી ગરીબ સ્ત્રી કલાપીત કરતી અને બુઢ્યા તેણીને કામે લાગતી.

બીજે દિવસે મને પેલો ડાકટર મળવા આવ્યો; થોડીક વાતચીત કીધી એટલાં દાદર ઉપર ગડબડ સંભલાઇ અને જોયું તો પેલા ગરીબ કામદારનું કૉફીન કબ્રસ્તાનમાં લઇ જવાની તૈયારી ચાલી રહી હતી.

જરા વખતમાં કૉફીન ધરી કેટલાકો નીચે ઉતર્યા તેઓની પુઠે પેલી આઇરીશ બુઢયા અને તે મરનારની ઓરત રડતી રડતી જતી હતી. તે ગરીબની પાછળ શોક કરનાર ફક્ત આ બે જણીઓજ હતી.

માન દાખલ મેં અને ડાકટરે ટોપી ઉતારી અને કૉફીન ગયું ત્યાં સુધી ચુપ ઉભા.

"ગરીબ બચારો અંતે ચાલ્યો ગયો." ડાકટરે હાય મારી કહ્યું. અને મને પોતાનો કાર્ડ આપી તે પણ ચાલી ગયો. જીમ બ્રૅડલી પોતાનાં સાથીઓ સાથ પોતાના મરનાર ભાડુતની પાય દસ્તે ગયો હતો. જ્યારે સર્વે કોઇ ઘરનાં બહાર ગયાં હતાં.

મેં તેઓના આવવાની રાહ જોઇ. એક કલાક, બે કલાક, ત્રણ કલાક, ચાર કલાક, વાહ! એ શું? નહીં જીમ મળે કે નહીં પેલી બુઢયા! ના તો પેલી વિધવા થયલી કલાપીત કરતી સ્ત્રી પાછી ફરી કે ના તે જીમના સોબતીઓ પાછા ફર્યાં! મને શક ગયો. હું ઉઠયો, ટોપી પેહડી જુડ સ્ટ્રીટમાં મારા દોસ્ત થયલા પેલા ડાકટર એલેકઝાંડરને મળવા જવા ઇચ્છયું. પણ તે પહેલાં જરા ઘર તો તપાસું; માલ્યાપર જ્યાં પેલો કામદાર શખસ મરણ પામ્યો હતો તે જગ્યાએ જઇ લાગતાં ઓ ખોદા! મેં ત્યાં શું જોયું? મારૂં લોહી ઉકળી આવ્યું. હું સજજડ ઠગાયો; ફરી એક વાર તેઓએ મને છેતર્યો. હવે મારી પકકી ખાત્રી થઇ, જીમ બ્રૅડલી અને તેના સોબતીઓજ શિક્કા પાડનાર છે.

જ્યાં તે મરતા શખસને સુવાડયો હતો તે બાજુની જગ્યા મેં ઉખેડેલી જોઇ. જમીનમાં મોટો ખાડો હતો. અહીં તેઓએ પોતાનાં હથીયાર વગેરે છુપાવ્યાં હશે, તેમાં શું શક?

હું ડાકટરને ત્યાં દોડયો. પણ ડાકટર શું ને વાત શું? તે કેહેવાતો ડાકટર પોતેજ ઠગ મને લાગ્યો.

"અહીં ડાકટર એલેકઝાંડર રહે છે?" મેં પુછયું."

"ના, અહીં તો ડાકટર લીંડસે રહે છે."

હું તે ડાકટરને મળ્યો. તે સાહઠ વર્ષનો બુજરગ હતો. હું કેવો ઠગાયો તે મેં હવેજ જાણ્યું.

ફરી એકવાર જીમની મેં પુઠ ધરી. શોધ કરતાં અંતે એક દિવસે મેં મારકીટમાં આવેલાં એક મકાનમાંથી જીમને બહાર પડતાં જોયો. મેં મારો વેષ બદલ્યો અને હવે તે પ્રપંચી નહીં છટકે તેની સંભાળ લેવા માંડી. મેં એક બુઢા યાહુદીનો પોષાક પેહડી તેના મકાન નજદીક પરચુટણ માલ વેચવાની દુકાન કાહડી. મારી ખુશાળી વચ્ચે એક દહાડે જીમ મારી દુકાને આવ્યો. અને એક દગલો ખરીદ કર્યો; મને શિક્કા આપ્યા જેમાં કેટલાક ખોટા હતા. તે જોઇ મેં તેને બતાવી કહ્યું, "આ શિક્કા ચાલશે નહીં."

તેણે મારા તરફ ટીકીને જોયું. મારો નિર્દોશ દેખાવ જોઇ તે બોલ્યો, "શા વાસ્તે એ શિક્કા ચાલશે નહીં; ભલા માણુસ?"

"મેં ઘણી વખતે એવા શિક્કા વેચાતા લીધા છે પણ તે ખરા શિક્કા કરતાં અડધે ભાવે; સમજયા કેની સાહેબ." મેં ધીરેથી જણાવ્યું.

"શું! ત્યારે તમે શિક્કા ખરીદો છો? ત્યારે કાલે મારાં માણસને મોકલીશ. સાહેબજી!" એમ કહી તે ખુશી થતો ત્યાંથી ચાલી ગયો.

બીજે દહાડે મારી દુકાન ઉપર પેલા ડાક્ટર સાહેબ આવી ઉભા. મને તો એવું થયું કે તેને મારી દોલત આપી દઉં!

"સાહેબજી! કાલે મારે ત્યાંનું એક માણસ અહીંથી દગલો ખરીદી ગયું?"

"હાજી," મેં કહ્યું. "તેનું દામ મને અડધું મળ્યુંછ."

"હં! ત્યારે બાકીનું હું આપી બીજા શિક્કા વેચવા માંગુછ. આપણે છુપી વાત કયાં કર્યે?"

"હમણાં નહીં, હમણા નહીં, કોઇ જોશે. રાત્રે આઠ વાગે આવજો! હું અડધા ભાવે બધા તમારા શિક્કા ખરીદી લઇશ."

"ઠીક છે બહુ સારૂં." તે કહી ગયો.

તે દહાડે મારે ત્યાં એક યાહુદીન સ્ત્રી આવી. મેં તેણીને અંદર જવા કહ્યું. તે કોઇજ નહીં પણ છુપી પોલીસનું માણસ હતું. જુદા જુદા વેષે ઘણાં આદમીઓને ધીરે ધીરે હું અંદર લાવ્યો ને બાજુના ઓરડામાં સાંત્યાં.

રાતે આઠ વાગે જીમ ડ્રૅડલી અને માદાંઓની માવજત કરનાર પેલા ડાક્ટર સાહેબ આવ્યા, મેં તેઓને ખરાં જીગરથી આવકાર દીધો.

કેટલીક રીકઝીક પછી તેઓએ ૫૦ ખોટા શિક્કા મને આપ્યા જેના બદલામાં મેં તેઓને પચ્ચીસ (૨૫) ખરા શિક્કા આપ્યા. એ મુજબ ધંધો આગળ ચલાવવાની તેઓએ કબુલાત આપી અને તેઓથી ઘડીઘડી મારી દુકાનમાં આવાં જોખમ ભર્યા કામ માટે અવાશે નહીં એમ જણાવી પોતાને ત્યાં મને આવવા કહ્યું. દરવાજા ઉપર છુપો બોલ "એલેકઝાંડર" (આપણા ડાક્ટર સાહેબનું નામ) બોલવા મને જણાવ્યું, જેથી હું તેઓનું માણસ છું એમ સમજી મને સેહલાઇથી અંદર લેવામાં આવશે. બધું સાંભળી લઇ મેં અસારત કરતાં મારાં માણસો તુરત નિકળી આવ્યાં અને તેઓને ઘેરી લીધા. ઘણી અછાડ પછાડ ચાલી રહી પણ અંતે તેઓ સપડાયા. મેં યાહુદીનો વેષ કાહડી નાખ્યો. મને જોઇ જીમ બોલ્યો. "અંતે તેં અમને પકડયા."

ફરી મેં યાહુદીનો વેષ પેહરી લઇ જીમને ઘરે ચાલુ મુકયું. સાથે થોડાંક પોલીસનાં માણસોને લીધાં.

દરવાજે ઠોકતાં પેલી બુઢયાએ ખોલ્યો. મેં "એલેકઝાંડર" શબ્દ કહેતાંજ મને અંદર લેવામાં આવ્યો.

"પેહલે માળે ડાબા હાથનાં ઓરડામાં જજો સાહેબ!" તેણી બોલી.

"ઠીક પણ બત્તી કયાં છે? મને કાંઇ દીસતું નથી."

તેણી બત્તી લેવા ગઇ એટલાં મેં મારાં માણસોને અંદર લીધાં. તેઓ સાથ હું પેલી બુઢીએ કહેલા ઓરડામાં ગયો.

ત્યાં તે ઓરડામાં પેલો મરણ પામેલો શખસ પેલી કલાપીત કરતી સ્ત્રી સાથે જમવ બેઠો હતો. ઠીક! ઠીક! મરેલાંઓબી જીવતાં થઇ જમતાં દેખું!

મારાં માણસોએ તે પુરૂષને ધર્યો. મેં તે સ્ત્રીને પકડી પુછ્યું કે તેણી પોતાના ધણીની ઘોર ઉપર કેટલી વેળા ફુલ ચહડાવવા ગઇ હતી. મને ટીકીને જોઇ તેણી પિછાણી બોલી "આ વખત અમો સજ્જડ સપડાયાં."

પેલી બુઢી સ્ત્રી અને આ જુવાન સ્ત્રી સાથ પેલા શખસને લઇ અમે જ્યાં જીમ તથા ડાક્ટરને કેદ કીધા હતા ત્યાં લઇ ગયા. બીજે દિવસે કૉર્ટમાં તેઓને ઉભાં કીધાં.

તેઓનો મળતીઓ જે પોતાને ડાક્ટર કહેવાતો હતો તેનો દેખાવ ખરેખરો ગૃહસ્થ હોવાથી તે ફાવી જતો હતો. પેલાં ઘરમાં શોધ કરતાં બધાં હથ્યાર મળ્યાં.

તેઓને લાયકની સજા થયલી જોવા સર્વે આતુર હતાં, એને થયુંબી તેમજ, તેઓને સખ્ત શિક્ષા થઇ અને મને મોટી શાબાશી મળી.

મમીની મોહકાણ!

(એક ખરી બનેલી વાર્તા.)

લખનાર—" માણેક."

લીવરપુલની એક "ઇજીપ્તસ્યન મમી શોધક મંડળી"એ થોડાક વખત ઉપર જાહેર કીધું કે જેબી કોઇ એક બાદશાહી ખાનદાનની ઇજીપ્તસ્યન મમી ખોડી લાવે તેને એક સહી કીધેલો વગર ભરેલો ચેક ઇનામ આપવામાં આવશે અને તેની મરજી મુજબ રૂ ૧૦,૦૦૦ની અંદરની રકમ ભરી તે બેંકમાંથી વટાવવાની રજા મળશે. આ લલચાવનારી વાત સાંભળી એક ડૉકટરે આ કામ માથે ઉઠાવ્યું અને પોતાના મિત્રો, સગાં વહાળાં અને મંડળીના મેમ્બરોની રજા લઇ 'ઇજીપ્ત' જવા માટે લીવરપુલથી તેજ નામની એક સ્ટીમરમાં તેઓ ઉપડયા. તેઓ સહીસલામ કેરો જઇ પુગ્યા અને ત્યાં એક હૉટલમાં ઉતારો લીધો. હવે ત્યાં આ ડૉકટર સાહેબનો એવો વિચાર થયો કે કામ કરવું પણ તદ્દન કીફાયતમાં (અને જો બને તો મફતમાં) કરવું અને તેથી થોડું થોડું 'અરેબી' શિખવા લાગ્યા. ભોગ જોગે તેમને ત્રણ ખુશ મીજાજી આરબો મળી ગયા જેઓને આપણા ડૉકટર સાહેબે દોસ્ત કરી લીધા. વાત પરથી વાત નિકળતાં એક દિવસ ડૉકટર સાહેબે પોતાની ધારણા વિષે અરબોને જાણીતા કીધા. અમો ઉપર કહી ગયા તેમ અરબો હતા ખુશ મીજાજી તેથી ડૉકટર સાહેબને બનાવવાની તેઓની મરજી થઇ અને આ ઉપરથી ડૉકટર સાહેબને ભરૂસો આપ્યો કે અમો ત્રણે તમને બિનસ્વાર્થી (!) મદદ કરવાને અંતઃકરણથી ખુશ છીએ. આ સાંભળી આપણા ડૉકટર સાહેબ તો ખુશ ખુશ થઇ ગયા કે "ચાલો! ચોખ્ખા રૂ. ૧૦,૦૦૦ નો તડાકો છે!" ત્યાર પછી તેઓએ મસલહત કરી 'મમી' ખોડવા જવાનો વખત નક્કી કીધો. અને એક રાત્રે મસલહત કરી ખોડવાનાં ઓજારો લઇ આ ચારે જણાઓએ સ્મશાનભુમી ઉપર ચાલુ મુકયું. ત્યાં થોડેક ઠેકાણે ખોદયું પણ નાસીપાસી મળી. ત્યાર પછી તેઓએ પાછું ફરી ફરી ખોદવા માંડયું તો, કેવી ખુશાળી! એક મમી મળી! પણ તે કેવી કંગાળ! ચંદ્ર પ્રકાશતો હોવાથી તેનાં કીરણ આબેહુબ મમીના મોઢાં ઉપર પડતાં હતાં આથી આપણા ડૉકટર સાહેબની ખુશાળીનો શું પાર! રૂ ૧૦,૦૦૦ નો તડાકો! એવણને તો ભવીશ્યના સ્વપનાઓ આવવા માંડ્યાં!

આ ઘણી મહેનતે (પણ મફત) મેળવેલી મમી તેઓ ચારે ઘણી સંભાળથી ઉંચકી ઘરે લાવ્યા પણ રસ્તામાં તે કરરર, કરરર, અવાજ થોડે થોડે વખતે કરતી હોવાથી તેઓ અતિસ્ય સંભાળ રાખતા કારણ કે આરબોના કહેવા મુજબ તે મમી એક રાજવંશી પાશાની હતી. તેઓ ઘરે સહીસલામત આવી પુગ્યા. તે રાત્રે આપણા ડૉકટર સાહેબને મુદ્દલ ઉંઘ આવી નહિ. પણ આવે તે કેમ! રૂ ૧૦,૦૦૦ તે કાંઇ જેવી તેવી વાત છે! આખરે સહવાર પડી અને આપણા ડૉકટર સાહેબે "ઇજીપ્તસ્યન સ્ટીમ નૅવીગેશન કંપની"માં જઇ લીવરપુલની એક ટીકીત ખરીદ કીધી અને પોતાના અરબ મિત્રોને મળી ભેટી તેઓ સ્ટીમર ઉપર સવાર થયા. તે વખતે તેઓએ પેલી મમીને પોતાનાજ કેબીનમાં ઘણીજ સંભાળ લઇ મુકાવી અને તેબી એક ખાસ બિછાના ઉપર! આપણું આ ટુંક વૃતાંત આગળ ચલાવતાં જણાવવું જોઇએ કે આ મમીનું મોઢું ઘણુંજ બિહામણું હતું અને રાતની વખતે તો તેને જોઇ કોઇબી બિહ્યા વગર રહે નહિ! સ્ટીમરમાં મુસાફરી કરતી વખતે કેપટન અને ડૉકટર સાહેબ સાથે એક વેળા ખાનાં ઉપર નીચલી વાત થઇ:—

કેપટન બોલ્યો "ડૉકટર સાહેબ! તમો પેલા બીલસન નામે મારા હાથ નીચેના છોકરાને તો ઓળખતા હશો!"

ડૉકટર સાહેબે પાનછેરી હીલવી 'હા' કહી.

કેપટન સાહેબે આ ઉપરથી કહ્યું કે "બ્હિક એ શું તે એ જાણતોજ નથી! અને જો કોઇ તેને બ્હિવડાવે તેને મારાં આખાં વર્ષનો હું પગાર આપી દું અને જો તે નિષ્ફળ થાય તો તેની પાસે તેટલાજ પૈસા લું!"

ડૉકટર સાહેબને 'મમી'નું બિહામણું મોઢું યાદ આવી ગયું અને લોભે તેમના મનમાં વાસો કરવાથી તેણે ઉત્સાહથી પુછ્યું "તમારા એક વર્ષના પગારના એકંદર કેટલા રૂપ્યા થાય!"

કેપટને જવાબ આપ્યો "રૂ. ૧૦,૦૦૦."

"શું ૧૦,૦૦૦ રૂપીઆ" ડૉકટર સાહેબે પોકારી ઉઠયા, "ત્યારે તો મારે કબુલ. હું તેને લીવરપુલ પુગ્યા અગાઉ બ્હિવડાવું તો મારે ૧૦,૦૦૦ રૂપ્યા તમારી પાસથી લેવા, અગર હું નિષ્ફળ થાવું તો મારે આપવા."

"હું એક સરતે કબુલ થાવું! તે એ કે તમો તેને કશું નુકસાન ન કરો!" કેપટને કહ્યું.

લોભથી અંધ થયલા ડૉકટરે તે કબુલ્યું અને તુટક ઉપર આમથી તેમ ફેરા ખાવા માંડ્યા કારણ કે ૧૦,૦૦૦ ના ૨૦,૦૦૦ થવાના હતા! તેઓએ મનમાં ધારી રાખ્યું કે હું મારી મીસીસને રૂ ૮,૦૦૦ જેટલી કીંમતની 'નૅકલેસ' અપાવીશ! આવા હવાઇ કીલ્લા બાંધતાં તેઓ તુટક ઉપરજ ઉંધી ગયા અને છેક સવારે જાગ્યા, પણ તે ઉંઘ સ્વપનાથી ભરપુર હતી. બીજી રાત્રે આશરે નવ વાગે કેપટન અને ડૉકટરે મસલહત કરવા મુજબ કેપટને બીલસનને એક ચોક્કસ ઓરડીમાંથી એક લાકડાંનો મોટો ટુકડો જે ત્યાં પડયો હતો તે લાવવા ફરમાવ્યું. ત્યાં જતાંને વાર તેણે (બીલસને) શું જોયું! પણ તે કાંઇ કાચ્ચો હતો! તેણે તે બરાબર તપાસ્યું અને કોઇએ તેની મશ્કરી કરવા **માટીનું પુતલું** મુકયું છે એમ સમજી પાસે પડેલા એક લોઢાંના સળ્યા વડે તેનો ચુરેચુરો કરી નાખ્યો! અફસોસ (!) તે કાંઇજ નહિ પણ ડૉકટર સાહેબની મમી હતી!! પેલા અરબ દોસ્તોએ ડૉકટર સાહેબની મશ્કરી કરવા એક માટીનું પુતલું બનાવી જમીનમાં ઉંડુ ગાર્યું હતું અને આપણા ડૉકટર સાહેબ ઘણી ખુશીમાં હોવાથી તે અત્યાર સુધી પારખી શકયા ન હતા. હવે આપણા ડૉકટર સાહેબને રૂ ૧૦,૦૦૦ કેપટનને આપવા પડ્યા અને ફજેત થઇ લીવરપુલ કાળે મોઢે પાછા ફર્યા. રૂ ૧૦,૦૦૦ લેવા જતાં રૂ ૧૦,૦૦૦ને ઘર ગયા અને ફજેતી થઇ તે નફામાં!

"મારી ટુંક કહાણી."

લખનાર:—"**હુસ્પીર્યો.**"

"મારટીન્સ ગ્રીન"નાં નાનાં ગામડાંમાં મારી મમાઇ મીસીસ ડીકન અને મામા રાલ્ફ ડીકન સાથે અમારાં નાનાં ઘરમાં હું વસતો હતો. મારી ઘણી નાની વયથીજ મેં મારાં માતપિતાને ખોહેલાં હોવાથી હું મારાં મમાઇનાજ હાથ હેઠલ ઉછર્યો હતો. તેઓને મારા ઉપર ઘણું હેત હતું અને વળી હું મારા માયાળુ મામાની પણ મેહેરબાનીથી સુખી હતો. મારૂં નામ મારા મરહુમ બાવાની મરજીથી "ઍડવીન" રાખ્યું હતું. હું સાત વર્ષની વયનો થયો, ત્યાં સુધી મને સ્કુલમાં મુકયો નહીં કારણ મારાં મમાઇ મને જરાબી પોતાની આંખ આગળથી ખસેડવા માંગતાં નહિ. પણ દીન ઉગતે મને ઉમરમાં વધતો જોઇ, મારા મામા રાલ્ફ જેઓ એક રૅજીમેંટનાં પેનશનર કૅપટન હતા, તેઓએ મને ત્યાં નજદીકમાં આવેલી 'બ્રન્સવીક સ્કુલ'નાં કેલવણી લેવાને મોકલવાનો ઠડાવ કીધો. સ્કુલમાં જવાને દિવસે, મારાં મમાઇ ઘણું રડયાં, અને આ પેહેલીજ વખતે તેવણે પોતાની બેટી 'એગનીસ" તે મારાં મરનાર માતા માટે મારી સામે વિલાપ કીધો. અને ઘણાક રૂદા આશીરવાદો દીધા પછી તેઓ જરા શાંત થયાં અને હું મામા રાલ્ફ સાથ ગાડીમાં બેસી સ્કુલ તરફ હંકરાઇ ગયો.

અઠવાડિયાંમાં એક વેળા મને મારે ઘર મોકલવા માટે મારા માસ્ટરને સમજાવી મારા મામા મને મળી ભેટી ચાલી ગયા. સ્કુલના મારા પેહેલા દિવસો ઘણા ઉદાસ વેહેવા લાગ્યા, પણ રફતે રફતે મને ત્યાંની ટેવ પડી ગઇ. જયારેબી હું મારાં વ્હાલાંઓને મળવા મારે ઘર જતો, ત્યારે ત્યાં મને ખુલ્લે હાથે આવકાર મળતો.

એક દિને અમો સ્કુલનાં છોકરાંઓ બહાર રમત માટે નિકળ્યાં તે વેળા એક વડો છોકરો નામે "ડાલીસન" ખબર લાવ્યો કે અમારા માસ્ટર કાંઇ કામ સારૂ લંડન જતા હતા. આ માસ્ટર બહુ કરડા સ્વભાવના હોવાથી તેમની ગેરહાજરીમાં ઠીક ગેલ કરવાનું બની આવશે તેના ખ્યાલથી દરેક છોકરાઓને ખુશાલી ઉપજી.

અમો બધા, માસ્ટરની ગેરહાજરીનો લાભ લઇ બહાર મેદાનમાં ફરવા નિકળ્યા. ઘણે દુર "કકુ" પક્ષીનો માળો આવેલો હતો, તે ચોરવાનો બધા છોકરાઓનો ઇરાદો હતો. થોડા થોડા છોકરાઓ ભાગમાં વેહેંચાઇ જઇ તેની શોધમાં જુદે જુદે ઠેકાણે નિકળી ગયા તેમના આવાં કામમાં મને કશીબી ઉલટ નહીં હોવાથી હું એકલોજ આગળ લટાર મારવા લાગ્યો.

આસપાસના સુંદર દેખાવથી હું એટલો તો મગન થઇ ચાલતો હતો કે હું કયાં તુલીક આવી પોંહચ્યો તેનો મને કાંઇ ખ્યાલ વટીક રહયો નહીં અંતે મારી છોકરવણુ નજર ભુખથી એક ઍપલનાં ઝાડપરનાં પાકેલાં ફળો જોતી થોભી, કે મારા ટાંટીયાબી ત્યાંજ ઉભા રહી ગયા. વગર વિચારે મેં હાથ લાંબો કરી, એક લાલ પાકકું ફળ તોડી તેને નિરદોષતાથી છોલી, થોડો ગર મોહમાં માર્યો. તેના મીઠા સ્વાદથી હોથ મટમટાવતાં મેં જરા બીજું તોડયું. પણ મોહમાં નાખવા જતાંજ મારા હાથ અટકી ગયા. મારા નાના મગજમાં તુરત ધાઇ આવ્યું કે આ ફળ કાંઇ મારૂં ન હતું અને લોકના બાગમાંથી આવું પાકકું ફળ તોડી ખાવું એ તો ચોરીનો ગુનાહ કહેવાય. મારા ધર્મી મામા જો મારી આ ચાલ જાણે તો મારા બાબે શું વિચારે તેનો ખ્યાલ થતાંજ હું તે ફળ નાખી દઇ ડુસકે ડુસકે રડવા લાગ્યો. એકાયક મારાં ખભાં ઉપર કોઇનો નરમ હાથ પડયો. એટલે આંસુથી ભિજાયલી આંખ્ગો સાથ મેં ઉપર જોયું. એક જોડી નરમ ચળકતી ભુરી આંખો સાથ મારી નજર એક થઇ. તેણી

એક ઉંચી ખુબસુરત માયાળુ પણ માતબર દેખાવની બાનુ હતી. તેણીને જોતાંજ હું કુદકો મારી ઉભો થયો.

"તું શા માટે રડે છે નાના છોકરા?" તેણીએ મધુર હલકે મને સવાલ પુછયો.

"બાઇ હું ઘણો દલગીર છું. કારણ કે મારેથી એક પાપનું કામ થયુંછ." મેં ડચકાંઓથી ગુંમળાતાં કહ્યું "આ ઝાડ ઉપરથી મેં એક ઍપલ તોડયું અને તે મારા મોહડાંમાં ચાલી ગયું. પણ તે કાંઇ મારૂં ન હતું તેથી એ તો ગુનાહ કહેવાય."

"હા ખરી વાત છે પણ તેં એ ચોરી કબુલ કીધી તેથી ખુદા તને માફ કરશે. રડ ના! આ બાગના માલેક મારા ધણી સર જ્યૉર્જ છે. પણ તું અહીં કેમ આવવા પામ્યો?"

"હું બ્રન્સવીક સ્કુલનો નિશાળ્યો છું. હું મારો રસતો ભુલી ગયોછ, મને હવે ત્યાં કોણ લઇ જશે?"

"બિહ ના, મારી સાથ મારા મેહેલમાં આવ." તે ભલી બાનુ, જેનું નામ લેડી લુસી જ્યૉર્જ હતું તેણી બોલી. "ઇદીઠ, દીકરી ઇદીઠ તું કયાં છે?"

"ત્યાં છું મમા" તુરત એક બાળકનો ઝીણો રૂપેરી અવાજ આવ્યો અને બીજેજ પળે સામેથી એક પટલો સફેદ આકાર દોડતો આવ્યો. મને જોતાંજ તે નાની સુંદરીએ અજાએબ થઇ જઇ સવાલ કરતી આંખોએ પોતાની માના ચેહેરા ગમ જોયું.

"તારૂં નામ શું?" લેડી જ્યૉર્જે મને પુછયું.

"ઍડવીન વૉલટર" મેં જવાબ દીધો.

"દીકરી ઇદીથ, તું નાના ઍડવીનને આપણાં મકાનમાં લાવ. એને એની સ્કુલનો રસ્તો માલુમ નથી. આપણુ નાસ્તા પછી એને, બ્રન્સવીક સ્કુલ તરફ આપણી ગાડીમાં હંકારી જઇશું" તે ભલી બાનુનો મેં ઉપકાર માન્યો, જે તેણી સાંભળવા ઉભી રહી નહીં. હવે ખુબસુરત ઇદીઠે મારી આંગળી પકડી બચ્ચાં સહી છુટથી વાતો કરવા માંડી.

"તમારૂં મકાન કેવું શોભઇતું છે. એ કયાં નામથી ઓળખાયછ!" મેં ઇદીથને પુછયું.

"સર જ્યૉર્જ પૅલેસ" તેણીએ ઉત્તરમાં કહ્યું.

થોડા વખત પછી નોકર અમને ખાણાનાં ઓરડામાં તેડી લઇ ગયો. તે મોટી ખાચોખાચ વાણા અને સ્વાદીષ્ટ મિષ્ટાણોથી ભરાયલી ટેબલ જોઇ મારી છોકરવણુ આંખ ફાટી ગઇ, અને પેટમાં એક ગજ વધારે ખાડો પડયો. લેડી જ્યૉર્જે મને પોતાપાસ બેસાડવાની ઇશારત કીધી. તેમના ડાબા હાથ તરફ એક લાલચેહેરાનો ટુંકી દહાડીવાળો, અને ભારી ભવાં સાથનો શખ્સ બેઠો હતો. તેની નાની ચળક ચળક થતી આંખ્યો મને બારીકીથી મોઢાંથી તે પગ તુલીક ટીકવા લાગી. પછી તેને સવાલ પુછયો. "લુસી! આ છોકરો કોણનો?"

"બ્રન્સવીક સ્કુલ માંહેલો નિશાળ્યો છે. જ્યૉર્જ" લેડી લુસી જ્યૉર્જે કહ્યું "પોતાનો રસ્તો ભુલી ગયોછ, તેથી હું એને અંહી બોલાવી લાવી."

"પપા તમને માલમ કે ગરીબ કૅરવાલોની દીકરી ઘણી સીક છે. હમણાં હું મમા સાથ તેણીને જોવા જઇશ" નાની ઇદીથે પોતાની બાપને કહ્યું.

"હશે, પણ તને જવાની કાંઇ અગત્ય નથી. આપણાં નોકરોને ઘર તે કેવી મુલાકાત આપવી?" કરડા સર જ્યૉર્જે પોતાની બેટીને કહ્યું. તે નાસ્તો સારપણી ચુપકીદીમાંજ પસાર થયો. મેં ઘણી વેળા સર જ્યૉર્જને મારો ચેહેરો ટીકતા જોયા પણ મારી નજર તેઓ સાથ એક થતાંજ તેઓ તુરત પોતાનો ચેહેરો ફેરવી નાખતા. પેટ પુરતું જમ્યા પછી ઇદીઠ મને પોતાના ઓરડામાં તેણીનાં રમકડાં બતાવા લઇ ગઇ. ગાડી જોડાયા પછી તે ભલી મા બેટી

મને મારી સ્કુલ તરફ લઇ ગયાં, અને મને ઘણી વેળા તેમની મુલાકાતે આવવાનું કહી, મારી આભારી આંખોનાં ચમકાટ વચ્ચે ગાડી હંકારી ગયાં.

છુટીને દિવસે જ્યારે હું મારે ઘર ગયો ત્યારે મેં "સર જ્યૉર્જ પૅલેસ"ની મારી મુલાકાતનું વર્ણન મારા મામા આગળ કીધું. તેઓ તે સાંભળી કંઇક ફીક્કા પડી ગયા. અને કહ્યું કે—

"ઍડવીન તું ત્યાં બીજી વેળા મુલાકાતે જતો ના. કારણ આવા મોટાં માણસોમાં તું ભેલાઇ નાનપણથીજ મોટા વિચારો રાખતાં શિખશે."

મેં કાઇ જવાબ દીધો નહીં. મેં જોઇ લીધું કે ત્યાં નહીં જવા માટે તે મને કાંઇ બીજો વાંધો હોવો જોઇએ. મારી કેળવણી મારા મામાને દરેક રીતે સંતોષ આપતી. તેઓએ મારા માટે ભવિષ્યમાં ઘણો ઉંચો વિચાર રાખ્યો હતો એમ તેઓ મને અવારનવાર જણાવતા.

કેટલાંક વર્ષો સુધી મારી જીંદગીનાં કંઇબી જાણવાજોગ બનાવો બન્યા નહીં "સર જ્યૉર્જ પૅલેસ"માં હું હવે ઘણો પલોટાઇ ગયો હતો.

લેડી જ્યૉર્જ અને ઇદીથ, મને ત્યાં આવકાર આપવા, એક પગે ઉભાં રહેતાં પણ સર જ્યૉર્જ તેઓથી ઉલટા હતા. તેઓમાં મારી હાજરી કંઇ અજબ અણગમો ઉપજાવતી. એક દિવસે હું બાગમાં બેસી એક સુંદર દેખાવનો ચિતાર ઉતારતો હતો, મારી નજદીકમાંજ ખુબસુરત ઇદીથ ચોપડી વાંચતી બેઠી હતી, તેવામાં એકાયક ઇદીઠે મને સવાલ મુકયો :

"ઍડવીન, તમારાં માબાપ કોણ હતાં? શું તેઓ માટે તમે કંઇજ જાણતા નથી?"

"આ સવાલ પુછવાનું કાંઇ કારણ ઇદીથ?" મેં ચિતારમાંજ આંખ્યો રાખી પુછયું.

"હા, મારા બાવા તે જાણવા માંગે છે. તમો કોઇ દિવસે તેઓ બાબે બોલતા નથી."

"કારણ મેં તે મરહુમ વ્હાલાંઓને જોયાં નથી, હું એટલો કમનસીબ કે તેઓ બન્નેનો છાંયો, એક વર્ષની વયેજ ખોહી બેઠો. મારા બાવા એક રૅજીમેંટના કૅપટન હતા, અને મારાં મમા, મારાં મમાઇનાં એકપૂરાંજ દીકરી હતાં. તેઓ બન્નેને એક એક ઉપર એટલું વ્હાલ હતું કે મારા બાવાના મરણ પછીથી એક મહિનેજ મારાં માબી ગુજર પામ્યાં. નસીબ મારાં."

"તમારા બાવાનું નામ શું?"

"જે મારૂં નામ હાલ છે, તેજ, 'ઍડવીન વૉલટર'."

"ઓહ, આ કોણ? પીત્રાઇ રૉબર્ટ કે?" એકાયક ઇદીથ પોતાની ચોપડી નાખી દઇ ઉભી થઇ. સામેથી એક ખુબસુરત દેખાવનો જવાન કુદકા મારતો અમારી નજદીક આવ્યો.

"ઇદીથ ઓળખેછ કે? ઓહ! કેટલી મોટી થઇ ગઇ. તું કેમ છે? ફુઇજીમાય, ફુવાજી સૌની તબીયતનું ગાડું કેમ ગબડે છે?"

"સૌ સારી પેઠે છે, રૉબર્ટ, અંદર આવો માયજી તને જોઇ ઘણાં ખુશી થશે, આ એઓ અમારા દોસ્ત ઍડવી—"

"કોણ! આ ચિતારો? વળી ફુવાનાં ધ્યાનમાં એ શું આવ્યું કે એક અજાંના ચિતારા સાથ દોસ્તી માંડી." તે તુચ્છકારથી બોલ્યો.

"એઓ કાંઇ એક સાધારણ ચિતારા નથી એ—"

"વારૂં હશે ચાલની ઇદીથ, મને ફુઇને મળવું છે,"

તેઓ બન્ને જણ પૅલેસની અંદર ગયાં, હું તેઓને બહારથીજ જોતો બેસી રહ્યો. આ રૉબર્ટ, લેડી જ્યૉર્જનાં ભાઇ સર રેમંડનો એકપૂરો દીકરો હતો. સર રેમંડ પોતે ઘણાજ આતબર હતા, અને "સર જ્યૉર્જ પૅલેસ"ને ટક્કર મારે તેવાં શોભતાં એક મકાનના માલેક હતા. હું તેમને સારી રવેશે પિછાણતો હતો. તેઓ સ્વભાવે અને ચાલચલણે, તદ્દન લેડી જ્યૉર્જ જેવા માયાળુ અને સાલેસ હતા. પણ ત્યારે આ દિકરાના કેવા ગુણ? પહેલીજ નજરે મેં જોઇ

લીધું, કે તે એક કઢંગી ચાલનો છાલકો જવાન હતો. લાંબો વખતસુધી ત્યાં હું ખ્રદીથની વાટ જોતો બેઠો, પણ અંતે તેણીને પાછી ફરેલી ન જોઇ હું ભારી દીલે ઉઠયો; બાગ પસાર કરી સડક ઉપર પગ મુકતાં, મને સામેજ સર રેમંડ મળ્યા, તેમને પગે નજલો હતો એટલે લાકડીની મદદથી તેઓ આસ્તે આસ્તે ચાલતા હતા. સાહેબ સલામ કરી મેં તેમને મારા હાથનો ટેકો આપ્યો, અને હુંબી તેઓ સાથ તેમનાં મકાન તરફ વાત કરતાં ચાલ્યો.

"એડવીન દીકરા તેં જાણ્યું કે આજે મારો દીકરો રૉબર્ટ બહારગામથી આવ્યો છે. તું એને મળ્યો કે?" સર રેમંડે છુટથી મારા સાથ વાત ચલાવી.

"મેં એઓને હમણાં સર જ્યૉર્જનાં બાગમાં જોયા." ટુંકમાંજ મેં કહ્યું.

"મને મારા દીકરાની ચાલચલણ માટે તને કાંઇ કહેવુંછ. તું એને માટે શું ધારે છે."

"મેં એવન સાથ એક શબ્દ હજુર વાત પણ કરી નથી."

"હં, હં, સમજ્યો." અમો અંહી સર રેમંડનાં મકાન આગળ આવી પુગા. સીડી ઉપર ચહડયા પછી, તેઓ જરા દાક ખાવા ઉભા. "મારા ઓરડામાં આવ, મને કંઇ તારા સાથ મારા બેટાને લગતી વાત કરવીછ" આ વખતે મારી નજર તે ઓરડામાં ઉભેલી તે ઘરની કારભારણ તરફ ગઇ. તેણી સર રેમંડનાં આ છેલ્લા શબ્દોથી કંઇક બ્હીધેલી લાગી, કારણ તેણીનાં હાથમાં પકડાયલા ચમચાઓ તે વેળા હેઠે ગબડી ગયા. સર રેમંડનું તે ઉપર જરાબી ધ્યાન ખેંચાયું નહીં. પોતાના ઓરડામાં બેસવા પછી તેઓએ મને દરવાજો બંધ કરવા ફરમાવ્યું.

"મારો છોકરો રૉબર્ટ ઘણોજ ઉડાઉ છે, તે સાથે સ્વભાવેબી બડો ઝનુની ને તુંડ છે. આટલાં વર્ષો તે મારાથી દૂર રહ્યો, ત્યારે હું તેના ખરચ માટે બાદશાહી રકમો અંહીથી મોકલાવતો હતો. પણ આજે મને તે આવીને જણાવેછ, કે તેને 'ત્રણશો પાઉંડનું કરજ કીધુંછ, તે મારે તુરત ભરી દેવું, નહીં તો લોકોને ખબર થશે તો મારી આબરૂ જશે.' આવી નફટાઇ વાપરી તે ચાલી ગયા પછી મને દેશાવરનાં એક શાઉકાર તરફથી કાગજ મળ્યુંછ. તેમાં મારા કમનસીબ દીકરાની સહી સાથનો કાગજબી બીડયોછ તેમાં ખુલ્લું લખ્યું છે કે રૉબર્ટે નવસો પાઉંડ તે સાઉકાર પાસથી ઉછીના લીધા હતા, જે તેને પાછા ભર્યા નથી":—અંહી મને લાગ્યું કે કોઇએ આસ્તેથી દરવાજો ખોલ્યો, એટલે તુરત મારી નજર બારણા તરફ ગઇ, મને બહાર કોઇનો ઓળો દેખાયો, પણ તે તુરતજ પાછો ગુમ થઇ ગયો. સર રેમંડે વાત આગલ ચલાવી—"એ બાબે હું તમારી સલ્લાહ લેવા માંગુછ, તમે જો મારે ખાતર દેશાવર જઇ એ બાબે તલાસ કરશો તો હું તમારો બહુ મોટો આભાર માનીશ. જો એ વાત સાચ્ચી હશે તો હું મારા એ દુકતાને એક પૈબી આપી જઇશ નહીં. અને આ મારો મેહેલ મારી બેહેનનાં નામ—"

બહારથી એક જબરી ચીસ સાથ કોઇનાં ભોંયે પછડાવાના ધપકારાથી સર રેમંડ વધુ બોલતાં અચકી ગયા. હું તુરતજ કુદકો મારી ઉભો થયો. મારી પછવાડે ઉતાવલથી ઘસડાતા સર રેમંડબી આવતા હતા.

બારણાનાં ઉંબર બહાર પેલીજ કારભારણ બેસુદ્ધ થઇ પડી હતી. તેણીનો ફિક્કો અતિ ઘણો કાવલો ચેહેરો જોઇ, મને ઘણી દયા આવી. તે મકાનના માલેકે તુરત ઘંટ વજાડી નોકરોને બોલાવ્યા, અને તેમની સાહરવાર ટળે તેણીને સોંપી.

"એ મારા ઘરની ઘણી જુની કારભારણ છે. આગળ એ મારી મરહુમ ધણીયાણીની દાયા હતી. એણીને આમ સુદ્ધિ ખોહી દેવાની ટેવ પડેલી છે. પણ હું અજબ થાઉંછ કે એ મારા ઓરડાના બારણા આગળ કેમ આવવા પામી."

મેં મારો શક જાહેર કીધો નહીં અને તેમ કરવાની ટકજ મળી નહીં, કારણ કોઇનાં પગળાં દાદર ઉપર ચહડતાં સંભળાયા. બહાર ચાલમાં કાંઇ અસાધારણ ધોંધાટ થવા લાગ્યો અને બીજીજ પળે અમો બેઠા હતા ત્યાંનુ બારણું ધડાકામાં ખોલી, અંદર રૉબર્ટ દાખલ થઇ નજદીકની એક ખુરસીમાં બેસી ગયો.

આ બેઅદબી ભરી ચાલથી તેના બાપને ઘણો ગુસ્સો ઉપજ્યો. "રૉબર્ટ શું છે? તું જાણતો નથી, મારી નબલી તબીયતને આ તારી ઘુમચકરીથી વધુ ખરાબીમાં તું ઘસડેછ–તને—"

"અરે પણ બાવા, તમારી દેહ કયે દહાડે પાધરી રેહેછ જે! એતો હંમેશની એવીજ તેથી શું હું જરા મારાં પોતાનાં મકાનમાં છુટથી ફરૂંબી નહીં?" તે કદરના કટકાએ આમ કહી બેપરવાઇથી સીસોડી ફેઠવા માંડી.

હું હવે રજા લઇ તુરત ઉઠયો. હજુરતો હું ઉંબર બહાર પગ મેળું તેટલાં મને અંદરથી રૉબર્ટનો અવાજ સંભળાયો.

"બાવા, જ્યાં જોવું ત્યાં આ ભીખારી ચિતારો કેમ નજરે આવેછ! આજે ફુઇને ત્યાંબી પઠારી માંડી બેઠેલો અને વળા ઇદીથ તો એની તારીફ કરે તેટલી થોડી."

"એ ઘણો લાયકને ભલો જવાન—" હું વધુ સમજવા ઉભો નહીં. દાદર ઉતરી હું તે મકાનમાંથી બહાર પડયો.

* * * * * *

"મામા રાલ્ફ આજે 'સર જ્યૉર્જ પૅલેસ'માં બૉલ છે તમનેબી તેડું છે. આવશો કે?"

"નહીં." મારા મામાએ ઠંડાઇથી જવાબ દીધો. "મને આવા બૉલની પરવા નથી, તું એકલો જજે."

સાંજે હું વખતસર ઇદીથને મકાને ગયો, બાગમાં ઇદીથ અને રૉબર્ટ બન્ને ફરતાં હતાં. ઇદીથે મને આવકાર આપ્યો. તે સુંદરી પોતાના શોભાયમાન પોશાકમાં એક આકાશી પરી મિસાલ પ્રકાસ્તી હતી. રાત્રે વખતસર બૉલ શરૂ થયો. મોટે વાંધેનાં પરોણાઓથી આખું દિવાનખાનુ ચીકાર ભરાઇ ગયું હતું. પેહેલો "ડૅન્સ" ઇદીથે મારા સાથ કર્યો. ઇદીથ રૉબર્ટને ગણકારતી ન હતી તોબી તે તુંડ મીજાજનો દુકતો અમારી નજદીકને નજદીકજ ભમતો. ડૅન્સ પછી અમો જરા હાક ખાવા બેઠી તેટલાં એક હસતી પુટલી જેવી ખુબસુરત જવાન નાર ઇદીથ આગળ દોડી આવી.

"ચાલ ઇદીથ તું તારૂં વચન ભુલી ગઇ કે? મને તું તારા વડવાઓની સબી બતાવનાર હતીની?"

- "હા, હા, ઍલીસ ચાલ હું તૈયાર છું. તમે આવશો મી૦ ઍડવીન?"

"મોટી ખુશી સાથ" મેં કહ્યું. "કેમ છો મીસ ઍલીસ?" દાદર ચહડતાં મેં તે નવી સુંદરી સાથ વાત કીધી. અમો પીકચર ગૅલરી તરફ આવી પુગાં. અલબત્ત રૉબર્ટબી અમારી પુઠેજ હતો, તેના હાથમાં બત્તી હતી.

"અરે જરા દીવો દુર મુકો, મારી આંખપર ઘણો ઉજાસ આવેછ." એલીસ બોલી.

ઇદીથ અમને દરેકની સબી બતાવી અને તેમની ઓળખ આપવા લાગી. એકાયક મારી નજર એક કૅપટનનાં પોશાકમાં સજ થઇ ઉભેલા એક તંદરોસ્ત જવાનની સબી ઉપર પડી. આહ! લાંબો વખત સુધી મારી નજર તે ઉપર ટેકવાઇ રહી. મને તે ચેહેરો કંઇક ઓળખીતો લાગ્યો.

"એ કોણ?" મેં ઇદીથને પુછયું.

"મારા કાકા." તેણીએ જવાબ દીધો. "મારા બાવાના વડા ભાઇ. એઓ જવાન વયેજ ગુજર પામ્યા હતા."

"કોણ? તમારા બપાવાની મરજી વિરૂદ્ધ પરણી દેશાવર મરણ પામ્યા હતા તે?" ઍલીસે પુછ્યું.

"હા," તેણીએ ટુંકમાં કહ્યું.

"મેં એમ સાંભળ્યું છે કે તમારા બપાવાએ તેમને ઘરમાંથી કહાડી મેળ્યા હતા?" ફરી ઝટપટી ઍલીસે સવાલ પુછ્યો.

"કાહડી નહીં મુકે તો શું કરે?" બેઅદબ રૉબર્ટ અંહી વચ્ચે પડયો. "અમારાં ખાં-નદાનથી ઘણાંજ ઉતરતાં હલકાં કુટુંબમાં પરણી, વળી તે અંજાણ છોડીને અમારાં પૅલેસમાં અમને હીણું લગાડવા લાવવા માંગી, પણ મારા ફુવાના બાપને સારૂં સુઝ્યું કે એક પૈ વગર તેને હાંકી મેળયો. અને પછી તેનું સેવટ શું આવ્યું! અલબત્ત ભીખારી અવસ્થામાં તંગીથી રીબીને બન્ને માર્ગ લાગ્યા."

"પણ તેમને કાંઇ બચ્ચાં થયા હશે ની?" ઍલીસે પુછ્યું.

"હોતે તો આટલો વખત કયાં છુપાઇ રહેતે? સારાં નસીબે, તેનું એકબી હાડકું નડવા રહ્યું નથી." રૉબર્ટે ખુલાસો કીધો.

"નીચે ચાલો, મને અંહી ઘણી ગરમી માલુમ પડેછ." ઇદીથ આ વાત બંધ પાડવા માટે બોલી ઉઠી.

મને નીચલા ખંડમાં કાંઇ ચેન ન પડવાથી બધાંથી દુર થવા મેં એકલાએ લાયબ્રેરીવાળા ઓરડા તરફ પગલાં ભર્યાં. હું પાંચ દશ મીનીટ તુલીક વિચારમાંજ બેસી રહ્યો. બત્તી ઘણી ઝાંખી હતી, અને તે બંધ્યાર ઓરડામાંની હવા ઘેરાઇ ગયલી હોવાથી હું ઉઠી નજદીકની બારી આગળ ગયો. મને ત્યાં તદન એકલો માની મારાં મનનાં ખ્યાલ હું મોહટે બડબડતો હતો. મેં માન્યું કે મારા ભવિષ્યમાં મને નડનાર માત્ર રૉબર્ટજ હતો. આવા આવા ખ્યાલોમાં જ્યારે હું તદન ચકચુર થઇ ઉભો હતો, ત્યારે મારા હાથને કોઇનો બરફ જેવો ઠંડો હાથ લાગ્યો. મેં ચોંકી પાછળ જોયું. ત્યાં એક આકાર પોતાની ચળકતી ચશંમ મારા તરફ ફેરવી ઉભો હતો. પેહેલી ધભરાટનો અસર નરમ થતાંજ મેં તે ચેહેરો બરાબર જોયો અને મારી અતી ઘણી અજાયબી વચ્ચે મેં તેણીને સર રેમંડની કારભારણ તરીકે ઓળખી. તેણીના હોથો ધ્રુજતા હતા, અને તેણીનો હંમેશનો ફિક્કો ચેહેરો, હાલ વધુ ફિકાસ ઉપર હતો.

"અય જવાન શખ્સ તું હાલ શું વિચારમાં ઉભો હતો?" તેણીએ મને ધીમા અવાજે પુછ્યું.

"હું મારા વિચારો મોટેથીજ બોલતો હતો. પણ તમે કોણ છો? મને સવાલ પુછવાની તમને શું સત્તા છે?"

"હું આઇડા હૉલંડ, તે સર રેમંડની કારભારણ છું. મને કહેવા દે જવાન કે તારી આશા તમામ મિથ્યા જશે. ઇદીથ જ્યૉર્જ કદી તારી થશે નહીં. તેણી પોતાના માતબર પીત્રાઇ રૉબર્ટ સાથ અહદરાઇ ચુકીછ. સર જ્યૉર્જ તે બાબે પોતાની પુરતી પરવાનગી આપી ચુકો છે અને તુંજ તેઓનાં સુખમાં નડેછ."

આ સાંભળતાંજ હું તો અજાયબ થઇ ગયો. તોબી ઉસ્કેરાયાથી હાંફતાં મેં પુછ્યું—

"હું એ વાત માનતો નથી, ઇદીથ પેલા લફંગા દુકતાને કદીબી ઉત્તેજન આપતી નથી, અને સર જ્યૉર્જ પોતાની દીકરીની મરજી વિરૂદ્ધ—"

"સર જ્યૉર્જ પૈસાનો લોભી છે. સમજ! રૉબર્ટ રેમંડ સાથ પોતાની દીકરીની સગાઇથી તેનાં હાથમાં સર રેમંડનો સઘળો પૈસો, અને પેલો માતબર મેહેલબી આવશે અને ત્યારે

તને સમજવાનું સેહેલ છે કે રૉબર્ટ જેવા એક ગબ્બર જવાનને છોડી તે કદીબી મારી સાથ પોતાની છોકરીનાં લગ્ન કરે નહીં.”

“આ મને જણાવવાનું તને શું કારણ મળ્યું ?”

“એટલુંજ કારણ કે તું ખોટી ઉમેદો રાખે નહીં. અને હું માગી લઇ કહુંછ કે તું એ જવાન જોડાંની વધુ નજદીક રહી તેઓનાં સુખમાં કાંચડ ના નાખ. મારી દુવા છે કે તુંબી સુખી થાય. સલામ.” આ બોલો સાથ તે વિચિત્ર ઓરત ગુમ થઇ ગઇ. હું પાસેની ખુરસીમાં પડી ગયો. મેં મારી આંખે હાથ દીધા. પેહેલો વિચાર મને એજ આવ્યો કે મારે આજેજ રાતે આ શેહેર છોડી જવું. થોડે વખતે હું બારણા તરફ ગયો. સામેથી લેડી જ્યૉર્જ મને મળ્યાં.

“ઓહ ઍડવીન વૉલટર તમે છો કે? એક મેહેરબાની કરશો. પેલાં ઉપલાં પાટિયાં ઉપરથી પેલી બ્લુ કવરની ‘Pearl of the Ocean’ વાળી ચોપડી બહાર કહાડશો, ઉપકાર થશે.” તેઓ મારો હાથ પકડી લાયબ્રેરીમાં મને સાથે લાવતાં બોલ્યાં. મેં તુરત તેજ ચોપડી ઉપર હાથ નાખ્યો અને બેદરકારીથી ખેંચતાંજ દસ બાર બીજી ચોપડીઓબી હેઠે ગબડી પડી. “અરરરર”ના બોલોમાં મેં મારો પસતાવો જાહેર કીધો.

“કંઇ ફકર નહીં, ભલા જવાન, આ ચોપડીઓ ગબડી ગઇ તે સારાંનેજ કાજે. હું તમને આજ કેટલાંક દિવસો થયાં એ બાબે કહેનાર હતી. મારા ધણી જ્યૉર્જ કંઇ કામસર પૅરીસ જનાર છે. તેમનો કદીબી કોઇને પોતાની લાયબ્રેરીમાં જવાનો હુકમ નથી, અને તેથી આજ વર્ષો થયાં એ કેતાબખાનું તદ્દન ધુલ ખાય છે. માટે જો જ્યૉર્જની ગેરહાજરીમાં તમે આ લાયબ્રેરી ગોઠવવાનું માથે લેશો તો હું તમારી ઘણી મોટી આભારી થઇ રહીશ. વળી તમે પોતેબી એક ગ્રંથકર્તા હોવાથી, કંઇ આગળી જુની ચોપડીઓમાંથી તમારે લાયકનો ખજાનો મેળવશો.”

હું તે ભલી બાઇની અરજ નામંજુર રાખી શકયો નહીં. હું આજેજ તે દેશ છોડી જવાનો ઇરાદો રાખતો હતો તે ત્યાં વધુવાર થોભવાને કબુલ્યો. મેં તે પુસ્તકખાના ઉપર બરાબર નજર ફેરવી કહ્યું, “મને એ ગોઠવતાં બે મહિના લાગશે. હું રોજના ત્રણ કલાક આ કામ પાછળ રોકીશ.”

“તમારો ઉપકાર માનું છું, ઍડવીન, ત્યારે તમે આવતા બુધવારથી શરૂઆત કરજો! મારી ઇદીથ તો તમને એમાં વગર માગવે મદદ આપશે.”

ટુંકમાં સર જ્યૉર્જનાં પેરીસ જવા પછી મેં લાયબ્રેરી મારે હસતક લીધી. એક દિવસ હું લાયબ્રેરીનાં કામમાં રોકાયલો હતો, તેટલાં બહારથી ધીમાં પગલાં વાગ્યાં, દરવાજો આસ-તેથી ખોલી, અંદર ઇદીથનો સુનેરી ગોલાબી ચેહેરો દિમાયો. અંદર આવવાની પરવાનગી મેળવી તેણી આસ્તે ચાલી આવી, એક ખુરસી ઉપર બેઠી. થોડા વખત સુધી અમો વચ્ચે ત્યાં ચુપકીદી પથરાઇ. અંતે ઇદીથે જબાન ખોલી:

“વૉલટર, તમારી આ મારા તરફની ફેરવાઇ ગયલી ચાલનો અર્થ શું? શું મેં તમને કોઇબી દિવસે ગુસ્સે કીધાછ? આપણ વચ્ચેની નાનપણની મિત્રાચારી શું મોટપણમાં આવા સેવટમાં આવી અટકશે?”

“મીસ ઇદીથ હું પોતેજ તમારી હીલચાલથી અજાયબ છું, કારણ મને તમારી સાથ છુટથી વાત કરવાનો હક નથી. તે હક તો તમોએ તમારા પીત્રાઇ, યાને ખુલ્લું કહેવાની હિમ્મત કરૂં તો તમારા અદરાયલા ધણી રૉબર્ટને આ—

“શું? રૉબર્ટ મારો અદરાયલો ધણી? રૉબર્ટ, કે જેને હું ડગલેને પગલે તેના ઘાટકી દયાહીણ કામોની નસીયત દેતી ફરૂંછ, જેને હું તેની બેઅદબ ચાલથી ધિક્કારૂંછ તે—”

તેણી ઘણી ઉશ્કેરાઇ આવી હતી હું તુરત તેણીને શાંત કરી બોલ્યો.

"શું તમારા બાવાની તેમ કરવાની ખુશી નથી?" મેં પુછ્યું.

"છે પણ મારો વિચાર નથી. અને—પણ સાંભળો કોઇનાં પગલાં વાગે છે."

મેં તુરત દરવાજા ઉપર નજર ફેંકી. ઉંબર ઉપર રૉબર્ટ મોહમાં ચીરૂટ લઇ ઉભો હતો. તેનો ચેહેરો જોઇ મને સંતોષ ઉપજ્યો કે તેણે અમો વચ્ચેની વાત સાંભળી હતી નહીં.

"કેમ છે મામા રેમંડની તબીયત?" ઇદીથે તેને આવકાર આપી પુછ્યું.

"અરે તેઓ તો 'ભસતાંનુ ભાંરૂં આપી ચુકેલા' દેખાય છે. હવે તો જે વખત જાય છે તેમાં રેમંડ પૅલેસના આપણે એકલા માલક બનીશું. મેં મારા બાપને કદી ચાહ્યા નથી. અને તેથી મારી ઝાઝી દરકાર કરતો નથી. વળી મારીતો તદન ખાત્રી છે કે "વીલ" પણ કરવામાં આવ્યું નથી એટલે જે છે તે ઉપર તેમનાં દીકરાનો એટલે સેવકનો પોતાનો હક" તે સંગદિલ, છકેલ છોકરાએ કહ્યું.

"સર રેમંડની તબીયત વધુ ખરાબ થઇછ તે સાંભળી હું ઘણો દુઃખી છું." મેં ઇદીથને કહ્યું. "હું તેમને ત્યાં જવા માંગુછ, મને રજા છે?"

"હા, જાવો, જાવો બેલાસક!" રૉબર્ટ ઇદીથનાં બોલવા આગમજ કહ્યું. હું આ અપમાન મુગે મોહડે ખમી ગયો. સર રેમંડ ધાસ્તી ભરી હાલતમાં હતા, તે સાંભળી હું ટોપી લઇ બહાર પડયો. સર રેમંડ પૅલેસ આગળ હું આવી પુગ્યો, તેનાં વિશાલ બાગમાં હું હંમેશ કરતાં વધાર ઝહડપુ પગલાં ભરતો હતો. તે મકાન આજે બહારથી ઉદાસીનો છાયો પેહેડી બેઠું હોય તેમ શોકાતુર લાગતું હતું. ઉતાવળથી ફુલવાડીમાં ધસતાં મને કોઇ અઠડી પડયું. અને તેજ પળે એક ચીસ મેળી તે આકાર જમીન ઉપર પડયો.

"ઓ કોઇ કહો કે હું બરાબર વખતસર આવીછ કે નહીં. ઓ તે જીવેછ કે? કોઇ જણાવો." મારી અજાએબી વચ્ચે તે બોલનારને મેં પેલીજ કારભારણ લેખે ઓળખી જેણી, આજ થોડાં અઠવાડિયાં થયાં તબીયતને અર્થે લંડન ખાતે ગઇ હતી.

"તમે અહીં કેમ આવવા પામ્યાં? તમે તો લંડન ગયાં હતાંની?" મેં પુછ્યું.

"સર રેમંડની ધાસ્તીભરી હાલત સાંભળી હું દોડી આવીછ. ઓ તેવણ જીવેછ કે નહીં તે મને જણાવો. ખોદા ખાતર મને ખરૂં કહો." તેણી દુઃખથી હાથ અફાળતાં બોલી.

"જીવેછ." મેં કહ્યું.

"ખોદાનો ઉપકાર!" તેણી આટલું બોલી એક હરણીની ઝડપે ત્યાંથી દોડી ગઇ. આ વખતે મેં તેણીનાં હાથમાં એક કાગજ પકડાયલું જોયું.

દાદર ઉપર મને ડૉકટર વીનસેંટ મળ્યા.

"સર રેમંડ કેમ છે?" મેં આતુરતાથી સવાલ પુછ્યો.

"આજની રાત કહાડશે નહીં." તેણે ગંભીરાઇથી જવાબ દીધો. હું દોડતો તેમના ઓરડા આગળ ગયો. ડૉકટર મારી પૂઠે આવ્યા. તે ગંભીર દેખાવ હમણાં લખતી વેળાબી મારી આંખ આગળ આવી ઉભો રહે છે. સર રેમંડ તદ્દન નાતવાન હાલતમાં કોચ ઉપર પડયા હતા. તેમનાં માથાં આગળ રડતી ચશમે તેમની બેહેન લેડી જ્યૉર્જ હતી. સાહરવાર કરનારી નર્સોબી તે ઓરડામાં હાજર હતી. બીજી બાજુએ બે ગૃહસ્થો હાથમાં સુખડપેન અને કાગજ લઇ બેઠા હતા. તેઓને મેં તુરતજ લંડન શેહેરના જાણીતા વકીલો તરીકે ઓળખ્યા એકજ નજરમાં મેં જોઇ લીધું કે સર રેમંડનું ત્યાં વીલ કરવાની તૈયારી ચાલતી હતી. પણ તે ધણી પોતાની સુધ્ધિમાં હતો નહીં. હું સર રેમંડના પલંગ આગળ વધ્યું, તે આગમજ પેલી કારભારણ અંદર આવી રડતી પૂકાર મુકતી તેમનાં બિછાણાં આગળ ધસડાઇ

ગુંઠણ ઉપર પડી. તેણીના બાલો ખભાં ઉપર વિખરાઇ પડ્યા હતા, આખ્ખું આંગ પાપની દહેસતથી ધ્રુજતું હતું, તેણીનાં હાથમાં એક ખુલ્લું કાગજ પકડાયલું હતું.

"સર રેમંડ! ઓ ખોદાતાલા! મારા પાપનો બોજો ઉતારવા તું એક પળ એને સુદ્ધિ બક્ષ! સર રેમંડ, ખોદા ખાતર આ જુવો!"

ગોયા તેણીના આ શબ્દોથી સર રેમંડમાં વિજળીક અસર થઇ. આજ સહવારની બંધ રહેલી તેમની આંખો હાલ આસ્તેથી ખુલી. પેલી વિચિત્ર ઓરતે ખોદાવંતાલાનાં ઉપકારમાં હાથ ઉંચ્ચા કીધા.

"લુસી! મારી બેહેન!" સર રેમંડે પોતાની બેહેન લેડી જ્યૉર્જને હાંક મારી.

"વ્હાલા ભાઇ રેમંડ હું અંહી છું." તેણીએ રડતાં જવાબ દીધો.

"મારો દીકરો ક્યાં છે?" તે મરતા શખ્સે પુછ્યું.

"તે બહેસ્ત પામ્યોછ સર રેમંડ તે ખોદા પાસ છે!" પેલી કારભારણ બોલી. દરેકનાં દિલ આ શબ્દો સાંભળી સ્તબ્ધ થઇ ગયાં.

"કોણ રૉબર્ટ, મારો દીકરો મરણ પામ્યો! ઓ ગરીબ પરવર!" તે મરતા શખ્સે એક ભારી હાય મારી.

"નહીં, નહીં, રૉબર્ટ કાંઇ તમારો દીકરો નથી, ઓ સર રેમંડ! મેં આજ સુધી છુપાવી રાખેલો ભરમ હું આજે ખોલુંછ! મારૂં પાપ માફ કરજો! તમો જ્યારે તમારી જવાનીમાં દેશાવર ગયા હતા,ત્યારે તમારાં ધણીયાણીએ એક બેટાનો જન્મ આપ્યો. જન્મ્યા પછી થોડેજ કલાકે તમારો પોતાનો હકદાર બેટો મરણ પામ્યો. આ બનાવથી, તમારાં મરહુમ ધણીયાણી ઘણાંજ દુઃખી થઇ ગયાં, તેમને લાગ્યું કે તેઓ હવે વધુ વાર જીવી શકશે નહીં. આથી તમને તદ્દન નાસીપાસના ગારમાં નાખવા તેમને ગમ્યું નહીં. તે વેળા તેઓએ મારા એક અઠવાડિયાંનાં બાળક બેટાને પોતાના દિકરા તરીકે ગણવા દીધો. પણ મરતીવેળા તેવન આ કાગજમાં તે બાબે ખુલ્લો એકરાર કરી ગયાંછ. તમારાં લેડીએ આ કાગજ મારા હસ્તકમાં સોંપી મને ફરમાવ્યું હતું કે મારે તે તમને આપવું. પણ આજ તુલીક મેં આ કાગજ મારા કને છુપાવી રાખ્યું. મને લોભ હતો કે મારો રૉબર્ટ તમારા દીકરા તરીકે ગણાઇ આ મેહેલ અને ખેતાબનો વારસ બને. પણ એ છોકરો તમારી ગમે એટલી ભલાઇ છતાં પણ બુરો નિવડયો. મારૂં અંતઃકરણ મને હંમેશાં ડંખતું, પણ હું તે ડંખને હવે દુર કરવા પામીછ. ઓ સર રેમંડ મારી આટલીજ અરજ છે કે રૉબર્ટ પર તમે છેલ્લાં દયા કરજો." તેણી પેલા વકીલોને જોઇ બોલી.

આ અવાજ બંધ થયા પછી તે ઓરડામાં એક પળ મોત જેવી ચુપકીદી પથરાઇ. સર રેમંડનો દમ ઘણો ટુંકો ટુંકો આવતો હતો, બોલવાની તેમનામાં જરાબી શક્તિ રહી નહીં. ડાકટરે વાંકા વળી નાડ તપાસી.

"એવણ વીલ કર્યા વગર બેહેસ્ત પામ્યાછ." શાંતીથી તોપણ ભીંજાયલી આંખ્યો સાથ ડૉકટર બોલ્યા.

"વીલ કર્યા વગર?!" આટલા બોલો સમેત હૈડું ફાડી નાખે તેવી નાસીપાસીની એક જબરી ચીસ સાથ કારભારણ—આઇડા હૉલંડ—ભોંય ઉપર બેભાન તુટી પડી.

* * * * * *

સર રેમંડનાં મરણને આજ ત્રણ દિવસ વહી ગયા છે, અને તેમનાં મેહેલનાં દિવાનખાનામાં શોકનાં કપડામાં સજ થઇ તેમનાં સગાં સ્નેહી, દોસ્ત આસનાવ, ડૉકટર, વકીલ, અને નોકરો ચાકરો ભેગા થયા છે. એક મોટા સોફા ઉપર લેડી જ્યૉર્જ, અને તેમની ખુબસુરત

બેટી ઇદીથ બેઠાં, જ્યારે તેમની પડોસનીજ ખુરસી ઉપર રૉબર્ટ તુમાખથી મુછ મરોડતો દમામમાં બેઠો હતો. જે ખરાબ સમાચાર તેને મળનાર હતા, તે બાબે તે તદ્દન અંજાણ હોવાથી તે પોતાનેજ રેમંડ પૅલેસનો માલેક ધારતો. બધાંની ચુપકીદી વચ્ચે વકીલ હીટન ઉભા થયા.

"બાનુઓ અને ગૃહસ્થો" તેઓએ શરૂઆત કીધી; કે રૉબર્ટ ભવાં ચહડાવી જોવા લાગ્યો,

"અંહી હાજર રહેલાંઓ દરેક મરનારનાં પિછાણનાં છે માટે તેઓ સનમુખ—"

"જરા ટુંકમાંજ કહી જાવો!" રૉબર્ટ વચ્ચે પડયો.

"સર રેમંડ વીલ કર્યા વગર મરણ પામ્યાછ, એટલે એવણના અતલગનાં ખેશી તરીકે—"

"અરે સર્વે જાણેછ કે મારા બાપે વીલ કીધું નથી. વળી અતલગનો ખેશી અને વારસભી હુંજ. એટલે તમને વધુ બોલવાની શી અગત્ય છે. મેં ધાર્યું કે કાંઇબી અગતની ખબર તમને આપવી હશે, તેથીજ તમને આ લેંસ જેવું લાંબુ ભાષાણ કરવાની રજા આપી. પણ તમારા બોલવામાં મને કશો સાર દેખાતો નથી એટલે ખાલી પટપટારો નહીં જોઇએ. તમને વકીલ કોણે કીધા?" અને અંહી તે ઇતરાટથી ફાટી ગયલો તુમાખી છોકરો ખડખડ હસવા લાગ્યો.

"ધીરે, ધીરે, મારા મેહેરબાન" વકીલ હીટન તદ્દન શાંતીથી બોલ્યા. "હું હવે અગતનાજ ભાગ ઉપર આવું છું. મરહુમ સર રેમંડે વીલ કીધું નથી. માટે આ આ મેહેલ અને તેને લગતી બીજી અસકયામત તેમજ દરેક રોકડ નાણું સુધાં તેમનાં અતલગનાં ખેશી તરીકે નામદાર લેડી લુસી જ્યૉર્જને મળી છે—"

"શું? શું બોલ્યા હીટન? હું મરનારનો દીકરો બાર હાથ અને બત્રીસ દાંતનો હૈયાત બેઠોછ અને—"

"થોભો! થોભો! મને સમજાવવા દો! તમે સર રેમંડના ખરા દીકરા નથી. તમે તેમની કારભારણ આઇડા હાલંડના બેટા છો! આ એક કાવત્રું આજ સુધી ચાલતું હતું. તેણીએ તે પોતાને મોહડે કબુલ્યું છે. તે ગુન્હાનો એકરાર સાંભળ્યા પછીજ સર રેમંડ મરણ પામ્યા, અને તેઓએ વીલ નહીં કીધું હોવાથી તેમની દોલત ઉપર તમને કશો હક રહ્યો નથી."

"હું માનતો નથી! એ ખોટું છે." પરસેવાથી ગરકાવ હાલતમાં આવી ગયલા તે જવાને બરાડ મારી.

"આ કાગજ જે મરનાર સર રેમંડના ધણીયાણીએ આ કાવત્રાં બાબે લખ્યું હતું તે તમારી ખાત્રી કરાવશે." વકીલે શાંતપણે કહી પેલું નાશકારક કાગજ રૉબર્ટનાં હાથમાં મેલ્યું.

તેણે તે વાંચ્યું. તેનું આંગ ધુજવા લાગ્યું, ચેહેરો જર્દ મારી ગયો અને લડહતે પગલે તે પડોસમાંની ખુરસીમાં ઝીકાઇ પડયો.

"મને એ બાબે આ ત્રણ દહાડા અંધારામાં કાં રાખ્યો?" ભાગી તુટી જબાને તેણે જાણવા માગ્યું.

"તમારાં મા ઘણી ભયભરેલી હાલતમાં બીમાર છે. તમે તેમને મળશો તો સારૂં" ડાક્ટરે તે દયાહીન છોકરાને સમજાવ્યો.

જવાબમાં તેણે ડાકટર ઉપર એક તિરસકારની નજર ફેંકી. પછી તે ત્યાંથી ઉતાવલે ઓરડો છોડી ગયો. "જેને એક પૈસે પૂર ઉમરાવ બાપની દરકાર ન રાખી તે એક ગરીબડી માતાની શું કનવાર કરતો'તો." મેં મનમાં વિચાર્યું.

મને ગરીબ આઇડા હૉલંડની ઘણી દયા આવી. હું તેણીને મળવા ગુપચુપ ઓરડામાંથી બહાર નિકળ્યો. સામેથીજ તેણીનો ફીકકો પટલો આકાર આવતો દેખાયો. મા દીકરા સામ સામે થઇ ગયાં.

"રૉબર્ટ મારા દીકરા, હું તારી માફી મેળવવા આવીછ." તેણી પોતાનો હાડપીંજર જેવો હાથ લંબાવતા બોલી.

"ધુટ! બાજુ થા" તે દુષ્ટાએ તેના હાથ ઉપર છાપટ લગાવી કહ્યું.

"જે કંઇબી મેં કીધું તે તારાં સારાં માટેજ કીધું હતું, તે જરા ધ્યાનમાં લે."

"ત્યારે તું છેલ્લે તુલીક મુગી કાં નહીં મરી રહી? તને ભરમ ખોલવાની શું અગત્ય હતી?"

"મને મારૂં હૈયું ડંખતું હતું, તે ડંખ સાથજ હું મરતે નહીં. પણ વળી મેં ધાર્યું કે સર રેમંડે વીલ કીધું હશે. અને આયંદે તેમાં તો તને ફાયદોજ થતે. ઓ રૉબર્ટ મરવા અગાઉ મને ભેટ, તારી કમસીબ મા—" પણ નહીં—તે નાકદર છોકરો જુસ્સામાં તેણીને એક ધકેલો મારી ત્યાંથી ચાલી ગયો. ગરીબ આઇડા હૉલંડ જમીન ઉપરજ ત્રણ ચાર ડચકાં ખેંચી મરણ પામી. તેણીનો દીકરો ક્યાં ગયો તે આજ તુલીક કોઇને માલુમ પડયું નથી. હું ભારી દીલે મારે ઘર ફર્યો. આ ઉપરા સાપરી બનેલા બનાવથી મને તાપ આવી. સારી માવજતથી હું થોડાંક અઠવાડિયાંમાં સાજો થયો. સર જ્યૉર્જની લાયબ્રેરીનું કામ હું અડધુંજ નાખી આવેલો હોવાથી સારો થતાંજ મને તે બાબે વિચાર આવ્યો. ત્યાં મને તે ભલી મા દીકરી તરફથી ખુશી સાથનો આવકાર મળ્યો. મારી લાંબી ગેરહાજરીથી તેઓ ચિંતાતુર બન્યાં હતાં. લાયબ્રેરી તરફ વધતાં મને ઇદીથે ખબર આપી કે સાંજે તેણીના પિતા પેરીસથી પાછા ફરનાર હતા. અમો બન્ને-જણ વાતો કરતાં અમારાં કામ ઉપર મંડ્યાં. થોડેવારે ઇદીથ મને છોડી ગઇ. આજે નીચલું પાટયું માત્ર મારે ગોઠવવાનું રહ્યું હતું. થોડીક ચોપડીઓ ખેંચી કહાડવા પછીથી એક ચોપડી મને ઘણી જડ બેસી ગયલી લાગી. ઘણું જોર કરવાથી તે ફાટી ગઇ, અને તેજ પળે મને ત્યાં કાંઇ પિત્તળનાં બટન જેવું દિસ્યું. મેં તે બટન ઊચકવાને હાથ લંબાવ્યો પણ તેને મારાં આંગલાં લાગતાંજ ત્યાંના લાકડાંનો ભાગ બાજુ ખસી ગયો અને મારી નજર સામે તે છુપાં ફાળકાં ટળે સંતાયલી અંધારી જગા ખુલ્લી થઇ. મેં અંદર હાથ નાખ્યો. થોડા વખતનાં ફાંફાં પછી મારા હાથને કાંઇ ઠંડી ચીજ લાગી, જે બહાર ખેંચી કહાડતાં તે એક દાબડો માલુમ પડયો. હું ખોદાનું નામ લઇ ઉભો થયો. તે દાબડો ખોલવાનો શું મારો હક હતો? થોડીક મીનીટ પછી મેં તેનું ધાંકણું ખોલી માંહેથી એક કાગજ ખેંચી કહાડયું. મેં તે ઉપર મારી નજર ફેરવી વાચ્યું. એક જબરી ચીચયારી સાથે હું મારા જન્મમાં પેહેલીજ વાર બેસુદ્ધ થઇ નીચે ટુટી પડયો.

જ્યારે મેં મારી આંખ ખોલી ત્યારે મેં મને "જ્યૉર્જ પૅલેસ" ના એક કુસાદે ઓરડામાંના બિછાણાં ઉપર જોયો. મારી નજર પેહેલાં મારા મામા રાલ્ફ ઉપર પડી. હું હવે ઉઠી બેઠો—"મારા દીકરા" લેડી જ્યૉર્જ આટલું બોલી મને ભેટી પડ્યાં. "મારા પીત્રાઇ ઍડવીન!" ઇદીથ મારા તરફ દોડતી આવી પુકારી. મેં તેણીનો હાથ મમતાથી ઝાલ્યો "અંતે ખરાંને જશ મળ્યો. બેટા તું તારા મામાને ભુલી ગયલો લાગે છે?" હું તુરત મારા મામાને ખુશાથી વળગી પડયો. હવે મારાં વાંચનારાંઓને આનો ભેદ સમજાવવો જોઇએ. જે દાબડો મને લાયબ્રેરીમાંનાં છુપાં ફાલકાંમાંથી મળ્યો હતો, અને જે કાગજ મેં ખોલી વાચ્યું, તે મારા મરહુમ માબાપનાં લગ્નની સરટીફીકેટ હતી. મને પોતાને સર જ્યૉર્જનાં વડા ભાઇનો બેટો જાણી હું બેસુદ્ધ થાવું તેમાં નવાઇ શી? હવે મારી ફરમાસથી મામાએ આંખો લુછી મારાં માબાપની નીચલી કહાણી મને કહી સંભળાવી.

"મારા મામા જે રૅજીમેંટમાં કૅપટન હતા, તેજ રૅજીમેંટમાં મારા મરનાર બાવાબી કર્નલની પદવીએ હતા. તેઓ બન્ને વચ્ચે ઘણી ઘાડી મિત્રાચારી હતી અને કોઇ કોઇ વેળા મારા બાવા મારાં મમાઇને ત્યાં મજાહ મારવા આવતા. અહીં તેમને મારાં માતાજી "ઍગનીસ"

સાથ પિછાણ થઇ. દીન ઉગતે એ નેક મિત્રાચારી વધતી ગઇ, અને તેને છેડો લગ્નના પવિત્ર ગાંઠમાં આવ્યો. મારા બપાવાને એ વાતની જાણ થતાં તેઓએ મારા બાવાને વીલ વારસા તેમજ મકાનમાંથી દુર કીધો તે વખતે મારા બાવાને તેમના નાના ભાઇ, હાલનો સર જ્યૉર્જ સાથ ઘણું સારૂં હતું. એક દિન તેમને ભોલાઇમાં પોતાના લગ્નની સરટીફીકેટ પોતાના નાના ભાઇને આપતાં કહ્યું કે તેથીજ કોઇ દિન તેમનો દિકરો ખરો વારસ થવા પામશે, પણ તેનું પરીણામ શું આવ્યું? લોભથી આંધલા બની મારા કાકા સર જ્યૉર્જે તે સરટીફીકેટ સંભાળી રાખી અને મારા બપાવા, જેઓ વીલવગર ગુજર પામ્યા હતા, તેવણની મીલકતનો માલેક થયો. સર જ્યૉર્જ મારાં મમાઇ મામાને પિછાણતા હતા નહીં. એક વેળા મને મારા મામા મારા બપાવા નજદીક—મારાં માબાપનાં અંચીતાં મરણ પછી—લઇ ગયા હતા; પણ મારા બપાવા પોતાના મક્કમ વિચારથી સેહેજબી પાછા ફર્યા નહીં, આથી નાસીપાસ થઇ મારાં મમાઇએ મને પોતા પાસ રાખી ઉછેર્યો." આટલી કહાણી જણાવ્યા પછી ઇદીથના બાવા તે મારા કાકા ઉભા થઇ મારી નજદીક આવ્યા.

"સર ઍડવીન જ્યૉર્જ" તેઓએ મને મારાં ખરાં નામ અને ખેતાબથી પુકાર્યો "હું મારાં કામો માટે તમારી માફી માગું છું. ખચ્ચીત હું કબુલું છું કે લોભથી હું પાપી બન્યો, પણ આજના બનાવથી હું ખરાં દિલથી સુખી બન્યોછ. આ મારા તરફની બેમુલ ભેટ મારી માફીનાં બદલામાં હું તમને બક્ષુંછ" તેવને આમ કહી પોતાની પરીસુરત બેટીનો હાથ મારા હાથમાં મેલ્યો.

મને ઇદીથ સાથ પરણવાને આજ ચાર વર્ષ વહી ગયાંછ એક સાંજે હું મારી ધણીયાણી અને મારા બાલક બેટા 'ઍડી' સાથ બાગમાં ફરતો હતો. મારો બુચો ઘણોજ ચવીત્રો હોવાથી દાસીનાં હાથમાંથી વાંકો, ટીકો, લાંબો, આડો, થતો, તેણીને ગુદણ મારતો હેઠે ઉતરવા માંગતો હતો; આથી મેં તેને લઇ નીચે ઘાસ ઉપર છોડ્યો, કે તુરત પોતાનાં બચુકલા પગોએ દોડી, એક ભોંયે પડેલું 'ઍપલ' લઇ મોહમાં માર્યું. એક વિજળીની ઝડપે મને વીસ વર્ષ ઉપરનો બનેલો બનાવ યાદ આવ્યો. "મારી ઇદીથ આપણી પેહેલી મુલાકાત તને યાદ છે?" મેં મારી સુંદર મોહોરદારને પુછ્યું.

"હા તમે ઍપલ તોડતા બાગમાં પકડાઇ આવ્યા હતા" તેણી મારી મશકરી કરતી બોલી.

"પણ તે ચોરી કહેવાયજ નહીં. તે 'ઍપલ' મારૂં પોતાનું હતું. જેમ હાલ હું છું તેમ તે વખતેબી હું આ મેહેલનો માલેક હતો. આપણા નાના 'ઍડી'એ આ શોધ કરાવી."

"ખરેખર" ઇદીથે જવાબમાં કહ્યું.

બીલ્યાનનો બ્રોચ.

લખનાર—ઓલીમપ્યા.

લૉર્ડ જાસ્પર લંડનની પેહેલે વાંધેની સોસાયટીમાં ઘણો આગળ વધેલો અને માન પામેલો ઉમરાવ હતો.

એક દહાડે આ લૉર્ડને પારીસથી આવેલા કાઉંટ ફીરામન અને તેની બાનુ કાઉંટેસ ફીરામન સાથે નાટકમાં ઓળખ થતાં દોસ્તી પડી. કાઉંટ અને કાઉંટેસ પારીસથી લંડન ખાતે થોડા દિવસ હવા ફેરફાર માટે આવ્યાં હતાં; એઓ બહુ મોટા લોક અને માતબર હતાં એમ તેઓની વાતચીત ઉપરથી લૉર્ડે જાણી લીધું.

"મારયન" લૉર્ડ જાસ્પરે પોતાની બાનુને બીજે દિવસે કહ્યું. "તારી શાલગરીને દિવસે આ મારાં નવાં દોસ્તને આપણે ત્યાં નોતરી આપણા લંડનનાં દોસ્તો સાથે તેઓને ઓળખ કરાવવાનો મારો ઇરાદો છે. તે દિવસે સાંજે પાર્ટી આપીશું; તેમાં આપણા કયા કયા દોસ્તોને નોતરવા તેનું એક લીસ્ત કરવા એડમંદને ફરમાવી તમે આપણા બીલ રૂમની ગોઠવણ ઘણા અચ્છા ટેસ્ટથી હમણાંથીજ કરાવતાં રહેવો."

લૉર્ડની બાનુ લેડી મારયન જાસ્પરની શાલગરીને દિવસે લૉર્ડને ત્યાં મોટા પાયા ઉપર પાર્ટી થનાર હેવાથી ત્યાં ઘણી ધામધુમ થઇ રહી.

પાર્ટીને દહાડે લૉર્ડે પોતાનાં ખાનગી કામ ઉપર દેખરેખ રાખનાર એડમંદ ઑસ્ટીન નામના જવાન શરમાળ છોકરાને જણાવ્યું,—

"એડમંદ, આજે મને તારૂં કશું કામ પડશે નહીં વાસ્તે દરવાજો બંધ કરી તું ઘરે જા."

"વારૂં સાહેબ;" એડમંદે ધીમો જવાબ વાળ્યો.

"લૉર્ડ મને પોતાની પાર્ટીમાં હાજર રહેવાનું નોત્રું દેતા નથી. આહા! મારા જેવા ગરીબને નોત્રે તો એમનાં માલેતુજાર દોસ્તોને અપમાન થાય." એડમંદે વિચાર્યું.

તેના જવા પછી લેડી મારયનને ખબર પડી કે એડમંદને પાર્ટીનું તેડું ન કરતાં લૉર્ડે ઘર મોકલી દીધો છે. આથી તેણી ઘણી દલગીર થઇ અને પોતાનાં ખાવીંદને સમજાવ્યું કે એમ કરવાથી તે ગરીબ બચારાને ઘણું અપમાન લાગશે વાસ્તે જરૂર તેને હજીબી તેડી મંગાવવો. લેડીની વાત લૉર્ડનાં ધ્યાનમાં ઉતરી જેથી તેને આ પ્રમાણે એક ચીઠી ચીત્રી કાહાડી.

એડમંદ ઑસ્ટીન—જોગ.

જત આજે તમારૂં કશું કામ અહીં નથી એમ મેં તમને જણાવ્યું હતું, પણ તેમ નથી. વાસ્તે જરૂર સાંજે અહીં આવજો. **લૉર્ડ જાસ્પર.**

આ ચીઠીમાં જાસ્પરે નોત્રું કીધું હતું નહીં. "તે અહીં આવશે અને તેને પાર્ટીમાં હાજર થવાનું કહીશું." તેણે ધાર્યું.

સાંજ થતાં લૉર્ડ જાસ્પરને ત્યાં લંકા લાગી. નોકરોની દોડધામ, ગાડી ઘોડાની આવ-જાવ, અને આંખને આંજી નાખનારી ખુબસુરતીએ એક પછી એક દિવાનખાનામાં આવવા માંડયું.

લૉર્ડે છુટે હાથે ખર્ચ કર્યો હતો. લેડી જાસ્પરના પોશાકની જોડી આખાં દિવાનખાનામાં ન હતી; તેમૂજ તેણીનાં ઘરેણાં પણ બહુજ વખણાતાં.

પારીસવાળાં કાઉંટ અને કાઉંટેસ આવી લાગ્યાં. લૉર્ડે સઉ સાથ તેઓની પિછાણ કરાવી.

સુંદર કાઉંટૅસ એટલી હસમુખી અને બોલકણી હતી કે તેણી આજેજ પેહલી દોસ્તી પડી હતી છતાં કેટલાંક વર્ષની દોસ્તી હોય તેમ સઉ સાથ ભેળાઇ ગઇ. રમત ગમતથી થાકી તેઓ બેઠકો ઉપર ગોઠવાઇ વાતે વળગ્યાં.

"જુવો કાઉંટ, લેડી મારયનના ઘરેણાંઓમાં ગળાં હેઠળ પેહરેલો બીલ્યાનનો બ્રોચ કેવો શોભે છે! એક પળ જાણે મારાથી તે તરફ જોવાતું નથી. એક એવો મને અપાવો. જેથી આપણી વેલાતની સેહેલધાહ યાદ રહી જાય." કાઉંટૅસે પોતાનાં ખાવીંદને જણાવ્યું.

આ બ્રોચ ઉંચા પાણીનાં બીલ્યાનનો ઘણો સુશોભીત અને રોણકદાર હતો. ઉંચામાં ઉંચા પાણીનાં બીલ્યાનોની વચે એક કબુતરનાં ઈંડાં જેવડો મોટો લાલ માણેક જડયો હતો, જે પોતાના તરફ જોનારની આંખને તુર્ત ઝાંખી બનાવી દેતો.

"એ તમને પસંદ છે તે જોઇ હું ઘણો ખુશી છઉં બાનુ, એનું મુળ ઘણું છે." લૉર્ડ બોલ્યો.

આજુબાજુ એકઠાં થયલાંઓએ એકેક ઉપરથી ટીંગાઇને મારયનની સુશોભીત ગરદન ઉપર ઝલકતો તે બ્રોચ જોવા માંડયો. જેથી મારયને શરમાઇને તે કાહાડી પોતાના ખાવીંદનાં હાથમાં આપ્યો જે સર્વેને તે હાથોહાથ બતાવે.

સર્વે ભેગાં મળેલાંઓએ તે બ્રોચ હાથમાં લઇ, જોઇ ઘણો વખાણ્યો. કાઉંટૅસ તેની વખાણમાં ઘણું બોલી, અને તે કયાંથી લીધો, કઇ દુકાન ઉપરથી, કેમ લીધો વગેરે ઘણા સવાલ ઉપર સવાલો પુછયા.

"મારયન બ્રોચ પેહરોની!" કાઉંટૅસે અંતે વાત પુરી થતાં કહ્યું.

"હાજી, પણ તે કોણ પાસ છે?"

"હેં હજી તમને મળ્યો નથી કે?"

એ પછી શોધાશોધ ચાલી રહી પણ બ્રોચ મળે નહીં. બધાં હાજર રહેલાંઓને બરકે પાણી ઉતર્યું.

"બાનુઓ અને ગૃહસ્થો; મેહરબાની કરી સઉ કોઇ ગજવામાં ઉઠલાવી બધાંની ખાત્રી કરી આપો" પરોણાંઓમાંના એક બુઢો લૉર્ડ માંઉટ બોલ્યો.

લૉર્ડ અને લેડી જાસ્પરની ગમે એટલી ના છતાં બધાં પરોણાંઓએ પોતાનાં ગજવાં ઉઠલાવી તેઓની ખાત્રી કરી આપી કે બ્રોચ તેઓએ સાંત્યો ન હતો.

"અમારે ખાતર આ ચિંતા તમને ઉભી થઇ દોસ્ત જાસ્પર તે વાસ્તે હું દલગીર છું." કાઉંટ ફીરામન ગજવું ઉઠલાવતાં બોલ્યો.

"કાંઇ ફકર નહિ ગૃહસ્થો, જવાનો ક્યાં છે. કેઠે અહીંજ હશે." લૉર્ડ બેફીકર ઢબ બતાવતાં કહ્યું.

"કેમ, એડમંદ સાહેબ, તમે ગજવું નથી ઉઠલાવતા? "લૉર્ડ માંઉટે એડમંદને ફીક્કો જેવો ઉભો રહેલો જોઇ પુછયું, "ગજવું બતાવી દઇ શકમાંથી મોકળા થાઓ."

પણ નહીં. તે ફગલાયલો જેવો ગજવું નહીં બતાવવાની હઠ ધરી હઠીલો થઇ ઉભો રહ્યો. તેને શરમથી નજર જમીન ઉપર ટાંકી રાખી.

લૉર્ડ અને લેડી જાસ્પર તથા સઉ કોઇના સમજાવવા છતાં એડમંદે ગજવું નહીં બતાવવાની હઠ મુકી નહીં. આ તેની જીદથી વગર શકે બધાંઓએ તેને બ્રોચના ચોર તરીકે માની લીધો. તેને પકડીને જબરીથી તેનું ગજવું તેઓએ જોયું હતે પણ લૉર્ડ અને લેડીએ અખાડા કરાવ્યા. એડમંદ બીજાંઓની નજર ચુકાવી પાર્ટીમાંથી ચાલી ગયો.

આવા સુસ્ત દિવસે આવું ઉત્તમ કારીગરીનું ઘરેણું ગુમાવવા માટે લૉર્ડ અને લેડી દલગીર થયાં; જેથી ધારવા કરતાં પાર્ટી બહુ વહેલી બરખાસ્ત થઇ.

એડમંદે તેઓની ઘણીબી ખાત્રી કરી કે તેના બ્રોચને હાથ લગાડયો નથી; છતાં તે શા વાસ્તે ગજવું બતાવવાને ના પાડતો હતો તે કોઇને કેહતો નહિ.

આજની મેજબાનીથી કાઉંટ અને કાઉંટેસ ફીરામનને લંડનનાં ઘણાક લોકો સાથ દોસ્તી પડી.

બિચારા એડમંદની નોકરી ગઇ. તેની જુજ પગારની નોકરી હતી; પણ લૉર્ડે તેની હઠીલાઇથી ગુસ્સે થઇ તેને બરતરફ કર્યો. તેને બ્રોચને હાથ લગાડયો નથી એમ ઘણું પણ સમજાવ્યું પણ ત્યારે ગજવું બતાવવા શા વાસ્તે હઠીલાઇથી ના પાડી? પણ તેનો જવાબ તેણે આપ્યો નહિ માટે લૉર્ડની ખાત્રી થઇ તે ચોરજ હતો. તેને ઘણાંઓ ચોર દાખલ પિછાણી તુચ્છકારથી જોતાં જેથી એડમંદ પોતાની માને લઇ બીજે ગામ જઇ રહ્યો.

કાઉંટ અને કાઉંટેસ ફીરામન લોકોની પરોણાગત ચાખી થોડાક દિવસો લંડન ખાતે ગુજારી પોતાને વતન પાછાં ફર્યાં.

લૉર્ડ અને લેડી જાસ્પરને બ્હારગામ ફરી આવવાની મરજી થવાથી બ્રોચ ગુમ થયા પછી ૭ મહિને તેઓ ફરવા નિકળ્યાં, પારીસમાં આવી લાગતાં તેઓને તેઓનાં ઓળખઇતા માર્કવીસ માનલને ત્યાંની પાર્ટીનું તેડું આવ્યું.

તેઓ વખતસર તૈયાર થઇ માર્કવીસની પાર્ટીમાં ગયાં. રંગીલાં પારીસની સર્વે આગેવાન માતબર ઘેરની મનમોહન નારોથી દિવાનખાંનું ભરાઇ ગયું હતું. પારીસની તરેહ તરેહની ફાશીનોથી સજ થયલી બાનુઓને જોતી મારયન પોતાનાં ખાવીંદ સાથ એક મેળે બેઠી હતી તેટલાં માર્કવીસ માનલ ત્યાં આવી ઉભો.

"કેમ લૉર્ડ અને લેડી! પારીસની પાર્ટીની ઝમક તમારાં લંડનની પાર્ટી કરતાં ઘણી વધારે ખરીકની?" તે બોલ્યો. "હજી તો સઉમાં ફેશનેબલ બાનુ એક હમણાં આવનાર છે. ઓહો! જુવો તેઓજ આવ્યાં."

લૉર્ડ અને લેડી જાસ્પરે બારણાં તરફ જોયું.

એક સુંદર ફેશનેબલ જવાન બાનુ એક શખ્સ સાથ બૉલ રૂમમાં દાખલ થઇ.

"ઓહો! માર્કવીસ; અમે એઓને ઓળખયેછ; એઓ કાંઉટ અને કાઉંટેસ ફીરામન છે." જાસ્પર બોલ્યો.

પણ એટલાં તેઓ નજદીક આવતાંજ જ્યારે બન્નેની નજર એક થઇ. તેઓનાં ચેહેર ઉપર તરેહવાર ફેરફારો થઇ રહ્યા.

કાઉંટ અને કાઉંટેસે તેઓને જોતાંજ ત્યાંથી પાછલા પગલાં લેવા માંડયા.

આ ફેરફારનું કારણ કાઉંટેસના મનમોહન ગળાં ઉપર ઝમકતા એક **બીલ્યાનના બ્રોચથી** હતું.

એકી નજરે લૉર્ડ અને લેડીએ પોતાને મેજબાનો વચ્ચે લુટનારને પિછાણ્યાં. તેજ વખ્તે કાઉંટ અને કાઉંટેસ પોતાને રૂસ્વા થયલાં અને સપડાયલાં જોયાં.

ફીરામનનાં ગમે એટલા કાળાવાળા છતાં લૉર્ડ જાસ્પરે તેઓને સઘળાંઓ વચ્ચે એક સુઘાન ચોર દાખલ જાહેર કરી સોસાયટીમાંથી બરતરફ કરાવ્યાં. તેઓએ બ્રોચ મેળવ્યો. વળી કાઉંટેસ ફીરામનની બ્રેસલેટ પણ મારયનની વેલાતની સફીની ગુમાઇ ગયલી તેણીએ પિછાણી.

. કાઉંટ અને કાઉંટેસને ચોરીનો વા વાગ્યો હતો કે કેમ જેથી જ્યાં જતાં ત્યાં ઘરેણાં કઢાવી જોવાને મસે વાતમાં નાખી તે પચાવી જતાં. ગજવામાં ન મુકતાં ફેશન દાખલ મોંહ આગળ એક હાથે નરમ રેશમી સુંગધી રૂમાલ ધરી રાખતાં જેથી તેમાં તે ખોસી રાખતાં. આજેજ એ તફડાવી લાવેલાં ઘરેણાં પહેરવાની કાઉંટેસને ટક મળી હતી. પછી તે વેચી નાખનાર હતી.

જેવો બ્રોચ મળ્યો કે એડમંડ તરફ તેઓએ બતાવેલો ગેરઇનસાફ યાદ આવતાંજ લંડન ખાતે પાછા ફરી તેને તેડાવી મંગાવી જણાવ્યું, "એડમંદ બ્રોચ મળ્યો છે. પણ ગજવું નહીં બતાવવાની તારી હઠીલાઇ અમને સમજ પડતી નથી." લૉર્ડે કહ્યું.

"સાહેબ; હું તમારો મોટો ઉપકારી છું કે ફક્ત શક ઉપરથી તમોએ મને પોલીસને સ્વાધીન કર્યો નહીં. તેમ જો તમે કરવા માંગતે તો કરતે. પછી મારી ગરીબ બુઢી માનું શું થતે."

"અને ગજવું નહીં ઉઠલાવવાની હઠ શા વાસ્તે! તે અમને નહીં જણાવશે?"

"સાહેબ, હું ગજવું ઉઠલાવી શક્યો નહીં, કારણ કે મારાં ગજવામાં મારૂં-મારૂં ભાણું હતું." એડમંદે શરમાઇને જણાવ્યું. "જો હું ગજવું ઉઠલાવતે તો તેમાંથી એક ભુસાંનું સખ્ત પાઉં કુદી પડી તમારાં માતબર પરોણાંને લાગી તેઓની જબરી સુગ હું મારાં ઉપર ખેંચી લેતે, તેથી બ્હીક અને શરમે કરી ગજવું ઉઠલાવ્યું નહીં. જ્યારે તમો નામવર સાહેબની ચીઠી આવી ત્યારે મને માલમ નહીં કે પાર્ટીમાં મને હાજર થયલો તમો જોવા ચાહતા, જેથી મારી માએ મારૂં ભાણું, સુક્કા ચાપ અને પાઉં કટકામાં બાંધી આપ્યું જે મેં ગજવે ઘાલ્યું, અને અંહી મારી ટેબલ ઉપર મુકનાર હતો પણ વિસરી ગયો તે છેક છેલ્લાં ગજવું ઉઠલાવવાની વાત થતાં મને યાદ આવ્યું."

તેને ગેરઇનસાફ કરવા માટે તેઓ ઘણું પસ્તાયાં અને તેનું નિર્દોષપણું સાબેત કરવા એક જાહેરખબર પેપરમાં આપી જે બ્રોચનો ચોર મળ્યો છે. વળી તેમાં એડમંદની મારી ચાહી હતી.

ડી. લખમીદાસની કું. (લેટ કરાણું...) ૩

સસતાં અને રાખવા લાયક પુસ્તકો.

	રૂ.	આ.
જેહાંગીર કરણીવાળો અરેબીઅન નાઈટ્સ.	૪	૦
સુરસાગર	૦	૮
અન-ફલ-શાક-પકવાનપોથી	૦	૮
શીખામણ સંગ્રહ	૦	૧૨
ગુજરાતી પ્રારંભ પોથી (ચીત્રોસાથ) ...	૦	૪
બાળખેળ	૦	૪
હીંદી એટલાસ (૨૫ નકશા)	૦	૧૧
સવાલસલ વિચાર	૦	૪
ખંડેરાવ ગાયકવાડ	૧	૦
ટીપુ સુલતાન...	૩	૦
તલેસમાતીક વીંટી અને સતી અને જયા પર જ્યા...	૦	૪
નીરદોશ ફુલ્યા અને તેનો વહેમી ભરથાર.	૧	૦
પરાક્રમ નાનું...	૦	૧૨
બાદસાહેબ અથવા એક અજાયબ ભરમ.	૧	૦
સદવક્તા અથવા છટાદાર ભાષણકાર ...	૧	૦
વેચાયલો વર...	૨	૦
સુગંધમાં સડો	૧	૦
હીરાંગબાગ	૨	૦

મુંદ્રા અને કુલીન (કર્તા, જે. અ. તાલેયારખાં)	
રત્ન લક્ષ્મી (કર્તા, જે. અ. તાલેયારખાં) ...	૦
જનરમુજ વાર્તા સંગ્રહ (પુસ્તક પહેલું) ...	૧
,, ,, (પુસ્તક બીજું) ...	૧
એક તબીબની તવારીખ	૧
ખુલાસે જાદુ	૧
રાજવીર કથા...	૧
કુમાર દર્પણ	૨
વિલક્ષણ કથા ગ્રંથ	૧
બાપનો ભોગ અથવા દોસ્તનો કોલ ...	૧
બાગોબહાર અથવા ચાર દરવેશનો કીસ્સો...	
હાજીબાબા ઈસફાની...	
વધુનવ (બીજી આવૃત્તિ છપાય છે.) ...	
સરોવરની સુંદરી	
મનોરંજક વાર્તા સંગ્રહ	
વિધવાલીરૂજ	૧
રહાડાગ્રણ લાખ	૨
સોનેરી ટોળી	

ઉપકી ચોપડીઓ સિવાય દરેક જાતની નીશાળને લગતી તથા કાલેજને લ ડાઓનો મોટો જથો હમેશ મળી શકશે. તેમજ દરેક જાતના **ચીનીઓ, અર્થો** તથા નો ગોટો જથો ઘણી કીફાયતથી મળશે.

*** **જથાબંધ** ખરીદ **કરનારને** વળતર કાપી આપવામાં આવશે.

દેશાવરવાળાઓનું કામ ઘણું જલદી તેમજ કીફાયતથી કરવામાં આવશે.

બાપનો ભોગ અથવા દોસ્તનો કોલ

એક દીલપઝીર પારસી સંસારી વાર્તા.

ઇંગ્રેજી ઉપરથી રચનાર આર બી. એમ.

જેઓ વાંચનારે વાંચી છે તેણે વખાણેલી આ વાર્તામાં એક બાપે પોતાની ગરીબડી આપેલા ભોગનું અસરકારક વર્ણન આવેલું છે. ચીન દેશની રીતભાત તથા રાહરસમનું પણ ધ્યાન આપવામાં આવ્યું છે. ટુંકમાં આ સંસારી વાર્તા ઘણી સારી રીતે લખાઇ છે.

કીંમત રૂ. ૧)—પોસ્ટેજ ૦)= જુદુ.